
જ્ઞાનદેવ
મૃણાલિની દેસાઇ

હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક
સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત સંતદર્શન ગ્રંથમાળા-૨

# જ્ઞાનદેવ

શ્રીમતી મૃણાલિની દેસાઈ

સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

જ્ઞાનદેવ

**GNANDEV**

પ્રથમ સંસ્કરણ : ૧૯૮૪

પ્રત સંખ્યા : ૧૦૦૦

મૂલ્ય : રૂા. ૨૩-૦૦

© સરદાર પટેલ યુનિવર્સિટી

યોજના દાન : હરિઃ ૐ આશ્રમ, નડિયાદ

મુદ્રક અને પ્રકાશક : રતિલાલ ચ. ઠક્કર
કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી
યુનિવર્સિટી પ્રેસ
**વલ્લભ વિદ્યાનગર**–૩૮૮૧૨૦

# આમુખ

શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત સંતદર્શન ગ્રંથમાળાના બીજા પુસ્તકના રૂપમાં પ્રકાશિત થઈ રહેલ 'જ્ઞાનદેવ'ને આવકારતાં મને આનંદ થાય છે.

મધ્યકાલીન ભારતીય સંતોમાં મહારાષ્ટ્રી જ્ઞાનદેવનું સ્થાન મહત્ત્વનું છે. તેમનું જીવન અને કવન બેઉ આકર્ષક છે. તેઓ પરમ ભક્ત હતા; પ્રભુ તેમની ઉત્કટ ભક્તિથી પ્રસન્ન હતા; પ્રભુકૃપાએ કરી તેમણે શંકાશીલ અને નિંદાખોર લોકો સમક્ષ અનેક ચમત્કારો કરી બતાવી તેમને નમ્ર અને શ્રધ્ધાળુ બનાવ્યા હતા – એવી કથાઓ મહારાષ્ટ્ર ઉપરાંત કર્ણાટક, મધ્યપ્રદેશ અને ગુજરાતમાં પ્રચલિત છે. જો કે ભક્ત હોવાની સાથે તેઓ અધર્મ, અન્યાય, પાખંડ, અસહિષ્ણુતા ઉંચ–નીચના ભેદભાવ આદિ સામે સતત ઝૂઝનાર એક કવિ અને સૌમ્ય સુધારક પણ હતા, એ જાણવાજોગ હકીકત ઝાઝી જાણીતી નથી.

જ્ઞાનદેવ સંત ઉપરાંત કવિ હતા. તેમનાં રચેલ 'અમૃતાનુભવ', 'ચાંગદેવ પાસષ્ટી', અભંગ અને ખાસ તો 'જ્ઞાનેશ્વરી' [મધ્યકાલીન મરાઠી સંતસાહિત્યનાં રત્ન ગણાય છે સરલ, વિશદ, મધુર ભાષામાં ભક્તિનું અને જ્ઞાન યા દર્શનનું તેમાં માર્મિક અને વેધક નિરૂપણ થયું છે. લોકમાન્ય ટિળક અને તેમના જેવા અન્ય ઘણા અર્વાચીન વિદ્વાનોને તેમજ સામાન્યજનોને તેમાંથી પ્રેરણા મળી છે. વસ્તુતઃ, તેમની વાણીમાં એવાં ચિરંજીવ પ્રેરક તત્ત્વો છે; જે આપણને આજેય જીવનઘડતરમાં ઉપયોગી થઈ પડે તેમ છે.

'જ્ઞાનદેવ'નાં વિદ્વાન લેખિકા શ્રીમતી મૃણાલિની દેસાઈએ આ બધી બાબતો આ પુસ્તકમાં સરલ વિશદ શિષ્ટ ભાષામાં, ઉદાહરણ – અવતરણ સહિત, વ્યવસ્થિત વિગતવાર તેમજ તલસ્પર્શી, નિરૂપણ કર્યું છે. સામાન્ય વાચક અને વિદ્વાન સૌ કોઈને ગમી જાય તેવું તે રસિક બન્યુ છે. લેખિકા તે માટે ધન્યવાદને પાત્ર છે.

આવા એક સરસ ઉપયોગી પુસ્તકના પ્રકાશનમાં જેમનો સહયોગ પ્રાપ્ત થયો છે. તે સૌનો – વિદ્વાન લેખિકાનો, સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અને

તદંતર્ગત સંતદર્શન ગ્રંથશ્રેણીના પ્રકાશન માટે આર્થિક અનુદાન આપનાર હરિ: ઓમ આશ્રમ, નડિયાદનો અને પ્રો. જશવંત શેખડીવાળાનો – હું અંગત રૂપમાં તેમજ સરદાર પટેલ યુનિવર્સિટી વતી હાર્દિક આભાર માનું છું.

મને આશા છે કે ધર્મ, દર્શન, સંત, સંતવાણી આદિમાં રસ ધરાવનાર જિજ્ઞાસુ વાચકોને આ પુસ્તક વાંચવું અવશ્ય ગમશે.

**વલ્લભ વિદ્યાનગર**
પૂનમ, વૈશાખ, વિ. સં. ૨૦૪૦
તા. ૧૫–૫–૧૯૮૪

**પ્રો. ક્રિષ્નાલાલ એન. શાહ**
કુલપતિ,
સરદાર પટેલ યુનિવર્સિટી

## સલાહકાર સમિતિ

૧. પ્રો. કે. એન. શાહ (કુલપતિ)

૨. ડૉ. એચ. એમ. પટેલ

૩. ફાધર વાલેસ

૪. પ્રો. જે. એમ. શેખડીવાળા
(મંત્રી, સલાહકાર સમિતિ)

૫. ડૉ. ડી. ડી. જાડેજા

૬. ડૉ. એસ. આર. ત્રિવેદી

૭. ડૉ. ભોગીલાલ સાંડેસરા

૮. ડૉ. રમણલાલ સી. શાહ

# વંદના

જ્ઞાનદેવ 'માઉલી' (માવડી)ના પ્રથમ દર્શન હું જ્યારે બહુ જ નાની હતી ત્યારે એક સૂકા પાંદડા અને કટાયેલા પત્રાથી બનાવેલી ઝૂંપડીમાં થયેલા. અમારે ત્યાં કામ કરવાવાળી બાઈ ત્યાં રહેતી. એક વાર મને પોતાને ત્યાં પૂજામાં લઈ ગયેલી. પૂજામાં કોઈ ચિત્ર કે મૂર્તિ નહોતી. લાલ કપડામાં વીંટેલા બે પુસ્તકો હતા. જેષ્ઠ માસમાં પંઢરપુરની વારીએ જતા એ બાઈના બાપાને વળાવવા ગામના લગભગ બધા જ માણસો એ રંક વાસમાં ભેગા થયા હતા. એટલું જ નહીં પણ ભલભલા માણસો એ વૃદ્ધને પગે પણ લાગતા હતા. બાપા જતા હતા પંઢરપુર. ત્યાં મંદિર છે વિઠ્ઠલનાથનું. પણ ભેગા થયેલા બધા જયઘોષ કરતા હતા 'ગ્યાનબા તુકારામ'નો !

આ બધું જોઈ મને ખૂબ નવાઈ લાગી. લખતાં વાંચતા ના આવડે એવા માણસો પુસ્તકને પૂજે ! દેવના દર્શન કરવા જતા નામ એ પુસ્તકોના લેખકોનું લે ! મેં મારી માને એ અંગે પૂછ્યું ત્યારે એમણે મને જ્ઞાનદેવની વાર્તા કહી. ગળામાં તુળસી માળા પહેરીને પંઢરપુર જતા માણસોના જીવનમાં જ્ઞાનદેવ અને તુકારામ ઊતરે છે. એ વ્યસન છોડે. અસત્ય છોડે. એટલે બધાં એમને પગે લાગે. આજે સાતસો વર્ષ પછી પણ એમનો આવો પ્રભાવ ! છતાં વારીમાં જતા મેલાઘેલા માણસો વર્ષો સુધી ભોળા ભગત જેવા લાગતા.

મોટી થઈ કૉલેજમાં ગઈ, ત્યારે પૂનાની પરશુરામભાઉ કૉલેજના પ્રાચાર્ય સોનોપંત દાંડેકર પોતે નિયમિત પંઢરપુર જનારમાંના એક હતા. અત્યંત સાત્ત્વિક પ્રકૃતિના, છતાં પ્રખર વિદ્વાન અને તેજસ્વી એવા એ આચાર્યશ્રી પાસે જ્ઞાનેશ્વરીનો અભ્યાસ કરવો એ એક લ્હાવો હતો.

'સહજ ભક્તિ', 'સહજ કર્મ', 'સહજ જ્ઞાન' એવા શબ્દો અધ્યાત્મ વિદ્યાના અભ્યાસીઓ પાસેથી સાંભળવા મળે છે. પણ જ્ઞાનદેવે સમાજમાં, ભાષાના માધ્યમમાં જે 'સહજ ક્રાન્તિ' કરી છે તે જોઈ મન મુગ્ધ થાય છે.

જ્ઞાનદેવ મરાઠી ભાષાના આદ્ય કવિ તરીકે મનાય છે. એમણે જે શબ્દો ઉચ્ચાર્યા છે તેમનો કદ, રૂપ, રંગ, રસ, ભાવ, કુમાશ બધું જ સાચવ્યું છે ! જ્યારે મરાઠી મારી માતૃભાષા છે એમ કહું ત્યારે ગર્વ જરૂર થાય. પણ સાથે

સાથે, એ વારસો સાચવવા કેટલું કરવું જોઈએ' એ ખ્યાલ આવતા ખૂબ વિનમ્ર થઈ જાઉં છું.

સરદાર પટેલ યુનિવર્સિટીએ આનંદશંકર ધ્રુવ જેવા સાક્ષરના સ્મરણાર્થે જે પુસ્તક શ્રેણી પ્રકાશિત કરી તેમાં પુસ્તક લખવાનું કામ મને સોંપાયું ત્યારે ફરી વાર જ્ઞાનદેવના ચરિત્ર અને સાહિત્યનો અભ્યાસ થયો. અને એ અપૂર્વ એવા સત્સંગનો ફરી એક વાર લાભ થયો. એ બદલ હું સંયોજકોની ઋણી છું.

સૌ. કુરંગીબેન દેસાઈએ હસ્તલિખિત પ્રત વાંચી પૂરી ચીવટથી સૂચનો કર્યા તેથી આ પુસ્તકમાં વ્યાકરણ કે જોડણીના દોષ અથવા પુનરુક્તિ જેવા દોષ ભાગ્યે જ રહ્યાં હશે. સૌ. કુરંગીબેન જેવા મિત્રને ધન્યવાદ આપવા જેવી ઔપચારિકતા બતાવું તો ઔચિત્યભંગ થાય. સૌ. ઉર્મિલાબેન ડી. શાહે પણ એવા જ મિત્રભાવથી જે મદદ કરી તે ભૂલી શકાય એમ નથી.

મૃણાલિની દેસાઈ

જૂનો મોર બંગલો,
સાંતાક્રુઝ,
મુંબઈ–૫૪

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧. | જન્મકાળ અને દેશપરિસ્થિતિ | ૧ |
| ૨. | જન્મકથા — જ્ઞાનદેવ અને જ્ઞાનેશ્વરીની | ૬ |
| ૩. | જ્ઞાનેશ્વરી — ભાવાર્થદીપિકા | ૧૯ |
| ૪. | જ્ઞાનદેવના તત્ત્વજ્ઞાનની ભૂમિકા | ૨૭ |
| ૫. | જ્ઞાનદેવનો ભક્તિવૈભવ | ૩૫ |
| ૬. | જ્ઞાનેશ્વરી — સાહિત્યની દૃષ્ટિએ | ૪૫ |
| ૭. | જ્ઞાનેશ્વરીમાં પાત્રદર્શન | ૫૫ |
| ૮. | હરિપાઠના અભંગ | ૬૯ |
| ૯. | અમૃતાનુભવ | ૭૮ |
| ૧૦. | ચાંગદેવ પાસષ્ટિ | ૮૭ |
| ૧૧. | જ્ઞાનદેવના ગેય અભંગ | ૯૬ |
| ૧૨. | જ્ઞાનદેવ–જીવનકાર્ય | ૧૦૫ |
| ૧૩. | જીવનની ફળશ્રુતિ : આજના સંદર્ભમાં | ૧૧૫ |
| | **પરિશિષ્ટ** | |
| | પરિશિષ્ટ ૧ : ઓવી અને અભંગ | ૧૧૮ |
| | પરિશિષ્ટ ૨ : જ્ઞાનદેવકાલીન મરાઠી ભાષા | ૧૨૪ |
| | પરિશિષ્ટ ૩ : જ્ઞાનેશ્વર અને નરેન્દ્ર | ૧૨૮ |
| | પરિશિષ્ટ ૪ : જ્ઞાનદેવના ‘નાગર–પદબંધ’ | ૧૩૦ |

# ૧. જન્મકાળ અને દેશપરિસ્થિતિ

મરાઠી ભાષાનો મંગળ શ્રીકાર શ્રવણ બેળગોળામાં ગોમતેશ્વરના ચરણ-કમળ પાસેની શિલા પર અંકિત થયો છે એવી માન્યતા છે. ભાષાશાસ્ત્રીઓ પણ એ માન્ય કરે છે. એટલે હજાર વર્ષ પહેલાં, જ્યારે એ શિલ્પનું નિર્માણ થયું ત્યારે મરાઠી ભાષા અસ્તિત્વમાં નહોતી. પ્રચંડ એવા એ શિલ્પતળે શિલાલેખ કંડારીને 'શ્રી ચામુંડરાયે સુત્તાલે કરવિયલે' એવું જે ભાષામાં જાહેર કરાય એવી એ પ્રતિષ્ઠિત, રાજમાન્ય ભાષા હતી એવું એ પ્રાચીન શિલાલેખ પરથી જરૂર કહી શકાય.

મહાનુભાવપંથી ચક્રધર, મહિપતિ વિ.ની મરાઠી ગદ્ય રચના, મહદાઈસાનાં 'ધવળાં' ('ધોળ' જેવાં જ લગ્નગીતો) નરેન્દ્ર કવિએ રચેલું રુકિમણી સ્વયંવરનું મહાકાવ્ય એવું સાહિત્ય મરાઠીમાં ૧૨મી ૧૩મી સદીમાં લખાયું છે. છતાં મુકુંદરાજ અને જ્ઞાનેશ્વરની ગ્રંથરચના એ જ મરાઠી ભાષાની પ્રથમ, પ્રતિષ્ઠિત, અને અર્થગંભીર રચના છે એમ કહેવાય. એ રચનાનો કાળ એટલે તેરમી સદીનાં આખરી વર્ષોનો કાળ.

'અમૃતાનુભવ', 'જ્ઞાનેશ્વરી', 'વિવેકસંધુ' જેવી રચના જે ભાષામાં થઈ શકે એ ભાષાનું શબ્દભંડોળ કાંઈ જેવું તેવું ના કહેવાય. સાથે સાથે આવા ગ્રંથોનો મર્મ જાણી શકે એવો આ ભાષા બોલનાર અને સમજનાર બહોળો સમાજ તે સમયે અસ્તિત્વ ધરાવતો હશે એમાં કોઈ શંકા નથી.

એ સમયે, એટલે તેરમી સદીના ઉત્તરાર્ધમાં મરાઠી ભાષી સમાજની સ્થિતિ કેવી હતી એનું યથાર્થ વર્ણન પ્રખ્યાત ઈતિહાસ સંશોધક શ્રી વિ. કા. રાજવાડેએ 'મરાઠયાંચ્યા ઈતિહાસાચી સાધને (ખંડ ૮ પૃ. ૪૩–૪૮) આ એમના ગ્રંથમાં ઘણું જ સરસ કર્યું છે. એઓ લખે છે,

'યાદવોના રાજ્યકાળમાં એટલે ઈ. સ.ની ૧૩મી સદીના ઉત્તરાર્ધમાં લોકો પરમાર્થને નામે ઐહિક ઉપભોગ ભોગવવામાં પડયાં હતાં. યાદવ રાજ-સભાનો કરણાધિપ હેમાદ્રિ નામનો હતો. એણે 'ચતુર્વર્ગ ચિંતામણિ' નામનો એક ચોપડો લખેલો. એ એ કાળે મોટામાં મોટો ગ્રંથરાજ મનાતો. એને 'ધર્મગ્રંથ'ની પ્રતિષ્ઠા મળી હતી. એ હજારો પૃષ્ઠના ગ્રંથમાં જ્ઞાન કે વિચાર જેવું કશું જ હતું નહીં.

મહિનાની દરેક તિથિએ કરવાનાં પાંચ પાંચ, દસ દસ વ્રતોની વિધિઓ વિગતવાર, લંબાણથી વર્ણવી, કયા વ્રતમાં કયા દેવને કયું પકવાન ધરાવવું કેટલાં બ્રાહ્મણો જમાડવા, એમને કેટલું દ્રવ્ય, વસ્ત્ર, સાધન વિ.નું દાન આપવું એ કહી પછી ફળશ્રુતિમાં ધનના પ્રમાણમાં પુણ્યના પોટલાં કેટલાં બંધાય એનું વર્ણન શ્રુતિ સ્મૃતિ પુરાણોના ભરપૂર દાખલા આપી પૂરી ગંભીરતાથી કર્યું છે ! હેમાદ્રિના આ 'ચિંતામણિ' પરથી ગણત્રી કરી હોય તો વર્ષના ૩૬૫ દિવસ દરમિયાન ૨૦૦૦ જેટલા વ્રત થાય ! બ્રાહ્મણો જમાડી, મિષ્ટાન્નો ઉડાવી, દાન અને દક્ષણા આપવાથી મોક્ષ પામી શકાય એવી માન્યતા સમાજમાં હશે ત્યારે જ હેમાદ્રિ જેવાએ આવો ગ્રંથ લખ્યો હશે. કારણ રાજસભામાં કરણાધિપ જેવી અધિકારની જગ્યા પર હોય એવા એ પંડિતને માત્ર પોતાની વિદ્વત્તાના પ્રદર્શન ખાતર આવડો મોટો ગ્રંથ લખવાની જરૂર હોય એવો સંભવ ઓછો. બે હજાર વ્રતોનું આવું વર્ણન કરતો ગ્રંથ દુનિયાની અન્ય કોઈ ભાષામાં લખાયો નહીં હોય ! એ ગ્રંથ જોયા પછી એમ લાગે છે કે સિંઘણ જેવા વીરપુરુષોએ મેળવેલા વિજયથી એકંદરે પ્રજા ધનસાધન સંપન્ન બની વ્રતો અને ઉદ્યાપનોને નામે પ્રમાદ, સુખચેન અને વિલાસમાં મગ્ન બની, અને દેશપર ચડાઈ કરવા આવેલા મુસલમાનો માટે આવી પ્રમાદી અને નમાલી પ્રજાનો પરાજય કરવો એ એક સાવ સહેલી વાત બની ગઈ. એનો ફાયદો મુસલમાનોએ બરાબર ઉઠાવ્યો.'

શ્રી રાજવાડેએ વર્ણવેલા આ સમાજમાં લોકજીવન કેવા પ્રકારનું હશે, સમાજ વ્યવસ્થા કેવી હશે, ધાર્મિક પરિબળો કેવો ભાગ ભજવતાં હશે, એની કલ્પના કરી શકાય. મહારાષ્ટ્રમાં રાજ્ય યાદવોનું એટલે ભક્તિરસપ્રધાન વૈષ્ણવ-પંથનું પ્રાબલ્ય તો ખરું જ. પણ ભક્તિને નામે જેટલો દંભ, પ્રમાદ અને અકર્મણ્ય પોષાય છે એટલું બીજા કશાને નામે નહીં પોષાતું હોય !

વૈષ્ણવોએ ધર્મને રેશમી મહાવસ્ત્રમાં વીંટીને અભરાઈએ ચડાવી એના ઓઠા હેઠળ મનમાન્યું વર્તન કરવાની એક અનિષ્ટ પરંપરા ચલાવી હતી. સવર્ણોએ નીચલા વર્ણના લોકો પર જોરજુલમ કરવામાં કોઈ પણ દયામાયાનો, ન્યાય અન્યાયનો વિચાર કે વિવેક રાખ્યો નહોતો. 'સર્વ ભૂતોમાં બ્રહ્મ છે' કહેનાર ધર્મની તો વાત પણ મનને સ્પર્શતી નહોતી. વૈષ્ણવોની આ સ્થિતિ હતી. ત્યારે દક્ષિણમાં શૈવ પંથીય લિંગાયત ઝનૂની બની રહ્યા હતા અને ગુજરાતમાંથી આવેલા, નિવૃત્તિ, અહિંસા અને આત્મપીડનની વાતોનો અતિરેક કરી બાહ્ય આચાર અને દંભ હેઠળ એ ઉત્તમ તત્ત્વોને જ કચડી નાંખતા જૈનો વળી જુદી જ ભાત પાડતા હતા. 'સંસાર અસાર છે' એમ વારંવાર ઠોકી

ઠોકીને કહેતા મહાનુભાવ પંથીઓના પ્રભાવ હેઠળ સંસાર સરખી રીતે ચલાવવો એ કર્તવ્ય નહીં પણ નર્યું પાપ જ છે એવી માન્યતા બંધાતી હતી. છતાં અંતે બધાં હતાં તો સંસારી જ! એકંદરે બધાં જ પંથોના મૂળ તત્ત્વો સારાં, જીવનને સુખી અને સમૃદ્ધ બનાવે એવાં હોવા છતાં જીવન સાથે એકેનો મેળ મળે નહીં એવી રીતે ધર્મનો, પછી એ ગમે એ નામ ધારણ કરી ગમે એ દેવને માને, એક માત્ર અર્થ થઈ રહ્યો હતો, 'બાહ્ય આચારનો આડંબર.'

આ હતી ઉચ્ચવર્ણીય, સત્તાધારી અને સ્થિતિસંપન્ન વર્ગની દશા. છતાં હંમેશ હોય તેમ મોટા ભાગનો સમાજ ખેતી અને ખેતીસાથે જોડાયેલાં, સુથારી, લુહારી, કુંભાર કામ વિ. શ્રમ કરીને જીવે એવી પ્રજાનો અને એમનાથી પણ હલકાં કામ કરી શૂદ્ર અને અતિશૂદ્ર ગણાતા, વસવાયાં કહેવાય એવાંનો સમાજ –આ સમાજનું ખરું સ્વરૂપ હતું. ધર્મવ્યવસ્થામાં એમનું સ્થાન સાવ નહીં જેવું. સારું વાંચવા વિચારવાનો અધિકાર એમને વળી શાનો હોય! કારણ 'સારું' 'ધર્મને લગતું' જે હોય એ સંસ્કૃતમાં હોય. અને દેવોની એ ભાષા શીખવા વાંચવાનો તો ઠીક પણ સાંભળવા જેટલો અધિકાર સ્ત્રી, શૂદ્ર અને ચાંડાળને હોય જ નહીં! એટલે એમનો ધર્મ એક જ – પોતે પૂર્વજન્મના પાપનાં પોટલાં લઈ શૂદ્ર વર્ણમાં જન્મ્યાં એમ માની બ્રાહ્મણો કહે તે વ્રત કરવાં, કષ્ટ કરીને જે થોડું ઘણું મેળવ્યું હોય તેનું દાન દઈ દેવું, ઉચ્ચ વર્ણીઓ કરે એટલાં અપમાન સહેવાં. માથે પડે એટલી વિટંબણા વેઠી આયુષ્ય જેમ તેમ પૂરું કરવું! એ એમનો ધર્મ.

સત્તા ભોગવતા ક્ષત્રિયો અને ધનિક વૈશ્યોને ભલે શૂદ્રો કરતાં વધારે અધિકાર હોય, સંસ્કૃતમાં ચાંચ બોળવી હોય તો બોળી શકે. પણ એ અટપટી ભાષામાં લખાયેલાં, મસમોટાં અને અગમ્ય એવા ગ્રંથોમાં માથું મારી ધર્મચર્ચાની માથાકૂટ કરવાને બદલે બ્રાહ્મણોના એ અંગેના સર્વાધિકાર માન્ય કરી એઓ કહે એ ધર્મ માની લેવાનું વધારે ફાવે એમ હતું. બ્રાહ્મણોને મોંમાગ્યું આપી, મિષ્ટાન્નો ખવડાવી, પોતાની સ્તુતિઓ એમના પવિત્ર મુખમાંથી ગવડાવી એઓ ધર્મને પણ પોતાને જોઈએ એ રીતે વાળી શકતા હતા. 'પુણ્ય', 'મોક્ષ' પૈસા આપી ખરીદી શકાય છે એમ માની એઓ પણ સાચા ધર્મનું જ્ઞાન મેળવવા પ્રત્યે ઉદાસીન રહેતા.

બીજી બાજુ દેશમાં એકંદરે જોતાં ખાધેપીધે બધાં જ સુખી હતા. એક કવિએ એ સમયની આર્થિક સમૃદ્ધિનું વર્ણન કરતાં લખ્યું છે કે, 'ગોદાવરી

અને કૃષ્ણા નદીને કાંઠે ગ્રામવધુઓ કપડાં ધોવા આવતી. એમનાં હાથમાં પહેરેલાં શુદ્ધ સોનાના અલંકારો ત્યાંના પથ્થર સાથે ઘસાતાં જે સોનેરી લસરકા પડતા તેના વડે નદીઓના ઘાટ સોને મઢાયા હોય એવા થઈ ગયા હતા. આવી અઢળક સમૃદ્ધિ હોય અને સાથે સંસ્કાર ના હોય ત્યારે સ્વાભાવિક રીતે સુખાસીનતા, પ્રમાદ અને અજ્ઞાનમાં રાચતી પ્રજાનું પતન થાય. સમાજના ધારણ માટે મેરુદંડ જેવું ધર્મનું શાસન હોવું જોઈએ. એ આધારસ્તંભ જ પોલો બની ગયો હતો. ધર્મગ્રંથ અભરાઈએ ચડી ગયા હતા. અને પૌરાણિક કથાવાર્તા પણ શૃંગારરસમાં તરબોળ કરી રાજાઓની ખુશામત કરવાનાં સાધન હોય એવી રીતે રજૂ કરાતી અને એ રીતે વિલાસી જીવન પર ધર્મમાન્યતાની મહોર મારી રાજમાન્યતા મેળવી શકાતી ત્યારે બીજી બાજુ નિવૃત્તિ અને વૈરાગ્યના અતિરેક સમા ધર્મપંથોની શિખામણો સમાજને પ્રમાદી અને કર્તવ્યવિમુખ બનાવતી. પ્રભુએ જે આપ્યું એ સ્વીકારવું. નસીબમાં હશે એટલું મળી રહેશે. પુરુષાર્થ કરવાથી કશું વધારે મળશે નહીં. સુખ, સાધન, સંપત્તિ બધું પૂર્વકર્મના પુણ્યથી અને દુઃખ દારિદ્રય પૂર્વકર્મના પાપના ફળ તરીકે મળે છે. એ ભોગવ્યા વિના બીજો માર્ગ નથી. એટલે પોતાની ભાગ્યરેખા બદલવાનો વિચાર કરવો સાવ નિરર્થક છે. એવી વાતો કહેવાતા સંતો, ધર્મગુરુઓ વિ. લોકોને સમજાવતા. જોકે કહેનારાં ને સાંભળનારાં નિવૃત્તિના ઓઠા હેઠળ પ્રવૃત્તિ તો ચાલુ જ રાખતા ! એટલે એકંદરે કહેવાનું જુદું અને વર્તવાનું બીજી જ રીતે. ધર્મની વાતો પોથીમાંના રીંગણા જેવી. કહેવાની વાતો વ્યવહારમાં નકામી. એમ ધર્મ અને જીવન વચ્ચેનો સંબંધ સાવ તૂટી ગયા જેવો હતો.

વ્રત વૈકલ્યોનો આડંબર વધારી બેઠેલા બ્રાહ્મણો પોતાનું મહત્ત્વ વધારવા માટે ચાતુર્વર્ણ્ય વ્યવસ્થા જડ અને ખાંડાની ધાર જેવી કપરી બનાવવા સજાગ રહેતા. 'ગીતામાં જયારે સ્વયં ભગવાન કહી રહ્યા છે કે ચાતુર્વર્ણ્યં મયા સૃષ્ટમ્' ત્યારે એ અંગે બીજો ત્રીજો વિચાર કરવો અથવા વાંધો ઊઠાવવો એ તો નર્યું પાખંડ કહેવાય' એમ ઉચ્ચ સ્વરે કહી રહેતા આ લોકો ગીતામાં 'હું પોતે સચરાચરમાં વસું છું' એ સ્વયં ભગવાનની ઉક્તિ ભૂલે ચૂકે પણ કહેતા નહીં. અને જ્યાં સંસ્કૃત ભાષા જ કોઈ જાણે નહીં ત્યાં ગીતા એટલે શું અને સ્વયં ભગવાન ગીતામાં શું કહે છે એ એમને પૂછે પણ કોણ !

માત્ર મહારાષ્ટ્રમાં જ નહીં પણ ઓછેવધતે અંશે ભારતમાં બધે જ આ દશા હતી. અગિયારમી સદીની શરૂઆતમાં ગઝનીના મહંમદે વારંવાર આક્રમણ કરી અપાર ધનસંપત્તિની લૂંટ કરી. સાથે સાથે મંદિરોનો નાશ કરી, દેવમૂર્તિઓ

તોડીફોડી લોકોની ધર્મશ્રદ્ધા પર પણ કારમા ઘા કર્યા. બારમી સદીને અંતે મહંમદ ઘોરી આવ્યો. આ મહંમદ વળી લૂંટ કરીને જવાનું નામ ન દેતાં દિલ્લી, પંજાબ, ગુજરાત અને માળવા સુધી સત્તા જમાવવાની મથામણ કરતો રહ્યો. તેરમી સદીના અંત ભાગમાં અલાઉદ્દીન ખિલજીએ ગુજરાત અને મહારાષ્ટ્રમાં પણ સારી પેઠે પગપસારો કર્યો. ઈ. સ. ૧૨૯૪માં એણે દેવગિરિના રામદેવરાવ યાદવનો પરાજય કર્યો અને મહારાષ્ટ્રમાં મુસલમાની અમલની શરૂઆત થઈ.

આ આખા કાળખંડમાં સમ્યક્ વિચાર કરી, ધર્મતત્ત્વોનો અભ્યાસ કરી જીવનમાં અને વ્યવહારમાં એ તત્ત્વો ઉતારવા પ્રયાસ કરતા માણસો હશે જ નહીં એ વાત શકય નથી. સચ્ચરિત, ધાર્મિક વૃત્તિથી સમાજનું કલ્યાણ કરવાવાળી વ્યકિતઓનું અસ્તિત્વ કોઈ કાળે મટી નથી જતું. જ્યારે આવી વ્યકિતઓનો પ્રભાવ સમાજ પર પડે, આવી વ્યકિતઓની સંખ્યા સારી એવી હોય, ત્યારે સમાજનો અભ્યુદય થાય. જ્યારે આવી વ્યકિતઓને કોઈ ગણકારે નહીં, એમને પીડા આપી એમનો નાશ કરવાની વૃત્તિ નિર્માણ થાય, ત્યારે એ સમાજની પડતી થાય. છતાં એ કલ્યાણકારી તત્ત્વોની હસ્તી મટી નથી જતી. એટલું જ નહીં પણ એમના આચારવિચાર, સંસ્કાર, પુણ્યકાર્યો, એમણે નિર્માણ કરેલી પરંપરા સમાજને ગમે તેવી હાલતમાંથી પણ ઉગારે છે. ટકાવી રાખે છે. સૈકાઓ જૂની પરંપરાની કડી સમા આવા વિચારકો અને સત્પુરુષો બારમી તેરમી સદીમાં પણ હતા જ. નાથપંથી મહાત્માઓ, રામાનુજના અનુયાયીઓ, મનુષ્યમાત્રને સમાન માની અવૈર નિર્ભયતા શીખવતા જૈન ગુરુઓ, બધાંની વિચારપ્રણાલી એકબીજાથી જુદી હોવા છતાં પોતપોતાની રીતે એઓ બધા જ સમાજના કલ્યાણને માટે અનુરૂપ એવી ભાવના ધરાવતા. પોતે નિરિચ્છ અને વિરકત હોવા છતાં સંસારને ક્ષુદ્ર માન્યા વિના એને મંગળ કેમ બનાવાય, 'સહુનું કલ્યાણ' એ વેદમંત્રને પ્રત્યક્ષમાં કેમ ઉતારાય એ વિશે ચિંતન કરી આવા કોઈ ને કોઈ મહાપુરુષો સારા તત્ત્વોનું સિંચન પણ કરી રહ્યા હતા.

આવી બધી શુભકામનાઓનો સમન્વય થયો છે 'જ્ઞાનેશ્વરી'માં. એ 'જ્ઞાનેશ્વરી'ના સર્જક જ્ઞાનદેવનો જન્મ થયો એ સમયની દેશ-કાલ પરિસ્થિતિનું આ ચિત્ર હતું.

## ૨. જન્મકથા–જ્ઞાનદેવ અને જ્ઞાનેશ્વરીની

તેરમી સદીના ઉત્તરાર્ધના શરૂઆતના વર્ષોની આ વાત છે. ગોદાવરી નદીને ઉત્તર તીરે આપેગાંવ નામનું એક નાનું ગામ છે. એ ગામના મહેસૂલનું કામ ત્ર્યંબકપંત કુળકર્ણી સંભાળતા હતા. એમને બે છોકરાઓ હતા. મોટો હરિહર અને નાનાનું નામ હતું ગોવિંદ. હરિહર સિંધણરાજા સાથે યુદ્ધભૂમિ પર ગયા હતા. ત્યાં એ દેવગતિ પામ્યા. પુત્રશોકનું દુ:ખ ભૂલવા ત્ર્યંબકપંત નાથ-પંથના આચાર્ય ગૈનિનાથ પાસે વારંવાર જવા લાગ્યા. પાછલા વર્ષોમાં એમણે આચાર્ય પાસેથી ગુરુમંત્ર લઈ એમનું શિષ્યત્વ સ્વીકાર્યું. એમના નાના દીકરા ગોવિંદપંત અને એમનાં પત્ની નીરાબાઈ પણ ધાર્મિક વૃત્તિનાં હતાં. મોટી ઉંમરે એમને ત્યાં એક દીકરો આવ્યો. એનું નામ વિઠ્ઠલ પાડેલું. તે સમયના રિવાજ પ્રમાણે બ્રાહ્મણના છોકરાને અપાતી તેમ સાતમે વર્ષે એને જનોઈ આપી. છોકરો નાનપણથી જ વિરક્ત હતો. સાવ સામાન્ય સુખ સગવડ પ્રત્યે પણ એને રુચિ નહોતી. જનોઈ લીધા પછી એ જમાના પ્રમાણે વેદશાળામાં જઈ એણે અભ્યાસ કર્યો. ગામની પાઠશાળામાં થઈ શકે એટલું વિદ્યાર્જન કરી પછી માતાપિતાની અનુજ્ઞા લઈ એ તીર્થયાત્રા કરવા નીકળ્યો. તીર્થયાત્રા કરવાથી સત્સંગ થાય. દેશકાળનું જ્ઞાન થાય. રીતરસમ અને વિવેક કેળવાય. એટલે જિજ્ઞાસુ વૃત્તિના બટુકો સામાન્ય રીતે તીર્થયાત્રા કરવા નીકળી પડતા. માતા-પિતા અને સમાજ પણ એવા બટુકોને ઉત્તેજન આપી યોગ્ય માર્ગદર્શન અને સહકાર આપતા.

દક્ષિણ તરફનાં તીર્થસ્થાનોના દર્શન કરતા કરતા વિઠ્ઠલપંત ઈંદ્રાયણી નદીને તીરે શ્રીક્ષેત્ર આળંદી જઈ પહોંચ્યા. એ કાળે આળંદી મોટું પુણ્યક્ષેત્ર ગણાતું. આદિનાથ મહાદેવજીએ ત્યાં તપશ્ચર્યા કરી હતી અને મહર્ષિ અગસ્ત્યની પણ એ તપોભૂમિ હતી. એટલે એ 'સિદ્ધક્ષેત્ર' ગણાતું. દક્ષિણાપથની યાત્રામાં આળંદીની યાત્રા આવશ્યક ગણાતી. યાત્રિકો, સાધુસંત, સત્પુરુષો અને વૃત્તિજીવી બ્રાહ્મણોની ત્યાં ખૂબ ભીડ રહેતી.

આળંદીના મહેસૂલ વિ.નું કામ સંભાળતા 'કુળકર્ણી' સિદ્ધોપંત નામના કાર્યદક્ષ અને સજ્જન બ્રાહ્મણ હતા. એઓ ગામ આખાનું બરાબર ધ્યાન રાખતા. ગામમાં દેશભરમાંથી જે સંત–મહાત્મા અને વિદ્વાન પંડિતો રોજ જતા-

આવતા એ સહુની આગતા–સ્વાગતા પણ મન દઈને કરતા. રોજ નવા નવા માણસો આવે અને જાય. સહુની સાથે સંબંધ રાખે. એટલે અનુભવી સિદ્ધોપંત માણસની પારખ ક્ષણવારમાં કરી શકતા. બ્રાહ્મમુહૂર્તમાં ઈન્દ્રાયણીમાં સ્નાન કરી અણીશુદ્ધ રીતે નિત્યકર્મ કરી રહેલા કુમારવયના વિઠ્ઠલપંતને જોયા ત્યારથી એ બટુ એમના મનમાં વસી ગયો. એમણે એને બોલાવી સારી જગ્યાએ ઉતારો આપી, 'તમે કોણ ? કઈ જ્ઞાતિના ? ક્યાંથી આવ્યા ?' વિ. પૂછપરછ આત્મીયતાથી કરી. ત્યારે વિઠ્ઠલપંતે જવાબ આપ્યો.

"વિઠ્ઠલ હે નામ। રામેશ્વરી ભાવ। વૃત્તિ આપેગાંવ। ગોદાતીરીં।
માતાપિતા વૃદ્ધ। વસતાતી તેથે। દ્વારકાદિ તીર્થે। કરુની આલો॥"

પોતાની જ્ઞાતિનો આ આશાસ્પદ છોકરો જોઈ સિદ્ધોપંતના મનમાં જુદો જ વિચાર આવ્યો અને યોગ્ય તપાસ કરી એમણે પોતાની એકની એક સુશીલ અને સંસ્કારી દીકરી મીનાક્ષીનાં લગ્ન વિઠ્ઠલપંત સાથે કરાવ્યાં. મીનાક્ષી વિઠ્ઠલપંતની સૌભાગ્યવતી રુક્મિણીબાઈ થઈ પતિ અને પિતા સાથે આપેગાંવ ગઈ. વહુને જોઈ વૃદ્ધ ગોવિંદપંત અને નીરાબાઈ રાજી રાજી થયાં. છોકરો ક્યાંક ભભૂત ચોળીને બાવો ના થાય એ ડર હવે ના રહ્યો. 'મા લક્ષ્મી જેવી સુલક્ષણી વહુ હવે બધું સાચવી લે એવી છે' એમ વિચારી માથેથી બધો જ ભાર ઊતારી દીધો અને થોડા દિવસ એ નાનું કુટુંબ સુખશાંતિથી રહ્યું. પણ ચિંતા ઓછી થઈ અને કર્તવ્ય પૂરું થયું તેથી હળવા ફૂલ જેવાં થયેલાં માતાપિતા જાણે દીકરાનું આવું સુખી ઘર મંડાયેલું જોવા ખાતર જ જેમતેમ જીવી ના રહ્યાં હોય તેમ છોકરાંઓને આશીર્વાદ આપી થોડા જ દિવસમાં એક પછી એક સ્વર્ગે સિધાવ્યાં.

પતિ પત્ની બે ઘરમાં એકલાં પડયાં. રુક્મિણીએ જાણે ગૃહકૃત્યનો ભાર ઉપાડી લીધો. પણ પતિનું ચિત્ત સંસારમાં હતું જ નહીં. કમાવવા જવું, રળવું, એને માટે વૃત્તિ કે કાંઈ ઉદ્યમ કરવો એ એના સ્વાભાવમાં જ નહોતું. ગમે એવી કુશળ અને સુઘડ ગૃહિણી હોય તો પણ આવા માણસનું ઘર કેમ કરીને ચલાવી શકે ! એટલે સિદ્ધોપંત આવીને દીકરી જમાઈને આળંદી લઈ ગયા. રોજની ચિંતા મટી અને હવે 'રુક્મિણીનું શું થશે' એ ચિંતા રહી નહીં. એટલે વિઠ્ઠલપંતે સંન્યાસ લેવાનો નિશ્ચય, જે મનોમન કર્યો હતો તે હવે પાકો થઈ ગયો. હવે ઘર છોડીને જવા માટેની તક શોધવી આ એક જ કામ સામે હતું !

એક દિવસ સવારના પહોરમાં રુકિમણી ઘરના કામમાં વ્યસ્ત હતી ત્યારે એકાએક એને જઈને પૂછ્યું.

"હું ગંગા નહાવા જાઉં ?"

ગામમાંથી વહેતી નદીને 'ગંગા' કહેવાનો સામાન્ય રિવાજ હતો. અને બ્રાહ્મણો માટે તો સવારે સૂર્યોદય થાય તે પહેલાં સ્નાન કરી પ્રાતઃ સંધ્યા કરવી એ રોજનો ક્રમ હતો. એટલે પતિ રોજની જેમ ઈંદ્રાયણીમાં નહાવા જતા હશે એ ખ્યાલથી પત્નીએ તરત જ 'હા' પાડી. એની એ 'હા' નો આધાર લઈ વિઠ્ઠલપંત ઘરમાંથી નીકળ્યા તે સીધા કાશી પહોંચી ગયા. ત્યાં રામાનંદ સ્વામીના શિષ્ય બની 'પોતે એકલા જ છે' એમ અસત્ય બોલી શિખાસૂત્ર ત્યાગી ભગવાં પહેરી એમણે સંન્યાસ લીધો. વિઠ્ઠલપંત કુળકર્ણી મટી એઓ 'સ્વામી ચૈતન્યાશ્રમ' બન્યા!

વિઠ્ઠલપંત જતા રહ્યા એટલે સિદ્ધોપંતના ઘરમાં અને આળંદી ક્ષેત્રમાં હોહા થઈ. શોધખોળ કરવા શકય એ બધાં જ પ્રયત્ન સિદ્ધોપંત કરી છૂટયા. પણ પત્તો ના ખાધો. આખરે કેટલાક મહિનાઓ પછી ઉત્તર તરફથી આવતા જાત્રાળુઓ તરફથી મળતા એંધાણો પરથી વિઠ્ઠલપંત કાશી બાજુ કોઈ મઠમાં હશે અને એમણે સંન્યાસ લીધો છે એ વાતની જાણ થઈ. ત્યારથી રુકિમણી પોતાનો ભાગ્યલેખ વાંચી ગઈ. હવે પિતાને ઘેર રહી, પોતાના અવતારને ઓશિયાળો ગણી, વ્રત, પૂજા, ઉપવાસ કરી દેહને કષ્ટ આપી, ઘરમાં સામે દેખાય એ કામ નીચે મોંએ કરી નાંખતી એ પોતાના દિવસો પૂરા કરવા લાગી. એમાં પણ પોતે પરિત્યકતા છે, કોઈને પોતાનો અપશુકન ના થાય એવી સાવચેતી રાખી રાત્રીના પાછલા પહોરમાં જ એ નદીએ જઈ સ્નાન વિ. પતાવી ગામમાં કોઈ જાગે તે પહેલાં ઘેર પહોંચી જતી. રસ્તામાં સોનેરી પાનનો સિદ્ધ પીપળાનો વૃક્ષ હતો. કોઈવાર, કદાચ આગલે જન્મે પોતાની આશાઓ એ સિદ્ધવૃક્ષના આશીર્વાદથી પૂરી થશે એવી શ્રદ્ધાથી એ પીપળાની પૂજા કરી ફેરા ફરી લેતી. કોઈ સિદ્ધ પુરુષ ક્ષેત્રમાં પધારે, સિદ્ધોપંત જ એમની આગતાસ્વાગતા કરતા હોય, તો પણ દર્શન કરવાની ઈચ્છા થાય છતાં એ મનમાં ભારે સંકોચ અનુભવતી. કથાવાર્તા સાંભળી સત્સંગનો લાભ મેળવવા પણ બારણાં પાછળ મોં છુપાવીને બેસતી!

કર્મગતિ અકળ છે. વિઠ્ઠલપંતના ગુરુ શ્રી રામાનંદ સ્વામી દક્ષિણાપથની યાત્રા કરવા જતાં અલકાપુરી—એટલે આળંદી—આવ્યા હતા. એ સિદ્ધ પુરુષ

પણ બ્રાહ્મમુહૂર્ત પહેલાં ઊઠી, સ્નાનસંધ્યા કરી, સિદ્ધપીપળા નીચે પદ્માસન વાળી નામજપ કરતા હતા. ત્યાં રુકિમણીબાઈ રોજની જેમ પરિક્રમા કરવા ગયાં. ફેરા ફરી પૂજા કરી. અને કોઈ સત્પુરુષ ધ્યાનસ્થ બેઠા છે એ જોઈ એમણે પ્રણામ કર્યા. ભળભાંખળુ થયેલું. આછા અજવાળામાં સ્વામીજીએ પ્રણામ કરતી છોકરીના હાથમાં પહેરેલાં સૌભાગ્ય કંકણનો ખ્યાલ આવ્યો. ગોરા ભાલ પર લાલ ચાંલ્લો ઉગારા મારતો હતો. સંતે સહજ ભાવે આશીર્વાદ આપ્યા, "પુત્રવતી ભવ."

સામાન્ય રીતે કોઈ પણ સૌભાગ્યવતીને અપાતા એ આશીર્વાદ પોતે સોહાગણ હોવા છતાં પોતાને માટે કેટલા નિરર્થક છે–એ વિચારથી રુકિમણીબાઈને સ્હેજ હસવું આવ્યું.

સ્વામીજીને એ જોઈ નવાઈ લાગી. છોકરી આમ તો વિવેકી અને ઠાવકી લાગતી હતી. આશીર્વાદ સાંભળી એ હસી કેમ પડી હશે? એ વિચારમાં પડ્યા. રુકિમણીબાઈ તો તરત જ ઘેર જવા ઊપડી હતી. સ્વામીજીએ મનમાં કાંઈક વિચાર્યું. એઓ ઊઠ્યા અને એની પાછળ સિદ્ધોપંતને ઘેર જઈ પહોંચ્યા.

આવા મોટા સિદ્ધપુરુષને પગે ચાલીને પોતાને ત્યાં આવતા જોઈ ઘરનાં સહુ ઓછાં ઓછાં થઈ એમની આગતાસ્વાગતા કરવા લાગ્યાં. સ્વામીજીએ ભીડ જરા ઓછી થયા પછી સિદ્ધોપંતને બાજુએ બોલાવી સવારે જે બન્યું હતું તે કહી રુકિમણી વિશેનું બધું જ જાણી લીધું. એ બધી વિગતો પરથી પોતે બાર વર્ષ પહેલાં જે છોકરાને સંન્યાસ આપેલો તે સ્વામી ચૈતન્યાશ્રમ એ જ રુકિમણીના વર વિઠ્ઠલપંત હોવા જોઈએ એ વિશે એમની ખાત્રી થઈ. યાત્રા અધૂરી મૂકી તે ને તે દિવસે એઓ કાશી તરફ પાછા વળ્યા. ત્યાં જઈ ચૈતન્યાશ્રમને બોલાવીને એમણે આદેશ આપ્યો,

"તમને દીક્ષા આપી ત્યારે પોતે બ્રહ્મચારી હોવાનું કહીને તમે વંચના કરી છે. તમે પરિણીત છો. પરિણીત ગૃહસ્થને પત્નીની અનુજ્ઞા અને સંતાનપ્રાપ્તિ વિના સંન્યસ્તની દીક્ષા અપાય જ નહીં. તમે અસત્ય બોલી ધર્માજ્ઞાનો ભંગ કર્યો છે. તમને અપાયેલી દીક્ષા અવિધિસરની હતી. એટલે ખરી રીતે તમે સંન્યાસી છો જ નહીં. ચાંદ્રાયણ વ્રત અને પ્રાયશ્ચિતની વિધિ કરી તમે તરત જ પાછા ફરો. સ્ત્રી અને પિતૃઓનું ઋણ બાકી છે તે પૂરું કરો."

ગુરુની આજ્ઞા માથે ચડાવી વિઠ્ઠલપંતે આકરા તપ જેવું ચાંદ્રાયણ વ્રત કરી વિધિસર પ્રાયશ્ચિત્તની વિધિ કરી અને પૂર્વવત્ શિખા સૂત્રધારણ કરી એઓ પાછા ઘેર ગયા. એવી રીતે રુકિમણીબાઈનું ઘર પાછું બાર વર્ષે મંડાયું. એક બાજુ પતિના આવ્યાનો આનંદ હતો. સંસાર ભોગવવાનો ઉમંગ પણ હતો. ત્યારે સમાજ સંન્યસ્ત છોડીને આવેલાને ધિક્કારવા લાગ્યો. એ રંજમાં આનંદ અને ઉમંગ ઓસરવા લાગ્યા. સમાજમાં કયાંયે એ બે માટે માન, પ્રતિષ્ઠા કે આવકાર મળે જ નહીં. ગુરુના આદેશની, ત્યાં કરેલા પ્રાયશ્ચિત્તની, એકે વાત માનવા લોકો તૈયાર નહોતા. છતાં એ આદેશનું પાલન કર્યા વિના હવે છૂટકો પણ ન હતો! આવો હતો એ કપરો ગૃહસ્થાશ્રમ!

ઈ. સ. ૧૨૭૩માં વિઠ્ઠલપંતને ત્યાં પુત્ર અવતર્યો. તે વખતની પોતાની મનોદશા વ્યક્ત કરતું નામ પાડ્યું 'નિવૃત્તિ'. બે વર્ષ પછી ૧૨૭૫માં બીજો પુત્ર 'જ્ઞાનદેવ' આવ્યો. ૧૨૭૭માં આવ્યા સોપાનદેવ. અને ઈ. સ. ૧૨૭૯માં પુત્રી મુક્તાનો જન્મ થયો. ગુરુએ આજ્ઞા આપી હતી. તે પ્રમાણે સંસાર સાથેની સાધના ચાલુ રાખી વિઠ્ઠલપંતે સ્ત્રીનું અને સમાજનું ઋણ પૂરું કર્યું. ચારે સંતાન રૂપગુણસંપન્ન હતાં. તેજસ્વી, બુદ્ધિશાળી અને સંવેદનક્ષમ હતાં. માબાપે સમાજ તરફથી થતાં અપમાન, ઉપેક્ષા, દારિદ્રય વેઠતાં પણ વિવેક વિનાનું કઠોર વચન કદી મોંમાંથી કાઢ્યું નહીં. દોષારોપણ કે નિંદા સ્વપ્નમાં પણ કરી નહીં. છોકરાંઓ સમજતાં થયાં ત્યારથી સ્વાધ્યાય કરવાની ટેવ પાડી. શરીરશ્રમ કરતા એઓ પાછા ન પડે એવી રીતે એમને કેળવ્યાં. જ્ઞાની, વિરક્ત અને સ્થિતપ્રજ્ઞ માબાપ પાસેથી આ ભાઈબ્હેનોએ જ્ઞાન સાથે ભક્તિ, વિરક્તિ, ધીરજ અને સહનશક્તિનો અનેરો વારસો મળ્યો.

ગામમાં કોઈને ત્યાં જવાઆવવા જેવો સંબંધ હતો નહીં. સંન્યસ્ત છોડીને ઘર માંડ્યું ત્યારથી જ્ઞાતિએ એમનો ત્યાગ કરેલો. વિઠ્ઠલપંત પોતે બ્રહ્મ-જ્ઞાની હતા. સત્સંગ માટે એઓ મન થાય ત્યારે પોતાના પિતાના ગુરુ નાથ-પંથના ગૈનિનાથ હતા, એમને ત્યાં ઘણીવાર જતા. સાથે નિવૃત્તિનાથને પણ લઈ જતા. જરા મોટા થયા પછી જ્ઞાનદેવ પણ ત્યાં જવા લાગ્યા. આ બે ભાઈઓ પિતા પાસે ધર્મશાસ્ત્રનું અધ્યયન પણ નિયમિત કરતા. નાનો સોપાન અને મુક્તા સામે બેસી સાંભળતાં. બાળવયને સહજ એવી રમતગમતનો પણ આ બાળકોને અધિકાર હતો નહીં.

છોકરાઓ મોટા થયા. ઘેર સ્વાધ્યાય, બ્રહ્મકર્મ થતું હતું. છતાં હવે એમને જનોઈ આપી રીતસર પાઠશાળામાં મોકલવા જોઈએ. પણ આ વાત એટલી

સહેલી અને સરળ નહોતી. સમાજનો રોષ આટલા વર્ષોમાં જરા પણ ઓછો થયો નહોતો. 'પોતાનું શ્રાદ્ધ સરાવીને માથું મુંડાવ્યા પછી શિખા વધારીને સંસારી થયેલાને બ્રાહ્મણ તો ઠીક ચાંડાળ પણ ના ગણી શકાય! એ તો ભૂત-પ્રેત કહેવાય!' એવી ધૃણા, એવાં કઠોર શબ્દ વિઠ્ઠલપંતે વર્ષોથી સહન કર્યા હતા. હવે નિર્દોષ છોકરાઓ પણ એ રોષની આગમાં શેકાતા હતા. એ સહેવું આકરું લાગતું હતું. એમાંથી માર્ગ કાઢવા ખૂબ વિચાર કરી વિઠ્ઠલપંત પત્નીને લઈ દક્ષિણ ભારતનું વિદ્યાપીઠ ગણાય એવી પૈઠણ નગરીમાં ગયા. ત્યાંના વેદાંતી પંડિતોને પગે લાગી કરગર્યા, 'દોષ મારો છે. મને કરવું હોય એ શાસન કરો. પણ આ છોકરાઓ નિર્દોષ છે. એમને જનોઈ આપી એમનો સ્વીકાર કરો.'

નિષ્ઠુર અને રૂઢિચુસ્ત બ્રાહ્મણોએ એમની વાત વિચારવાની ચોખ્ખી ના પાડી. 'ન ભૂતો ન ભવિષ્યતિ એવી અક્ષમ્ય ભૂલ માટે વિઠ્ઠલપંત પ્રાયશ્ચિત કરવા માંગે તો પણ દેહાંત પ્રાયશ્ચિત વિના એમને માટે બીજો કોઈ પર્યાય નથી.' એવાં કઠોર વચન કહી એમની નિર્ભત્સના કરી. કાશીના રામાનંદ સ્વામી જેવાએ પ્રાયોપવેશન કરાવી પ્રાયશ્ચિત પણ કરાવેલું એ વિઠ્ઠલપંતની વાત કોઈએ માની નહીં.

નિર્દયતાથી ટેવાયેલાં એ દંપતીએ વિચાર કર્યો કે 'આ રોગનું કારણ આપણે બે છીએ. આપણને જોઈ આ બધાં ભડકે છે આપણે ના હોઈએ ત્યારે સમાજ આજે નહીં તો કાલે બધું ભૂલી જઈ છોકરાઓ પર દયા કરશે. એમને અપનાવશે. એટલે એમણે ખરેખર દેહાંત પ્રાયશ્ચિત કરવાનો નિર્ણય લીધો. ઘેર જઈ છોકરાઓને મળવાનો મોહ પણ મનમાં રાખ્યા વિના બંને પૈઠણથી સીધાં પ્રયાગ ગયાં અને ત્યાં દેહત્યાગ કર્યો!

આળંદીમાં આઠ વર્ષના નિવૃત્તિનાથ અને એમના નાનાં નાનાં ભાંડુઓ કોઈ પણ આધાર વિનાના આ જગતમાં એકલાં પડ્યાં. દાદા દાદી, નાના નાની બધાં જ ક્યારનાયે સ્વર્ગે સીધાવેલાં. કાકા મામા તો કોઈ હતા જ નહીં. ગાંઠે હતા માત્ર સંસ્કાર, થોડી ઘણી વિદ્યા. જન્મજાત સદ્‌ગુણ અને સતેજ બુદ્ધિમત્તા. પૈઠણથી માતાપિતા આવશે, જનોઈ આપવાની રજા મળી હશે. પછી જનોઈ લઈ આપણે પાઠશાળામાં ભણવા જઈશું એવા વિચારો કરતા આ બાળકોને કેટલાક દિવસ રહી માતાપિતાએ કરેલા દેહત્યાગના સમાચાર મળ્યા. ત્યારે તો માથે આભ તૂટી પડ્યું. એકલા નિવૃત્તિનાથને પરિસ્થિતિની કાંઈક કલ્પના હતી. નાનાં ભાઈબ્હેનને સમજાવી પટાવી નિર્વાહ માટે ગામમાં

'ભવતિ, ભિક્ષાં દેહિ' કર્યા વિના છૂટકો નહોતો. ત્રણે ભાઈઓ સવારે સ્નાનસંધ્યા પતાવી ભિક્ષા માગવા બહાર પડયા ત્યારે મનમાં માબાપના ચિર-વિરહનું દુઃખ હતું. "આ આવું કેમ?" એવી વિમાસણ હતી. પેટમાં જઠરાગ્નિ ભડકે બળતો હતો. એ પોતાની આહુતિ માગતો હતો. ગામમાં ચપટી અનાજ કોઈ ભાગ્યે જ આપતું 'અપશુકનિયાળ!' 'કયાંથી કાળમુખા સામા મળ્યા!' એવા શબ્દોનો વરસાદ વરસ્યા કરતો. તેમાં વળી આ અનાથ થયેલા વહાલસોયા છોકરાઓને જોઈ બહારગામથી આવી ચડેલા જાત્રાળુને દયા આવે, કોઈ માબ્હેનની આંતરડી કકળે ત્યારે મૂઠી ચપટી એમની ઝોળીમાં પડે. એ પણ કોઈ ધર્મમાંર્તડની નજરે ચડે તો લાત મારી એ ચપટી લોટ પણ ધૂળમાં ફગાવી દે! એમને મન આ સંન્યાસીના છોકરાઓને દુઃખ આપી એઓ સનાતન ધર્મની રક્ષા કરવાનું પરમ પવિત્ર કર્તવ્ય કરી રહ્યા હતા!

રોજને રોજ અપમાન અને તિરસ્કાર સહેતા જ્ઞાનદેવ ખૂબ અકળાયા. રિસાયા. ગામની બહાર ઝૂંપડામાં રહેતા. ત્યાં જઈ બારણું વાસીને બેસી રહ્યા. બોલે નહીં. બારણું ખોલે નહીં. નિવૃત્તિનાથે અને સોપાનદેવે એમને મનાવવા ઘણું કર્યું. પણ માન્યા નહીં. ત્યારે નાનકડી મુકતાએ જઈ બંધ બારણા પર પોતાનો કૂમળો ગાલ ટેકવી મધુર શબ્દમાં ભાઈને બોલાવી કહ્યું,

'મજવરી દયા કરા । તાટી ઉઘાડા જ્ઞાનેશ્વરા ।'

સહજ રીતે એના મોંમાંથી છંદોબદ્ધ શબ્દ નીસર્યા. એ 'તાટીના અભંગ' તરીકે જાણીતા છે. તાટી એટલે ખોરડાનો ઝાંપો. મુકતાએ સમજણી થઈ ત્યારથી માબાપ કહે, શીખવાડે એ સાંભળીને અને એમનું પોતાનું વર્તન જોઈને જે ઝીલ્યું હતું તે એના આ અભંગોમાં સરળતાથી વ્યકત થયું છે. એના મુખમાંથી સરી પડેલાં આ શબ્દોએ જ્ઞાનદેવની રીસ કાયમને માટે ઓગળી ગઈ! એણે ગાયું છે–

"મજવરી દયા કરા । તાટી ઉઘડા જ્ઞાનેશ્વરા ॥
સંત જેણે વ્હાવે । જગ બોલણે સોસાવે ॥
તરીચ અંગીં થોર પણ । જયા નાહીં અભિમાન ॥
થોરપણ જેથે વસે । તેથે ભૂત દયા અસે ॥
રાગે ભરાવે કવણાશી । આપણ બ્રહ્મ સર્વ દેશી ॥
ઐશી સમદૃષ્ટી કરા । તાટી ઉઘડા જ્ઞાનેશ્વરા ॥

'મારા પર દયા કરી બારણું ખોલો જ્ઞાનદેવ! જગતના લોકો બોલે એ સહન કરવાથી તો સંત થવાય. જેના મનમાં અભિમાન ના હોય એજ મોટાં કહેવાય. અને મોટાંના મનમાં તો સહુને માટે દયા હોય. અને ક્રોધ પણ કોના પર કરશો? પોતે પોતાના પર રિસાશો? એક જ બ્રહ્મ બધાંમાં વસે ત્યાં કોણ કોના પર ક્રોધ કરે? સમદૃષ્ટિ રાખો બારણું ખોલો મારા ભાઈ!'

'આપણા બ્રહ્મ સર્વ દેશી' 'બ્રહ્મ તત્ત્વ જ સર્વત્ર છે' આ વેદાંત બોધ એ નાની છોકરીએ કોઈ પણ આડંબર વિના સહજ રીતે કહી દીધો! વહાલસોયી નાની બ્હેન મોટાભાઈને વિનવી, મનાવીને કહે છે :

'યોગી પાવન મનાચા । સાહી અપરાધ જનાંચા ॥
વિશ્વ ઝાલિયા વહ્‌ની । સંતમુખે વ્હાવે પાણી ॥
શબ્દ શસ્ત્રૅં ઝાલે ક્લેશ । સંતે માનાવા ઉપદેશ ॥
તુમ્હી તરોની વિશ્વ તારા । તાટી ઉઘડા જ્ઞાનેશ્વરા ॥'

'સંતના શબ્દ જગતના ક્રોધને અમી છાંટણાં કરી શાંત કરે એવા હોય! લોકોના શસ્ત્ર જેવા કઠોર વચન એ આપણે માટે ઉપદેશ માની લેવો. ભાઈ મારા! પોતે સંત થઈ ભવસાગર તરી જાવ, અને તમારી સાથે જગતને પણ તારજો. બારણું ખોલી બહાર આવો!'

નાનકડી બહેન પોતે ભૂખતરસ સહન કરી, માબાપના વિયોગને વિસારી સમતા રાખી આવા મીઠા વેણ બોલે ત્યારે કયો ભાઈ એવો હોય કે પીગળ્યા વિના રહે?

એ દિવસે તો જાણે બધું પતી ગયું. ફળમૂળ મળ્યાં એ ખાઈ પાણી પી લીધું. બધાં જંપી ગયા. પણ નિવૃત્તિનાથની આંખો ના મળી. એ આ પ્રસંગ પછી ઊંડા વિચારમાં પડયા હતા. 'આમ તો કેટલા દિવસ સુધી ચાલશે? આપણી બધાંની જિંદગી શું આમ જ પૂરી થશે? સંન્યસ્ત લીધેલા પિતાને પાછાં ગૃહસ્થાશ્રમમાં મોકલી આપણું સહુનું નિર્માણ કરવામાં વિધિનો કોઈ શુભસંકેત નહીં હોય?'

એ ઉંમરે નિવૃત્તિનાથ ગુરુ ગૈનિનાથનો અનુગ્રહ પામ્યા હતા. જ્ઞાનદેવ પણ સાથે રહી ઘણું શીખ્યો હતો. એની વાણી પણ મધુર અને અસ્ખલિત હતી. પિતાએ બંને ભાઈઓને અધ્યયન, મનન અને ચિંતન કરતાં શીખવાડ્યું

હતું. માતાએ સહનશક્તિ, વાણીનું માધુર્ય અને સુઘડતા વારસામાં આપી હતી, ચારેમાં જ્ઞાનદેવની બુદ્ધિ સતેજ હતી. ગ્રહણ શક્તિ અસામાન્ય હતી. 'એના આ દૈવી ગુણ શું અવિચારી લોકોનાં મહેણાં ટોણાં સહેવામાં જ કરમાઈ જશે?' ખૂબ વિચાર કરી પૈઠણ જવાનો નિર્ણય કર્યો. સાથે લેવા મૂકવાનું ઝાઝું હતું જ નહીં. બીજે જ દિવસે ત્રણે ભાઈઓ અને મુક્તાબાઈ આળંદી છોડી પૈઠણ ભણી જવા નીકળ્યા.

એ સમયે દક્ષિણનું કાશી ગણાય એવા પૈઠણની વિદ્યાપીઠમાં એકથી એક ચડિયાતા વિદ્વાન પંડિતો શાસ્ત્રાર્થ કરવામાં મગ્ન હતા. તેજસ્વી વિદ્યાર્થીઓ વેદોચ્ચારની સંથા લઈ રહ્યા હતા. તો કેટલાક યજ્ઞશાળામાં યજ્ઞવિધિ સમજી લેતા હતા. જ્યેષ્ઠ વિદ્વાનો ચર્ચાસભામાં વ્યસ્ત હતા. એવી એ પૈઠણની વિદ્વત્–સભામાં આ ત્રણ ભાઈઓ પોતાની નાની બ્હેન સાથે જઈ પહોંચ્યા. મુક્તાબાઈને વેદોચ્ચાર સાંભળવાનો અધિકાર નહીં. એટલે એ પાઠશાળાની બહાર ઊભી હતી. ભાઈઓ અંદર ગયા. જ્યેષ્ઠ વિદ્વાનોને પ્રણાવૂ નમ્રતાથી પ્રણામ કર્યા. પછી નિવૃત્તિનાથે વિવેકથી વિનંતી કરી.

"અમે ત્રણ ભાઈઓ વિદ્યાભ્યાસ કરવાની ઇચ્છાથી આળંદીથી અહીં આવ્યા છીએ. અમારાં માતાપિતા સ્વર્ગે સિધાવ્યા પછી વડીલ કે સ્વજન જેવું કોઈ રહ્યું નથી. આપ જ અમારાં પિતા થઈ અમને જનોઈ આપી અમારો સ્વીકાર કરો."

છોકરાઓના મુખપર તેજ હતું. સ્વભાવગત સાત્ત્વિક ભાવથી સૌમ્ય અને શાંત લાગતા એ છોકરાઓ કોઈને પણ ગમે એવા હતા. બોલવા પરથી પણ સંસ્કારી અને વિવેકી લાગતા હતા. સભામાં વિરાજેલાં એક જ્યેષ્ઠ પંડિતે પૂછ્યું,

"તમારું ગોત્ર ક્યું? કઈ શાખાના છો?"

"અમે યજુર્વેદી. વત્સગોત્ર. વાજસેનીય શાખા."

"પિતાનું નામ?"

"વિઠ્ઠલપંત ગોવિંદરાવ કુળકર્ણી."

એ નામ કાને પડ્યું અને બધાં જ પંડિતોના મુખપરથી પ્રેમભાવ તો ઠીક સામાન્ય વિવેક પણ અલોપ થયો! શબ્દમાં કર્ણકટુ કર્કશતા આવી,

"એ ? કાશીથી સંન્યસ્ત છોડીને આવેલો........."

"એના સંતાન ? આ તો નર્યા પાપનાં પોટલાં ! ચાંડાળથી પણ નીચ !"

"એમને જ્યાં જગતમાં જન્મ લેવાનો, દેહ ધારણ કરવાનો જ અધિકાર નથી ત્યાં ચાંપલા થઈ વિદ્યાધિકારનો દાવો કરતા અહીં સુધી આવ્યા છે ?"

"ધિક્કાર છે એમની આ ઉદ્દંડતાને !"

એક પછી એક વાગ્બાણ છૂટવા માંડયા.

નિવૃત્તિનાથ અને જ્ઞાનદેવ નાનપણથી પિતા અને ગુરુની કૃપાથી વેદાંત વિચાર કરતા શીખ્યા હતા. સભામાં બેઠેલા વિદ્વાનો શબ્દજ્ઞાનમાં ભલે આગળ વધ્યા હતા છતાં બ્રહ્મજ્ઞાનની દષ્ટિએ આ બે ભાઈઓ અલ્પવયમાં વધારે જ્ઞાની થયા હતા. માતાપિતાનો અનાસકતભાવ એ એમનો સ્વભાવ બની ગયો હતો. સંસારમાં એમને બાંધી રાખે એવો કોઈ પાશ કે મોહ હતો નહીં. એટલે સહજ મુકતાવસ્થા પ્રાપ્ત થઈ હતી. મનમાં કોઈ પૂર્વગ્રહ કે આગ્રહ હતો નહીં. એટલે ગ્રહણશકિત પણ સરસ ખીલી હતી.

પંડિતસભામાં પ્રસરેલો ક્ષોભ જોઈ જ્ઞાનદેવે મધુર શબ્દથી પૂછ્યું, "વિદ્વદ્વર ! વિદ્ ધાતુ પરથી નિર્માણ થયેલો શબ્દ વેદ. વેદ એટલે 'જે જાણ્યું એ'. પરમેશ્વરે જે જીવોને જીવન આપ્યું છે એ સહુને જાણવાની શકિત અને અધિકાર પણ સ્વયં પ્રભુએ જ શું નથી આપ્યો ? બ્રહ્મ સ્વયં સર્વમાં સ્ફુરતું નથી ?"

"લો ! આ પંડિત તો શાસ્ત્રાર્થ કરી વાદવિવાદ કરવા આવ્યા !" કોઈએ ઉપહાસ કર્યો.

ત્યાં સામેથી એક વકરેલો પાડો આવતો દેખાયો. એ દેવનો પાડો ગણાતો એટલે ગામના સહુ કોઈ એને ખવડાવતા. કોઈ કશું કામ ન કરાવે. દેવનો કહેવાય એટલે કોઈ એને વારે નહીં. ખાઈપી મસ્ત થઈ એ ગામ આખાને રંજાડતો. એને આવતો જોઈ રસ્તામાં બધે નાશભાગ થવા લાગી. એ જોઈ એક પંડિતે ઉપહાસથી જ્ઞાનદેવને કહ્યું.

"પ્રાણીમાત્રમાં બ્રહ્મ સ્વયં વસે છે ને ? તો સામેથી આવતા આ પાડામાં પણ 'એ' હશે જ ને ?"

"આપનું વચન સત્ય છે મહારાજ!" જ્ઞાનદેવે શાંતિથી કહ્યું.

"તો પછી પંડિતવર ! જો આ પાડો વેદોચ્ચાર કરે તો તમને પણ વેદાધિકાર છે એમ માની શકાય !"

હવે આ ચિબાવલા છોકરાઓ લજ્જિત થઈ ચાલ્યા જશે એવું ધારી હસી પડતા પંડિતોએ જોયું તો જ્ઞાનદેવ પ્રસન્ન હાસ્ય કરતા એ પાડા પાસે જઈ રહ્યા હતા. બધાંને લાગ્યું, 'ગયો છોકરો કામમાંથી ! હમણાં પાડો ફંગોળીને ફેંકી દેશે તો હાડકું હાથમાં નહીં આવે !'

પણ આંખ સામે કાંઈ જુદું જ બની રહ્યું હતું. જ્ઞાનદેવનો આત્મવિશ્વાસ અને એમની નિર્મળ આંખોમાંથી નીતરતો સ્નેહ જોઈ એ વકરેલું પશુ શાંત થયું ! કદાચ પહેલી જ વાર કોઈએ એની સામે આવા પ્રેમથી જોયું હશે ! જ્ઞાનદેવ પાસે ગયા. પાડાના મસ્તક પર પ્રેમથી હાથ ફેરવ્યો ત્યારે એમના પ્રેમનો પ્રતિસાદ આપતો હોય એમ એ પાડો ભાંભર્યો.

"બ્રહ્મદેવ !" એ પાડાને માથે હાથ ફેરવતા જ્ઞાનદેવ ઉપર જોઈ મધુર હાસ્ય સાથે બોલ્યા, "સર્વ શબ્દ, ધ્વનિ અને સ્વર જેમાં સમાયાં છે એ પ્રણવ ૐકાર આ શબ્દમાં શું નથી સંભળાતો ?"

પંડિતો ગમે તેમ પણ આખરે જ્ઞાની તો હતા જ. આ છોકરો જે કહેતો હતો એ સત્ય હતું એ મનોમન માન્ય કરી એમણે ધર્મગ્રંથો અને શાસ્ત્રગ્રંથો ઉથલાવી એમાંથી આ છોકરાઓને જનોઈ આપી શકાય એવો આધાર શોધવા ખૂબ મથામણ કરી પણ આ પહેલાં એવો કોઈ દાખલો બન્યો ન હોવાથી આવા પ્રસંગમાં નિર્ણય લેવાનો પ્રશ્ન જ ઊભો થયો ના હોવાથી આધારરૂપ થાય એવો એક પણ દાખલો એમને મળ્યો નહીં અને કોઈ આધાર વિના નવો ચીલો પાડવાની શક્તિ કોઈનામાં ન હોવાથી બ્રહ્મમંડળે બધી રીતે વિચાર કરી નિર્ણય આપ્યો, "અમે તમને શુદ્ધિપત્ર આપીશું. તમે હવેથી 'બહિષ્કૃત' ગણાશો નહીં. છતાં સંન્યાસીના છોકરાઓને જનોઈ આપવાની વાત શાસ્ત્રસંમત નથી. એટલે તમે ત્રણ ભાઈઓ અને તમારી બ્હેન કોઈ પણ એક વર્ણના કે જ્ઞાતિના ગણાશો નહીં. એટલે તમે ચારે જણ લગ્ન કરશો નહીં. તમારે બ્રહ્મચર્યનું પાલન કરવું. અને ઈશ્વરભક્તિમાં આયુષ્ય વ્યતીત કરીને આ વિવાદ્ય વંશ વધે નહીં એમ કરવું."

કેવી આકરી આજ્ઞા ! પણ બ્રહ્મવાક્ય એટલે 'ઈશ્વરી આદેશ' માની, એમના શબ્દેશબ્દનું પાલન કરતા વિઠ્ઠલપંત અને રુક્મિણીબાઈનાં એ સંતાનોએ એ નિર્ણય આનંદથી માથે ચડાવ્યો. પૈઠણ ગયા ત્યારે એમને કોઈ ઓળખતું પણ નહોતું. પણ ત્યાંથી પાછાં ફર્યા ત્યારે એમના વિશેની વાતો એમના જતાં પહેલાં જ ગામેગામ પહોંચી ગયેલી. એટલે ગામલોકો ટોળે વળી આ ચમત્કારી છોકરાઓને જોવા આવતા. છોકરાઓ પણ પ્રેમથી બધાંને મળતા. સુખદુઃખની વાતો કરતા. મોટા મોટા જ્ઞાની પુરુષ જ્ઞાનની સાધના કરવામાં પડયા હોય. ધર્મના ગુરુ ગણાતા બ્રાહ્મણો કર્મકાંડમાંથી ઊંચા ના આવતા હોય. દરેક જ્ઞાતિના લોકો જ્ઞાતિ અભિમાનથી બીજાને તુચ્છ લેખતા હોય. એટલે સામાન્ય લોકો અને લોકજીવન સાથે જ્ઞાની, સંપન્ન કે શિક્ષિતોનો કાંઈ સંબંધ રહ્યો નહોતો. ત્યારે આ ભાઈબ્હેન જ્ઞાતિ અને વર્ણથી પર હતા. એઓ મુક્ત મને સહુને મળતા. એમને મન બધાં જ સરખાં હતાં. આ લોકો એમની વાતોમાં રસ લઈ સમદષ્ટિથી એમને સાચો માર્ગ પણ બતાવતા. એમને માટે સમાજ દર્શન એ તો 'વિશ્વરૂપ દર્શન યોગ' હતો. આ પદયાત્રા એ જ એમની સાચા જ્ઞાન માટેની સાધના બની ગઈ. આ સાધના ચાલતી હતી ત્યારે જ્ઞાનદેવ અને નિવૃત્તિનાથના વિચારોને જુદી જ દિશાએ ચાલના મળી.

'સંસારમાં ઊભી થતી વિમાસણો દૂર કરવા ભગવાને પોતે ગીતા કહી. શ્રી શંકરાચાર્ય જેવાએ ગીતા પર ભાષ્ય કરી ગીતાર્થ સ્પષ્ટ કર્યો, એ ગીતાનું માર્ગદર્શન સહુને મળે તો સંસાર સુખી થાય. ભગવદ્‌ગીતા જેવું કલ્યાણનું નિધાન પાસે હોવા છતાં અગમ્ય એવી સંસ્કૃત ભાષાને લીધે કોઈ એને પામી શકતું નથી. ભગવાને ગીતા દેવવાણીમાં કહી. પણ દેવવાણી બ્રાહ્મણ વિના કોઈ સમજે નહીં. અને કદાચ કોઈને જિજ્ઞાસા થાય તો પણ સંસ્કૃત ભાષા ભણવા-જાણવાનો અધિકાર માત્ર બ્રાહ્મણને હોય ! ખરી રીતે ધર્મ એટલે સમાજના નાનાં મોટાં બધાંને એમના કર્તવ્ય સમજાવી જીવનને સરળ બનાવનારું સાધન. સમાજનું બંધારણ સાચવે એ ધર્મ. એટલે બધાં જ વર્ણના લોકોએ આપણા ધર્મ વિશે જાણવું જોઈએ. સંસ્કૃત ભાષા ભણવાનો અધિકાર ભલે ના હોય. ભગવાન બુદ્ધ, શ્રમણોના ગુરુ, મહાનુભાવ પંથના ચક્રધર આ બધાંએ લોકભાષામાં પોતાને ધર્મ વિશે જે કહેવું હતું તે નથી કહ્યું ? આપણો વૈદિક ધર્મ ભગવાને ગીતામાં સરળ રીતે સમજાવ્યો છે. લોકોને એમની પોતાની બોલીમાં ભગવાનની એ પ્રસાદી આપવી જોઈએ' એવું એવું એ બે ભાઈઓ વિચારવા લાગ્યા.

અહમદનગર પાસે પ્રવરા નદીને તીરે નિધિગ્રામ, લોક જેને નેવાસે કહે છે, તે નાનું ગામ છે. ગામને સીમાડે એક પુરાતન શિવમંદિર છે. તેના જીર્ણ સભામંડપમાં અડધો દટાયેલો એક પાષાણ સ્તંભ છે. (આ બધું હજુ પણ ત્યાં છે.) જ્ઞાનદેવ એ સ્તંભને અડીને બેઠા હતા. ગામ લોકો મળવા આવેલા. વાતચીત ચાલતી હતી ત્યાં મોટાભાઈ અને ગુરુ બંને પદ સાચવી રહેલા નિવૃત્તિ દેવે જ્ઞાનદેવને આજ્ઞા કરી:

"જ્ઞાના, શ્રીમદ્ ભગવદ્ગીતાનો ભાવાર્થ તું લોકોને મરાઠી ભાષામાં સમજાવ. તારી વાણીમાં માધુર્ય છે, પ્રસાદ છે. વિચારોમાં પરિપક્વતા છે. મનમાં નિર્મળ ભાવ છે. એટલે એ મહાન કાર્ય કરવા માટે તું યોગ્ય છે અને આપણી સાદી સરળ મરાઠી ભાષામાં ગીતાનું જ્ઞાન ઝીલવાની શક્તિ પણ છે. એ તું સિદ્ધ કરી બતાવજે."

જ્ઞાનદેવે ગુરુ નિવૃત્તિનાથની આજ્ઞા માથે ચડાવી અને એ જ સ્થાન પર, એ જ પુરાતન પાષાણ સ્તંભને અડીને એક આસને બેસી એમણે શરૂઆત કરી:

"ૐ નમો જી આદ્યા । વેદ પ્રતિપાદ્યા ।
જય જય શ્રી સંવેદ્યા આત્મરૂપા ॥ (અ. ૧—૧)

એમના આ શુભ સંકલ્પ વિશે જાણી ગામેગામથી આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષ ત્યાં આવી લાગ્યાં. ભગવદ્ગીતાનો ભાવાર્થ જ્ઞાનદેવે સામાન્ય લોકોને વિશદ કરી વિસ્તારથી સમજાવ્યો. એ જ મરાઠી ભાષાનો સર્વ શ્રેષ્ઠ ગણાતો ગ્રંથ, કાવ્યમાં ઉત્તમ અને તત્ત્વદર્શનમાં અજોડ ગણાતી 'ભાવાર્થ દીપિકા—જ્ઞાનેશ્વરી.'

## ૩. જ્ઞાનેશ્વરી—ભાવાર્થદીપિકા

પ્રત્યક્ષ જીવનમાં વિઠ્ઠલપંતના છોકરાઓને સંજોગવશાત્ નાની ઉંમરમાં જ ઘણા સારામાઠાં અનુભવ થયા હતા. માબાપના ગયા પછી રહેવા માટે ઘર ના રહ્યું. લાગણી રાખે એવા કોઈ સ્વજન ના રહ્યા. સમાજે જેટલી કઠોરતા બતાવાય તેટલી બતાવી. હડધૂત કરવામાં કાંઈ બાકી ના રાખ્યું. આવા કપરા કાળમાંથી પસાર થતાં થતાં એ છોકરાઓએ વ્યવહારજ્ઞાન સારી પેઠે મેળવ્યું. ઉચ્ચ વર્ણના બ્રાહ્મણોએ બહિષ્કૃત કર્યા એટલે સમાજના નીચલા સ્તરના લોકોમાં એ ભળી શકયા. તેથી લોકજીવનના બધાં જ પાસાં એમને જોવા મળ્યાં.

વિઠ્ઠલપંત જેવા પિતાએ નાનપણથી એમને કેળવણી આપવાની શરૂઆત કરેલી. એટલે જ્ઞાન સાધનાની દિશા મળી ચૂકી હતી. અદ્વૈત સિદ્ધાંત મનમાં ઠસી ગયો હતો. સ્વાધ્યાયમાં મન રંગાઈ ગયું હતું એટલે પૈઠણ કે આળંદીના બ્રાહ્મણો એમને વ્રતબંધની ના પાડે તેથી વિદ્યાનાં મહાદ્વાર એમને માટે બીડેલાં રહે એવી કોઈ શકયતા હતી નહીં. નાથપંથના આચાર્ય ગૈનિનાથે નિવૃત્તિ-નાથને ગુરુમંત્ર આપી આધ્યાત્મિક ક્ષેત્રમાં એમનો જે અધિકાર હતો એને માન્યતા આપી હતી. નિવૃત્તિનાથ મોટાભાઈ અને પિતાના ગયા પછી આ ભાંડુઓને પિતૃસ્થાને હતા, એમણે જ ગુરુનું સ્થાન પણ શોભાવ્યું. જ્ઞાનદેવને ગુરુમંત્ર આપી એમના વ્યકિતત્વને અનુકૂળ એવી યોગ્ય સાધનાનો માર્ગ એમને બતાવ્યો.

પૈઠણની બ્રાહ્મણ સભા પાસેથી શુદ્ધિપત્ર અને વ્રતબંધની રજા લેવા આ ભાઈ–બહેન આળંદીથી પૈઠણ સુધી પગપાળાં ગયાં. (આળંદી પૂના પાસે છે. અને પૈઠણ ઔરંગાબાદ પાસે) પછી પૈઠણથી એઓ ગોદાવરી નદીને તીરે તીરે આગળ ચાલ્યાં. યોજનો સુધી આમ પગપાળાં ફરી, લોકોમાં ભળી, એમણે જોયું કે આળંદી જેવા સિદ્ધ ક્ષેત્રમાં રહેતા કર્મનિષ્ઠ બ્રાહ્મણો, પૈઠણની બ્રહ્મસભાના પ્રકાંડ વિદ્વાનો, અને અઢારે વર્ણના સામાન્ય લોકો, બધાં જ ધર્મતત્ત્વ જાણ્યા વિના માત્ર જડ કર્મકાંડને જ ધર્મ માનતાં થયા છે. સમાજની ધારણા જે ધર્મના પાયા પર થવી જોઈએ તે પાયો જ ખસી ગયો છે અને હકીકતમાં જેને કાંઈ જ લાગતું વળગતું ના હોય એવી અર્થ વિનાની વાતો સમાજને એકત્રિત રાખવાને બદલે છિન્ન ભિન્ન કરી રહી છે. એ જોઈ

આ ભાઈઓને લાગ્યું કે જે સત્ય વડે આપણે જોઈ શકીએ છીએ તેનો લાભ બધાંને જ આપવો જોઈએ. બધાંનું જ જીવન પવિત્ર અને આનંદમય થાય એટલા માટે કાંઈક કરવું જોઈએ.

શું કરવું અને કેવી રીતે કરવું એનો વિચાર કરતાં નિવૃત્તિનાથે જ્ઞાનદેવને કહ્યું, "લોકોને સમજાય અને એમને સાંભળવું ગમે એવું બોલવાની કળા તારી પાસે છે. તારાં શબ્દમાં માધુર્ય છે, લાલિત્ય છે. સ્વભાવમાં વિવેક નમ્રતા છે. એટલે શ્રીમદ્ ભગવદ્ગીતા જેવા, આપણા ધર્મનો સાર જેમાં છે એવા ગ્રંથનો અર્થ લોકોને લાભદાયી નિવડે એ રીતે વિશદ કરીને તું લોકોને કહે."

નિવૃત્તિનાથનો આદેશ એટલે ગુરુની આજ્ઞા. નિવૃત્તિનાથે પણ બીજા ધર્મગ્રંથ બાજુ પર રાખી ભગવદ્ગીતા જ નિરૂપણ માટે પસંદ કરી કારણ એ નિરૂપણ પાછળનો હેતુ અને જ્ઞાનદેવની સૌમ્ય સાત્ત્વિક વૃત્તિ એ બંનેનો વિચાર કરતાં ભગવદ્ગીતા બહુ અનુકૂળ એવું માધ્યમ હતું. નિરૂપણ કરી પોતાની વિદ્વત્તાનું પ્રદર્શન કરવાની ઇચ્છા આ ભાઈઓના મનમાં હતી નહીં તેમજ બીજા વિદ્વાનો સાથે વાદવિવાદમાં ઊતરી પૂર્વપક્ષ ઉત્તરપક્ષ કરવા માટે પણ એમને કશું કરવું નહોતું. લોકોને જે કાંઈ કહેવું હતું તે પણ, જે અયોગ્ય લાગે તેનો ઉલ્લેખ સરખો કર્યા વિના માત્ર સાચી વાત સમજાવવી જેથી અનિષ્ટ આપમેળે જ દૂર થાય, એવી રીતે કહેવું હતું.[1] પ્રકાશ થતાંની સાથે અંધારું નષ્ટ થાય જ. પ્રકાશ અંધારાને શોધવા કે હણવા ઓછો જાય છે? નિવૃત્તિદેવ અને જ્ઞાનદેવની આ ભૂમિકા માટે ભગવદ્ગીતા, કે જેમાં કોઈ વાદવિવાદ નહીં પણ અર્જુન અને ભગવાન – જેમની વચ્ચે પરમ સખ્ય છે – એ બે વચ્ચેનો સુખસંવાદ છે. સામાન્ય માણસના મનમાં વિષમ સંજોગોમાં જે શંકાઓ સહજ રીતે નિર્માણ થાય, ધર્માચરણ કયું એ વિશે સંભ્રમ થાય, શું કરવું એ સમજાય નહીં એવી એમની મનઃસ્થિતિ અર્જુનને મુખે વ્યક્ત થાય છે અને ભગવાન સ્વયં આત્મીયતાથી એની એક એક શંકાનું નિરાકરણ કરી આખરે એને જીવનનું ગુહ્યત્તમ રહસ્ય સમજાવે છે. એવો સ્નેહસભર ધર્મગ્રંથ બીજો કયો મળે ?

---

૧ જ્ઞાનેશ્વરના એક અભંગમાં એમનો આ ભાવ સરસ રીતે વ્યક્ત થયો છે :

'નવલ વર્તલે ગે માયે । ઉજળલા પ્રકાશુ । મનાથિયે અંધારાચા । હોતસે વિનાશુ' 'આ તે કેવું આશ્ચર્ય ! પ્રકાશ થતાંની સાથે અંધારું જતું જ રહ્યું. જ્ઞાન થયું કે મનમાં અજ્ઞાનનો અંધકાર હતો તેનો નાશ આપ મેળે જ થયો.'

નિરૂપણ અંગેનો સંકલ્પ નિશ્ચિત થયો. મનમાં ચિંતન ચાલતું હતું. ફરતાં ફરતાં એ લોકો ગોદાવરીને દક્ષિણે પ્રવરાને તીરે નેવાસે (નિધિગ્રામ) નામનું નાનું ગામ છે, ત્યાં પહોંચ્યા. ગામની સીમ પાસે જ મોટું કહેવાય એવું પુરાતન શિવાલય હતું. પરિસર શાંત અને પ્રસન્ન હતો. મંદિરનો સભામંડપ વિશાળ હતો. હરિ અને હર વચ્ચેનો ભેદ વગર બોલ્યે મટી જાય એવો યોગ પણ આપમેળે સધાતો હતો. નિરૂપણ કરવા માટે આ સ્થળ સર્વ રીતે યોગ્ય લાગ્યું. ગામ લોકોનો પ્રતિભાવ પણ સારો હતો. આજુબાજુના ગામોમાં વાત પહોંચી. ત્યાંથી પણ લોકો આવવા લાગ્યા સભામંડપમાં એક પાષાણ સ્તંભ હતો. એને અડી જ્ઞાનદેવ બેઠા. સામે ગુરુ નિવૃત્તિનાથ વિરાજ્યા. એમની જોડે સોપાન અને મુક્તાબાઈ હતાં. ડાબી બાજુ પૈઠણથી એમની સાથે અહીં સુધી આવેલા વૃદ્ધ બ્રાહ્મણ સચ્ચિદાનંદ બાબા જ્ઞાનદેવ જે બોલે તે લખી લેવા બેઠા. અને સભામંડપમાં જુદાં જુદાં નાનાંમોટાં કામ કરી પોતાનો નિર્વાહ ચલાવતા સામાન્ય સંસારી માણસો સારી એવી સંખ્યામાં ભેગા થયા. એ બધાંને સામે રાખી, એમને માટે, જ્ઞાનેશ્વરે જ્ઞાનેશ્વરી કહી.

ખરી રીતે 'જ્ઞાનેશ્વરી' એ ગ્રંથરચના નથી, પણ પ્રવચનરૂપે કરેલું નિરૂપણ છે. આપણે માટે જે 'ગ્રંથ' ઉપલબ્ધ થયો તે જ્ઞાનેશ્વરે જે કહ્યું તે સચ્ચિદાનંદ બાબાએ લખી લીધેલું લખાણ છે.[1] એટલે આ આખા નિરૂપણની શૈલી કોઈ ગ્રંથની નહીં પણ કથા કથન કરવા વાળા પ્રવચનકારની શૈલી છે. એટલે એમાં કેટલીક વાર મૂળ મુદ્દો બાજુ પર રહી જાય છે અને અવાંતર વર્ણનોનો વિસ્તાર થાય છે. કયારેક એક જ મુદ્દાનો વિસ્તાર વધુ પડતો થઈ કંટાળાજનક બની જાય છે, ત્યારે નિવૃત્તિદેવ અધિકાર વાણીથી એમને વારે છે. વિષયનું ભાન કરાવે છે.[2] કયાંક શ્રોતાઓ પણ એમને ટોકે છે.[3] આવી સહજ સંવાદની શૈલી શ્રોતાઓને

---

૧. શક બારાશે બારોત્તરે । તે ટિકા કેલી જ્ઞાનેશ્વરે ।
સચ્ચિદાનંદ બાબા આદરે । લેખકુ જાહલા ।। ૧૮–૧૮૦૩

૨. પ્રથમ અધ્યાયમાં જ ઈશવંદન પછી નિવૃત્તિનાથે વિષય નિરૂપણ શરૂ કરવા ટકોર કરી છે. ત્યારપછી અ. ૫–૧૪૧–૪૩ અ. ૯ના પ્રારંભમાં, અ. ૧૦ના પ્રારંભમાં અ. ૧૧–૧૬–૨૦, અ. ૧૪--પ્રારંભે, અધ્યાય ૧૬ને પ્રારંભે, નિવૃત્તિનાથે વિસ્તાર ન કરવા ટકોર કરી છે.

૩. અ. ૪–૨૧૧–૨૨૫થી શ્રોતા–વક્તા સંવાદની શરૂઆત થાય છે. પછી અ. ૬–૧૨૦–૧૩૧ ૧૩૨-૧૩૮, ૪૮૯–૪૯૭, અ. ૯–૧-૧૯ અ. ૧૩–૮૫૩–૮૬૦ આ આવીઓમાં તો વિષયાંતર કરવા બદ્દલ શ્રોતાઓ બહુ સ્પષ્ટ ટકોર કરે છે.

ગમે એવી હતી. વળી પાછો ધર્મતત્ત્વ જેવો ગહન વિષય; તેમાં પોતાને કાંઈ કહેવા જેવું છે, પૂછવા જેવું છે, એ પોતાની અસ્મિતાનું ભાન તો એમને પહેલીવાર થતું હતું. શ્રોતાઓ અર્જુન સાથે એકરૂપ થઈ જાય, એમના મનની શંકાઓ અર્જુનને મુખે વ્યક્ત થાય છે અને ભગવાન પોતે એ સાંભળી એનું નિરાકરણ કરવા બેઠા છે, એવું એક ચિત્ર જ્ઞાનદેવ ખડું કરે છે. જ્ઞાનદેવ પોતે એ સંવાદમાં માત્ર નિવેદક, અને એ પણ નમ્ર નિવેદકની ભૂમિકા લે છે. ભૂલે ચૂકે પણ પોતે ઉપદેશ કરવા બેસતા નથી. ઉપદેશક સ્વયં ભગવાન જ છે. એટલે એમના નિરૂપણમાં જે ઉપદેશની કે તત્ત્વજ્ઞાનની વાતો આવે છે તે શ્રોતાઓ રુચિથી અને શ્રદ્ધાથી સાંભળે છે. મનમાં ઉતારે છે. શ્રોતાઓની એ તન્મયતાને, શ્રદ્ધાને, એમની રસિકતાને જ્ઞાનદેવ વારંવાર બિરદાવે છે. નવાજે છે. અને પોતે મરાઠી ભાષામાં જે નિરૂપણ કરવા ધારે છે તે, આ ભાષાની સમૃદ્ધિ અને શ્રોતાઓની કૃપા વડે તેમજ ગુરુની કૃપાથી અમૃતથી પણ ચડી જશે એવું જ્યારે એ આત્મવિશ્વાસથી કહે છે ત્યારે પણ એમાં આત્મશ્લાઘાની ઉગ્રતા જરા પણ આવતી નથી.

જ્ઞાનેશ્વરી એ ગીતાર્થ સ્પષ્ટ કરવા માટે કરેલું નિરૂપણ છે. છતાં એ ગીતાનો અનુવાદ તો ન જ કહેવાય. મૂળ ભગવદ્દગીતાના શ્લોક છે ૭૦૦ અને જ્ઞાનેશ્વરીની ઓવી છે નવ હજાર ! આ વિસ્તૃત નિરૂપણમાં મૂળ ગીતાના અર્થનું સ્પષ્ટીકરણ અને વિસ્તાર ઉપરાંત (૧) ગણેશ તથા શારદા સ્તવન (૨) ભારત મહાત્મ્ય (૩) ગીતા મહાત્મ્ય (૪) ગુરુને વંદન તથા ગુરુ પ્રશસ્તિ (૫) વચ્ચે વચ્ચે આવતા ગુરુશિષ્ય સંવાદ (૬) શ્રોતાઓને વંદન અને એમની પ્રશસ્તિ, (૭) આશીર્વાદ યાચના (૮) વક્તા–શ્રોતા સંવાદ (૯) ઈશ્વર અને ભક્તના પરસ્પર સંબંધનું વિગતવાર વર્ણન (૧૦) મરાઠી ભાષાની પ્રશસ્તિ (૧૧) હઠયોગ અને સમાધિનું ખૂબ વિસ્તૃત વર્ણન અને વિવેચન (૧૨) માયા નદીનું વર્ણન (૧૩) વિશ્વરૂપ વર્ણન અને પ્રશસ્તિનો વિસ્તાર (૧૪) વેદ અને ગીતા વચ્ચેનો સંબંધ (૧૫) વચ્ચે વચ્ચે સંજય અને ધૃતરાષ્ટ્રનો સંવાદ આ વિષયો ઉમેરાયા છે. કેટલીક જગ્યાએ આમાંનો વિષય મૂળ ગીતામાં માત્ર ઉલ્લેખ પૂરતો આવતો હોય તો પણ એકાદ શ્લોકાર્ધનો આધાર લઈ સ્વતંત્ર પદ્યપ્રબંધ જેવો વિસ્તાર કર્યો છે અને આમાંના ઘણા વિષય જેવા કે મરાઠી ભાષા પ્રશસ્તિ, શ્રોતાઓ વિશે કે ગુરુ વિશે મૂળ ગીતામાં કાંઈ છે જ નહીં. ગીતા સાથે એનો કાંઈ સંબંધ પણ નથી. છતાં જ્ઞાનેશ્વરીમાં એ વિષયોને સારું એવું મહત્ત્વ અપાયું છે ઊપરાંત આ વિસ્તૃત વિવેચન કરી 'ભાવાર્થ દીપિકા'

(આ નામ જ્ઞાનેશ્વરે પોતે આપેલું છે) પ્રકટાવવા પાછળનો હેતુ પણ એઓ જુદી જુદી રીતે વારંવાર સ્પષ્ટ કરે છે. અને એને માટે મરાઠી ભાષાનું માધ્યમ સ્વીકારવાનો પોતાનો જે આગ્રહ છે તેનું સમર્થન કરવાની તક પણ જ્ઞાનદેવ જતી કરતા નથી.

જ્ઞાનદેવની ગુરુપરંપરા જોતાં[1] એઓ નાથપંથી હતા એ અંગે મતભેદ કે શંકાને કોઈ સ્થાન નથી. બધાં જ નાથપંથીય સંસ્કૃતજ્ઞ હતા એવું નથી. છતાં નિવૃત્તિદેવ, જ્ઞાનદેવ, સોપાનદેવ અને મુક્તાબાઈ પણ સંસ્કૃતનો અભ્યાસ પિતા પાસેથી નાનપણથી કરતાં હશે એવું એમના વિચારોના ઊંડાણ પરથી, તત્ત્વ-જ્ઞાનની સૂઝ પરથી અને એમની રચનાઓ પરથી સ્પષ્ટ જણાય છે. જ્ઞાનેશ્વરીના દરેક અધ્યાયના પ્રારંભમાં જે પ્રશસ્તિઓ અને સ્તવનો છે એમાં જે કિલષ્ટ શબ્દયોજના અને લાંબા લાંબા સમાસ છે તે સંસ્કૃતજ્ઞ જ યોજી શકે એવા છે. (દા. ત. વિશદબોધવિદગ્ધા, ચતુરચિત્તચકોરચંદ્રા, નિગમાગમદ્રુમફલ, અતિકૃત-કંદર્પસર્પદર્પ વિ.)

માત્ર પ્રાસાનુપ્રાસ માટે શબ્દયોજના કરવા જેટલું જ્ઞાનદેવનું સંસ્કૃતનું જ્ઞાન છીછરું નથી એ જ્ઞાનેશ્વરી વાંચતી વખતે વારંવાર જણાય છે. એમના નિરૂપણમાં એમને જે અદ્વૈત સિદ્ધાંતનું પ્રતિપાદન કરવું છે તેનો બહુ ઊંડો અભ્યાસ કર્યા વિના એ કરી શકાય એમ નથી અને એ વિષયનો અભ્યાસ સંસ્કૃત ભાષા સારી પેઠે જાણ્યા વિના કરવો અશક્ય છે. એ જ્ઞાનદેવ સારી પેઠે જાણતા હતા. જ્ઞાનેશ્વરીમાં એમણે એવી કબૂલાત પણ આપી છે. 'ભાષ્યકારાતે વાટ પુસત' એટલે 'ભાષ્યકાર શ્રી શંકરાચાર્યને પૂછી પૂછીને, એટલે જ એમના ગ્રંથનો આધાર લઈને હું આગળ વધું છું' એમ એઓ કહે છે. અને સાચે જ આખા નિરૂપણ પર શાંકરભાષ્યનો સારો એવો પ્રભાવ છે.

બીજી એક જગ્યાએ એમણે કહ્યું છે,

વેદીચે બૃહત્ સામસૂત્ર । જે દેખણે અતિ પવિત્ર ॥
પરિ તયાહી હે ક્ષેત્ર । નેણવેચી ॥ એવી ઓવીઓ પરથી અને એમની કથનશૈલી પરથી ખાસ કરીને બ્રહ્મસૂત્રનું અધ્યયન અને મનન એમણે સારી પેઠે કર્યું હશે એવું લાગે છે.

---

૧. આદિનાથ-મચ્છીંદ્રનાથ-ગોરખનાથ-ગૈનીનાથ-નિવૃત્તિનાથ-જ્ઞાનદેવ.

જ્ઞાનેશ્વરીમાં ઘણી જગ્યાએ 'ઝાંડા દેઈન પ્રતિપદી । ગ્રંથાર્થાસી' 'હું મૂળ ગ્રંથના શબ્દે શબ્દનું સ્પષ્ટીકરણ આપીશ' એવી બાંહેધરી જ્ઞાનદેવ આપે છે ખરા. છતાં જ્ઞાનેશ્વરી એ શંકરાચાર્યના પ્રતિપદભાષ્ય જેવું ભાષ્ય નથી એ હકીકત છે. જ્ઞાનદેવે પોતે જ જ્ઞાનેશ્વરીને ગીતાના ભાવાર્થને સ્પષ્ટ કરી બતાવે એવી 'ભાવાર્થદીપિકા' કહી છે એ બધી રીતે યોગ્ય અને સાચું છે. જ્ઞાનેશ્વરીમાં ગીતાના શબ્દોના પદચ્છેદ, અન્વયાર્થ, શબ્દાર્થ, વ્યાકરણ વિ.નો વિચાર સરખો જ્ઞાનદેવે કર્યો નથી. ગીતાનો તત્ત્વાર્થ સારરૂપે લઈ લોકોને સમજાય અને ગમે એવાં સાદાં સરળ દષ્ટાંતોની મદદથી અંદરનો ભાવાર્થ જ્ઞાનદેવ લોકભાષામાં વ્યક્ત કરે છે. જ્ઞાનેશ્વરીની આખી રચના આ રીતે જ થઈ છે. એટલે એને 'ભાવાર્થ દીપિકા' એ જ નામ બંધબેસતું છે. ભાષ્યકારનો આધાર એમણે લીધો છે તે તત્ત્વજ્ઞાન માટે અને એટલા પૂરતો જ. કારણ કે શ્રી શંકરાચાર્યનું પ્રતિ-પદ ભાષ્ય જોઈએ તો એ તદ્દન જુદી જ રીતે લખાયું છે. આચાર્યશ્રીએ પોતે એની પાછળનો હેતુ સ્પષ્ટ કરતાં કહ્યું છે, "यथाच अयं अर्थः । तथा प्रकरणशः विभज्य । तत्र तत्र दर्शयिष्यमः । આ એનો અર્થ, એમ પ્રકરણોમાં આવતો જાય ત્યાં ત્યાં અમે એ બતાવીશું.' આ રીતે રચના થાય ત્યારે એનું સ્વરૂપ જ્ઞાનેશ્વરી કરતા સાવ જુદું જ હોય. દા. ત. બીજા અધ્યાયનો એક જાણીતો શ્લોકાર્ધ છે,

'अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।

આનું વિવરણ આચાર્યશ્રી આ પ્રમાણે કરે છે :

'न शोच्याः अशोच्याः । अन शोचः अनुशोचितवान् असि । प्रज्ञावतां बुद्धिमतां । वादांश्च वचनानिच ।'

આ રીતે શબ્દે શબ્દ જુદો પાડી એનો પ્રતિશબ્દ આપીને અર્થ સ્પષ્ટ કર્યો છે. ત્યારે જ્ઞાનેશ્વરીમાં એ જ શ્લોકાર્ધ સમજાવા માટે બાર ઓવીઓ આપી છે. પહેલાં દષ્ટાંતો આપી પછી જેમાં મૂળ અર્થ પૂરેપૂરો આપે છે તે ઓવી આ પ્રમાણે છે,

તૂં જાણતા મ્હણવિશી । પરિ નેણિવેતે સાંડિશી ॥
આણિ શિકવૂં મ્હણો તરી બોલિશી । બહુસાલ નીતિ ॥

'તું પોતાને જ્ઞાની કહેવડાવે છે છતાં કશું સમજતો નથી અને કાંઈક શિખામણ આપવાનો વિચાર કરું તો મને જ જાત જાતની નીતિ સમજાવવા બેસી જાય છે!'

એટલે ભાષ્યકારના મતને જ્ઞાનદેવ અનુસરે છે. સિદ્ધાંત પૂરવાર કરવા ભાષ્યનો આધાર પણ લે છે. પણ જ્ઞાનેશ્વરીની રચના અને શૈલી તેમજ એની પાછળ રહેલો હેતુ તદ્દન જુદો છે. કારણ એમણે કરેલા ગીતાર્થમંથન પાછળ સ્વાધ્યાય, તત્ત્વચિંતન અથવા અન્યમતખંડનનો હેતુ નથી. જ્ઞાનનો ખજાનો જનસામાન્ય માટે ખુલ્લો કરી, નિજાનંદની લ્હાણી કરી બધાંને સુખી કરવા જ્ઞાનેશ્વરીની રચના જ્ઞાનદેવે કરી છે.

જ્ઞાનેશ્વરી એ સ્વતંત્ર ગ્રંથ નથી. એ ગીતાનો મરાઠી અનુવાદ પણ નથી. ગીતાને આધારે, ગીતાનો જ અર્થ સ્પષ્ટ કરવા માટે સર્જાયેલી કૃતિ છે, એમ કહેવું તર્કની દષ્ટિએ બરાબર હોવા છતાં એમ કહેવું એ જ્ઞાનેશ્વરીને પૂરતો ન્યાય આપે એમ નથી. કારણ એમાં પ્રાસાદિક કાવ્યમય વિવેચન છે, એમાં જ્ઞાનદેવની અપૂર્વ પ્રતિભા, સ્વતંત્ર બુદ્ધિ, સ્વતંત્ર પ્રજ્ઞા અને એમના સમયમાં કોઈની કલ્પનામાં પણ ના હોય એવી અનોખી શૈલી આ બધાંને લીધે જ્ઞાનેશ્વરી એ એક મૌલિક કૃતિ જેવી રચના થઈ છે.

'સર્વ ભૂતોમાં અને સચરાચરમાં બ્રહ્મ જ ભરેલું છે. કોઈ ઉચ્ચ, કોઈ નીચ એવા ભેદ એ એક અને અભંગ બ્રહ્મના પાડવા એ નર્યું અજ્ઞાન છે.' આ સત્ય સર્વને સમજાવવા માટે શ્રીમદ્ ભગવદ્ગીતા જેવા સર્વમાન્ય ધર્મગ્રંથનું અવલંબન ઉપયુક્ત નીવડે, લોકો એ શ્રદ્ધાથી સાંભળે, અને સહજ રીતે માને એ હેતુથી એમણે ગીતાને વચ્ચે રાખી હશે એ વાત માની શકાય છે. કૃષ્ણાર્જુનના સુખ–સંવાદ પર રચાયેલી ગીતા પણ મહાભારત જેવાં એક ભવ્ય મહાકાવ્યનો ઉત્તમ ભાગ છે. શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચેનો નિતાંત સ્નેહ, અર્જુનની શ્રદ્ધા અને છતાં પોતાની શંકા વ્યક્ત કરવા જેટલી નિખાલસ નિઃસંકોચ વૃત્તિ, આ બીજા કોઈ ધર્મગ્રંથમાં ના મળે. ગીતાની આ ભૂમિકાને લીધે પ્રારંભથી શ્રોતાઓના મનમાં સમભાવ જાગે. બધાં સહજ રીતે, શ્રદ્ધાપૂર્વક શ્રવણભક્તિમાં લીન થઈ જાય. સાથે સાથે પરિપ્રશ્ન પૂછીને વધારે જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા જાગે. ભગવાન પોતે એક પછી એક બ્રહ્મવિદ્યાનાં રહસ્યો સમજાવતા જાય, 'કર્મબંધન એટલે શું?' 'એ કોણ સર્જે છે?' 'એમાં ફસાયા વિના કર્તવ્ય કર્મ કરતા આવડે એ

કર્મયોગ !' 'કોઈપણ એક દૈવત કે મૂર્તિમાં અનાદિ અનંત બ્રહ્મ સમાય નહીં'. 'વિશ્વવ્યાપી બ્રહ્મની ઝાંખી કરવી હોય તો જો હું કયાં કયાં છું... કેવો છું, કોણ છું...' આ બધું ભગવાન અર્જુનને સ્વમુખે સમજાવે છે. નિજાનંદમાં મગ્ન એવો અર્જુન કેવી સરસ રીતે આ જ્ઞાન પામે છે ! જ્ઞાનદેવને જે રીતે અદ્વૈત સિદ્ધાંતનું નિરૂપણ કરવું હતું એને માટે આના જેટલું સુંદર અને અનુકૂળ માધ્યમ કયાં ? એટલે જ જ્ઞાનદેવની બીજી મૌલિક રચનાઓ કરતાં પણ આ 'ભાવાર્થદીપિકા' વધારે પરિપૂર્ણ, સર્વભોગ્ય અને પરિણામકારક થઈ છે.

## ૪. જ્ઞાનદેવના તત્ત્વજ્ઞાનની ભૂમિકા

કોઈ પણ પ્રાચીન ગ્રંથ, પછી એ ધર્મશાસ્ત્ર હોય, ધર્મશાસ્ત્ર પરનું વિવેચન હોય, કાવ્ય હોય કે નાટક હોય એનો પ્રારંભ ગણેશવંદનથી થાય એવી જૂની પ્રણાલિકા છે. ત્યારે જ્ઞાનેશ્વરીનો પ્રારંભ જરા જુદી રીતે થાય છે. એની પ્રથમ ઓવી છે:

"ૐ નમો જી આદ્યા । વેદ પ્રતિપાદ્યા ।
જય જય શ્રીસંવેદ્યા । આત્મરૂપા ॥" ૧—૧

'ૐ, જે આદ્ય તત્ત્વ છે, વેદે જેના વર્ણન કર્યાં, જે સ્વયંસ્ફુરિત છે તે આત્મરૂપને વંદન કરું છું. એનો જયજયકાર કરું છું.'

વેદોએ વર્ણવેલા આદિ — આત્મરૂપને પ્રથમ વંદન કરી પછી જ્ઞાનદેવ આગળની ઓવીમાં કહે છે,

"દેવાં તૂંચિ ગણેશુ । સકલમતિ પ્રકાશુ ।
મ્હણે નિવૃત્તિ દાસુ । અવધારિજો જી ॥" ૧—૨

પ્રથમ ઓવીમાં કોઈ પણ દેવનું નામ નથી. 'तस्य वाचक: प्रणव:' આ યોગસૂત્રને અનુસરીને ઈશ્વરનું અનુભૂત અસ્તિત્વ, જે ૐકારમાં સમાયેલું છે, જે વકરેલા પાડામાં પણ જ્ઞાનદેવ જોઈ શક્યા હતા, તે ૐકારને એમણે વંદન કર્યું છે. સામે બેઠેલામાં ઘણા ખરામાં તો જ્ઞાનની ગંધ પણ નથી એવાં છે! એમને આ શી રીતે સમજાય? એટલે ૐકારમાં અભિપ્રેત દેવત્વનો સંકોચ કરી, નામરૂપથી બધાં જેને જાણે છે એ ગણેશને વંદન કરી આગળની ઓવીઓમાં એ ગણેશરૂપનું વિગતવાર વર્ણન કર્યું છે. ચરાચરને વ્યાપી રહેલા બ્રહ્મનું એ નાનું પણ સંપૂર્ણ રૂપ છે, એવું આ વર્ણનને અંતે એઓ શ્રોતાઓના મન પર ઠસાવે છે. પ્રારંભથી જ એ પોતે અદ્વૈતવાદી છે એ સ્પષ્ટ થાય છે.

આગળ જતા જ્ઞાનદેવ, "હું ભાષ્યકારને પૂછી પછી એમણે ચીંધેલા માર્ગ પર આગળ વધું છું." એવી નમ્રતાથી 'ભાષ્યકાર' માટેનો આદરભાવ વ્યક્ત કરે છે. એમની આ ભૂમિકા સમજી શકાય એવી છે. વિઠ્ઠલપંત સંન્યસ્ત લઈ બાર વર્ષ કાશીમાં રામાનંદ સ્વામીના મઠમાં રહેલાં – ત્યાં અદ્વૈત વેદાંતનું અધ્યયન, ચિંતન,

મનન કરેલું. એમણે પોતાના દીકરાઓને જે કાંઈ શીખવાડયું હશે તે શાંકરમતને અનુસરીને જ શીખવાડયું હશે. એટલે નાની વયમાં જે જ્ઞાન જ્ઞાનદેવને મળ્યું; સ્વાધ્યાય અને મનન ચિંતન વડે જે એમણે આત્મસાત કર્યું એ જ્ઞાનના સંસ્કાર શંકરાચાર્યના અદ્વૈત મતને અનુસરે એવા હતાં. ઓવીમાં એઓ 'ભાષ્યકાર' એવો ઉલ્લેખ કરે છે તે શંકરાચાર્યનો જ હોવો જોઈએ એ વિશે ઘણા વિદ્વાનો સહમત થાય છે. આચાર્યના અદ્વૈત સિદ્ધાંત પર જ્ઞાનદેવની નિતાંત નિષ્ઠા છે એ દેખીતી વાત છે. છતાં શંકરાચાર્યની એ દિવ્ય જ્ઞાનસૃષ્ટિમાં સ્ત્રીશૂદ્રાદિને મોક્ષ કે ધર્મજ્ઞાનનો કોઈ અધિકાર નથી! ચરાચરમાં એક જ બ્રહ્મતત્ત્વ વિલસે છે એ સત્ય સાથે આવો નિષેધ કે ભેદભાવ વિસંગત છે એ પણ જ્ઞાનદેવ જોઈ શકે છે. તેમજ કલ્પિત અવિદ્યાનો સાજ સજાવીને આચાર્ય જે માયાવાદ વર્ણવે છે તેને લીધે મનપર વિષાદ છવાઈ જાય છે. જે સત્ છે, ચિત્ છે, ચૈતન્યમય છે, આનંદમય છે, પ્રસન્ન છે, જે ભાસે છે તે પણ જે સાચું છે તેના પરનો જ, તેમાંથી જ ઉદ્ભવતો તરંગ છે. કારણ જે સત્ અને ચિત્ છે તેના વિના કશું સંભવતું જ નથી. એટલે માયામય આભાસ પણ આખરે તો 'આનંદાચે ડોહીં આનંદ તરંગ' એવી પ્રસન્નતાભર્યો જ હોય એ જ્ઞાનદેવનો અદ્વૈતવાદ છે.

સમાજની ધારણા માટે ચાતુર્વર્ણ્ય વ્યવસ્થા નિર્માણ થઈ હોય તો ભલે થઈ પણ જ્ઞાનસાધના કે મોક્ષમાર્ગને આડે એ ના આવવી જોઈએ, એવું એમનું માનવું છે. એ વ્યવસ્થાની યોગ્યાયોગ્યતાની ચર્ચામાં એઓ ઉતરતા નથી. વ્યક્તિગત રીતે એ જડ વ્યવસ્થાને લીધે એમને ઘણું સહેવું પડયું છે. પણ એ અંગે પરોક્ષ ઉલ્લેખ પણ કોઈ જગ્યાએ કર્યો નથી. ચાતુર્વર્ણ્ય વ્યવસ્થા ફગાવી દઈ ધાર્મિક કે સામાજિક ક્રાંતિ કરવાનો હેતુ પણ એમના મનમાં હશે એવું લાગતું નથી. મનુષ્ય દેહ જેને મળ્યો છે, પછી એ ગમે તે વર્ણમાં જન્મ્યો હોય, નિર્વાહ માટે ગમે તે કામ એને કરવું પડતું હોય, એ સ્ત્રી હોય કે પુરુષ, જે હોય એ. જ્ઞાનપ્રાપ્તિનો, ધર્માચરણનો અને મોક્ષપદ પામવાનો અધિકાર દરેકને જન્મ થતાંની સાથે મળેલો જ છે. એ જન્મસિદ્ધ અધિકારની આડે કોઈ ના આવી શકે એ સત્ય લોકોને સમજાવીને કહેવું છે. આ એકમાત્ર હેતુ 'ભાવાર્થ દીપિકા' પ્રકટાવવા પાછળ છે.

પોતાને જે કહેવું છે, અને જે રીતે કહેવું છે તે અંગે એમણે સારી પેઠે મનન અને ચિંતન કર્યું છે. એટલું જ નહીં પણ એ વિચાર પ્રણાલીને પૂરક એવું અધ્યયન પણ કર્યું છે. અને ખૂબ વિચારપૂર્વક નિર્ણય લઈ, પોતાની

માન્યતાને આધારરૂપ એવા રામાનુજનાં પાંચરાત સિદ્ધાંતનો એમણે સ્વીકાર કર્યો છે. પાંચરાતની સંહિતામાં પણ સવ્યૂહ અને નિર્વ્યૂહ એવા ભેદ છે. સવ્યૂહ સંહિતામાં વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ આ પૌરાણિક પાત્રોને રૂપક તરીકે ગણાવી એ મૂળરૂપે પરમાત્મા, જીવ, મન અને અહંકાર છે, તે એકબીજામાંથી ઉત્પન્ન થાય છે એમ માનવામાં આવ્યું છે ત્યારે નિર્વ્યૂહ સંહિતા એમ માને છે કે આ બધા પર્યાય એક જ મૂળ પદાર્થના છે. જેમ દૂધ, દહીં, માખણ અને ઘી એ એકમાંથી બીજું એમ નિર્માણ થયાં એમ સવ્યૂહ સંહિતા માને છે ત્યારે એ રૂપે ગુણે ભલે ભિન્ન દેખાય છતાં આખરે બધાં દૂધના જ પર્યાય છે એમ નિર્વ્યૂહ સંહિતા કહે છે. દૂધ કરતાં પણ પાણીના દૃષ્ટાંતથી આ ભેદ કદાચ સહેલાઈથી સમજાવી શકાય. બરફ, પાણી, વરાળ અને વાદળ લઈએ. બરફમાંથી પાણી, પાણીની વરાળ, વરાળમાંથી વાદળ બન્યાં–એ સવ્યૂહ સંહિતા અને બરફ હોય કે વાદળ અને પાણી હોય કે વરાળ બધાં પાણીના જ જુદાં જુદાં રૂપ છે. એ નિર્વ્યૂહ સંહિતા.

જ્ઞાનદેવને નિર્વ્યૂહ સંહિતા પોતાના વિચાર સાથે મળતી લાગી કારણ એમાં અદ્વૈતનો નિર્વિવાદ અને સરળ સ્વીકાર છે. જ્ઞાનેશ્વરીનું સ્વરૂપ જોતાં કોઈ પણ જાતના વિરોધ કે વાદવિવાદથી જ્ઞાનદેવ દૂર રહેવા માગે છે એ ધ્યાનમાં આવે છે. તેમજ સંદેહને સ્થાન મળે એવી એક પણ વાત આખા વિસ્તૃત વિવેચનમાં જરા પણ લાવતા નથી. એમની આ વૃત્તિને લીધે જેનાથી શ્રુતિસ્મૃતિનો વિરોધ વહોરે અને વાદવિવાદમાં ઊતરવું પડે એવી સવ્યૂહ સંહિતાને બાજુ પર રાખી નિર્વ્યૂહ સંહિતાની અસંદિગ્ધ ભૂમિકા એમણે સ્વીકારી હશે એવું સહેજે માની શકાય. આ સંહિતા સ્વીકારવાથી બીજી પણ એક સરળતા થઈ. અલવાર સાધુઓએ નિર્વ્યૂહ સંહિતા સ્પષ્ટ કરીને સમજાવતાં વર્ણભેદની આછી ભાવનાને પણ મનમાં સ્થાન રાખ્યું નથી. કાશ્મીરના શૈવ-પંથીઓ અલવાર સાધુઓ સાથે સંમત હોવાથી એમની મતપ્રણાલીનો વિરોધ થવાને બદલે એને સારી એવી પ્રતિષ્ઠા મળી હતી. એટલે પોતે જે નિરૂપણ કરે તે સાંભળવાનો, તેને અનુસરવાનો અધિકાર સ્ત્રી–શૂદ્રથી માંડી સહુ કોઈને હોય એ વાત કોઈ પણ વિવાદ જગાવ્યા વગર સર્વમાન્ય થાય એ વિચાર કરનાર જ્ઞાનદેવ વ્યવહારચતુર પણ લાગે છે.

વ્યક્તિગત જીવનમાં આ ભાઈઓએ મુક્તાબાઈને સાથે રાખી છે. અધ્યયનમાં, ચિંતન–મનનમાં, કે અધ્યાત્મિક અધિકારમાં એ ભાઈઓ કરતાં

કો'કવાર ચડે ખરી. પણ ઊતરતી તો નથી જ. ચાંગદેવ જેવા મહાયોગીનું ગુરુપદ શોભાવા જેવી યોગ્યતા મુક્તાબાઈએ મેળવી છે. એ ભાઈઓના સ્ત્રી જાતિ વિશેના પ્રેમાદરના પ્રતીક સમી એ થઈ રહે છે. જ્ઞાનદેવ અને એમના ભાઈઓ જે માનતા એ જ બોલતા અને જીવનમાં પણ એ ઉતારતા. એટલે એઓ કહે એ 'પોથીમાંનાં રીંગણાં' કોઈ દિવસ લાગ્યાં નથી. વાણી અને વર્તનની આ સુસંગતિનો પ્રભાવ એમના શ્રોતાઓ પર સારી પેઠે પડ્યો છે.

જ્ઞાનદેવના વિચારોમાં જે ઊંડાણ છે એ એમના શબ્દેશબ્દમાંથી વ્યક્ત થાય છે. શ્રોતાઓમાં વિદ્વાનો પણ આવતા જાય છે અને સામાન્ય જન તો મોટી સંખ્યામાં છે જ. એમાંથી કોઈના મનમાં કહેનાર કે સાંભળનારના અધિકાર વિશે કોઈ શંકા કે અસંતોષ નામમાત્ર રહે નહીં એ અંગે સાવધાન રહી, સનાતન મતપ્રણાલી, વર્ણવ્યવસ્થા, પ્રચલિત રીતરિવાજ વિગેરે બદલ ટીકા કરી, દોષ બતાવી, એ દૂર કરવાનો પ્રયત્ન જ્ઞાનદેવે ભૂલેચૂકે—દૂરાન્વયથી પણ કર્યો નથી. અંતિમ સત્યના સ્વરૂપની સ્પષ્ટતા થાય એટલે જે કાંઈ સત્યથી વેગળું હશે, અનિષ્ટ હશે એ આપમેળે જ અલોપ થશે એવી શ્રદ્ધા સાથે એઓ બોલે છે. એટલે જ જ્ઞાનેશ્વરીમાં કે એમની અન્ય કૃતિઓમાં કઠોર શબ્દ કે વિધાન જડે એમ નથી.

માત્ર પોતાના સિદ્ધાંતને સમજી લઈ, યથાર્થ જ્ઞાન મેળવી, પછી અડગ નિષ્ઠાથી એને વળગી રહેવું, એ રીતે પોતાનું જીવન સાર્થક કરવું એવો દાખલો જ્ઞાનદેવે પોતાના આચાર અને વિચાર દ્વારા લોકો સમક્ષ મૂક્યો છે. જો કે આ રીતે દઢતા અને સાથે સાથે અનાગ્રહી સૌજન્ય રાખતાં એમનું મન મુંઝવણ નહીં જ અનુભવતું હોય એ પણ બનવાજોગ નથી. એમણે ખૂબ પ્રયત્નપૂર્વક, ખૂબ માનસિક શ્રમ વેઠીને એ કેળવ્યું હશે. જ્ઞાનેશ્વરીમાં ગીતાના ચૌદમા અધ્યાયનું નિરૂપણ કરતી વખતે એમની આ મનોદશાનો આછો ખ્યાલ કેટલીક ઓવીઓ પરથી આવી શકે છે. જોકે ઉપરથી જોનારને એ આવે એમ નથી. જ્ઞાનેશ્વરી અને જ્ઞાનદેવ સાથે તાદાત્મ્ય સાધી શકે તેને એમનું મન સમજાય ! દાખલા તરીકે, એ અધ્યાયમાં ભગવાન પોતાનું સર્વવ્યાપ્ત રૂપ કેવું છે તેનું વર્ણન કરીને અર્જુનને અદ્વય તત્ત્વ તરફ દોરે છે. એ શ્લોકો પરની ઓવીઓમાં જ્ઞાનદેવ કહે છે :

"કાં અલંકારત્વ આલેં । આણિ સોનેપણ કાંઈ ગેલે ?
કીં કમલત્વ । ફાંકલે પણે જાયે ?
સાંઘ પાં ધનંજ્યા । અવેવી અવેવિયાં
આચ્છાદિજે કીં તેયા । તેંચિ રૂપ ॥

વિરૂઢલેયા જોન્હલા । કણિસાંચા નિર્વાલા ।
વેચલા કીં આગલા । દિસતસે ॥"

"સોનાના અલંકાર બનાવ્યાં એટલે જુદા જુદા આકારમાં એ વહેંચાયું પણ એ સોનું ઓછું મટી ગયું? કમળ ખીલ્યું એટલે એનું કમળપણું જતું નથી રહ્યું. આકાર બદલાયો એટલું જ. હાથ વડે મોં ઢાંકી દીધું તેથી મોં નથી મટી ગયું. ડોડામાં જુવાર હતી તે ઝૂડીને દાણાનો ઢગલો કર્યો તો પણ અંતે ડોડામાં જુવાર જ હતી અને ઢગલામાં પણ રહી તો જુવાર જ." એવાં સાદાં સીધાં દૃષ્ટાંતો આપી જ્ઞાનદેવ ભગવાનને મોંએથી બને એટલી સ્પષ્ટતા કરે છે. સામે બેઠેલા ખેડૂતોને સહેલાઈથી સમજાય એવી જુવારની વાત કરે છે. એવાં એવાં દૃષ્ટાંતો આપી એઓ સામે બેઠેલાં શ્રોતાઓની આંખોમાં જુવે છે. એમાંના જ્ઞાની છે તેમની આંખો એમની વાત સમજી ગયાની પહોંચ આપે પણ ખરી. છતાં મોટા ભાગના શ્રોતાઓ 'ભગવાને કહેલી' ગીતા ભલે શ્રદ્ધા રાખી કાનથી સાંભળતા હોય, જ્ઞાનદેવનું વ્યકિતત્વ, એમની ભાષા, એમની શૈલી એમને ગમતી પણ હોય. છતાં કર્મકાંડની અધૂરી, ભૂલભરેલી માહિતી, બાધા, આખડી, પૂજા, દાનધર્મ એ જ ધર્મ — એટલી જ એમના જ્ઞાનની કક્ષા છે. સૈકાઓથી ચાલતી આવેલી ખોટી માન્યતાઓ મનમાં જડ ઘાલીને બેઠી છે. એના સિવાયની ડહાપણભરી વાતો સાંભળવાની હોય. આચરણમાં ઊતારવાની ના હોય! ધર્માચરણથી આ જીવનમાં કશું વળે નહીં. દાનધર્મ વગેરેથી આવતા જન્મ માટે જોગવાઈ થાય એ ખરી. આવી આવી માન્યતાઓથી જીવતર ખારું ખારું થઈ જાય તો પણ ધર્મને નામે આ સમાજ એ ચલાવ્યે જ રાખે. જીવન નિર્વાહ માટે જુદા જુદા વ્યવસાય કરતા માણસો જ્ઞાતિભેદની દીવાલોથી શતશ: વિભકત થઈ એકબીજાથી એવા વિમુખ થયા છે કે સમાજનું અસ્તિત્વ જ નાશ પામવાની અણી પર હોય એવી દશા થઈ છે. જીવન ત્રસ્ત અને દુ:ખી છે. કોઈનામાં આત્મવિશ્વાસ નથી. શ્રદ્ધાનું કોઈ સ્થાન નથી. દાનદક્ષિણા લઈ ધૂતારા ધર્મને નામે લૂંટે છે. એવાં લોકોને 'તમને આંખે દેખાય છે તે હકીકતમાં છે જ નહીં, તમે 'તમે' છો જ નહીં. 'જે' દેખાય છે તે જે જોનારો છે 'તે' પોતે જ છે. એટલે દૃશ્ય દ્રષ્ટા બધું એક જ છે. એકાકાર છે. આકારવૈચિત્ર્ય માયા છે. મિથ્યા છે. 'બ્રહ્મ સત્ય જગન્મિથ્યા' એમ કહેવું, સમજાવવું કેટલું અઘરું છે!

જ્ઞાનેશ્વરીનું નિરૂપણ કરવા સ્વીકારેલું ગીતાજીનું માધ્યમ બીજી બધી રીતે ઉત્તમ હોવા છતાં અદ્વૈત નિરૂપણનું કામ આ માધ્યમને લીધે વળી વધારે અટપટું બની જાય છે. કારણ એમાં બ્રહ્મસ્વરૂપ ભગવાન સ્વયં ભાષ્યકારનો

આકાર લઈને બેઠાં છે સામે જીવ–અર્જુન, છે. એ એટલો બધો સત્યરૂપ લઈને બેઠો છે કે જીવના વિચાર, વિકાર, વાસના, કર્મબંધ તેમજ એની ભક્તિ, નિષ્ઠા– એ જ બધું જાણે ગીતાના મૂળમાં ના હોય એટલી હદે એનું અસ્તિત્વ ગીતા વાંચનાર કે સાંભળનારના મનને વ્યાપી રહે છે! શ્રોતા અર્જુન સાથે મનથી એકાકાર થઈ જાય છે. મૂળ ગીતાનું નિરૂપણ કરવા બેઠાં પછી પ્રારંભથી જ એ માન્યતા પર આઘાત કરવો એમાં ઔચિત્ય અને વિવેકનો ભંગ થાય. દ્વૈપાયન વ્યાસ પોતે પણ વિવેક જાળવીને જ આગળ વધે છે. જીવને સ્વધર્મ ઓળખતાં અને આચરતાં આવડે, ઈશ્વરનિષ્ઠાથી કર્મના ફળનો ત્યાગ કરતાં આવડે તો એ પણ કાંઈ ઓછું નથી. નિરૂપણ કરવું એ પણ આખરે કર્મ છે. એના ફળની આશા મનમાં ના રખાય! એ ધ્યાનમાં રાખી પોતાના સિદ્ધાંત સાથે બાંધછોડ કર્યા વિના, શ્રોતાઓના મન સાચવી, મૂળ ગ્રંથની આમન્યા રાખી, પોતે જે સત્ય જોઈ શકયા છે તેનું દર્શન આ નિરૂપણ દ્વારા શ્રોતાઓને કરાવવાનું અઘરું કામ જ્ઞાનદેવે જે સમર્થતાથી કર્યું છે તે જોઈ અભ્યાસક ચકિત થાય એમ છે.

જ્ઞાની ભાષ્યકારોએ જે અદ્વૈત સિદ્ધાંત અને માયાવાદનું પ્રતિપાદન કર્યું છે તે જ્ઞાન અને તર્કની દષ્ટિએ ઉત્તમ હોવા છતાં સામાન્ય જનજીવનના વ્યવહારમાં સરળતા લાવવાને બદલે સંભ્રમ નિર્માણ કરે એવું છે. સગુણ ભક્તિ, કર્મ વગેરેને વખોડી એને અકારણ 'મિથ્યા' 'અસ્થાને' વિ. વિશેષણો આપી અદ્વૈતવાદીઓ પોતાનો નિષેધ વ્યક્ત કરે છે. પરંતુ પ્રતિભાસિક સત્યોમાં પણ અંતે પૂર્ણ સત્ય તો છે જ, એ શ્રદ્ધાથી પ્રતિભાસિક સત્ય અને પારમાર્થિક સત્ય વચ્ચેનો વ્યાવહારિક સત્યનો માર્ગ સહુ કોઈને સમજાવી શકાય. સામાન્ય જન પણ એ માર્ગે આગળ વધી શકે એવો એ માર્ગ સુગમ છે. એ ભક્તિનું મહત્ત્વ માન્ય કરે છે. સગુણ પૂજા અને કર્મયોગની અગત્યતા પણ એ માર્ગ સ્વીકારે છે. જ્ઞાનદેવ શ્રોતાઓની બધી માન્યતાઓને વખોડયા વિના પોતાના નિરૂપણને અંતે અદ્વૈત સિદ્ધાંત સુધી સરળતાથી લઈ જાય છે. આદ્ય શ્રી શંકરાચાર્ય અદ્વૈત સિદ્ધાંતના મૂલાધાર સમા ગણાય. એમનો પ્રભાવ જ્ઞાનદેવ પર છે. આચાર્યશ્રી પોતે પણ દેવતાઓનાં સુંદર, ભક્તિપૂર્ણ સ્તવનો રચે જ છે (ગોવિંદ દામોદર માધવેતિ જેવાં) એમણે પણ કર્મયોગનું નિરૂપણ કર્યું જ છે. કારણ એઓ પણ લોકોને સાથે રાખી, સમજાવી, સાચે રસ્તે વાળવામાં માને છે

પુરુષ અને પ્રકૃતિ એ આદિ યુગલ છે. એ રૂપક જ્ઞાનદેવે સ્વીકાર્યું છે. આ સ્વીકાર પાછળ ગીતા કરતાં પણ સાંખ્યશાસ્ત્ર વધારે આધારભૂત હોય

એમ લાગે છે. જીવ એ બ્રહ્મનો અંશ હોવાથી સંસારબંધન દૂર કરી મોક્ષ મેળવવાની પાત્રતા અને અધિકાર જીવમાત્રને છે. એ પાત્રતા કેવી રીતે મેળવી શકાય, સિદ્ધ કરી શકાય, એ જ્ઞાનેશ્વરીમાં જુદી જુદી રીતે વારંવાર કહ્યું છે. જ્ઞાનપ્રાપ્તિ કરી લેવાથી કર્મનાં બંધન છૂટી જાય, કર્મ કરવા છતાં જીવ એમાંથી મુકત રહે અને મુકત મને કરેલું કર્મ પણ ઉત્તમ થાય. એવા કર્મયોગ સાથે જ્ઞાનપ્રાપ્તિના બીજાં માર્ગ, જેવાં કે ભકિતયોગ અને હઠયોગ જેવા માર્ગનું જ્ઞાનેશ્વરીમાં વિસ્તારપૂર્વક વિવેચન કર્યું છે. ખાસ કરીને પાતંજલ યોગ પર મૂળ ગીતામાં જ્યાં માત્ર ઉલ્લેખ જ છે ત્યાં જ્ઞાનદેવે ખૂબ વિસ્તૃત વર્ણન અને વિવેચન કર્યું છે. (અ. ૬—૧૯૨ થી ૪૯૭) અ. ૭માં ૬૦ થી ૧૦૨ ઓવીઓમાં માયા નદીનું વર્ણન કર્યું છે, તે તો એમનું પોતાનું જ છે. એ શાસ્ત્રમાં એમની પોતાની સાધના, એમનું ચિંતન અને વિચારોનું ઊંડાણ તેમજ એમનો અધિકાર એ બધાંનો ખ્યાલ આ વિસ્તૃત વિવેચન પરથી આવે છે. એમના વિશેની આદરની ભાવના દ્વિગુણિત થાય છે છતાં શ્રોતાઓની કક્ષાનો વિચાર કરી એમને સમજાય એવા, જુવારના દાણા, લીમડાનાં પાન અને લિંબોળી, બગાઈઓ, દેડકાં ને કાદવ, જેવાં એમને ચિરપરિચિત એવાં સરળ દષ્ટાંતો આપનાર જ્ઞાનદેવ એ જ સીધા સાદા શ્રોતાઓ સામે હઠયોગ, નાડીઓ, કુંડલિની અને બીજી શકિતઓ, બ્રહ્મરંધ્ર, એવા એવા અગમ્ય વિષયોનો આવડો અટપટો વિસ્તાર શું કામ કરતા હશે એવું મનમાં આવ્યા વિના રહેતું નથી.

પ્રયત્નપૂર્વક પ્રાસાદિક શૈલી અપનાવવાથી જ્ઞાનેશ્વરીમાં જે વિષયોનું વિવેચન થવું જોઈએ એવું ના થઈ શક્યું એ વિષયો પર જ્ઞાનદેવે અમૃતાનુભવ, ચાંગદેવ પાસષ્ટી વગેરે સ્વતંત્ર રચના કરી તેમ પાતંજલ યોગ માટે પણ કરી હોત તો? એ રીતે વિચાર કરતાં ગીતા અને જ્ઞાનેશ્વરી બંને સામે રાખ્યાં હોય તો ધ્યાનમાં આવશે કે અષ્ટાંગ યોગના ઐશ્વર્યનું વર્ણન કરતા પહેલાં (આ વર્ણન ગીતાના છઠ્ઠા અધ્યાયમાં આવે છે) ભગવાને અર્જુનના મનની શંકા દૂર કરવા નિષ્કામ કર્મયોગ સમજાવી અંતિમ લક્ષ્યનો નિર્દેશ કર્યો છે. કર્મયોગી, હઠયોગી, જ્ઞાની અને ભકત અંતે બધાં એક જ શિખર પર પહોંચે છે. ત્યારે એ બધાં જ ભિન્ન ભિન્ન માર્ગે જતા સાધકોના મનની સ્થિતિ, બધાંનો અધિકાર, બધાંનું જ્ઞાન, સરખી જ ઉચ્ચ કક્ષાનું હોય છે. એ બધાંના માર્ગ જુદા પણ પરિણતિ એક જ છે. એ સમજાવવા માટે જ્ઞાનદેવે ગૂઢ અને અગમ્ય લાગતી સિક્કાની બીજી બાજુ પણ વર્ણન કરીને સમજાવી હોય એવી શકયતા નકારી શકાય નહીં, કદાચ સાચા યોગીનો પરિચય પામ્યા વિના જ્ઞાન માર્ગે કે

અન્યમાર્ગે પણ આગળ ના વધાય એટલે એ પરિચય કરાવ્યો હશે. કારણ સામાન્ય માણસો, સામાન્ય રીતે જાદુના ખેલ જેવી હાથચાલાકીને યોગવિદ્યા માની ગમે એવા ધુતારાને પણ યોગી સમજી ગુરુ ગણે છે અને જ્ઞાન પામવાને બદલે અજ્ઞાનની ખાઈમાં ઊંડા ઊતરતા જાય છે એ જ્ઞાનદેવ પ્રત્યક્ષ જોઈ શકતા હતા. એ મૂર્ખતા લોકો ના કરે એટલે ધુતારાની નિંદા કરવા કરતાં સાચા યોગી કેવા હોય એનું અંતર્બાહ્ય દર્શન એમણે કરાવ્યું હશે એ પણ બનવાજોગ છે. નિષ્કામ કર્મ કરતાં કરતાં જે પૂર્ણ સમાધિનો ચિર-આનંદ અંતે અનાયાસે મળવાનો છે, એમ સ્વયં ભગવાન ગીતાજીમાં કહે છે, અને જેનો અનુભવ જ્ઞાનદેવે પોતે કર્યો છે તેનું વર્ણન આનંદવિભોર થઈ આત્મનિવેદનના ભાવથી એમણે જનમાં વસતા જનાર્દન સામે કર્યું હશે એ પણ સંભવિત છે.

અત્યંત અટપટા સિદ્ધાંતને વળગી રહી, લોકોને ગળે પોતાની વાત ઉતારવાનું અત્યંત અઘરું કામ જ્ઞાનદેવ ઘણી જ સરળતાથી કરી શકે છે. કારણ એઓ પોતે પૂર્ણ જ્ઞાની હોવાને કારણે નિ:શંક છે. મનમાં શંકા ના હોય ત્યારે ભય કે કોઈ વિકાર પણ ના હોય. એટલે એમનું મન નિર્મળ, નિખાલસ અને અહંકારથી મુક્ત છે. એનનું હૃદય ભક્તનું છે. ભક્તની નમ્રતાથી, ઋજુતાથી અને નિખાલસતાથી એ પોતે બ્રહ્મમાં લીન થાય છે. અને સર્વવ્યાપ્ત બ્રહ્મના ભાવથી નાનાવિધ સ્વભાવના, ભિન્ન ભિન્ન સ્તરના નાનાં મોટાં શ્રોતાઓને આત્મભાવથી સ્વીકારે છે.

આજે સાતસો વર્ષ પછી પણ જ્ઞાનદેવના ચાહકો, ભક્તો અને શિષ્યો સમાજના સર્વ સ્તરમાં છે. લોકો આજે સદીઓ પછી પણ 'જ્ઞાનેશ્વર માઉલી' (મા—માવડી) કહીને સંબોધે છે! એમણે અનુભવેલો આત્મભાવ એમનં ચાહનારાં આજે પણ અનુભવે છે.

જ્ઞાનદેવની વાણીનો અસ્ખલિત પ્રવાહ આગળ વધે ત્યારે એ પ્રવાહમાં દ્વૈત ક્યાં જતું રહે એનું ભાન જ રહેતું નથી! અર્જુન અને કૃષ્ણ, કૌરવ અને પાંડવ એ તો જાણે એકાકાર થાય જ છે પણ જ્ઞાનેશ્વરી કહેનારા જ્ઞાનદેવ અને એ સાંભળનારાં સાતસો વર્ષ પહેલાંના શ્રોતાઓ, અને આજે જ્ઞાનેશ્વરી વાંચનારા વાચકો બધાં જ એ અદ્વય રંગમાં રંગાઈ જાય છે. ત્યાં સ્થળકાળની મર્યાદાઓ પણ રહેતી નથી એવો આ 'શારદાનો વાગ્વિલાસ' છે!

જ્ઞાનદેવના ભક્ત હૃદયનો પરિચય સ્વતંત્ર પ્રકરણમાં કરી લેવો પડશે, અદ્વૈતવાદી અને એ પાછા ભક્ત? એ સમજી લેવા જરા નિકટ જવું પડશે.

# ૫. જ્ઞાનદેવનો ભક્તિવૈભવ

જ્ઞાનદેવ પોતે અદ્વૈતવાદી છે. નાથપંથની પરંપરાના છે. રામાનુજની નિર્વ્યૂહ સંહિતા એમણે સ્વીકારી છે. છતાં ગીતાજીનું વિવેચન કરતી વખતે એમણે ભકિતના વિવિધ પ્રકાર અત્યંત ભાવથી, આત્મીયતાથી વર્ણવ્યા છે. એમનું પોતાનું હૃદય ભકતહૃદય છે. એમની ભકિત એમના સિદ્ધાંતની આડે આવતી નથી. આ કદાચ વિરોધાભાસ લાગે. છતાં એ હકીકત છે.

શ્રીમદ્ ભાગવત, નારદભકિતસૂત્ર, શાંડિલ્ય ભકિતસૂત્ર એ ભકિતનો મહિમા વર્ણન કરતા શ્રેષ્ઠ ગ્રંથોમાં નવવિધા ભકિતનું વર્ણન છે. અને જુદી જુદી રીતે ભકિત કરતા ભકતોનાં લક્ષણો વિશે પણ એ ગ્રંથોમાં વિગતથી ચર્ચા કરી છે. એ બધાંનો પરામર્ષ જ્ઞાનદેવે જ્ઞાનેશ્વરીમાં ભકિતયોગનું નિરૂપણ કરતી વખતે સારી રીતે લીધો છે. ભકિતમાર્ગના પ્રાચીન આચાર્યો, એમની પરંપરાઓ, ભકિત કરવાનાં એમનાં વિવિધ સાધનો, જુદાં જુદાં દૈવતો, અનેક પ્રકારની વિધિઓ સગુણ અને નિર્ગુણ ભકિત, ભકતના લક્ષણ, ભકત કેમ ઓળખી શકાય, એમનું બાહ્ય સ્વરૂપ કેવું હોય, એમની મનોદશા કેવી હોય, એમનું જીવન કેવી રીતે વ્યતીત થાય, એ બધાં વિશે જ્ઞાનદેવે વિવેચન કર્યું છે. અને પોતાનું અનુભવસિદ્ધ મંતવ્ય પણ આપ્યું છે.

પોતે અદ્વૈતવાદી. એટલે ગીતાજીમાં ભકિતયોગ વિશે કહ્યું છે, એટલા પૂરતી ભકિતયોગની વ્યાખ્યા આપી, એનાં લક્ષણો વગેરે જેટલાં મૂળ ગીતાજીમાં છે, એનો ભાવાનુવાદ કરી જ્ઞાનદેવ એનાથી અળગા રહી શકયા હોત. પણ એમણે એવું કર્યું નથી. ભકિતના વિવિધ માર્ગનું સમભાવથી વર્ણન કરી, કોઈ પણ રીતે ભકિત કરવી હોય તો પણ એનું અંતિમ શ્રેય શું? એની સ્પષ્ટતા એમણે વારંવાર કરી છે. દસમા અધ્યાયની ૧૧૮ મી ઓવીમાં એમના કહેવાનું સારતત્ત્વ આવી જાય છે. ભકિતયોગ વિશેનું એમનું મંતવ્ય છે,

"જે જે ભેટેલ ભૂત/ તે તે માનિજે ભગવંત/
હા ભકિતયોગુ નિશ્ચિત જાણ માતું (૧૦ – ૧૧૮)

"જે કોઈ પ્રાણીમાત્ર મળે એ સહુને માટે પ્રેમ તથા આદરની ભાવના રાખવી. એ બધાં ભગવાનાં જ સ્વરૂપ છે એમ માનવું. એ મારે મન ભકિતયોગ છે" એમ એઓ કહે છે,

ઈશ્વરના બધાં જ સર્જન ઈશ્વરરૂપ માનવાં એને ભકિતની પરિભાષામાં વૈભવની અવસ્થા કહે છે. આ અવસ્થા એટલે જ ઈશ્વર. પરમેશ્વર. ભગવાન. આ અવસ્થાએ પહોંચવાનો પ્રારંભ. પ્રથમ પગથિયું તે ભકિતની ભાવના. અને એ અવસ્થા સુધી પહોંચવું એ ભકિતયોગ. એમ જ્ઞાનદેવ સમજાવે છે. ગીતાજીમાં ભલે બારમો અધ્યાય 'ભકિતયોગ' નામે કહ્યો હોય, છતાં આખી ગીતામાં 'समः सर्वेषु भूतेषु मद्‌भक्ति र्लभते पराम्' 'मन्मना भवमद् भक्तो' 'भक्त्याभां अभिजानाति 'भक्तिं मयि परां कृत्वा' 'अनन्याश्रितयन्तोमाम्' એવાં વચનો લગભગ દરેક અધ્યાયમાં છે. એ બધાં પર જ્ઞાનદેવે ઊંડો વિચાર કરી સૂક્ષ્મ ચર્ચા કરી છે અને સાદી, સરળ ભાષામાં રોજિંદા જીવનના અનુભવોનાં દષ્ટાંત આપી ભકિતની વિવિધ કક્ષા, પદ્ધતિ, ભકતલક્ષણો અને ભકિતના અંતિમ શ્રેય વિશે શ્રોતાઓને સમજાવીને કહ્યું છે. એમના કહેવાનો સારાંશ એવો છે કે, બ્રહ્મ, જેને ભકત ઈશ્વર – પરમેશ્વર રૂપે જોઈ ભજે છે, તે એક છેડા પર છે અને ભકિતનું સાધન કરવાવાળાં ભકતજન બીજા છેડા પર છે. એ બે છેડા વચ્ચેનું અંતર કાપી એ બે ભેગા કરવા એ ભકિતયોગનું અંતિમ સાધ્ય છે. આ આખી પ્રક્રિયામાં પરમેશ્વર સાધ્ય છે. ભકત સાધક છે અને ભકિત એ એનું સાધન છે. આ 'ત્રિપુટી'નું સ્વરૂપ સમજાવીને જ્ઞાનેદેવે આગળ કહ્યું છે કે સાધ્ય વિશે સાધકના મનમાં પૂર્ણ વિશ્વાસ, અચળ શ્રદ્ધા, અપાર પ્રેમ અને અત્યંત આદર હોવો જોઈએ. તેમજ સાધન વિશે અનન્ય નિષ્ઠા, સંપૂર્ણ જ્ઞાન અને ચીવટ હોવી જોઈએ સાધન અંગેનો ઊંડો અભ્યાસ, સાધક બાધક વિચાર કરવો જોઈએ. એને માટે યોગ્ય ગુરુ પાસેથી માર્ગદર્શન પણ મેળવવું જોઈએ. સાથે સાથે સાધન એ આખરે સાધન જ છે એ એની મર્યાદા સમજવાનો, જાળવવાનો વિવેક પણ સાધકે કેળવવો જોઈએ. નહીં તો વ્યવહારમાં ઘણીવાર બનતું હોય છે તેમ, સાધ્ય બાજુ પર રહે અને સાધક સાધનના પસારામાં જ ખોવાઈ જાય, અટવાઈ જાય. તેમ પૂજાપાઠ આદિમાં ભકતની ભકિત અટવાયા ન કરે એ અંગે જ્ઞાનદેવે ભકતોને વારંવાર ચેતવ્યાં છે. સાવધાન કર્યાં છે.

સર્વવ્યાપી બ્રહ્મનું આકલન જ્ઞાન વિના થાય નહીં. એટલે વિશ્વાત્મક બ્રહ્મનો સંકોચ કરી દેવમૂર્તિમાં એની પ્રતિષ્ઠા કરવી, એ મૂર્તિની પૂજા, અર્ચા, નામજપ વગેરે કરી મનની એકાગ્રતા સાધવી, સામાન્ય વિકારોથી છૂટવું એ ભકિતનો પ્રાથમિક આરંભ કહેવાય. પણ પૂજાઅર્ચા વગેરેનો જ પસારો વધે, મૂર્તિઓની સંખ્યા વધતી જાય, જપતપમાં નિત્યકાર્ય વિસારે પડે, પૂજાનો ઠઠારો વધારી પોતાના ધનસાધનનું પ્રદર્શન કરવાનો પ્રયત્ન જાણ્યે અજાણ્યે

થવા લાગે, ક્રિયાકાંડની રૂક્ષ ગતિવિધિમાં બુદ્ધિ અને સમય વેડફાઈ જાય, પ્રાપંચિક સાધ્ય માટે બાધા, આખડી, જાત્રા અને યજ્ઞ થવા માંડે, એ વિધિ-ઓમાં પણ વિકૃતિ આવતી જાય, એમાં 'સાધ્ય' અટવાઈ જાય અને સાધકનો અવતાર એળે જાય. એવા 'ભકતો'ને ઉદ્દેશી જ્ઞાનદેવ પોતે કશું કહેતા નથી. પણ ભકિતયોગનું રહસ્ય સમજાવતા સ્વયં શ્રી ભગવાન પાસેથી જ એઓ કહેવડાવે છે, 'આ તે કેવા ભકત ?'

"કુણબટ કુળવાડી । તૈસા આન આન દેવ માંડી ।
આદિલાચી પરવડી । વરી તયા ।।
પ્રાણિ જાતે સી નિષ્ઠુર । સ્થાવરી બહુ ભરું
તેવીચિ નાહીં એકસરુ । નિર્વાહિ જયા ।।
માઝી મૂર્તિ નિકૂજવી । તે ઘરાચે કોની બૈસવી ।
આપણ દેવો દેવી । યાત્રે જાય ।।"

"કોઈ અનાડી ખેડૂત રોજ નવું કામ કાઢે અને આગલું અડધું પડધું જ્યાં ને ત્યાં રખડી પડે તેમ અજ્ઞાની માણસો રોજ નવો દેવ શોધીને પધરાવતો રહે અને એની પૂજામાં પહેલાંની મૂર્તિપ્રત્યે દુર્લક્ષ કરે. જીવતાં પ્રાણીઓ પ્રત્યે આ કહેવાતા ભકતો નરી નિષ્ઠુરતા બતાવે અને જીવ વિનાની પથ્થરની મૂર્તિ પર પ્રેમ વરસાવે. ભલે. એમાં પણ એકનિષ્ઠા કયાં છે? મારી એક મૂર્તિ કરી તેને ઘરના ખૂણામાં ભંડારી દઈ આ તો ચારે કોર જાત્રા કરવા દોડે અને રોજ નવો દેવ કે દેવી શોધતા ફરે." આગળ જતાં એઓ તત્કાલીન પરિસ્થિતિનું યથાર્થ વર્ણન કરતા કહે છે, "જુઓને, ચોથ આવે એટલે આ ભકતોને ગણેશ સાંભરે એ ના એ પાછાં નવરાત્રીમાં દેવી ભકત થાય. સોમવારે જુઓ તો શિવાલયમાં રુદ્રી કરતા હોય. શનિવારે હનુમાનને અને પિતૃપક્ષમાં પિતૃઓને ભજતા હોય આ પૂજાઓ કરવાથી મન એકાગ્ર થવાને બદલે આ દોડાદોડી અને અસ્થિરતામાં જિંદગી વેડફાઈ જાય. અને બિચારા કશું જ પામે નહીં. આ અજ્ઞાન છે. ભકિત નથી. પૂજન, અર્ચન, વ્રત, ઉપવાસ વગેરેને જ ભકિત સમજવી એ યોગ્ય નથી. એ બધાં ઉપચાર છે. ભકિતનાં સાધન છે. અને ભકિત એ પરબ્રહ્મને પામવાનું એક પ્રાથમિક સાધન છે આ વિવેક ના રહે ત્યારે અજ્ઞાનમાં જ રાચતા આ કહેવાતા ભકતો પોતાના મનની ઇચ્છાઓ, વિકાર, વાસના વગેરે કલ્પિત મૂર્તિમાં કંડારે છે. મારાં ચરિત્રો વર્ણવી એમાં એ વાતો ઘુસાડે છે. હું સર્વ-વ્યાપી છું એ ભૂલી જઈ મને એમના જેવો પક્ષપાતી, વેરઝેર રાખવાવાળો

કલ્પી, મારા વિશેની કથાઓ કહેતા ફરે છે. આ જ્ઞાન નથી. અજ્ઞાનથી પણ વધારે અનર્થ કરે એવું એ વિપરિત જ્ઞાન છે. એ ભકિતની આડે આવે છે."

ભકતોની આ વાત જ્ઞાનદેવને સમયે કાંઈ નવી નહોતી અને આજે પણ એ ચિત્રમાં કાંઈ ઝાઝો ફેર પડયો નથી! એ તો 'સનાતન' વાત હોય એમ લાગે છે. કારણ ગીતાના સાતમા અધ્યાયમાં ભગવાને પણ ભકતોના ચાર પ્રકાર છે એમ કહ્યું છે.

'आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानीच भरतर्षभ।' અ. ૭–૧૬.

જ્ઞાનદેવે આનું સ્પષ્ટીકરણ બહુ સરળ રીતે કર્યું છે. સંકટ સમયે, 'હવે તું જ મારો આધાર.' એમ કહી ભગવાનને યાદ કરે, શરણે જાય, એ આર્ત. ભગવાનની લીલાઓની કથાવાર્તા સાંભળવામાં મન પરોવે એ જિજ્ઞાસુ. એની આર્તતામાં સ્વાર્થ ના હોય. પણ અજ્ઞાન ખરું. ત્યારે અર્થાર્થી ભકતની નજર ઇચ્છાપૂર્તિ તરફ જ હોય. એ અમુક અંશે પુસ્તકિયું જ્ઞાન પણ મેળવે અને ક્રિયાકાંડ અંગેની જાણકારી પણ હોય. પણ એને મન ઈશ્વર એ સાધ્ય નથી. એની ભૌતિક ઇચ્છાઓ પૂર્ણ કરવા માટેનું સાધન હોય છે. અથવા તો,

"જે શ્રુતિ ત્રયાતે જાણોની। શતવરી યજ્ઞ કરુની।
યજિલિયા માતેં ચુકોની। સ્વર્ગુ વરિતી॥"

"ત્રણે વેદ ભણી, શતવરી યજ્ઞ કરી અંતે એ માગે છે શું? સ્વર્ગ સ્વર્ગસુખ."

"મજ યેતા પૈ સુભટાં। યા દ્વિવિધા ગા ચવ્હાટાં
સ્વર્ગુ નરકુ યા વાટા। ચોરાંચિયા॥
સ્વર્ગા પુણ્યાત્મકેં પાપેં યેઈજે। પાપાત્મકેં પાપેં નરકા જાઈજે।
મગ માતેં જેણે પાવિજે। તેં શુદ્ધ પુણ્ય॥"

"મારી પાસે આવી પહોંચવાના માર્ગ પર ભુલાવવામાં નાંખતી સ્વર્ગ અને નરક તરફ વાળનારી બે કેડીઓ છે. જેના મનમાં ચોરી હોય, અથવા અપૂર્ણતા, અપરિપકવતા હોય એ ત્યાં ફસાય છે. બહારથી પુણ્યકૃત્યો કરે પણ મનમાં સ્વાર્થબુદ્ધિ રાખે એમને કરેલાં પુણ્યના બદલામાં સ્વર્ગ મળે. નર્યું પાપાચરણ જ કર્યું હોય તેને નરક મળે. પણ પાપ કે પુણ્યનો સંચય પૂરો થતાં એમને ત્યાંથી જવું પડે. સ્વર્ગ કે સ્વર્ગમાં મળતા સુખ શાશ્વત નથી હોતાં. શાશ્વત સુખ તો આનંદ નિધાન પરમાત્માને પામવામાં હોય છે. તે આ ત્રણે પ્રકારના ભકતોમાંથી કોઈને પણ મળતું નથી."

"હે સમસ્તહી શ્રી વાસુદેવો । ઐસા પ્રતીતી રસાચા વોતલા ભાવો ।
મ્હણૌનિ ભકતામાજી રાવો । આણિ રાણિયા તોચી ॥" ૭-૧૩૬

"સંપૂર્ણ વિશ્વ એટલે વાસુદેવ એવી અનુભૂતિ જેને થાય એ જ ભક્તોમાં શ્રેષ્ઠ છે." એવી અનુભૂતિ થવી એ જ જ્ઞાન. જ્ઞાનેશ્વર પોતે એવા જ્ઞાની ભકત છે. એ જે પ્રકારે ભકિત કરે છે એને જ્ઞાનોત્તર ભકિત કહે છે. એવા ભકત-શ્રેષ્ઠો કોઈ પણ મૂર્તિનો આગ્રહ રાખતા નથી. એમને પૂજા, અર્ચા કે વ્રત, યજ્ઞના આડંબર કરવાની કોઈ જરૂર રહેતી નથી. એઓ સર્વ ચરાચરને 'બ્રહ્મ' રૂપે જોઈ પ્રેમાદરથી ભજે છે. દેવદેવીઓના દર્શન કરવા એમને તીર્થયાત્રા કરવી પડતી નથી. એઓ તો જ્યાં હોય ત્યાં દશદિશામાં વાસુદેવનો અનુભવ કરતા હોય છે. એટલે એમનું મન શાંત હોય છે. મતિ સ્થિર હોય. બુદ્ધિ નિર્મળ અને સતેજ હોય છે.

"હે વિશ્વચિ માઝેં ઘર । ઐસી મતિ જયાચી સ્થિર ।
કિંબહુના ચરાચર । આપણચિ જાહલા ॥" (૧૨—૨૧૩)

ઘરની ચાર દીવાલો, ગામની સીમ, કે દેશકાળના કોઈ બંધન આવા ભક્તને બાંધી શકતા નથી. મંદિરમાં એઓ ભરાઈને રહેતા નથી. આખું બ્રહ્માંડ, અનાદિ અનંત એને મન પોતાનું ઘર હોય—નહીં એ પોતે જ ચરાચરને વ્યાપી રહે છે! 'અહં બ્રહ્માસ્મિ'—હું જ બ્રહ્મ છું એવો ભાવ મનમાં જાગે. વાકયવૃત્તિમાં શ્રી શંકરાચાર્ય કહે છે, 'नाहं नमामि देवान् । देवान् अतीत्य न सेवते देवम् ॥' દેવ એટલે પ્રતિમા અથવા કલ્પિત દૈવત. એવા દેવની કે દેવોની પૂજા કરવી એ ભકિત માટે મન એકાગ્ર કરવા પૂરતું સાધન છે. જ્ઞાની એકાગ્રતા મેળવ્યા પછી એ છોડી દે છે. 'દેવાન્ અતીત્ય' થયા પછી કોઈ પૂજાપાઠ કરવાની જરૂર રહેતી નથી. જેમ ચિત્ર દોરવા માટે ફલક, રંગ, પીંછી વગેરે સાધનો જોઈએ. એના વિના ચિત્ર દોરી ના શકાય. પણ ચિત્ર પૂર્ણ થાય પછી રંગ અને પીંછી બાજુ પર મૂકી દેવાં જોઈએ. અને ફલક એના મૂળરૂપમાં દેખાશે નહિ એ પણ સમજવું જોઈએ. સાધનો ભેગા કરવાથી કે હાથમાં લઈને બેસવાથી ચિત્ર નિર્માણ થતું નથી એ પણ સત્ય છે. તેમજ પ્રતિમાની પ્રતિષ્ઠાપના મંદિરમાં કરવાથી, કે પૂજા—અર્ચાનો ઠઠારો ભેગો કરવાથી કશું વળતું નથી. પ્રતિમા પર મન કેન્દ્રિત કરી, એમાં વિશ્વાત્મક રૂપની ઝાંખી કરવા શીખવું જોઈએ અને એ સાધ્ય થાય પછી પૂજાપાઠનું મહત્ત્વ રહેતું નથી એ સમજવું જોઈએ એ રીતે સગુણ ભકિત દ્વારા અદ્વૈત સિદ્ધાંતનું જ્ઞાન થઈ શકે.

કેળવણી, અભ્યાસ અને સાધના વિનાના માનવીની ગ્રહણશકિત આ સત્ય સમજી ના શકે એ જ્ઞાનદેવ જાણે છે. એટલે જ કોઈ પણ સહજ રીતે સમજી શકે ત્યાંથી પ્રારંભ કરી, ધીમે ધીમે, એક એક વાત સમજાવી એઓ પોતાના શ્રોતાઓને સાચે માર્ગે આગળ દોરતા જાય છે. એટલે જ પ્રથમ વંદન 'સ્વસંવેદ્ય આત્મરૂપ'ને કરી મૂર્તિમય દેવત્વને પૂજ્ય ગણી, 'આત્મરૂપ'નું નાનું પ્રતિમારૂપ કલ્પી એમણે ગણેશને વંદન કર્યું. જ્ઞાનસાધના માટે એમણે જે 'વાગ્યજ્ઞ'નો સંકલ્પ કર્યો છે તેને માટે વાણી અને વિદ્યાની દેવતા શ્રી શારદાને પણ એઓ નમે છે. ગીતાના ઉદ્‌ગાતા પોતે શ્રીકૃષ્ણ પણ સર્વત્ર છે જ. એમને તો 'સર્વેશ્વર' ગણ્યા જ છે. છતાં આ મૂર્તિઓની પૂજા કરી એટલે પત્યું એમ કહી અજ્ઞાની ના રહેવું. પ્રમાદી ના થવું. એમ જ્ઞાનદેવ શ્રોતાઓને વારંવાર સમજાવે છે. દીર્ઘ પ્રયત્ન, પોતાના અંતિમ સાધ્ય વિશેની સ્પષ્ટ કલ્પના અને પોતે જે કાંઈ કરે છે તેને વિશે નિ:શંક શ્રદ્ધા હોય તો બધાંને એ સર્વાત્મક પરમેશ્વરની ઝાંખી થયા વગર ના રહે. એ જ્ઞાન, એ અનુભવ મેળવવાનો, એ મેળવવા તપ, સાધના કરવાનો અધિકાર સહુને સમાન છે એમ એમણે વારંવાર કહ્યું છે. આપણામાં જ રહેલા ઈશ્વરની અને આપણી વચ્ચે આપાણું અજ્ઞાન અને આળસ કેમ આવે છે તે સ્પષ્ટ કરવા એમણે ખેતરમાં કામ કરતા ખેડૂતો પણ તરત સમજી શકે એવાં દ્દષ્ટાંત આપ્યાં છે. દા.ત.

"પાહે પાં દૂધ પવિત્ર આણિ ગોડ । પાસીં ત્વચેચિયા પદરાઆડ ।
પરિ તે અવ્હેરુનિ ગોચિડ । અશુદ્ધ કાય નેધતી ।
કાં કમલકંદા આણિ દુંદુરી । નાંદણૂક એકેચિ ઘરીં ।
પરિ પરાગુ સેવિજે ભ્રમરી । જવળિયાં ચિખલચી ઉરે ।।" ૯

"ગાયના આંચળ દૂધથી ભરેલાં હોય. ચામડીનો એક જ પડ આડે હોય. છતાંએ જ્ઞાન ન હોવાથી બગાઈઓ ત્યાં ને ત્યાં ચોટેલી હોવા છતાં લોહી જ ચૂસે છે. દૂધ નથી પામતી. કાદવમાંથી કમળ ઊગે અને કાદવમાં જ દેડકાં પણ હોય. બહારથી આવતા ભ્રમર કમળના પરાગ અને મધ સેવન કરે અને એક જ ઘરમાં રહેતાં દેડકાં કાદવ જ ખૂંદે. એમાં જ રાચે." એવી રીતે મૂર્તિને પધરાવે, પૂજે, છતાં એમાં રહેલાં દેવત્વને અજ્ઞાન અને પ્રમાદમાં રાચતાં માનવી પામી શકતાં નથી. પૂજાપાઠના આડંબરમાં એ દંભ અને અજ્ઞાનને પોષ્યાં કરે છે.

સગુણ રૂપ માટેની તીવ્ર લાગણીઓથી સગુણ ઉપાસનાનો પ્રારંભ થાય છે ભકત શ્રેષ્ઠ નારદ મહર્ષિના શબ્દમાં એ પ્રેમની માત્રા 'પ્રતિક્ષણં વર્ધમાના' ક્ષણે

ક્ષણે વધે એવી હોવી જોઈએ. એ પ્રેમ જેમ વધે તેમ પ્રાપંચિક સુખદુ:ખનો અંચળો મનપરથી એને મેળે ઊતરી જાય. ઉપાધિમાંથી મુક્ત થયેલું મન સહજ રીતે અનંતમાં પરોવાઈ જાય. એ સ્થિતિ કેવી હોય એનું વર્ણન જ્ઞાનદેવ કરે છે,

"સૂર્યાચા હોણાં હોઈ જે । કાં સૂર્યાસવેંચી જાઈજે
હે વિકલેપણ સહજે । પ્રભેસી જેવીં ।
રિગતા વલ્લભા પુઢે । નાહીં અંગીં, જીવીં સાંકડે ।
તિયેં કાંતેચેની પાડે । અનુસરલા તો ॥

"પ્રભા સૂર્યની છે એટલે એ સૂર્ય સાથે ઊગે અને આથમે. સૂર્ય વિના એનું સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી. તન અને મનથી પતિને સમર્પિત થયેલી પતિવ્રતા પતિ પાસે વિના સંકોચ, પ્રેમપૂર્વક જાય છે, એનામાં સમાઈ જાય છે, એવી રીતે ભક્ત ભગવાનમાં ભળી જાય છે. ભગવાન સમિપે જતાં જતાં ભગવાનમય થઈ જાય. ત્યાં દ્વૈત રહેજ નહીં."

ભગવાનને પામવાના અન્ય માર્ગો કરતાં ભક્તિમાર્ગ સહજ સુલભ છે. બીજા માર્ગ ઇંદ્રિયોને દમવાનું કહે છે. માનવસુલભ એવી લાગણીઓ, ઇચ્છાઓ વગેરેને હઠાવવાનું કહે છે. અંતર્મુખ થઈ સાધના કરવાનું કહે છે, એ માર્ગે જવું હોય તો આંખો મીંચી લેવી પડે. ત્યારે ભક્તિ આંખો ખોલી વિશ્વરૂપ જુઓ એમ કહે છે. લાગણી, ઇચ્છાઓ, વિકાર બધું જ ઈશ્વરને અર્પણ કરી નિરામય કરવાનું કહે છે એટલે જ ભક્તિમાર્ગને પુષ્ટિમાર્ગ કહે છે. એ માર્ગે જવાનો અધિકાર સહુને છે. ભક્ત થાય એને સંસાર, વ્યવસાય, કામધંધો કશું જ છોડવાની જરૂર હોતી નથી. ચિત્ત પ્રભુમાં હોય, ચિંતન પ્રભુનું હોય, ત્યારે જે કામ કરતા હોઈએ એ પ્રભુની પૂજા જ થાય. ભક્તને હાથે જે કામ થાય, એ જે વ્યવહાર સંભાળે તે બધું પ્રભુમય થાય. એવી મનોદશામાં કોઈ કામ હલકું ના લાગે, કોઈ મોટું ના લાગે. તેમજ કોઈ કર્મ કરવાનો કે ન કરવાનો આગ્રહ પણ ના રહે. જે કર્યું એ બ્રહ્માર્પણ અને જે કર્મ બ્રહ્માર્પણ થયું એનું ફળ પણ પ્રભુને જ અર્પણ થયું !

" આણિ જેણેં જેણેં વેળે । ઘડતીં કર્મેં સકળે ।
તયાંચી લિયે ફળે । ત્યજિતું જાય ॥
વૃક્ષ કાં વેલી । લોટતી ફળે આલી ।
તૈસી સાંડી નિપજલી । કર્મ સિદ્ધે ॥"

"ભક્તો પોતાના નિયત કર્મો કરતાં જાય. પણ કર્મ કર્યા પછી પોતે એના પાશમાં સપડાતા નથી. ફળની આશા રાખવાથી એકમાંથી બીજાં કર્મોનો ગૂંચવાડો વધી જાય એવું એમની બાબતમાં થતું નથી. કારણ એઓ ફળ અંગે વિચારતા જ નથી. વૃક્ષ કે વેલી પોતાનાં ફળ ઓછાં ખાય છે? કે સંગ્રહ કરીને રાખે છે? એ કોને આપવાં કોને ના આપવાં એ પંચાતમાં પડે છે?" આગળ જતાં જ્ઞાનદેવ પાણીનું પણ દષ્ટાંત આપે છે. 'ગાય સારી એટલે હું એની તરસ છિપાવીશ. વાઘ દુષ્ટ એની તરસ નહીં છિપાવું' એવું પાણી ક્યાં કહે છે? ભક્તનું મન જ્યારે પ્રભુમય થાય ત્યારે કુદરતના સહજ નિયમ અનુસાર એનું વર્તન થાય. અને એકવાર આ વૃત્તિ થાય પછી એ બદલાય નહીં. કેમકે,

"તૂપ હોઉનિયા માઘૌતે । જેવીં દૂધપણ નયેચિ નિરૂતે ।
તેવી પાવોનિયા જ્યાતેં । પુનરાવૃત્તિ નાહીં ॥"

"દૂધમાંથી ઘી થાય. પણ ઘીનું પાછું દૂધ ના થાય. એ રીતે પ્રભુરૂપ પામ્યા પછી માનવી પાછો સંસારમાં ના સપડાય."

એવી સહજ મુક્તાવસ્થા પામેલા ભક્તનું વર્ણન જ્ઞાનદેવ કરે છે,

"મ્હણૌનિ કરિતયાહી વોજા । તે ન કરણેં હે ચિ કપિધ્વજા ।
નિપજે તિયા મહાપૂજા । પૂજી તો માતેં ॥ ૧૧૭૯
એવં તો બોલે તેં સ્તવન । તો દેખે તેં દર્શન ।
અદ્વયા મજ ગમન । તો ચાલે તેં ચી ॥ ૧૧૮૦
તો કરી તેતુલી પૂજા । તો કલ્પી તો જપુ માઝા ।
તો અસે તેચી કપિધ્વજા । સમાધિ માઝી ॥ ૧૧૮૧
જૈસે કનકેંસી કાંકણે । અસિજે અનન્યપણે ।
તો ભકિતયોગે યેણે । મજસિ જૈસા । ૧૧૮૨ '

"એવા ભક્તો કર્મ ભલે કરતા હોય પણ એ કર્મનો ભાર એમને માથે નથી રહેતો. એ મારે માથે હોય છે. એટલે કર્મ કરીને પણ એઓ એનાથી મુક્ત રહે છે. કારણ કે એઓ વિરક્ત હોય છે. એટલે એમના કર્મો વડે મારી પૂજા જ થતી હોય છે. એમના મોંમાંથી જે શબ્દ નીકળે એ મારી સ્તુતિ બની જાય છે. એ જે જુવે છે અને જ્યાં જુવે છે ત્યાં મારાં જ દર્શન એમને થતાં હોય છે, એમનાં પગલાં જ્યાં પડે ત્યાં પુણ્યતીર્થ નિર્માણ થાય છે.

એમનાં સંકલ્પ કે કલ્પના એ મારો જાપ બની જાય છે. એઓ જે સ્થિતિમાં હોય એ સ્થિતિ સમાધિ બની જાય છે. કંગન ભલે કંગનનો આકાર ધરાવે. છતાં અંતે એ હેમનું હેમ હોય તેમ ભક્તો અંતે સ્વયં ભગવાન હોય છે.''

શ્રીમદ્ ભગવદ્‌ગીતાના સોળમા અધ્યાયમાં દૈવી સંપત્તિનું વર્ણન છે. તેનું નિરૂપણ જ્ઞાનદેવે ખૂબ સરસ રીતે કર્યું છે. અને સંપત્તિનું વર્ણન કર્યા પછી એ સંપત્તિ જેમને મળે છે તે ભાગ્યશાળી ભક્તો કેવા હોય છે તે જ્ઞાનદેવે પોતાની લાક્ષણિક શૈલીમાં બતાવ્યું છે :

''નિમ્ન ભરલિયા ઉણે । પાણી ઢળોંચી તેણે ।
તેવી શ્રોતાં તોષૌનિ જાણે । સામોરિયા ।।
કાં પાવો શીતળતા લાહે । કીં તે ડોળ્યાચી લાગીં હોયે ।
તૈસા પરસુખે જાયે । સુખાવતુ ।। ૧૬–૧૫૯

*    *    *

જે આંગી નિષ્કામ આચારુ । જીવી વિવેક સાચારુ ।
તો સબાહ્ય ઘડલ્યા આકારુ । શુચિત્વા ચા ।।
કાં ફેડીત પાપ તાપ । પોખીત તિરીંચે પાદપ ।
સમુદ્રા જાય આપ । ગંગેચે જૈસે ।।
તૈસી બાંધિલી સોડિત । બુડાલી કાઢિત ।
સાંકડી ફેડિત । આર્તાચિયા ।।''૧૬–૧૯૮–૨૦૦.

''સાચા ભક્ત શ્રેષ્ઠોને ચરાચરને વ્યાપી રહેલા પરમતત્ત્વનો સાક્ષાત્કાર થવાથી એ અંતર્બાહ્ય દયામય અને પરોપકારી બને છે. સેવા એમનો સહજ સ્વભાવ બની જાય છે. પોતે કષ્ટ વેઠી એઓ સામાનું દુઃખ દૂર કરી, સહુને સંતોષ આપી આગળ વધે છે (એ સત્કર્મના પણ બંધનમાં સપડાતા નથી.) પાણી વહેતું હોય અને માર્ગમાં ખાડો આવે તો ખાડો પૂર્યા વિના પાણી આગળ વધતું નથી તેમ જ્યાં જે ઓછું હોય ત્યાં તે આપી સહુને સંતોષ આપ્યા વિના ભક્તજન પણ આગળ વધતા નથી. તડકામાં ચાલવાથી પગ દાઝે. પણ પગનું દુઃખ આંખ વેઠે. આંખો લાલ થાય અને પગ તળાસવાથી આંખોને ઠંડક થાય. તેમ આ સજ્જન પરદુઃખે દુઃખી થાય અને બીજાને સુખી કરી પોતે તૃપ્ત થાય. એમનો પોતાનો જીવનપ્રવાહ નિર્મળ અને આનંદમય હોય. વ્યક્તિગત તાપસંતાપ એમને સ્પર્શે પણ નહીં. હિમાલયમાં

ઉગમ પામી ગંગા ભૂતળે આવે છે. એ ક્યાં વહે છે એની કોઈ દિશા પ્રવાહે નિશ્ચિત કરી નથી. પણ એટલું ખરું કે એ જ્યાં જાય ત્યાં જે સામે આવે એની તરસ છિપાવે. ગંદકી દૂર કરે. જમીન ફળદ્રુપ બનાવી વૃક્ષવેલીને પોષણ આપે. ભક્તોએ પૂજા કરી હોય તો તે સ્વીકારે અને કોઈએ ગંદકી કરી હોય તો તે પણ સ્વીકારીને સાફ કરે. છતાં એનો પ્રવાહ વનમાં, ગામમાં કે ખેતરોમાં અટવાતો નથી. એ સીધી સાગરમાં જઈને ભળે. તેમ ભક્તજન જે એમના સંપર્કમાં આવે તેનું ભલું કરે. એઓ કોઈને બોલાવવા જતા નથી. અને આવનારને નકારતા પણ નથી. માર્ગમાં જે આવે તેનું કલ્યાણ કરી પોતે નિજાનંદમાં મગ્ન રહી આગળ વધે અને પરમાત્મા સાથે એકરૂપ થાય. આનંદઘન પરમાત્માના ચૈતન્યમાં એમનું ચૈતન્ય ભળી જાય. દેહ પડે. પણ જગતમાં એમના ચારિત્ર્યની સુવાસ, એમના અસ્તિત્વથી નિર્માણ થયેલો આનંદતરંગ ચિરકાલ ટકી રહે.

એવી રીતે ભક્તિયોગનું રહસ્ય સમજાવતી જ્ઞાનદેવની વાણી આગળ વધે. એ પ્રવાહમાં વક્તા અને શ્રોતા વચ્ચેનું દ્વૈત ક્યાં અને ક્યારે અલોપ થાય એની ખબર જ ના પડે. શ્રોતા અને વક્તા એકાકાર થાય. શ્રોતાઓના મનમાં રમતા વિચાર જ્ઞાનદેવના મુખમાંથી શબ્દરૂપ લઈને પ્રગટ થાય અને જ્ઞાનદેવના જ્ઞાનનો પ્રકાશ શ્રોતાઓનાં મન, જીવન ઉજાળે. સાતસો વર્ષ પહેલાં નેવાસે ગામના શિવાલયના સભામંડપમાં આ ચમત્કાર થયો હતો. એટલું જ નહીં પણ આજે પણ કોઈ શ્રદ્ધાથી જ્ઞાનેશ્વરીનું નિરૂપણ કરે અને સાંભળે તો શ્રોતા અને વક્તાને એ અનુભૂતિ થયા વિના ના રહે! 'શારદાનો આ અપૂર્વ વાગ્‌વિલાસ છે' એવો જ્ઞાનદેવનો પોતાનો દાવો છે!

## ૬. જ્ઞાનેશ્વરી—સાહિત્યની દૃષ્ટિએ

શાલિવાહન શક ૧૨૧૨માં જ્ઞાનેશ્વરી લખાઈ અથવા તો જ્ઞાનેશ્વરે કહી અને સચ્ચિદાનંદ બાબાએ એ પ્રવચનો ઊતારી લઈ ગ્રંથસ્થ કર્યાં એવો સ્પષ્ટ ઉલ્લેખ જ્ઞાનેશ્વરીના અંતમાં છે. એટલે જ્ઞાનેશ્વરીના લેખનકાળ વિશે શંકા રહેતી નથી.

ભગવદ્ગીતા જેવો વિષય લોકોને સમજાય એવી મરાઠી ભાષામાં સ્પષ્ટ કરવો અને સાથે સાથે ઉપનિષદ્ અને બ્રહ્મસૂત્રનો ભાવાર્થ અને ગીતાનો ભાવાર્થ તત્ત્વત: એક જ છે એવું સિદ્ધ કરવું એ પ્રકાંડ પંડિતનું કામ કહેવાય. જ્ઞાનદેવના પહેલાં જે પંડિતોએ (લોકભાષાનું બંધન સ્વીકાર્યા વિના) આ પ્રસ્થાનત્રયીની એક-વાક્યતા સિદ્ધ કરી હતી તેમને વિદ્વાનોએ 'આચાર્ય'ની ઉપાધિ આપી નવાજ્યા હતાં. જ્ઞાનદેવે આ કામ કર્યું ઉપરાંત સામાન્ય શ્રોતાઓને સાથે રાખી પોતાનું જ્ઞાન એમને પણ આપ્યું. આ ખરેખર અલૌકિક સિદ્ધિ કહેવાય. એમાં એમની તત્ત્વ-નિષ્ઠાનું, સાધનાનું અને અભ્યાસનું મહત્ત્વ ઓછું નથી. એમની લોકોના મનોભાવ આત્મીયતાથી જાણી લેવાની સુજનતા અને સામાન્યમાં સામાન્ય ગણાતા લોકો પ્રત્યેનો સમભાવ બહુ મોટો ભાગ ભજવે છે એ પણ ખરું. સાથે સાથે લોક-ભાષા મરાઠી પર એમનું પ્રભુત્વ છે. એમનું જ્ઞાન, અનુભવ અને પ્રતિપાદન ઝીલી શકે એવી એ ભાષા પણ સંપન્ન અને સમર્થ છે એ પણ હકીકત છે.

ભારતીય આર્ય ભાષાઓનું ઉગમસ્થાન સંસ્કૃત ભાષા છે. આર્યાવર્તની સીમાઓ ભારતમાં ચારે તરફ વિસ્તાર પામતી ગઈ ત્યારે ઉચ્ચાર ભિન્નતા અપરિહાર્ય બની. સ્થાનિક લોકભાષાના સંસ્કારો પણ ઉમેરાયા. બહારથી બીજી પ્રજાઓ પણ આવીને જુદા જુદા પ્રાંતોમાં વસી ગઈ. એમની ભિન્ન ભિન્ન ભાષાઓ પણ અપભ્રંશમાં ભળી ગઈ. અને એ રીતે સંમિશ્ર એવી લોકભાષાઓ નિર્માણ થઈ. અપરાન્હ કે દક્ષિણાપથ તરીકે ઓળખાતા પ્રદેશોમાં મહારાષ્ટ્રી ભાષા, જે સંસ્કૃતની એક અપભ્રંશ બોલી હતી, તેના પર દક્ષિણમાં પ્રચલિત દ્રાવિડી ભાષાના સંસ્કાર પડયા અને પ્રાકૃત મહારાષ્ટ્રીથી જુદી એવી મરાઠી ભાષા, એક સ્વતંત્ર ભાષા બની એવું ભાષાવિદો કહે છે.

શ્રવણબેળગોળાના પ્રખ્યાત શિલ્પ બાહુબલીના ચરણપાસે જે શિલાલેખ છે, તેમાં મરાઠી ભાષાનો પ્રથમ શ્રીકાર કંડારેલો મળી આવે છે. 'શ્રી ચામુંડરાયે કરવિયલે ચામુંડરાયે સુત્તાલે કરવિયલે' એવા અક્ષરો એ શિલાલેખમાં જૂની

દેવનાગરી લિપિમાં સ્પષ્ટ વંચાય એવા છે. એ શિલ્પને હજાર વર્ષ થયાં. એટલે હજાર વર્ષ પહેલાં શિલાલેખમાં સમાવેશ કરવા જેટલી મરાઠી ભાષા પ્રચલિત અને પ્રતિષ્ઠિત હોવી જોઈએ.

બાહુબલીનાં નિર્માણ પછી લગભગ ત્રણસો વર્ષ પછી જ્ઞાનેશ્વરી લખાઈ છે. વચ્ચેના કાળમાં મરાઠી ભાષામાં સાહિત્ય નિર્માણ થયું છે. વ્યાકરણમાં, લિપિમાં ફેરફારો થયા છે. એ અંગેના આજ્ઞાપત્ર જેવાં 'મેસ્તક' હેમાદ્રિ પંડિત, ચતુર્વર્ગ ચિંતામણિના લેખક, અને યાદવ રાજાના કરણાધિપ હતા, એમણે લખ્યાં છે. નાથપંથના જ્ઞાનદેવના ગુરુ ગૈનિનાથ, એમના ગુરુ ગોરક્ષનાથ વગેરેની રચનાઓ પણ મળે છે. જોકે એ રચનાઓ અધ્યાત્મક્ષેત્રની અધિકારી વ્યક્તિઓ માટે છે. મહાનુભાવપંથના ચક્રધર જ્ઞાનદેવ કરતાં સો વર્ષ પહેલાં થઈ ગયા. એઓ જન્મે ગુજરાતી, પણ રહ્યા મહારાષ્ટ્રમાં. બોલતા મરાઠી. સિદ્ધાંત સૂત્રપાઠ વગેરે રચનાઓ પણ મરાઠીમાં જ કરી છે, જે મરાઠી ગદ્યમાં આદ્ય છે એમ માની શકાય. એમણે નાનાં નાનાં દૃષ્ટાંતો આપી સામાન્ય લોકોને સમજાય એવી રીતે લખ્યું છે. 'લીળા ચરિત્ર' નાગદેવાચાર્યની રચના, મહદાઈસાના કૃષ્ણ લગ્ન પ્રસંગ પર રચાયેલાં ગીતો 'ધવળાં' (ધોળ?) વગેરે સાહિત્ય ઘણું છે. પણ મહાનુભાવ સાહિત્ય સાંકેતિક લિપિમાં લખાયું. એટલે એ પંથ પૂરતું મર્યાદિત રહ્યું. ભાસ્કરાચાર્યનું શિશુપાળવધ મહાકાવ્ય, ભાવેદેવ વ્યાસના ગદ્ય ગ્રંથ, કેશવરાજ સૂરીની ગદ્યપદ્ય રચના, જ્ઞાનદેવના સમકાલીન નરેન્દ્રનું રુક્મિણી–સ્વયંવર મહાકાવ્ય, એવું સમૃદ્ધ સાહિત્ય મહાનુભાવ પંથના વિદ્વાનોએ ત્રણ સદીઓ દરમ્યાન સર્જ્યું હતું.

જ્ઞાનદેવના નજીકના કાળમાં (કેટલાંકના મત પ્રમાણે જ્ઞાનદેવ કરતાં પહેલાં તો કેટલાંક વિદ્વાનો માને તેમ લગભગ એ જ અરસામાં) ઉત્તમ કક્ષાનો કહેવાય એવો વિવેક–સિંધુ નામનો ઓવી વૃત્તબદ્ધ ગ્રંથ મુકુંદરાજે લખ્યો. એ ગ્રંથને પણ જ્ઞાનદેવના 'અમૃતાનુભવ' ગ્રંથ જેટલું જ માન અપાય છે. અને મરાઠી ભાષાના આદ્ય પ્રતિષ્ઠિત સાહિત્યકાર તરીકે જ્ઞાનદેવ સાથે મુકુંદરાજનું નામ પણ એટલા જ આદર ભાવથી દેવાય છે.

મુકુંદરાજ પોતે સાક્ષાત્કારી સત્પુરુષ હતા. નાથપંથની બીજી શાખાનાં પરંપરામાં એ ગણાતા. એમણે શ્રી. શંકરાચાર્યનો અદ્વૈત સિદ્ધાંત ગુરુશિષ્યના સંવાદરૂપે વિવેકસિંધુમાં સમજાવ્યો છે. એમણે એ ગ્રંથરચના માટે પ્રાસાદિક, સરળ મરાઠી ભાષાનું માધ્યમ સ્વીકાર્યું છે, એટલું જ નહીં પણ ગ્રંથમાં ઉપમા

રૂપક જેવા અલંકાર પણ જ્ઞાનને વિસારે અને નકામો વિસ્તાર વધે એટલે આખો ગ્રંથ કોઈ વિરક્ત સંત મૂર્તિ જેવો નિરલંકાર રાખ્યો છે ! છતાં ગ્રંથમાં જે સંવાદ છે, જે પ્રશ્ન પૂછાયા છે, જે વિવેચન કર્યું છે તે જ્ઞાનચર્ચા જેવું છે. રુક્ષ નથી. જ્ઞાનીજન એમાંથી જ્ઞાનાનંદ મેળવી શકે. સામાન્ય સંસારી લોકોને જ્ઞાન આપી ડાહ્યા કરવા એઓ જતા નથી. જવા ઈચ્છતા પણ નથી. જ્ઞાનદેવની માફક શ્રોતાઓથી ભરચક માંડવામાં એઓ નિરૂપણ કરતા નથી. જિજ્ઞાસાથી અધિકારી શિષ્યશંકાનું નિરાકરણ કરી લેવા પ્રશ્ન પૂછે છે ત્યારે એનો સંશય દૂર કરવા એઓ એની સાથે વાત કરે છે.

નરેન્દ્રનું મહાકાવ્ય 'રુકિમણી સ્વયંવર' ભાષાની દૃષ્ટિએ સુંદર છે. અલંકારશાસ્ત્રના નિયમોને અનુસરીને એમાં રસ પરિપોષ કર્યો છે. એ કાળે સામાન્ય રીતે બધાંને ખબર હોય અને ગમે એવું પૌરાણિક કથાનક મહાકાવ્ય માટે પસંદ કરાતું. નરેન્દ્ર કવિએ પણ 'રુકિમણી સ્વયંવર' જેવો રસિક કથાવિષય પસંદ કર્યો છે. એમની ભાષામાં લાલિત્ય છે. કેટલીક જગ્યાએ તો જ્ઞાનેશ્વરી અને એમનું કાવ્ય એ બેમાં શબ્દેશબ્દનું સામ્ય હોય એવી ઉપમાઓ અને રૂપકો છે.[1] છતાં એ સામ્ય એટલા પૂરતું જ મર્યાદિત છે. નરેન્દ્રનું કાવ્ય માત્ર મનોરંજન, અને એ પણ રાજાના મનોરંજન માટે રચાયેલું છે, એવો સ્પષ્ટ ઉલ્લેખ કવિએ પોતે એ કાવ્યમાં કરેલો છે. એ તો કાવ્યની વાત. પણ વિવેકસિંધુ જેવો અર્થ-ગંભીર તત્ત્વચર્ચાનો ગ્રંથ પણ રાજાના કહેવા પરથી લખાયો છે [નૃસિંહાચા બલ્લાળુ ત્યાચા પુત્ર જૈતપાળુ તેણે કરવિલા રોળુ । યા ગ્રંથરચનેચા ॥ વિ સિં ૭–૧૫૫) ] વિદ્વાન હોય, વિરક્ત સાધુ જેવા હોય કે રસિકજન હોય બધાં રાજસભામાં બેસે. સાહિત્યની ચર્ચા, રસાસ્વાદ કે રચના રાજસભામાં જ થાય. એટલે રાજાની વૃત્તિને અનુકૂલ એવી જ સાહિત્ય નિર્મિતી થાય ! એવી એક પરાપૂર્વથી ચાલતી પરંપરા જ્ઞાનદેવે તોડી છે. એમણે જ્ઞાનેશ્વરી રાજસભામાં નથી કહી. એક નાનકડાં ગામના શિવાલયના સભામંડપમાં, પાષાણને આસને બેસી, સામે બેઠેલા અદના લોકોને મનાવી મનાવી, એમની ભાષામાં બોલી, એમને સમજાય એવાં રૂપકો અને દૃષ્ટાંતો આપી જીવનનું રહસ્ય સમજાવ્યું છે. સાથે સાથે ભાષાનું સૌંદર્ય, કુદરતની ભવ્યતા, જગતભરમાં છલકાતો આનંદ એ બધાંની લ્હાણી કરી છે. અલંકારશાસ્ત્રના નિયમ પ્રમાણે ભગવદ્ગીતા એ ભલે કાવ્યવિષય ના હોય અને જ્ઞાનેશ્વરી એ મહાકાવ્ય પણ ના કહેવાય છતાં સર્વોત્તમ મહાકાવ્યની ભવ્યતા

૧. પરિશિષ્ટ ૩ જુઓ.

અને રૂપશ્રી એમના શબ્દેશબ્દમાંથી પ્રગટે છે. જ્ઞાનદેવે પોતે બીડું ઝડપ્યું છે,

"માઝા મ-હાઠાચિ બોલ કૌતુકે । પરિ અમૃતાતેંહી પૈજાં જિંકે ।
ઐસી અક્ષરે રસિકેં । મેળવીન ॥" ૬—૧૪

"અમૃત પણ આ શબ્દો આગળ ફિક્કું લાગે–એવી પ્રશંસા રસિકજન કર્યા વગર રહેશે નહીં–એવા બોલ હું બોલીશ." આ આત્મવિશ્વાસ સાથે એઓ નિરૂપણ કરે છે. અમૃતમાં સુખદ એવો મધુર સ્વાદ હોય. અમૃતના લાભથી ચિરંજીવ થવાય. અમૃત મળે એટલે અપૂર્વ એવી શાંતિ અને તૃપ્તિ થાય. જ્ઞાનદેવ શબ્દો વડે આ બધું જ પીરસે છે. પોતાના શબ્દમાંથી અમૃત ઝરે એટલા માટે એઓ મનોમંથન પણ કરે છે. સાધના પણ કરે છે. ગુરુ અને શ્રોતાઓ પાસે આશીર્વાદ માગે છે.

"મ્હણોનિ માઝે નિત્ય નવે । શ્વાસોશ્વાસહી પ્રબંધ હોવાવે ॥ ૧૮—૧૭૩૪

જ્ઞાનની સાધના, મનન, ચિંતન સતત ચાલતું રહે એટલે શ્વાસે શ્વાસે જ્ઞાન જ પ્રગટે ! એ જ્ઞાનને શબ્દના આકારમાં મઢી જ્ઞાનદેવ અલંકારોથી સજાવે છે. એમની અર્થગંભીર, સુંદર વાણી નવરસનાં સોપાન ચઢી, રસરાજ શૃંગારને માથે પગ મૂકી શાંતરસનું સર્વોચ્ચ પદ પામે છે. પ્રસન્ન એવી પરમ શાન્તિ ચિરકાલ માટે મળે એજ જીવનનું શ્રેય અને પ્રેય છે.

"તો કૃષ્ણાર્જુન સંવાદુ । નાગરી બોલી વિશદુ ।
સાંગોનિ દાઊં પ્રબંધુ । વોવિયેચા ॥
નુસધીચિ શાંતિકથા । આણિજેલ કીર વાગ્પથા !
જે શૃંગારાચ્યા માથાં । પાય ઠેવી ॥ "૧૩—૧૧૫૬,

"શ્રી કૃષ્ણાર્જુન સંવાદની શાંતરસપ્રધાન કથા કહી શ્રોતાઓને શાંતિનું મહત્ત્વ કહેવા પૂરતું આ નિરૂપણ મેં કર્યું નથી. લાવણ્યવતી નાગરી ભાષા શૃંગારને જીતીને શાંતિ મેળવે છે એ મારે તમને બતાવવું છે." આ એમના મનના કોડ છે !

મુકુંદરાજની રચના પ્રાસાદિક છે. મરાઠી ભાષામાં છે. મરાઠી ભાષા પરનું એમનું પ્રભુત્વ પણ નિર્વિવાદ છે. ભાષા વિશે આત્મીયતા પણ છે. છતાં પોતાની રચના મરાઠીમાં કરવા માટેનો અભિનિવેશ લેશમાત્ર નથી. વિના આયાસ જે ભાષા વાપરી શકાય, અને જે કહેવું હોય તે કહી શકાય તો પછી સંસ્કૃત જેવી અઘરી ભાષામાં શું કરવા લખવું ?

"ધુળી માજી રત્ન । ભેટે ન કરંતા પ્રેત્ન ।
તરી ચાતુરી જતન । કાંન કરાવે ?
જરિ રુઈચે ઝાડી । ભરતી મધાચિયા કાવડી ।
તરિ હિંડાવ્યાચીં આવડી । કાં પડો ધાવી? (વિવેકસિંધુ)

"કોઈ પ્રયત્ન વિના ધૂળમાં પડેલું રત્ન પગતળે આવે તો ડાહ્યાં માણસે એનું જતન કેમ ના કરવું? આકડે મધ મળતું હોય તો મધ માટે વનવગડે રખડવાની શી જરૂર?" તેમ રોજની બોલવાની ભાષામાં જ્ઞાનચર્ચા થઈ શકે તો સંસ્કૃતનો આગ્રહ શું કામ રાખવો? એવી મુકુંદરાજની ભૂમિકા છે. ત્યારે જ્ઞાનદેવની ભૂમિકા એથી તદ્દન જુદી છે. સંસ્કૃત ભાષા સમાજના મોટા ભાગના લોકો જાણી શકતા નથી. અને જ્ઞાન તો એ ભાષામાં બંદિસ્ત છે. તેથી સામાન્ય માણસો જ્ઞાનથી વંચિત રહે છે એમને માટે હું એમની પોતાની ભાષા જે મરાઠી, એ મરાઠીમાં બધું જ જ્ઞાન સ્પષ્ટ રીતે સમજાવીશ. એ વિવેચનમાં કિલષ્ટતા નહીં હોય. રૂક્ષપણું નહીં હોય. શબ્દેશબ્દ અર્થ અને રસથી છલકાતો હશે. મારા શ્રોતાઓ કાવ્યનો આનંદ પણ માણશે અને જીવનનો અર્થ પણ જાણશે. એવો સંકલ્પ કરી જ્ઞાનેશ્વરે જ્ઞાનેશ્વરીનું નિરૂપણ કર્યું છે. એઓ એક એક શબ્દ જાણે શોધી શોધીને યોજે છે. ઉપમા, ઉત્પ્રેક્ષા અને રૂપકોના ભંડારો ખુલ્લા મૂકે છે. છતાં પોતાની વિદ્વત્તાના ભાર નીચે શબ્દ દબાય નહીં એવી તકેદારી પણ રાખે છે. 'શબ્દાંચી કોવળિક' શબ્દનું કોમલ કદ સાચવે છે. સામે બેઠેલાં માણસોના જીવનવ્યવહારને લક્ષમાં રાખી એઓ ઉપમાનો શોધે છે. શ્રોતાઓમાં મોટા ભાગના લોકો ખેતી કરનારા છે. લુહાર, કુંભાર, ચમાર, દરજી, કણિયા અને શૂદ્ર પણ છે. કેટલાક વૃદ્ધ છે, યુવાન અને બાળકો પણ છે. ગૃહિણીઓ પણ કોરે બેસીને સાંભળે. છે. જ્ઞાનદેવ એ બધાંને ઉદ્દેશીને બોલે છે. નકામું જ્ઞાન, નકામા શબ્દ, નકામા માણસ કેવા હોય તે સમજાવવા એમણે અકાળે આવતાં પોલાં વાદળાંનું દષ્ટાંત જુદા જુદા સંદર્ભમાં (૩–૧૪૧, ૪–૧૧૭, ૬–૪૩૪, ૧૭–૨૫૧) જુદી જુદી રીતે આપ્યું છે. અને સાચે જ આ શ્રોતાઓની વંચના પોલા વાદળાંએ કરી હશે એટલી ભાગ્યે જ બીજાં કોઈ કરી શકે. મેળવવા જેવું સામે પડ્યું હોય છતાં અજ્ઞાની માણસને તેની કિંમત ના હોય એ કહેવા માટે એઓ દષ્ટાંત આપે છે, 'ચાંદો ઊગ્યો. ચાંદની ખીલી. પણ કાગડાને એની શી કિંમત?' ઉપમા કે રૂપકો માટે બાવળ, બીજમાં સમાયેલું વૃક્ષ, શેકેલું બીજ, ડોડામાં ભરેલાં જુવારના દાણા, ભાતનું ખળું, કોળાનો વેલો, લીમડાની લિંબોળી, બગાઈ, વકરેલા જાનવર, લીલું ઘાસ જોઈ દોડી જતું ગોધણ, એવી એવી

ઉપમાઓ આપી એમણે શ્રોતાઓ સાથે આત્મીયતા સાધી છે. એમને વશ કરી લીધા છે. અને પછી એમને પોતાની સાથે આગળ દોરી જતાં જતાં પોતાનું જ્ઞાન એમને ગળે ઉતાર્યું છે. જ્ઞાનેશ્વરી એ માત્ર જ્ઞાનચર્ચા નથી. નવરસથી છલકાતું મહાકાવ્ય નથી. સહસ્રાવધિ શબ્દોનો એ શબ્દકોષ નથી. એ છે શ્રોતા અને વકતા વચ્ચેના એક અનેરા સ્નેહબંધનની ગાથા. ભગવદ્ગીતા જેમ કૃષ્ણાર્જુન સંબંધ પર રચાઈ છે તેમ આ 'બહુસ્યામ્'ના સંકલ્પથી સર્વત્ર વિરાજતા બ્રહ્મતત્ત્વને 'એકોઽહં' કરીને આવરી લે એવી અપૂર્વ આત્મીયતાનું કાવ્ય છે. એ કાવ્યમાં સામાન્ય ઉપમાનો પણ અર્થવાહી, રસસભર, લયબદ્ધ થઈને શ્રોતાઓ સમક્ષ આવે છે. પછી એ બગાઈ હોય કે ઢોર, કશું જ અસુંદર રહેતું નથી. એટલે જ એમને એમના શ્રોતાઓએ સદીઓથી 'શબ્દ સૃષ્ટિના ઈશ્વર' કહી નવાજ્યા છે.

શ્રોતાઓના રોજના વપરાશમાં જોવામાં હોય એવા ચિરપરિચિત ઉપમાનો યોજતા યોજતા જ્ઞાનદેવ એક એક વસ્તુ એમને સમજાવતા જાય. એમની રુચિ કેળવતા જાય. સાંભળવાવાળા કેટલું સમજ્યા છે એ એમની આંખોમાં વાંચતા જાય અને પછી આગળ વધે—એકલા નહીં. શ્રોતાઓને સાથે લઈને અને પછી કોઈ મહાકવિ પણ ચકિત થાય એવી એમની અસ્ખલિત વાગ્ધારા આગળ વધે. એમની પ્રતિભાના પ્રકાશમાં વિવિધ અલંકારો ધારણ કરી 'અભિનવ વાગ્વિલાસિની' શારદા સ્વયં જાણે પ્રગટ ના થતી હોય એવું લાગે. છતાં શબ્દ-વૈભવમાં એ પોતાના શ્રેયથી ક્ષણવાર પણ ચલિત નથી થતા.

"વાચે બરવેં કવિત્વ । કવિત્વીં બરવેં રસિકત્વ ।
રસિકત્વીં પરતત્વ । સ્પર્શુ જૈસા " ૧૮–૩૪૭

"વાણી કવિત્વથી શોભે. કવિત્વ રસિકતાથી દીપે. ભાષાનો વૈભવ મળે પછી કવિને રસનું જ્ઞાન અને રસમાં રહેલો આનંદ માણવા જેવું સંવેદનક્ષમ મન પ્રાપ્ત થાય. એજ 'રસિકપણું' રસિકત્વનું અંતિમ શ્રેય બીજા કવિઓ સામાન્ય રીતે શૃંગારના પરમોચ્ચ બિંદુ સુધી લઈ જાય છે. પણ જ્ઞાનદેવ ત્યાં અટકતા નથી. એઓ શૃંગારને વટાવી આગળ વધે. પરતત્ત્વને સ્પર્શ કરે-કરાવે. અક્ષરે અક્ષર વીણીને અર્થસભર સુંદર શબ્દોની સૃષ્ટિ નિર્માણ કરી એઓ પરમસૌંદર્યનાં દર્શન કરાવે છે.

"પદબંધ નાગર[1] । તેચિ રંગાથિલે અંબર
જેથ સાહિત્ય વાણે સપૂર । ઉજાળાચે ।।" ૧–૬

૧. જુઓ પરિશિષ્ટ : ૪ 'નાગરપદ્બંધ'

પદ એટલે શબ્દ. બંધબેસતાં શબ્દોનો સુબદ્ધ સમૂહ તે 'પદબંધ' આ 'પદબંધ' પાછાં 'નાગર' છે. અહીં 'નાગર' શબ્દમાં કલાત્મક, લાલિત્યપૂર્ણ અને સુસંસ્કૃત એ બધાં જ અર્થ અભિપ્રેત છે. એવા 'પદબંધ'ના તાણાવાણાથી 'જ્ઞાનેશ્વરી' એ ભાતીગળ મહાવરુ વણ્યું છે. એ માત્ર સુંદર કે ભાતીગાળ જ છે એવું નથી. શબ્દના વૈભવ સાથે અર્થનું ઊંડાણ છે. જ્ઞાનનું તેજ ઝળહળે છે. એવું એ અપૂર્વ અંબર છે.

"અર્થ બોલાચી વાટ પાહે । તેથ અભિપ્રાયેચિ અભિપ્રાયાતે વિયે ।
ભાવાચા ફુલૌરા હોત જાયે । મતિવરી ॥" (૯–૨૦)

જ્ઞાનદેવને લેખે કવિ એટલે માત્ર શબ્દોની રમત કે ગુંથણી કરનારા કસબી કલાકાર નથી. કવિ પ્રતિભાશાળી હોય છે. જ્ઞાની હોય છે. પોતાની અહંમન્યતાનો સંકોચ કરી બીજાના મનને આત્મીયતાથી જાણી લેવાની શકિત એ મેળવે છે. 'અહં'થી વેગળાં થઈ કવિ જીવનને સમગ્ર રૂપે જોઈ શકે છે. એ ક્રાન્તદર્શી હોય છે. 'કવિ' શબ્દમાં આ બધાં ગુણ અભિપ્રેત છે. વેદોમાં પણ મંત્રદ્રષ્ટા મહર્ષિઓને 'કવિ' કહ્યા છે. કવિ સર્જે એ કાવ્ય. કાવ્ય એટલે માત્ર સુંદર, નાદમધુર શબ્દોનો ઢગલો ના હોય. સાર્થ, સાભિપ્રાય શબ્દોની સુઘટિત, નાદમધુરરચના જે સામાના મનમાં રમતાં ભાવને પકડે અને જ્ઞાનનું અમૃતબિંદુ એના પર સિંચે એ કાવ્ય. જ્ઞાનદેવ ઉપરની ઓવીમાં એ જ કહે છે, "કાવ્યમાં અર્થ શબ્દની પાછળ દોડે. શબ્દ સાર્થ હોવા છતાં ભારે ખમ્ થઈ કિલષ્ટ ના બને. પણ એમાંથી સ્પષ્ટ અભિપ્રાય સહજ રીતે વ્યકત થાય. સત્યના માર્ગ પર તેજના અજવાળાં પાથરતી અભિપ્રાયોની પરંપરા રસિકોની બુદ્ધિને સતેજ કરે અને પોતાના અર્થસભર સૌંદર્યથી એમનાં મન પ્રફુલ્લિત કરે." જ્ઞાનેશ્વરી એટલે એવો કાવ્યમહોત્સવ છે!

"તેસે સાચ આણિ મવાળ । મિતલે આણિ રસાળ ।
શબ્દ જૈસે કલ્લોળ । અમૃતાચે ॥" ૧૩–૨૭૦

"સનાતન સત્યને ધારણ કરતા એ શબ્દ અત્યંત મૃદુ છે. સુઘટિત અને રસથી છલકાતા એવા એ શબ્દ, ભરતીના મોજાંની માફક શ્રોતાઓને માથાબોળ ભીંજવે છે. આત્મતત્ત્વની એ ભરતીમાં શ્રોતાઓ જીવનનો અપાર આનંદ અને અખૂટ સૌંદર્ય માણે છે."

વક્તા પોતે આત્મશ્રદ્ધાથી આવું સુંદર વિવેચન કરે ત્યારે સામેથી શ્રોતાઓ પાસે પણ એ અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે. જ્ઞાનદેવ પોતાની અપેક્ષા વ્યક્ત કરતા કહે છે,

"જૈસે શારદિયેચે ચંદ્રકળે । માજી અમૃતકણ કોવળે ।
તે વેચિતી મને મવાળે । ચકોર તલગે ॥
તિયાં પરિ શ્રોતાં । અનુભવાવી હે કથા ।
અતિ હળુવાર પણા ચિત્તા । આણુનિયા ॥
જૈસે ભ્રમર પરાગુ નેતી । પરિ કમળદળે નેણતી ।
તૈસી પરિ આહે સેવિતી । ગ્રંથીં ઈયેં ॥" (૧–૫૬–૫૭–૫૯,)

શરદ ઋતુની નીતરતી ચાંદનીમાંથી કૂણા કૂણા અમૃતકણ ચકોર જે ભાવથી, કોમલતાથી વીણે એ રીતે આ કથાના શબ્દને દુભાવ્યા વિના, મારા રસિક શ્રોતાઓ, તમે એને ગ્રહણ કરો. કમળના પરાગ નીચે ભરેલો મધુર રસ ભ્રમર ગ્રહણ કરે છતાં ન કમળ દુભાય કે ન પરાગને ધક્કો લાગે એવી જ રીતે શબ્દના પદબંધને હેમખેમ રાખી તમે એમાં રહેલો ભાવાર્થ ગ્રહણ કરો. આનંદ લૂંટો. સૌંદર્ય માણો."

જ્ઞાનેશ્વરીના મંગળાચરણમાં જ પોતાની ભાષાસમૃદ્ધિ અને સુંદર શૈલી વિશેનો જ્ઞાનદેવનો આત્મવિશ્વાસ વ્યક્ત થયો છે. શ્રોતાઓને એઓ વીનવે છે,

"હેં સારસ્વતાચેં ગોડ । તુમ્હીચી લાવિલેંજી ઝાડ ।
તરી અવધાનામૃતેં બાડ । સિંપોનિ કીજે ॥" (૧૧–૧૯.)

આ ગ્રંથનું નિર્માણ સાચી રીતે તો તમે જ કર્યું છે! જ્ઞાનવિદ્યાનું આ બીજ આપની જિજ્ઞાસા અને આપનો ભાવ મળીને વાવે છે. તેમાંથી આ અમૃતવૃક્ષ ઊગે છે. અને હવે એકાગ્ર અવધાનનું પાણી પાઈ, સાવધાન ચિત્તની વાડ બાંધી આપ જ એને ઉછેરો."

"મગ હે રસભાવ ફુલીં ફુલેલ । નાનાર્થ ફળભારે ફળા યેઈલ ॥" ૧૧–૨૦)

"સારસ્તતનો આ વૃક્ષ મોટો થાય–વધતો જાય તેમ એના પર રસભાવના ફૂલ પૂરબહારમાં ખીલી ઊઠશે અને અનેક પ્રકારના અર્થનાં રસાળ ફળોથી એ લચી પડશે."

જ્યાં જ્ઞાનની વાત આવે ત્યાં એમની ભાષામાં ઉચિત એવું ગાંભીર્ય આવે છે. ગુરુનો સંદર્ભ આવે ત્યારે પ્રેમાદરથી એઓ અત્યંત વિનમ્ર બની જાય છે. શ્રોતાઓ સાથે સંવાદ સાધે ત્યારે સમભાવથી, સુજનતાથી, વિવેકથી એઓ સ્નેહભર્યા શબ્દો યોજે. શ્રોતાઓને વીનવે, મનાવે, વંદન કરે. ગ્રંથ-નિર્માણનો બધો યશ એમને ચરણે ધરે. પણ જ્યાં ભાષા કે શબ્દની વાત આવે ત્યાં જ્ઞાનદેવના શબ્દો આત્મશ્રદ્ધાના તેજથી તપતા હોય એવા લાગે. એઓ પૂરા આત્મવિશ્વાસથી અમૃતના તત્ત્વને અને એની મધુરતાને પડકારે છે. એમના એ શબ્દોની પાછળ મરાઠી ભાષા, અને એ ભાષા બોલનારા સામાન્યજન વિશેનો અનહદ પ્રેમ છે. જીવનની સાધના છે. અનુભવસિદ્ધ જ્ઞાનનું તેજ એ શબ્દોમાં સમાયેલું છે. અસામાન્ય એવી પ્રતિભાની દૈવી બક્ષીસ એમને મળેલી છે. એટલે જ એઓ સહજ રીતે કહી શકે છે,

"તેણે કારણે મી બોલેન । બોલાં અરૂપાચે રૂપ દાવિન ।
અતીંદ્રિય પરિ ભોગવીન । ઇંદ્રિયા કરવીં ॥" (૬–૩૬)

"એટલે હું બોલીશ ત્યારે બોલતાં બોલતાં જે અરૂપ છે તેને–નિરાકારને– શબ્દરૂપ આપી સાકાર કરી બતાવીશ. જે અતીંદ્રિય છે એનો અનુભવ ઇંદ્રિયોને કરાવીશ." 'મારાં શબ્દમાં એવી શક્તિ હશે'–આ છે એમની શ્ર

પોતે અદ્વૈતવાદી છે. ઇંદ્રિયો અને ઇન્દ્રિયો વડે થતી
મિથ્યા માને, આભાસરૂપ છે એમ કહે તો સમજી
ભૂમિકા બીજા અદ્વૈતવાદીઓથી તદ્દન જુદી
સચરાચર બધું જ બ્રહ્મતત્ત્વ છે ચૈતન્ય ... જેવો
રહેલાં સર્વવ્યાપી અનાદિ અનંત ... છે તે
ઇંદ્રિયને કરાવવાનું બીડું ... આપણે
તૃપ્ત કરશે. એમાં ... છે. વધારે
શબ્દના ઉચ્ચારથી ... અને જેને
પ્રેમાળ ઝગડો ઊભો ... ભૂલતા નથી.
... ાં અને પ્રતિભાવ

"સહજે
પરિ રસના

"સામાન્ય રીતે શબ્દ ... માત્ર એક પ્રશ્ન પૂછી
અધિકાર કાનને જ હોય. પણ ... નથી લેતો. એના સ્વભાવ

રસના કહેવા લાગી 'રસ એ કાંઈ ઓછો કાનનો વિષય છે? એ તો મારો એટલે મને રસના કહે છે ને ?'

એ શબ્દનું રૂપ પણ કેવું—કે એ પ્રગટે અને,
"જેથ સંપૂર્ણ પદ ઊભારે । તેથ મનચિ ધાવે બાહિરે ।
બાહુ ભુજા હી આવિષ્કરે । આલિંગાવયા ।" (૬-૧૯)

"જ્યાં એક વાકય સંપૂર્ણ થાય ત્યાં એના સૌંદર્ય પર લુબ્ધ થઈને મન દેહબંધનને ફગાવી દઈ બહાર કૂદી પડે. એ વાકયને આલિંગન આપવા દોડે ત્યાં તો હાથ આડા આવે! આલિંગન તો હાથ જ આપે ને?"

શબ્દને રૂપ હોય. એમાં રસ હોય. એ તો અલંકારશાસ્ત્રમાં પણ કહ્યું છે. જ્ઞાનદેવને એ રૂપ, રસ ઉપરાંત શબ્દબ્રહ્મના અનેરાં રૂપમાં 'રંગીં સુરંગતેચી આગળિક[૧]' દેખાય છે. શબ્દમાં નાદબ્રહ્મ સમાયેલું છે. એ નાદમાંથી અનુપમ 'નાદચિત્ર[૧]' નિર્માણ થઈ આંખને ઠારે છે. ઉપમા, ઉપ્રેક્ષા, દષ્ટાંતો અને રૂપકોના અલંકાર ધારણ કરી, રૂડા રૂપાળા બની શબ્દ શ્રોતાઓને પ્રસન્ન કરે છે. પંચેન્દ્રિયને આકર્ષી પરતત્ત્વ સાથે એકાકાર કરવાનું સામર્થ્ય એમના શબ્દોમાં છે. અનંત આનંદ સરોવર પરના આનંદ તરંગ સમી એ વાણીનો શબ્દે શબ્દ સત્યરૂપ લઈને જ અવતરે છે. સામાન્ય સજ્જનો 'સત્ય બોલવું' એમ કહે છે. સત્યની ખોજ કરી સત્યને અનુસરવા પ્રયત્ન કરે છે. પણ સંત બોલે એ સત્ય થાય એ અનુભવ જ્ઞાનેશ્વરીના શ્રોતા કે વાચકને આજે પણ થયા વિના નહીં રહે!

આ બીજ આ
અમૃતવૃક્ષ ઊગે
ચિત્તાની વાડ બાં

"મગ હે

"સારસ્તતનો
ફૂલ પૂરબહારમાં ખીલી
એ લચી પડશે."

## ૭. જ્ઞાનેશ્વરીમાં પાત્રદર્શન

શ્રી ભગવદ્‌ગીતામાં દરેક અધ્યાયના અંતમાં એ 'કૃષ્ણાર્જુન સંવાદ' છે એવા અર્થનું એક વાક્ય હોય છે. ગીતા એ સ્વતંત્ર ગ્રંથ નથી. વ્યાસ-રચિત મહાભારતનો અંશ છે. કોઈ પણ ભાષ્યકારને મૂંઝવણ થાય એવી માનવસંબંધોની એક અટપટી, નાજુક ભાત ગીતાની આજુબાજુ ગૂંથાઈ ગઈ છે. શ્રીકૃષ્ણ મોહવશ થયેલા અર્જુનને 'છિન્નસંશય' કરવા જીવનનું રહસ્ય સમજાવે છે. એટલે એમાં કૃષ્ણાર્જુન સંવાદ તો છે જ. પણ એ પ્રત્યક્ષ સાંભળેલો કે જોયેલો નથી. પણ કુરુક્ષેત્રને વચ્ચે કૃષ્ણ અને અર્જુન સિવાય ત્રીજી એક વ્યકિત ત્યાં હાજર ન હોવા છતાં બધું જ જુવે છે. સાંભળે છે. એ છે વ્યાસકૃપાથી દિવ્યદૃષ્ટિ પામેલો સંજય! કુરુક્ષેત્ર પર જે કાંઈ થાય તે અંધ રાજા (અને પિતા) ધૃતરાષ્ટ્ર જાણી શકે માટે વ્યાસે સંજયને દિવ્યદૃષ્ટિ અને દિવ્ય શ્રુતિ પણ આપી છે અને સંજયે કથન કરેલી વાત વ્યાસ મુનિએ ગ્રંથસ્થ કરી છે. એટલે ખરી રીતે જોતાં ગીતા એ ધૃતરાષ્ટ્ર અને સંજય વચ્ચેનો સંવાદ છે. ગીતાનો પ્રારંભ ધૃતરાષ્ટ્રના પ્રશ્નથી થાય છે.

'ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવ: ।
મામકા: પાણ્ડવાશ્ચૈવ કિમ કુર્વત સંજય'।।

સંજયને દિવ્યદૃષ્ટિ મળી છે કારણ એનું મન શુદ્ધ છે. કોઈ પણ પૂર્વગ્રહથી એ દૂષિત નથી. અત્યંત પ્રામાણિક છે. જે જુવે તે સમજવા જેવો બુદ્ધિશાળી છે. એટલું જ નહીં પણ જોયા પછી પોતે જે સમજે છે તે સમજાવીને કહેવાની પાત્રતા પણ એ ધરાવે છે એવા સંજયમુખે આપણે ગીતા પામ્યા છીએ. આ પશ્ચાદ્‌ભૂ પર ગીતા જુદી જ લાગે છે. વધારે પરિણામકારક લાગે છે. જ્ઞાનદેવ આ સંજયને ભૂલતા નથી અને જેને નિમિત્તે સંજયને દિવ્યદૃષ્ટિ મળી તે ધૃતરાષ્ટ્રને પણ એઓ ભૂલતા નથી. એ બંને પાત્રો જ્ઞાનેશ્વરીમાં માનવી સ્વભાવના જુદાં પાસાં અને પ્રતિભાવ બતાવી એક અનેરો રંગ પૂરે છે.

મૂળ ગીતામાં છે તેમ જ્ઞાનેશ્વરીમાં ધૃતરાષ્ટ્ર માત્ર એક પ્રશ્ન પૂછી અઢાર અધ્યાયની ગીતા ચૂપચાપ બેસીને સાંભળી નથી લેતો. એના સ્વભાવ

પ્રમાણે એ સંજયને બોલતો અટકાવે છે પોતે પૂછેલા પ્રશ્નનો ઉત્તર માગ્યા કરે છે. એના મનમાં કૃષ્ણ માટે ભક્તિ, લાગણી, પ્રેમ એવું કશું જ નથી. અર્જુન એનો ભત્રીજો, એના પુત્રોનો બળવાન શત્રુ છે. એટલે એને માટે મનમાં સારો ભાવ તો નથી જ. આખા વિશ્વની રચના કે માનવી જીવનના શ્રેયની એને કાંઈ પડી નથી અને એ ભલે વૃદ્ધ છે. અંધ છે. છતાં એ સમ્રાટ છે. સર્વસત્તાધીશ છે. પોતાનો અણગમો પોતાના સેવક સામે બતાવતાં એ જરા પણ સંકોચ અનુભવતો નથી. પોતાનું પદ અને વડીલપણું એ વિશે એ વધારે પડતો સભાન છે. ત્યારે સામે સંજય પણ કોઈ જેવી તેવી વ્યક્તિ નથી. કુરુકુળ સાથે એનો જૂનો સંબંધ છે. કુરુક્ષેત્રના યુદ્ધ પહેલાં કૌરવ અને પાંડવ વચ્ચેના સંદેશાની આપલે કરવાવાળો એ ચતુર સંધિવિગ્રાહક છે. બંને બાજુ એને રાજપુરૂષ જેવું માન અપાય છે. વિનય અને વિવેકમાં એને કોઈ પહોંચે એમ નથી. રાજા સાથેની એની એકનિષ્ઠા શંકાતિત છે. છતાં એના મનમાં પાંડવો માટે દ્વેષભાવ નથી. કારણ એને કોઈ અંગત સ્વાર્થ નથી. એટલે જ સત્ય સમજવાની પાત્રતા એ ધરાવે છે. જે સમજે એ સ્વીકારવાની નિખાલસતા પણ એનામાં છે. રાજાનો એ વિશ્વાસપાત્ર 'સ્વજન' છે. રાજા પોતાના મનની મૂંઝવણ, પોતાનું લોભીપણું સંજય આગળ વ્યકત કર્યા જ કરે છે. બે વચ્ચે ઔપચારિકતા જરા પણ નથી. રાજાના મનમાં પ્રથમ શ્લોકમાં પૂછાયેલી એકની એક જ વાત ઘોળાયા કરે છે. "મારાં અને પાંડુના પુત્ર મળીને શું કરી રહ્યાં છે? યુદ્ધમાં અંતે મારાં છોકરાઓ જીતશે કે નહીં?" અને એ જ વાત જ્ઞાનેશ્વરીમાં એ સંજયને ફરી ફરી અને ફેરવી ફેરવીને પૂછયા કરે છે. સંજય પ્રયાસપૂર્વક મનની સમતુલા રાખી રાજાને સાચવી લે છે. (મહાભારત (૫ : ૨૩૦) સંજય રાજાને બરાબર ઓળખે છે. તેમજ રાજસભામાં ચાલતાં કારસ્તાનો અને રચાતાં ષડ્યંત્રોની પણ એને પૂરી ખબર છે. દૂતકર્મમાં એ પ્રવીણ છે. કુરુક્ષેત્ર પર જે ચાલી રહ્યું છે તેની આગળપાછળની કારણ પરંપરાથી એ જ્ઞાત છે અને પોતે વ્યાસજીએ ધૃતરાષ્ટ્રને 'જયાં ધર્મ ત્યાં જય એ સનાતન સત્ય છે. હવે જે થાય એ જોઈ લે. સહી લે.' એમ કહેલું સંજયે પ્રત્યક્ષ સાંભળ્યું છે. 'જયાં ધર્મ ત્યાં જય' એ વ્યાસોક્તિ એના મનમાં ઊતરી ગઈ છે. મહાભારતમાં સંજયના વ્યક્તિત્વનું આ પ્રકારનું વર્ણન કરેલું છે. ગીતામાં સંજય માત્ર વાર્તાહરની ભૂમિકા ભજવે છે. છતાં સંજય જેવો માણસ દિવ્ય-દષ્ટિ વડે વિશ્વરૂપનું દર્શન કરે, સ્વયં ભગવાનને મુખે જીવનનું રહસ્ય સાંભળે

ત્યારે એ દિવ્ય અદ્‌ભુત દર્શનની એના પર કાંઈ જ અસર ના થાય એ કેમ માની શકાય? જે જોયું અને સાંભળ્યું એમાં એ ખોવાઈ જાય. એના મોંમાંથી ભાવોદ્‌ગાર નીકળે એ તદ્દન સ્વાભાવિક છે. મૂળ ગીતામાં છેલ્લે છેલ્લે એ કહે છે 'રાજન્ સંસ્મૃત્ય સંસ્મૃત્ય સંવાદમિદમદ્‌ભુતમ્ । કેશવાર્જુનયોઃ પુણ્યં હૃષ્યામિ ચ મુહુર્મુહુઃ ॥' ૧૮ : ૭૬ ॥ 'હે રાજન્, કેશવ અને અર્જુન વચ્ચેનો આ અદ્‌ભુત અને પવિત્ર સંવાદ ફરી ફરી યાદ કરીને હું વારંવાર હર્ષ અનુભવું છું. એને પૂછેલા પ્રશ્નનો ઉત્તર, યુદ્ધના અંત વિશેનો પોતાનો અભિપ્રાય પણ એ નિઃસંદિગ્ધ શબ્દોમાં કહી દે છે :

'યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ ।
તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ॥ ૧૮–૭૮.

જ્યાં યોગેશ્વર કૃષ્ણ છે, જ્યાં ધનુર્ધારી પાર્થ છે, ત્યાં જ શ્રી છે. વિજય છે. વૈભવ છે. અવિચળ નીતિ છે એમ મારી મતિ કહે છે.' અને આ જ ગીતાનો પૂર્ણ વિરામ છે. ધૃતરાષ્ટ્રના પ્રશ્નથી ગીતાનો આરંભ થાય છે. અને સંજયના નિવેદનથી એ પૂર્ણ થાય છે. સંજય અને ધૃતરાષ્ટ્ર આ પાત્રો ગીતામાં ગૌણ કેમ ગણાય? આખા ચિત્ર પાછળ ઢંકાઈ ગયેલાં છતાં સમગ્ર ચિત્રને ધારણ કરનારાં ફલક જેવાં આ બે જણ છે. જે જીવનનો અર્થ ગીતા તત્ત્વમાંથી જાણી લેવો છે તેના આ બે મહત્ત્વના અંશ છે ગીતાના સર્વકાળ સાક્ષી એવાં બે ભિન્ન મનોવૃત્તિના આ બે પ્રતિનિધિ છે. અને જ્ઞાનેશ્વરે જ્ઞાનેશ્વરીમાં એ રીતે જ એમના પ્રતિભાવ રજૂ કર્યા છે.

ધૃતરાષ્ટ્રના પ્રથમ પ્રશ્ન સાથે જ એની મનોભૂમિકા પણ જ્ઞાનદેવ વ્યકત કરે છે.

"તરી પુત્ર સ્નેહે મોહિતુ । ધૃતરાષ્ટ્ર અસે પુસતુ ।
સંજયા સાંગે માતું । કુરુક્ષેત્રીંચી ॥
જે ધર્માલય મ્હણિજે । તે થ પાંડવ આણિ માઝે ।
ગેલે અસતી વ્યાજેં । ઝુઝાયેની ॥
તરી તેંચિ યેતુલા અવસરીં । કાય કીજત અસે યેરયેરીં ।
તેં ઝડ કરીં કથન કરી । મજપ્રતી ॥" (૧–૮૫–૮૬–૮૭)

ભગવદ્‌ગીતાના પ્રથમ શ્લોકનો આ ભાવાર્થ છે. તેમાં છેલ્લે 'ઝડકરી' ઝટ્ કહી દે આ શબ્દ વડે જ્ઞાનદેવ ધૃતરાષ્ટ્રના માનસનો આખો પટ

જાણે ખોલી નાંખે છે. 'મારાં અને પાંડુના પુત્રો કુરુક્ષેત્ર પર યુદ્ધ કરવા ભેગા મળ્યા છે. એઓ ત્યાં શું કરી રહ્યાં છે તે તું મને ઝટ્ કહી દે.' આ પ્રશ્ન પૂછનાર ધૃતરાષ્ટ્રનો લોભી સ્વભાવ, વૃદ્ધત્વ સહજ ઉતાવળાપણું, અંધત્વને કારણે થતી અકળામણ અને એના વ્યક્તિત્વના સ્થાયી ભાવ સમું એનું છીછરાપણું બધું જ એ એક શબ્દ 'ઝટકરી'માં એકી સાથે વ્યક્ત થયું છે.

રણાંગણ પર ભેગા થયેલા સ્વજનોને જોઈ અર્જુનને વિષાદ થાય છે. એ ગાંડીવ નીચે મૂકી શોકમગ્ન થઈ બેસે છે. એના મનમાં વિરક્તિ નિર્માણ થાય છે પણ આ બધું સાંભળીને એના પિતા જેવા ધૃતરાષ્ટ્રના મન પર કાંઈ અસર થતી નથી! અર્જુનના મનની 'કૃપયાવિષ્ટ' અવસ્થા સંજય સમજી શકે છે એ અવસ્થાનું વર્ણન કરી એ ધૃતરાષ્ટ્રને કહે છે,

"જૈસે લવણ જળે ઝળંબલે । નાતરી અભ્ર વાતેં હાલે ।
તૈસે સધીર પરિ વિરમલે । હૃદય તયાચેં ॥
મ્હણૌનિ કૃપા આકળિલા । દિસતસે અતિ કોમાઈલા ।
જૈસા કર્દમીં રૂપલા । રાજહંસ ॥" (૨–૩–૪)

સંજય આત્મીયતાથી અર્જુનના મનોભાવ સાથે સમરસ થઈને વર્ણન કરે છે. "મીઠું પાણીમાં ઓગળી જાય, પવનના ઝાપટાથી વાદળ આમતેમ વિખેરાઈ જાય, તેમ ધીરવીર હોવા છતાં સ્વજનો પ્રત્યેના સ્નેહથી એનું મુખ કરમાઈ ગયું છે. એ વિલાઈ ગયો છે. કાદવમાં ખૂંપી ગયેલ રૂપાળા રાજહંસ જેવો એ દયામણો લાગે છે." કોઈને પણ એના પર દયા આવે એવી એની સ્થિતિ થઈ છે.

શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવે છે. ત્યારે કૃષ્ણના મનોભાવ કેવા હશે તે પણ ધૃતરાષ્ટ્રને, જ્ઞાનદેવના શ્રોતાઓને અને આપણા જેવા વાચકોને પણ સંજય દ્વારા જ જાણવાનું મળે છે. કારણ એ પ્રસંગનો એ એકમાત્ર સાક્ષી છે, શ્રોતા છે, પ્રેક્ષક છે અને બાકીનાં ત્રણે પાત્રો, કૃષ્ણ, અર્જુન અને ધૃતરાષ્ટ્રને એ બરાબર ઓળખે છે. એ ત્રણેના મનમાં પ્રવેશવાની પાત્રતા એ ધરાવે છે. એ એની પોતાની શક્તિ છે. તેથી એને દિવ્યદૃષ્ટિ માટે વ્યાસજી જેવાએ પસંદ કર્યો હશે એમ માની શકાય.

ગાંડીવ નીચે મૂકી ખિન્ન થઈને બેસી ગયેલા અર્જુનને શ્રીકૃષ્ણ સમજાવે છે પણ અર્જુન એટલો બધો લાગણીવશ થયો છે કે એ પોતે પોતાની

મર્યાદાને વિસારી કૃષ્ણને ધર્મ અને નીતિનાં તત્ત્વો શીખવાડવા બેસી જાય છે. એને જે કહેવું છે તે બધું જ કૃષ્ણ ધીરજથી સાંભળી લે છે. તે વખતે કૃષ્ણના મનોભાવ કેવા હશે તે (જ્ઞાનદેવનો) સંજય ધૃતરાષ્ટ્રને કહે છે.

"તે કારણ મનીં ધરિલેં । મગ સરોષ બોલોં આદરિલેં
જૈસે માતેચાં કોપીં થોકલેં । સ્નેહ આથી ॥
કીં ઔષધાચિયા કડુવટપણીં । જૈસી અમૃતાચી પુરવણી ।
તે આહાચ પરિ ન દિસે ગુણીં । પ્રકટ હોય ॥
તૈસી વરિવરિ પાહતાં ઉદાસેં । આંત તરી અતિ સુરસેં ।
તિયેં વાક્યે ઋષિકેશે । બોલોં આદરિલી ॥" (૨–૮૮–૮૯–૯૦)

"છોકરું માને નહીં એટલે માં વઢે. પણ એના કઠોર વચન પાછળ એનો સ્નેહ જ હોય. દવા ભલે સ્વાદમાં કડવી ઝેર જેવી હોય પણ પરિણામે એ અમૃત જેવી પુરવાર થાય એવી રીતે ઉપરથી કઠોર ભાસે પણ અંદરથી પ્રેમરસ છલકાતો હોય એવાં વચનો ઋષિકેશે કહ્યાં" 'કડવા ઓસડિયાં તો માવડી જ પાયને !' જ્ઞાનદેવના શ્રોતાઓને આ દૃષ્ટાંત કેવું જચી ગયું હશે !

ભગવાન અર્જુનને જીવન રહસ્યનું એક એક પડ ઉકેલીને સત્યદર્શન કરાવે છે અર્જુનનો મોહ દૂર થતો જાય છે અને જિજ્ઞાસા જાગે છે. એ પ્રશ્ન પૂછે અને ભગવાન પ્રેમથી મન મૂકીને ઉત્તર આપે. એ બે વચ્ચેના અપૂર્વ સ્નેહસંવાદનો શબ્દેશબ્દ ઝીલી, સમજીને સંજય રાજાને સમજાવે છે. એ એનું કર્તવ્ય કરે છે. પણ એને માટે જે તટસ્થતા અભિપ્રેત છે એ એ સંવેદનશીલ બુદ્ધિશાળી સંજય જાળવી શકતો નથી! સામે દેખાય છે, કાને સંભળાય છે એ જોયાં પછી, સાંભળ્યા પછી એ આનંદવિભોર થાય છે. નરી હકીકત કહેવાને બદલે એ પોતાના ભાવ પણ એમાં ઉમેરવા લાગે છે. એક એક પ્રસંગનું વર્ણન રંગમાં આવીને કરે છે. પણ એની સામે બેઠેલા ધૃતરાષ્ટ્ર બેધ્યાન છે. ઉદાસીન છે. એમને આ 'અવાંતર વાતોમાં' રસ નથી. સંજયને એ ખબર પડે ત્યારે વારે વારે 'અવધારિજો જી—ધ્યાન દઈ સાંભળજો રાજ !', 'આપનું ધ્યાન છે ને રાજન ? એમ કાંઈ ને કાંઈ કહી રાજાને પોતાની વાતો પ્રત્યે રુચિ થાય એવા પ્રયત્ન કરે છે. પણ રાજાને એ વાતોનો માત્ર કંટાળો જ નથી પણ અણગમો છે ! સંજય જેવા ચતુર પુરુષ એ તરત પામી જાય છે અને મનમાં વિચારે છે,

"સહજે બ્રહ્મરસાચે પારણેં । કેલેં અર્જુના લાગીં નારાયણેં ।
કીં તેચિ અવસરીં પાહુણે । પાતલો આમ્હી ॥

કેસી દૈવાચી થોરી નેણીજે । જૈસે તાન્હે લિયા તોય સેવિજે ।
કીં તેથિ ચવિ કરુનિ પાહિજે । તંવ અમૃત આહે ।।" (૬ : ૨ : ૩)

"અરે! આ તો પ્રભુએ અર્જુન માટે આ બ્રહ્મરસ પિરસ્યો ત્યાં અમે અનાયાસે પરોણા થઈ પહોંચી ગયા. કેવી આ નસીબની બલિહારી! તરસ્યાને પાણી મળે ને આનંદથી એ પીવા જાય ત્યારે ચાખતાં ખબર પડે કે આ તો અમૃત છે! મહારાજ આ તે કેવો અલભ્ય લાભ થયો છે!"

પણ એના આ આનંદોદ્ગાર સાંભળી પ્રસન્ન થવાને બદલે ધૃતરાષ્ટ્ર રોષે ભરાઈને એને તોડી પાડે છે,

"તું આ બધું લાંબું લાંબું મને શું કામ કહ્યા કરે છે? આ ભગવાન અને બ્રહ્મરસ ને આવું તેવું કાંઈ મેં ઓછું તને પૂછ્યું છે? જે કહેવાનું છે તે કહે ને!" આ સાંભળી સંજયને રાજાની દયા આવે છે. આ બિચારા જન્માંધ તો છે જ, પણ હવે રાજ્યલોભ અને પુત્રસ્નેહથી એમનું મન પણ મોહાંધ થયું છે. હશે. પણ એ છે તો મને આ દિવ્યદૃષ્ટિ મળી અને આ અનેરો લાભ થયો. જવા દો. એમને રુચિ ના હોય તો રહ્યું! સ્પષ્ટ બોલવાથી એમના સ્વભાવમાં કશો ફેર પડવાનો નથી ઊલટાના નકામા નારાજ થશે. એમ વિચાર કરી સંજયે પોતાની દૃષ્ટિ પાછી કુરુક્ષેત્ર તરફ વાળી છે અને વાણીમાં બને એટલી તટસ્થતા લાવવાનો સંકલ્પ કર્યો છે.

પણ સંજયનું આ વ્યવહારુ ડહાપણ, પરાણે અપનાવેલી તટસ્થતા, ક્યાં સુધી ટકવાની હતી? દુઃખ ગળવું સહેલું છે. પણ પરમાનંદ ચંપાના મહેકતા ફૂલ જેવા હોય છે. પાંદડાં એને સંતાડવા માગે તો પણ એનો પરિમલ પ્રસરે જ તેમ આનંદ છૂપો રહી જ શકતો નથી. અને આ કાંઈ સામાન્ય આનંદ ઓછો છે? પ્રત્યક્ષ પરમેશ્વરનું વિશ્વરૂપ સામે દેખાય છે! ચરાચરમાં બ્રહ્મતત્ત્વ ક્યાં ક્યાં અને કેવી રીતે વિલસે છે તે સ્વયં પરમેશ્વરના દિવ્ય શબ્દોમાં સાંભળી શકાય છે, પ્રભુ માત્ર કહેતા નથી. અર્જુન પરનો સ્નેહ એમના શબ્દમાંથી નીતરે છે. એઓ સમજાવે છે. પટાવે છે. બતાવે છે. કેવો અલભ્ય, અતર્ક્ય, અકલ્પ્ય એવો લાભ! જ્ઞાનદેવનો સંજય પોતાનો સેવ્ય-સેવક ભાવ ઘડીક ભૂલી જાય છે. ધૃતરાષ્ટ્રનો સ્વાર્થી સ્વભાવ પણ એને યાદ આવતો નથી. આજુબાજુના સંજોગો વિશે હમેશાં સભાન રહેનારો એ ચતુર રાજપુરુષ સંજોગો પણ ભૂલી જાય છે. સામે દેખાતા દિવ્યદર્શન અને કથન સાથે એ એકાકાર થતો જાય છે.

"ઐસે સાવળેની પરબ્રહ્મ! ભક્તકામ કલ્પદ્રુમેં
બોલિલે આત્મારામેં ।।" (૯ – ૫૨૦)

'એ શામળિયાના, એ પરબ્રહ્મના, એ ભક્તોની કામના પૂર્ણ કરનાર કલ્પવૃક્ષ સમા પ્રભુના બોલ મારો માંહ્યલો જ ના બોલતો હોય, એવું લાગે છે!' કૌરવ–પાંડવના વિગ્રહમાં પાંડવોના પક્ષમાં ગયેલો દ્વારકાધીશ યદુરાજ સંજયને સ્મરતો નથી. કૌરવોનું નિકંદન કરવા પ્રતિજ્ઞાબદ્ધ થયેલો ધનુર્ધર પાર્થ પણ એને દેખાતો નથી. કુરુક્ષેત્ર પણ દેખાતું નથી. એક બીજાને મારવા તૈયાર થઈને ઊભેલી અક્ષૌહિણી સેનાઓ દેખાતી નથી. દેખાય છે માત્ર એ શામળિયાનો વિસ્તાર! કાન પર પડતા મધુરતમ શબ્દ બહારથી નથી આવતા. એ એના અંતરતમ અંતરમાંથી જ ઊમટતા લાગે છે! આત્મારામ બોલે છે! અદ્વૈતનો એ અપૂર્વ સાક્ષાત્કાર સંજયને થાય ત્યારે જ ગીતાજીના એ ઉદ્ગાતા બીજાને પણ એ કરાવી શકે ને!

'હવે શાની તટસ્થતા? કેવું ડહાપણ?' જ્ઞાનદેવ આ સંજયને ગૌણ ગણતા નથી. કથનના ઓઘમાં એને ભૂલી જતા નથી. કેટલીકવાર તો એમ લાગે છે કે એઓ પોતે સંજય થઈને ગીતાનું નિરૂપણ કરતા ના હોય! સંજયની દિવ્યદૃષ્ટિથી એઓ જુવે છે. એની શ્રવણ શક્તિ પામ્યા હોય તેમ ઈશ્વરી વાણી જાણે એઓ પ્રત્યક્ષ સાંભળે છે. એટલું જ નહીં પણ એ દિવ્યદૃષ્ટિ એઓ પોતાના શ્રોતાઓને પણ આપવા પ્રયાસ કરે છે. 'આપણા સારીખે કરિતી તાત્કાળ' બધાંને પોતાની 'જમાતમાં' ભેળવી દેવા માગે છે!

આત્માનંદ તનમનમાં સમાતો નથી, એનું લ્હાણું કર્યા વિના રહેવાતું નથી. કોઈ સહભાગી ના થાય ત્યાં સુધી આનંદ માણી શકાતો નથી. માનવીની એ સનાતન ભૂખ છે. સંજય એ 'સહઅનુભવ' કોની સાથે માણે? એની સામે માત્ર એક જ વ્યક્તિ છે. રુષ્ટ, નિર્વિકાર, રૂક્ષ ભાવે બેઠેલાં, સંજયના 'નકામા લવારાથી' કંટાળી ગયેલા–રાજા ધૃતરાષ્ટ્ર! સંજય કરગરીને રાજાને પૂછે છે,

"અહો! ઐકિજત અસે કીં અવધારા?" (૯–૨૦)

"રાજન્! ધ્યાન દઈને સાંભળો છો ને?" પણ એવા એના કમભાગ્ય કે પરમાનંદ પામ્યાનો એ ક્ષણ એને એકલાને જ માણવો પડે છે. અનરાધાર વર્ષા વચ્ચે પણ પાડો કોરો ને કોરો રહે તેમ એ ચક્ષુહીન, મોહાંધ રાજા એના આનંદથી અળગો ને અળગો જ રહે છે! "મારાં અને પાંડુના લડે છે. એમાંથી જીતે છે કોણ? એ એક જ ચિંતા, ચિંતન અને વિચાર એના તનમનને વ્યાપી રહેલો છે. આટલું આટલું સાંભળ્યા પછી પણ એનામાં લેશમાત્ર પરિવર્તન થતું નથી.

'આ બધું મેં જોયું સાંભળ્યું અને આમને કહ્યું ત્યારે ખરેખર આ કુરુરાજા અહીં જ હતા ખરા ?' સંજય વિચારે છે.

"અહા ! અમૃતાચા પાઊસ વર્ષલા ।
કીં હા યેથ અસતુંચી ગેલા ? સેજીયા ગાવા ॥' (૯–૫૨૬)

"અહીં આ અમૃત વરસતું હતું ત્યારે આવા આ અહીં જ હતા કે જોડેના ગામમાં પહોંચી ગયા હતા !" જરા જેટલી પણ અસર ના થાય એ કેમ બને ? ગમે તેમ ! પણ આખરે એ રાજા છે. ધણી છે. અન્નદાતા છે ! એને વિશે મનમાંને મનમાં પણ વિવેક છોડી આવી રીતે ના વિચારાય. એ પાપ કહેવાય એમ મન વાળી સંજય રાજા સામે જોવાનું માંડી વાળે છે. એમના દર્શન તો જિંદગીભર કરવાના જ છે. સામે દેખાય છે એ જન્મજન્માંતરે પણ જોવા નહીં મળે. એવો વિચાર કરી એ મનથી રાજા પાસેથી દૂર હઠે છે અને પાછો આત્માનંદમાં ડૂબી જાય છે. સુખસાગરના ઊછળતા મોજામાં એની 'જીવદશાની આટણી' થાય છે. દૂધ કઢે ત્યારે પાણી બળી જાય અને માવો બાકી રહે તેમ એના દેહભાવ ગળતા જાય છે અને માત્ર આત્માનંદ તન-મનને વ્યાપી રહે છે. આંખમાંથી આનંદાશ્રૂ સરે છે. રોમે રોમ આનંદાતિશયથી પુલકિત થાય છે. એની આ મન:સ્થિતિનું વર્ણન નવમા અધ્યાયની ૫૨૬ થી ૩૨ ઓવીઓમાં કર્યું છે. આવી આનંદ સમાધિમાંથી જાગવાનું કોણે મન થાય ? પણ શું કરે ? વ્યાસ મહર્ષિ જેવાની આણ છે. પોતાનો સેવકધર્મ પણ સંજય સારી પેઠે જાણે છે. એટલે આનંદાશ્રૂ લૂછી સંજય પરાણે પોતાની મૂળ ભૂમિકા સાચવી રાજાને વિવેકથી કહે છે, 'અવધાન હોજી'.

કૃષ્ણ દ્વૈપાયન વ્યાસજીની આણને પણ ભૂલાવે એવું વિરાટ વિશ્વરૂપ કૃષ્ણે અર્જુનને પ્રત્યક્ષ બતાવ્યું. એ લ્હાવો સંજયને પણ મળ્યો. ચરાચરમાં પોતે ક્યાં ક્યાં વસે છે તે વિભૂતિ યોગ પણ સ્વયં પ્રભુને મુખે સાંભળ્યો. સંજય અર્જુન પ્રત્યેની કૃતજ્ઞતા રોકી શકતો નથી. એના મોંમાંથી શબ્દ સરી પડે છે.

"જે રાયા તો પાંડુસુતુ । ઐસિયે પ્રતીતીસિ આલા વરૈતુ ॥"૧૦.૩૨૮.

"રાજા, આ પાંડુસુતે પ્રશ્ન પૂછ્યાં અને એને લીધે આપણને દેવોને પણ દુર્લભ એવું જોવા અને સાંભળવા મળ્યું. સાક્ષાત્ શ્રીમુખે જીવનનું રહસ્ય આપણે પામ્યા. પાંડુસુતના આ ઉપકાર કેમ કરીને ભૂલી શકાય ?" જે ધનંજય વિશે રાજાના મનમાં દ્વેષ છે, વૈરભાવ છે, તેને વિશે પોતાનો

સેવક, વારંવાર વારવા છતાં આવાં સ્તુતિવચન કહ્યા જ કરે છે એ સાંભળી રાજા પોતાનો રોષ સ્પષ્ટ દેખાય એવી રીતે મોં ફેરવીને મૌન બેસી રહ્યો. એ જોઈ સંજય મનમાં વિચારે છે.'' અરેરે ! કોઈ પણ તપ, સાધના યજ્ઞ, પુણ્યકાર્ય કે દાન કર્યા વિના આ લાભ થતો હોય ત્યારે એ ન લેવો, મોં ફેરવી લેવું એના જેવું આશ્ચર્ય બીજું હશે ખરું ? અત્યાર સુધી મને લાગતું હતું કે કુરુકુળોત્તમ સમ્રાટને પદે વિરાજતા મહારાજના ચર્મચક્ષુ ભલે દેખી ના શકતા હોય પણ એમના જ્ઞાનચક્ષુ તો સતેજ અને જાગ્રત હશે. પણ કમભાગ્યે એવું માનવામાં મારી ભૂલ હતી. હશે ! આ સમયે અર્જુન જે જે પામે છે તે બધું હું પણ અનાયાસે પામી શકું છું. મારો અવતાર સાર્થક થાય છે.' (૧૦–૨૭–૨૮–૨૯–૩૦)

ગીતાના અઢારે અધ્યાય પૂરા થાય ત્યાં સુધી આ ચાલ્યા જ કરે છે. સંજયના મગજમાંથી યુદ્ધ જતું રહ્યું છે. નિજાનંદમાં એ ખોવાઈ ગયેલો એ કાં કૃષ્ણની સ્તુતિ કરે છે, કાં અર્જુનની. અને વચ્ચે ન સમજાય એવી મોટી મોટી વાતો કર્યા કરે છે ! બિચારા ધૃતરાષ્ટ્રની સહનશક્તિનો પણ અંત આવી જાય છે. આખરે ચૌદમાં અધ્યાયમાં એ સંજયને રોકડું જ પરખાવે છે.

''સંજયા હેં તૂં તેં કોણેં । પુસલે વીણ વાગાણેં ।
કાં બોલસી ?
માઝી અવસરીં તે ફેડી । વિજયાચી સાંગે ગુઢી ।
ગેરુ જીવી મ્હણે સોડી । ગોઠી ગિયા ॥'' (૧૪ : ૪૦૯–૧૦)

''આ બધું તને કોણે પૂછ્યું હતું રે સંજય ? આવી નકામી વાતો તું મારી આગળ શું કામ કરે છે ? મારાં છોકરાઓ યુદ્ધમાં કેવી જીત મેળવે છે તેનું વર્ણન કરી એમના વિજયની વાતો કરી મારું મન ઠારતો હોય તો ! તું મારા મનની શંકાઓનું નિરસન પહેલાં કર. અધ્યાત્મ અને પરમાર્થની વાતો તું તારી પાસે રાખ !''.

આ સાંભળી સંજય વિચારે છે, 'દૈવગતિ કેવી વિચિત્ર છે ! મોહથી આ માણસની બુદ્ધિ હણાઈ ગઈ છે. સંવેદના મરી ગઈ છે. પરમેશ્વર જ હવે એના પર દયા કરે એ મહારોગથી પણ ભયંકર એવા આ મહારોગમાંથી એને ઉગારે !' ભગવાન પાસે એવી પ્રાર્થના કરવા શું કરી શકાય ?' એમ વિચારી સંજય બને એટલો વિવેક સાચવી પોતાનું નિવેદન પાછું શરૂ કરે છે. રાજા વિશે પણ એના મનમાં નિષ્ઠા

છે. દયા છે અને સહાનુભૂતિ પણ છે. એટલે જ સંજયને એને માટે વારંવાર લાગી આવે છે. એ પોતાના મનને સમજાવે છે, 'હું નિર્મળ મનથી જોઈ શકું એટલે મને પરબ્રહ્મના દર્શન થયાં. પણ રાજાને મન એ બે એના બળવાન શત્રુ જ છે. રાજા એમનો સર્વનાશ ઇચ્છે એ સાવ સ્વાભાવિક છે. અને હું વારંવાર એમને નમી પડું, એમની સ્તુતિ કરું એ આ કેમ ખમી શકે?

"આ અતિશયો યા નૃપતિ ।
ખુપેલ મ્હણૌનિ કિતી । બોલત અસોં ।। (૧૭–૪૩૧)

"રાજા માટે આ જરા વધારે પડતું છે. મારાં શબ્દ એમને ખૂંચ્યા વગર કેમ રહે? મારું બોલવું ગમે નહીં તો પણ સાંભળી લેવું પડે છે!" એટલે એ પોતાની જાતને ફટકારે છે. 'ના. રાજાનો જીવ દુભાય, એમને પીડા કરે એવું મારાથી ના બોલાય.'

ધૃતરાષ્ટ્ર અને સંજય બંનેના મન પર અસહ્ય તાણ છે. સંજયને બ્રહ્માનંદ થાય છતાં સેવકધર્મની પાળ આડે આવે છે. એ આનંદ મનમુક્ત માણી શકાતો નથી. એના સંયમની, ધીરજની, કુનેહની આકરી કસોટી થાય છે, કાંઈક સંકોચ, કાંઈક લાચારીનો ભાવ, રાજાની અવકૃપાની બીક, આ બધું જ એના મનમાં છે. બીજી બાજુ દિવ્યદૃષ્ટિ વડે એ જે જુવે છે તેથી મન, અંતઃકરણ બધું જ શુદ્ધ થતું જાય છે. એના પરના અહંકાર, માયા, મોહના આવરણ એક પછી એક ઊતરતા જાય છે અને નકરું જ્ઞાન મનમાં પ્રવેશ કરવા માગે છે અને સંજયના પોતાના મનમાં એક યુદ્ધ શરૂ થાય છે! આખી ગીતા સાંભળી ધૃતરાષ્ટ્ર ભલે કોરો રહ્યો. પણ સંજયને મળેલી દિવ્ય દૃષ્ટિ સાર્થક થઈ છે. એ ધીમે ધીમે નિર્ભય અને નિઃશંક થતો જાય છે અને અઢારમા અધ્યાયને અંતે રાજાએ વારંવાર પૂછેલા એ એકના એક પ્રશ્નનો નિઃસંદિગ્ધ જવાબ એ આપે છે.

"કિંબહુના એસા નૃપા । પાર્થુ ઝાલાસે કૃષ્ણ કૃપા ।
તો જયા કડે સાક્ષેપા । રીતિ આહે ।।
તોચિ ગા વિજયાસી ઠાવો । યેથ તુજ કોણ સંદેહો
તેથ ન યે તરી વાવો । વિજયોચિ હોય ।।
જરી વ્યાસાચેનિ સાચે । ધિરેં મન તુમચેં ।
તરી યા બોલાચે । ધ્રુવચિ માન ।।
મ્હણોનિ યેથ જે શ્રીમંતુ । જેથ તો પાંડુચા સુતુ ।
તેથ વિજયો સમસ્તુ । અભ્યુદયો તેથ ।।" (૧૮ : ૧૬૫૪–૫૫–૫૬)

ધૃતરાષ્ટ્રના પોતાના મનમાં પણ ગડમથલ ચાલતી જ હશે. અઢારમા અધ્યાયમાં એ જ્યારે સંજયને કહે છે, 'તું ભલે મને ગમે તે કહેતો હોય તો પણ,'

"યેરવ્હી વિશેષે બહુતેક । આમુચે ઐસે માનસિક
જે દુર્યોધનાચે અધિક । પ્રતાપ સદા ॥" (૧૮ : ૧૬૨૯)

'મારા મનોદેવતા મને કહે છે કે દુર્યોધનનું બળ જ વધારે છે. એ મહાપ્રતાપી છે. સત્તાધારી છે. એટલે અંતે જય એનો જ થવાનો." અને પોતાનો આ અભિપ્રાય આપી રાજા ઉપરથી સંજયને પૂછે છે,

"આમ્હાં તંવ ગમે ઐસેં । મા તુઝે જોતિષ કૈસે ।
તેં નેણોં સંજયા અસે । તૈસે સાંગ પાં ॥" (૧૮ : ૧૬૩૧)

'તું એવું કેવું ભવિષ્ય ભાખે છે? અમને ગમે એવી વાત કર'. પોતાને ગમતો નિર્ણય સંજયને મોંએથી સાંભળ્યા વિના રાજાને ચેન નથી પડતું. સત્તાધારીનું આ માનસ છે! તે ઉપરાંત ક્યાંક અંતરથી પોતાની ભૂલ પણ એ અંધ રાજાને સમજાય છે અને અંતરના અવાજને દાબી દેવા રાજા બીજા કોઈના અભિપ્રાયનો ટેકો શોધે છે.

હવે સંજયમાં સત્ય કહી દેવા જેટલી હિંમત તો છે. છતાં એ તડ ને ફડ નથી કહેતો. ખૂબ વિવેકથી, એક પિતાને, સ્નેહાંધ અને મોહાંધ પિતાને, પોતાના વડીલ હોય એવા અન્નદાતાને સાંભળવી ન ગમે એવી વાત કહેવાની છે. અઢારમા અધ્યાયની ૧૬૩૨થી ૧૬૫૩મી ઓવી સુધી એ જુદા જુદા દાખલા આપે છે. જેમાં સત્યની પ્રતીતિ થાય. 'જ્યાં આયુષ્ય હોય ત્યાં જીવન હોય જ ને? ચંદ્ર સાથે ચાંદની અને શંકર સાથે પાર્વતી હોય જ. સંત હોય ત્યાં જ્ઞાન, દયા હોય ત્યાં ધર્મ હોય એ કહેવું પડે જ નહીં.' એવા એવા દાખલા આપી અંતે એ કહે છે, 'ચારે પુરુષાર્થ જેને લઈને સનાથ છે, એ ભગવાન કૃષ્ણ જ્યાં હોય ત્યાં લક્ષ્મી એને અનુસરે. જેના પક્ષમાં લક્ષ્મીપતિ સ્વયં છે ત્યાં બધી જ સિદ્ધિ પણ છે. ત્યાં જ જય છે. જ્યાં ભક્ત શ્રેષ્ઠ અર્જુન છે ત્યાં મંગલ છે. સૌખ્ય છે. મારું આ કહેવું અસત્ય હોય તો મને ભગવાન વ્યાસની આણ છે.' એમ બે બાહુ ઉભારી ઉભારી ઉચ્ચ સ્વરે સત્યનો ઉચ્ચાર કરે છે અને એ ઉચ્ચાર સાથે જ ભગવદ્ગીતા સંપૂર્ણ થાય છે.

સંજયની દિવ્યદષ્ટિનો લાભ સર્વને થાય, સર્વ નિ:શંક અને નિર્ભય થાય, સર્વત્ર આનંદમંગળ વર્તે એટલે જ્ઞાનેશ્વરે જ્ઞાનેશ્વરી કહી. સામે બેઠેલા શ્રોતાઓને

માત્ર 'શ્રીકૃષ્ણાર્જુન સંવાદ' પોતીકો ના લાગે! 'એ તો મોટાંની મોટી વાતો' લાગે પણ સંજય અને ધૃતરાષ્ટ્ર બંનેના મનોમંથનમાં શ્રોતાને પોતાનું પ્રતિબિંબ દેખાય. એવી રીતે મૂળમાં જે છે, છતાં એનો રસપરિપોષ કરવા પ્રત્યે ખાસ ધ્યાન નથી અપાયું તે જ્ઞાનદેવે કુશળતાથી ખીલવીને ધૃતરાષ્ટ્ર અને સંજય આ પાત્રો વડે શ્રોતાઓની પ્રજ્ઞાને જાગ્રત કરી છે.

જ્ઞાનેશ્વરીનું બીજું મહત્ત્વનું પાત્ર છે નિવૃત્તિનાથ. જ્ઞાનદેવના એ મોટાભાઈ છે. પણ જ્ઞાનેશ્વરીમાં એઓ ગુરુપદે વિરાજ્યા છે. ગીતાનું રહસ્ય જ્ઞાનદેવ ગુરુકૃપાથી પામ્યા છે. 'ગુરુની આજ્ઞા અને પ્રેરણાથી ગીતાર્થ, અને તે પણ મરાઠી ભાષામાં કહેવાનું અઘરું કામ કરવાની હિંમત જ્ઞાનદેવે કરી છે.' એવું જ્ઞાનદેવ વારંવાર કહે છે. ગુરુશિષ્ય સંબંધ અને ગુરુ પ્રત્યેનો પોતાનો ભાવ, ગુરુની મહત્તા, એ બધાંનું વર્ણન કરતાં જ્ઞાનદેવ થાકતા નથી. લીન થઈ કૃતજ્ઞ ભાવે એઓ ગુરુસ્તુતિ કર્યા જ કરે છે. પણ સામે બેઠેલા નિવૃત્તિનાથ મહાન છે. જ્ઞાની છે છતાં એ કોઈ 'અપાર્થિવ તત્ત્વ' નથી. માત્ર જ્ઞાનદેવ પ્રત્યે જ નહીં પણ વિશ્વસમસ્ત પ્રત્યે સમદૃષ્ટિથી જોનારા જ્ઞાની અધિકારી પુરુષ છે. યોગીઓમાં શ્રેષ્ઠ એવા જ્ઞાનદેવના એ ગુરુ છે. પોતાની સ્તુતિ સાંભળવી સામાન્ય માણસોને બહુ ગમે. પણ નિવૃત્તિનાથને સ્તુતિનો મોહ નથી. જ્ઞાનદેવનાં ભાવમધુર વચનો પણ એમને સ્પર્શ કરી શકતાં નથી. જ્ઞાનદેવને એ તટસ્થભાવે વારે છે. 'હવે વિષયાંતર બહુ થયું. શ્રોતાઓ આગળનું નિરૂપણ સાંભળવા ઉત્સુક છે.' એમ કહી અધિકારવાણીથી 'અનાવશ્યક વિસ્તાર' એઓ વારંવાર અટકાવે છે. એવા પ્રસંગો લગભગ દરેક અધ્યાયમાં છે. છતાં પાંચમા અધ્યાયમાં (ઓ. ૧૪૧–૪૩, દસમા અધ્યાયમાં (ઓ. ૧૬–૨૦) અને ચૌદમા અધ્યાયમાં તો પહેલી બત્રીસ ઓવી નિવૃત્તિનાથને મુખેથી બહાર પડેલી છે. નવ હજાર ઓવીઓની આ રચનામાં માંડ સો ઓવીઓ એમનાં પોતાનાં વચનો ઉધ્ધૃત કરે છે અને બસો અઢીસો ઓવીઓ જ્ઞાનદેવનો ભાવ વ્યક્ત કરે છે. પણ આ ઓવીઓથી એમનું એક ભવ્ય ઉદાત્ત વ્યક્તિચિત્ર ખડું થાય છે. જ્ઞાનદેવની એ પ્રેરણામૂર્તિ આખી રચનાની પશ્ચાદભૂ જાણે આવરી લેતી હોય તેમ એમની ઉપસ્થિતિ સદાકાળ જણાય છે.

જ્ઞાનેશ્વરીના શ્રોતાઓનું મહત્ત્વ 'પાત્ર' અથવા 'પાત્ર સૃષ્ટિ' તરીકે જરા પણ ઓછું નથી. સામાન્ય રીતે વકતા 'વ્યાસપીઠે' ચડેલા હોય અને શ્રોતાઓ સામે, નીચી કક્ષાએ બેસી વકતવ્ય સાંભળે છે. પણ જ્ઞાનેશ્વરીમાં આ

ક્રમ બદલાયો છે. ત્યાં શ્રોતાઓની કક્ષા વકતા ઊંચી ગણે છે. એમના અજ્ઞાન પ્રત્યે સહિષ્ણુ થઈને એ અજ્ઞાન દૂર કરવા એમની ભાષામાં, એમને ગમે અને સમજાય એવી રીતે એઓ નિરૂપણ કરે છે. વારંવાર શ્રોતાઓની સ્તુતિ કરે છે. એમના આશીર્વાદ માગે છે. એમનો અધિકાર એઓ માન્ય કરે છે. નિરૂપણના પ્રારંભમાં શ્રોતાજન ઉત્સુક છે. જિજ્ઞાસુ છે. પણ એ જ શ્રોતાઓ તેરમા અધ્યાયમાં પૂરી આત્મશ્રદ્ધાથી જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ એવા જ્ઞાનદેવની આમન્યા રાખીને, પણ સ્પષ્ટ આદેશ આપે છે,

'શ્રોતે મ્હણતી અસો। ન સાંગે તયાચા અતિસો ।
ગ્રંથોકિત તેથ આડસો । ઘાલિતાંસિ કાં?
રસુ હોવાવા અતિમાત્રૂ । હા ઘેતાસિ કવિ મંત્રૂ
તરી અવંતુની શત્રૂ । કરિતોસિ કાં ગા ?'

જ્ઞાન અને જ્ઞાની પુરુષનું વર્ણન કરતાં જ્ઞાનદેવ ખીલી ગયા અને લંબાણથી વર્ણન કરતાં કરતાં ગ્રંથનો વિસ્તાર વધવા લાગ્યો. ત્યારે શ્રોતાઓએ એમને કહ્યું છે, "હવે એ વિષયનો વધારે વિસ્તાર કરશો મા. મુખ્ય ગ્રંથનો વિષય ખોરંભે પડે એવી રીતે લંબાણથી વર્ણનો કરશો તો સામાન્ય કવિ રસભરિત વર્ણનો કરે છે એમાંના એક ગણાશો અને શ્રોતાઓના મનમાં તમારે માટે જે ઊંચું સ્થાન છે તે ખોઈ બેસશો, એવું શું કામ કરો છો બાપા?" જોકે આગળની ઓવીઓમાં એ જ શ્રાતાઓ પાછાં કહે છે ખરા કે "તારા શબ્દ અમૃતવૃષ્ટિ જેવા છે. સાંભળવા ગમે છે. પણ જ્ઞાનની પ્રીતિ અને જિજ્ઞાસા તમારી જેમ અમારા મનમાં પણ છે તેથી આગળ વધવાની પ્રેરણા તમને મળે એટલે અમે તમને વાર્યા."

શ્રોતાજન નિરૂપણ સાથે આગળ વધતા જાય છે. એમની જિજ્ઞાસા વધે છે. શ્રોતા વકતા વચ્ચે કોઈ સંકોચ રહેતો નથી એવી આત્મીયતા નિર્માણ થાય છે એમાં જ્ઞાનદેવનો બહુ મોટો યશ છે.

જ્ઞાનેશ્વરીમાં આ બધાં ઉપરાંત એક બીજું પણ પાત્ર છે. અને તે છે જ્ઞાનદેવ પોતે. ગીતાનાં પાત્રો સાથે, ગીતાની પશ્ચાદ્ભૂ સાથે, ગીતાના તત્ત્વજ્ઞાન સાથે એઓ એકરૂપ થયા છે. છતાં એમની રચનામાં એઓ પોતે પણ એક વિશિષ્ટ હસ્તી ધરાવે છે. જ્ઞાનેશ્વરીમાં જ્ઞાનદેવના પોતાનાં વિવિધ રૂપો વ્યકત થાય છે. એમના વ્યકિતત્વનો, એમના અદ્વૈત સિદ્ધાંતનો પ્રભાવ અક્ષરે અક્ષર પર એટલો બધો છે કે જ્ઞાનદેવ પોતે આ નિરૂપણને 'ભાવાર્થ દીપિકા' ભલે

કહેતા, જગત એને 'જ્ઞાનેશ્વરી' તરીકે જ આજે સદીઓથી જાણે છે. જ્ઞાનદેવના સ્વતંત્ર અસ્તિત્વ વિના જ્ઞાનેશ્વરી અસંભવ છે. જ્ઞાનેશ્વરીના મંગલાચરણના ઉચ્ચાર સાથે જ પ્રગટ થાય છે આત્મજ્ઞાની, અદ્વૈતવાદી જ્ઞાનદેવ! ભગવદ્ગીતાના તત્ત્વજ્ઞાનને સરળતાથી સ્પષ્ટ કરતા એક પ્રકાંડ પંડિત જ્ઞાનેશ્વરના અધ્યયન અને સ્વાધ્યાય વિશેની કલ્પના કરતાં ભલભલા થાકી જાય. યોગીઓમાં શ્રેષ્ઠ એવા જ્ઞાનદેવ જ્યારે પાતંજલ યોગનું વર્ણન કરે ત્યારે સિદ્ધ પુરુષ જેવા એ અનંત આકાશને વ્યાપતા હોય એવા ભવ્ય લાગે છે. અને ભક્તિયોગનું વર્ણન કરતાં જ્ઞાનોત્તર ભક્તિનો પ્રેમરસ એમના શબ્દે શબ્દમાંથી ટપકે છે. એવા મહાન હોવા છતાં એ કેવા નમ્ર છે! કેવા વિવેકી છે! અને એમની સુજનતા તો એવી કે ધૃતરાષ્ટ્રથી માંડી શ્રોતાઓ સુધી, કોઈની પણ આલોચના કર્યા વિના, બધાંની વિચારધારાને સમજી લઈ, બધાંને સાથે રાખી એઓ આગળ વધે છે. એઓ પ્રતિભાશાળી ક્રાંતદર્શી કવિ છે. 'શબ્દસૃષ્ટિના ઈશ્વર' એ બિરુદ સાર્થક થાય એવો એમનો શબ્દવૈભવ જોઈને ચકિત થવાય. એમના વ્યક્તિત્વનાં બધાં જ પાસાં આ પ્રવચનોમાં પોતાનું તેજ પાથરે છે. છતાં વ્યક્તિગત આયુષ્ય, એ ભાઈબહેને સહન કરેલી વિટંબણાઓ, અપમાન કે યાતના કશાનો આછો અણસાર પણ આ હજારો ઓવીઓમાં શોધ્યો જડે એમ નથી. એટલે જ એઓ ખરેખર 'જ્ઞાનદેવ' છે!

## ૮. હરિપાઠના અભંગ

જ્ઞાનદેવનો જન્મ સને ૧૧૯૭માં થયો અને એમણે સમાધિ સને ૧૨૧૮માં લીધી એટલે એમનું આયુષ્ય આખું ૨૧ વર્ષનું. એટલે એમણે જે જ્ઞાનસાધના કરી, તપસ્યા કરી, રચના કરી એ નાની ઉંમરમાં જ કરી. છતાં જ્ઞાનેશ્વરી જેવી બધી જ રીતે મોટી રચનામાં કયાંય પણ ભાષાની કે વિચારની કચાશ જણાતી નથી. એટલે એ એમની પ્રથમ રચના હશે એવું લાગતું નથી. તાલબદ્ધ રીતે અને સુયોગ્ય શબ્દોમાં પોતાના વિચાર વ્યકત કરવાનો સારો એવો મહાવરો આ ભાઈબ્હેનને હોવો જોઈએ. નાનકડી મુક્તાબાઈએ 'તાટીના અભંગો'ની રચના હજુ દૂધના દાંત પણ પૂરા પડયા નહીં હોય એટલી નાની ઉંમરે અને તે પણ ઉત્સ્ફૂર્ત રચના કરી છે. જ્ઞાનદેવને તો વાણીનું વરદાન હોવાનો ઉલ્લેખ એમના ચરિત્રમાં અને ચરિત્ર સાથે સંકળાયેલી આખ્યાયિકાઓમાં વારંવાર આવે છે. અને એક વિષયનું સૂત્ર રાખીને કરેલી એમની સત્યાવીસ અભંગોની સળંગ રચના 'વારકરી' લોકોના (પંઢરપુરની જાત્રામાં નિયમસર જઈ કંઠી લેનારાઓને 'વારકરી' કહે છે) નિત્યપાઠમાં હોય છે. એ અભંગો હરિપાઠના અભંગને નામે ગવાય છે.

અભંગ ગેય હોય છે. એમ કહેવાય છે કે માતાપિતા દેવ થયા પછી નિવૃત્તિનાથે જ્યારે પૈઠણ વિદ્વત્ સભા સમક્ષ જવાનો નિર્ણય લીધો આળંદીથી ત્યારે પૈઠણની આ લોકોની પદયાત્રા સત્યાવીસ દિવસની થઈ. યાત્રાના શ્રમનો પરિહાર કરવા રોજ સાંજે જ્ઞાનદેવ એક અભંગ ગાય અને પછી એ સાંભળવા ભેગા થયેલા લોકોને એનો અર્થ વિશદ કરીને કહે. એટલે આ યાત્રા દરમિયાન એમને લોકજીવનનો ખ્યાલ સારી પેઠે આવ્યો. લોકભાષાનો મહાવરો સારો થયો. સામાન્ય લોકોની ગ્રહણશકિતનો પણ ખ્યાલ આવ્યો. અને એ રીતે જ્ઞાનેશ્વરીની રચનાની પૂર્વ તૈયારી જ આ અભંગો દ્વારા આપ-મેળે થઈ ગઈ હોય એમ માની શકાય.

જ્ઞાનદેવ પોતે અદ્વૈત સિદ્ધાંતને કેટલું સમજી શકયા છે, જે સમજયા છે એ એઓ શબ્દરૂપમાં વ્યકત કેટલું કરી શકે છે અને જે પોતે કહે તે લોકોને સમજાવીને કહેવાની આગવી શકિત અને સુગમ એવી પદ્ધતિ પણ એમની પાસે કેવીક છે એ બધાંનો ખ્યાલ આ અભંગો પરથી જ નિવૃત્તિદેવને આવ્યો હોવો

જોઈએ. અને તેથી જ ભગવદ્‌ગીતાનું નિરૂપણ જ્ઞાનદેવ કરી શકે એવી શકયતા લાગવાથી એમણે જ્ઞાનદેવને ભાવાર્થ દીપિકાની રચના કરવાનો આદેશ આપ્યો હશે એવું માની શકાય એવા બધા જ ગુણ આ અભંગોમાં છે. દરેક અભંગની ભાષા સાદી સરળ છે. ભાવ સુંદર અને હૃદયસ્પર્શી છે. સાધક તરીકેના જ્ઞાનદેવના અધિકારની કલ્પના પણ આ અભંગો પરથી આવે છે.

કલિયુગમાં માણસનું આયુષ્ય ટૂંકું હોય છે. એટલે એને માટે સહેલામાં સહેલી સાધના હરિકથા અને પુરાણોમાં બતાવી છે તે 'હરિનામ સંકીર્તન'. સાધનાનો મંગળ આરંભ નામ સાધનાથી સહજ રીતે કેમ થઈ શકે અને એમાંથી અદ્વૈતના સાક્ષાત્કાર સુધી કેમ પહોંચી જવાય એ આ અભંગોમાં જ્ઞાનદેવે કહ્યું છે. હરિપાઠની શરૂઆત થાય છે :

"દેવાચિયે દ્વારી ઉભા ક્ષણ ભરી ।
તેણે મુક્તિ ચારી સાધિયેલ્યા ॥
હરિમુખે મ્હણા હરિમુખે મ્હણા ।
પુણ્યાચી ગણના કોણ કરી ॥
અસોની સંસારી જિવ્હે વેગુ કરી ।
વેદશાસ્ત્ર ઊભારી બાહ્યા સદા ॥
જ્ઞાનદેવો મ્હણે વ્યાસાચિયે ખુણે ।
દ્વારિકે ચે રાણે પાંડવા ઘરીં ॥

"પોતાના સંસારમાં રહી, સાંસારિક કર્તવ્યો કરતાં કરતાં પણ સતત હરિનામનો જપ, મોંએથી અને અંતરથી ચાલ્યા કરે, મન અને વાણી ક્ષણવાર માટે પણ એકાકાર થઈ પ્રભુને દ્વારે જઈ પહોંચે તો આત્મા બંધનમાંથી મુક્ત થાય. વેદશાસ્ત્રનું છત્ર એને મળી રહે. સુખ–દુઃખ જેવી કોઈ ઉપાધિ એને સ્પર્શી પણ ના શકે."

'આપણે દાન કરવું અને એના બદલામાં બ્રાહ્મણો આપણે માટે સાધના કરે છે એમ માની લેવું એ જ ધર્મ.' એવી માન્યતા જે જમાનામાં હતી તે જમાનામાં નામસાધના જેવો સાદો, સરળ માર્ગ બધાંને માટે ખુલ્લો છે એમ કહેવાવાળા આ તેજસ્વી કુમારના એ મીઠા, મૃદુ શબ્દ લોકોને ગમ્યા હશે એમાં શી શંકા ?

આગળ જતાં દરેક અભંગમાં સૂત્ર એ જ પણ સાધનામાં જ્ઞાનદેવ પોતે આગળ વધતા જાય અને શ્રોતાઓને પણ સાથે દોરી જાય. ભલભલાને વર્ષોની

સાધનાથી પણ ભાગ્યે જ સમજાય એવું તત્ત્વ આ તેજસ્વી યુવકની સાદી સરળ વાણીમાં સહજ રીતે પ્રકટ થાય. કોઈ પણ એ સમજી શકે, માણી શકે.

"નિત્ય નિત્ય મિત હરિપાઠ જયાસી ।
કળિકાળ ત્યાસી ન પાહે દૃષ્ટી ॥ ૧૪ મો અભંગ ।

"નિત્ય નિયમથી, શ્રદ્ધાથી અને સતત હરિપાઠ કરવાથી જેના મનમાં હરિ વસી ગયા હોય એને કળિકાળ—એટલે કલિયુગના દોષ સ્પર્શ કરી શકતા નથી" કળિકાળના બીજો અર્થ કલહની ભાવના એના મનમાં નિર્માણ થઈ શકતી નથી. અને એ જ શબ્દનો ત્રીજો અર્થ મૃત્યુના ભયથી એ પર હોય છે. કારણ હરિનામનો ઉચ્ચાર કરવો એટલે એ માત્ર શબ્દોચ્ચાર રહેતો નથી. વાણી સાથે અંતરના તાર રણકે, ચિત્ત અને અંતઃકરણ એમાં સૂર પૂરે એમાંથી જે શબ્દ ઉમટે,

"રામકૃષ્ણ ઉચ્ચાર અનંત રાશી તપ ।
પાપાચે કળાપ પળતી પુઢે ॥

"મોંમાંથી નામ નીકળતાંની સાથે તનથી કરેલાં, મનમાં સંઘરેલાં પાપનાં ટોળેટોળાં ભાગવા માંડે. નામસાધના એ એવું મોટું તપ છે" શ્રી હરિનું વિસ્મરણ એટલે અજ્ઞાન. અજ્ઞાન એટલે જ્ઞાનનો અભાવ અંધકાર. પ્રકાશનો અભાવ. અંધારામાં દેખાય નહીં. એટલે ભૂલા પડાય એ તો સાવ સ્વાભાવિક છે. ભૂલા પડે એ અટવાઈ જાય. આડે રસ્તે ચડે. પણ જેના મુખમાં હરિમંત્ર હોય એની સામે અંધકાર આવે જ નહીં. સૂર્ય સામે અંધારું શી રીતે આવી શકે ? હરિનામ એ જ્ઞાનદીપ છે. અજ્ઞાનનો ત્યાં સંભવ જ નથી. એટલે

'જ્ઞાનદેવા પાઠ નારાયણ નામ ।
પાવિજે ઉત્તમ નિજસ્થાન ॥'

"જ્ઞાનદેવ એમ કહે છે કે મને મારું 'નિજસ્થાન' મળ્યું, મારું 'સ્વરૂપ' દેખાયું એ નારાયણના નામપાઠથી." એ જ મારી સાધના. એ જ મારું તપ. કેવું છે એ દિવ્ય આત્મરૂપ ? ક્યાં છે એ 'નિજસ્થાન' ?

'એક નામ હરિ દ્વૈત નામ દૂરી ।
અદ્વૈત કુસરી વિરળા જાણે ॥

હરિનામ એટલે જ સ્વયં હરિ. હરિ અને નામ એવો કોઈ ભેદ છે જ નહીં. એટલે નિત્યપાઠ અને નિદિધ્યાસથી હરિનામ લેતાં લેતાં સાધકને સાક્ષાત્કાર

થાય કે હરિ, હરિનામ અને નામસાધક એમાં કોઈ ભેદ નથી. દ્વૈત નથી. એ પોતે એટલે જ હરિ. અને હરિ એટલે એ પોતે ! એ જ એનું દિવ્ય સ્વરૂપ. અને ચરાચરમાં એ જ વ્યાપીને રહે છે. એ છે એનું 'નિજસ્થાન' આગળના અભંગમાં જ્ઞાનદેવ કહે છે,

'સમબુદ્ધિ ઘેતાં સમાન શ્રીહરિ ।
શમદમાવરી હરિ આલા ।।
સર્વ ઘટીં રામ દેહા દેહી એક ।
સૂર્ય પ્રકાશક સહસ્ર રશ્મી ।।'

"હરિના સર્વવ્યાપી સ્વરૂપમાં ચિત્ત પરોવી નામ સંકીર્તન કરતાં કરતાં શ્રીહરિ સ્વયં અંદર અને બહાર વ્યાપીને રહેલા છે. જેમ એક સૂર્યનારાયણના સહસ્ર કિરણો વિશ્વ આખાને ઉજાળે તેમ સર્વ પ્રાણીમાત્ર અને જડ ચેતનમાં હરિ વિરાજે છે એનો પ્રત્યય આવ્યા વિના રહે નહીં."

આ અનુભૂતિ દિવ્ય છે એમાં શંકા નથી. પણ ચિત્ત પરોવવું કેવી રીતે ? મોટી વાત તો એ જ છે. કારણ માણસની, પ્રાણીમાત્રની ચિત્તવૃત્તિ તો ઇન્દ્રિયોને આધીન છે. ચિત્ત ચંચલ છે. થોડું આમ, થોડું તેમ એમ કેટલીયે જગ્યાએ ખંડિત થયેલું છે. એને એકાગ્ર કેવી રીતે કરવું ? શાસ્ત્રકારોએ એને માટે શમદમાદિ છ ઉપાય બતાવ્યા છે. એ ઉપાય પણ કઠણ છે. પણ નામ-સાધના કરવાથી એ ઉપાય પણ અનાયાસે, આપમેળે થઈ જ જાય છે. ઉપરાંત નામસાધના કરવા માટે ઇન્દ્રિયોને દમવા કે પીડવાની પણ જરૂર નથી. હરિનામ બધી જ ઇન્દ્રિયોને પણ સુખ આપે છે. શાંતિ આપે છે. એટલું જ નહીં પણ એ પરમ સુખ અનુભવ્યા પછી ઇન્દ્રિયો બીજાં ક્ષણિક સુખ પાછળ પડતી નથી.

સામાન્ય રીતે હરિનામ સાદું સરળ હોવાથી સહેજે જીભે ચડી જાય, એ માની શકાય. પણ માત્ર નામજપ કરવાથી સાક્ષાત્કાર થાય ? એ તો ચમત્કાર જેવું લાગે. પણ એમાં અટપટું કાંઈ નથી. જેટલું નામ સાદું અને સરળ છે એટલી જ એ વાત પણ સરળ છે. નામ જીભે ચડે પછી ધીમે ધીમે એની મીઠાશનો ખ્યાલ આવે. એ ગમવા માંડે. એનું સતત સ્મરણ થયા કરે. રઢ લાગે. એટલે એ નામ જીભ પરથી મનમાં ઊતરે. મનમાં રમતું રમતું એ ચિત્તમાં જઈને ઠરે. એવો નામસાધક બહુ વિરલ હોય છે. એની વાણી, મન, ચિત્ત નામરૂપ બની જાય છે. જપ–જાપ્યની વિધિ, પૂજાપાઠ કે કોઈ પણ

અવલંબનની એને જરૂર રહેતી નથી. એનું વર્તન અકૃત્રિમ હોય છે. કોઈ પણ કૃતિ કે શબ્દનો આડંબર કરી લોકોને દેખાડવાની વૃત્તિનો સ્પર્શ પણ એવા સાધકના મનને થતો નથી. સંસારમાં લોકો વચ્ચે રહી એ પોતાનું નિત્યકર્મ કરે તો પણ એ કર્મથી એ બંધાતો નથી. એનું ચિત્ત હરિરૂપ જ હોય છે. અને અંતે હરિ એક જ સત્ય છે. બાકીના બધાં આકાર અને દશ્યો એ માત્ર એનાં જ અનંત રૂપો છે, એની સાધકને મનોમન ખબર હોય છે. એવી અવસ્થાનું વર્ણન જ્ઞાનદેવે કર્યું છે,

'રામકૃષ્ણ નામીં ઉન્મની સાધલી ।
તપાસી લાધલી સકળ સિદ્ધિ ॥

'એવી ઉન્મની અવસ્થામાં એને બધી જ સિદ્ધિઓ આપમેળે પ્રાપ્ત થાય છે. પણ એવી સિદ્ધિઓ પ્રત્યે સાધક ઉદાસીન હોય છે. એવી સિદ્ધિઓ વડે મળતાં નશ્વર સુખસાધનો મેળવવામાં એને રસ હોતો નથી.'

'સિદ્ધિ બુદ્ધિ ધર્મ હરિપાઠીં આલે ।
પ્રપંચીં નિવાલે સાધુ સંગે ॥'

'અષ્ટ સાત્ત્વિક ભાવ સાથેની અષ્ટ સિદ્ધિઓ, શુદ્ધ બુદ્ધિ અને ધર્મ-યુક્ત આચરણ હરિપાઠથી સાધ્ય થાય છે. એવા સાધકની સંગતિમાં બીજા સામાન્ય સંસારી માણસોની વાસનાઓ પણ શાંત થાય છે.'

'જ્ઞાનદેવા રામ રામકૃષ્ણીં ઠસા ।
તેણે દશદિશા આત્મારામ ॥'

જ્ઞાનદેવ એમ કહે છે કે હરિનામ એમના અંતઃકરણમાં દઢમૂળ થઈ ચિત્તમાં વસી ગયું છે. સ્થિર થયું છે. નામ અને નામી હવે એકાકાર થઈ ગયા છે. દશે દિશામાં હવે પોતે હરિના દર્શન કરે છે. એટલું જ નહીં પણ હરિમાં પોતાના આત્મરૂપના દર્શન એઓ કરી રહ્યા છે.

પહેલાં સોળ અભંગોમાં જ્ઞાનદેવે હરિપાઠનું રહસ્ય સમજાવી નામસાધનાના મહત્ત્વનું વર્ણન કર્યું છે. સાધ્ય અને સાધક વચ્ચેનો અભેદ સમજાવી સર્વવ્યાપી આત્મરૂપની ઝાંખી કરાવી છે. નામસાધના કરી આત્મરૂપનાં દર્શન કરવા અને પછી એ જ સાધના વડે એ રૂપમાં સ્થિર થવું એ મહત્ત્વનું પગથિયું છે. આગળના અભંગોમાં જ્ઞાનદેવ એ અવસ્થા વર્ણવે છે.

'હરિપાઠ કીર્તિ મુખેં જરી ગાય ।
પવિત્રચી હોય દેહ ત્યાચા ॥

'પવિત્ર જળથી સ્નાન કરવાથી એકલો દેહ જ ચોખ્ખો થાય. પણ હરિપાઠ કરવાથી દેહ અને મન અંતર્બાહ્ય માત્ર ચોખ્ખું જ નહીં પણ પવિત્ર થાય છે. જળમાં સ્નાન કરી દેહ સ્વચ્છ કર્યા પછી જે સ્વચ્છતા અને તાજગી મળે એ થોડીવાર ટકે. દેહ પાછો ધૂળ, પરસેવાથી મલિન થાય. પણ હરિપાઠથી જે પવિત્રતા મળે એને મેલા થવાપણું રહેતું નથી. કારણ નામપાઠ કરવાથી પંચ જ્ઞાનેન્દ્રિય, પંચ કર્મેન્દ્રિય અને અંતસ્થ અંતઃકરણના ચિત્ત ચતુષ્ટય શુદ્ધ થાય છે. તેથી સાધકમાં અંતર્બાહ્ય પરિવર્તન થાય છે. એનું વ્યક્તિત્વ જુદું જ થાય છે.'

'તપાચે સામર્થ્ય તપન્નિલા અમૂપ
ચિરંજીવ કલ્પ વૈકુંઠી નાંદે ॥
માતૃ પિતૃ ભ્રાતા સગોત્ર અપાર
ચતુર્ભુજ નર હોઊનિ ઠેલે ॥'

નામ સંકીર્તન એ મોટું તપ છે. કારણ સંકીર્તન કરતાં કરતાં કાયિક, વાચિક અને માનસિક તપ એકી સાથે થાય છે અને સાધક હરિ સાથે એકરૂપ થાય ત્યારે અનંતકાળ સુધી વૈકુંઠમાં હરિસ્વરૂપે નિજાનંદમાં મગ્ન થઈને રહે છે. જન્મમરણના ફેરા એને સ્પર્શતા નથી. આજુબાજુનાં સગાસ્નેહી બધાં જ એને હરિરૂપ દેખાય. હરિરૂપ એ જ 'સ્વરૂપ' એવું જ્ઞાન થાય પછી 'હું અને તું' 'મારું અને તારું' આ ભેદ રહેતા નથી. બધે હું જ છું. મારામાં બધું સમાયું છે અને હું બધાંમાં વહેંચાયો છું આવો ભગવદ્ભાવ મનમાં ઊભરાય પછી જ્યાં જુવો ત્યાં હરિદર્શન જ થાય !

'જ્ઞાન ગૂઢ ગમ્ય જ્ઞાનદેવા લાધલે ।
નિવૃત્તિને દિધલેં માઝેં હાતીં ॥'

હરિનામ સાધન એટલે અતિ ગહન, અગમ્ય પરમતત્ત્વને પામવાનો અતિ સુલભ માર્ગ મારા ગુરુ નિવૃત્તિનાથે મને બતાવ્યો. એ માર્ગે મેં જે મેળવ્યું તે હું તમને કહું છું. તમે બધાં શ્રદ્ધાથી નામસાધના કરી એ મેળવજો.

નામના નિદિધ્યાસ માટે અભ્યાસ કરવાની રીત પણ બતાવી છે.

'હરિવંશ પુરાણ હરિનામ સંકીર્તન ।
હરિવીણ સૌજન્ય ન કળે કાંહીં ॥'

હરિવંશની કથા સાંભળવી, હરિભજન ગાવાં અને સાંભળવાં. નામ સંકીર્તન કરવું. કથામાં હરિવંશની વ્યકિતઓ, એમના વ્યવહાર, એમની શ્રદ્ધા, ભકિત વગેરેની વાતો રસપૂર્વક સાંભળવાથી મન સહજ રીતે ભકિત તરફ વળે. એકવાર ચિત્ત ભકિતમાં પરોવાય પછી તો,

'તયા નરા લાભલેં વૈકુંઠ જોડલેં ।
સકળહી ઘડલેં તીર્થાટન ।।'

પછી તો તીર્થયાત્રા કરવાની જરૂર રહેતી નથી. વૈકુંઠ જ પ્રાપ્ત થાય એટલે એમાં બધાં તીર્થો એને મેળે આવી જ જાય. ભકત પોતે જ 'તીર્થરૂપ' થાય. પણ 'મનોમાર્ગે ગેલા તો તેથે મુકલા'

મનસ્વી થઈ મનના તરંગોને અધીન થતા માણસો આ માર્ગે જઈ શકતા નથી. એ તો ભૂલા ભટકતા ફર્યા કરે છે મન પર કાબૂ મેળવી

'હરિપાઠી સ્થિરાવલા તોચિ ધન્ય'
હરિપાઠમાં ઠરે એનું જીવતર ધન્ય થાય.
વેદશાસ્ત્ર પ્રમાણ શ્રુતીચે વચન ।
એક નારાયણ સારે જપ ।।

વેદશાસ્ત્ર અને શ્રુતિઓ પણ આ સરળ સાધનાનો નિર્દેશ કરે છે. એટલે એ પ્રમાણ માની કોઈ પણ શંકા રાખ્યા વિના હર કોઈ માણસ—સ્ત્રી હોય કે પુરુષ—આ સાધના કરે. સાધનાના બીજા માર્ગ પણ ઘણા છે. છતાં ભગવદ્ અધિષ્ઠાન વિના કોઈ પણ સાધના વ્યર્થ છે. અટપટા માર્ગ લઈ દોડાદોડી કરવા કરતાં આ સરળ માર્ગ શું ખોટો ?

જપ તપ કર્મ હરિવીણ ધર્મ ।
વા ઊગાચિ શ્રમ વ્યર્થ જાય ।।

સાધનામાં પણ સ્થિરતા હોવી જરૂરી છે. આજે આ માર્ગ, કાલે બીજો તો પરમ દહાડે વળી ત્રીજો આવી ચંચલતા આવે તો મન સ્થિર ના થાય. એના કરતાં તો સંસારમાં પોતાને ભાગે જે કામ આવ્યું હોય તે ચિત્તને શુધ્ધ રાખી, હરિનામ લેતાં લેતાં, હરિની પૂજા કરતા હોઈએ એવા ભાવથી કરવાથી એ કર્મ પણ સાધના બની જાય. બીજા પૂજાપાઠની કે બાધા-આખડીની જરૂર જ ના રહે.

'હરિપાઠીં ગેલે તે નિવાંતચી ઠેલે ।
ભ્રમર ગુંતલે સુમન કલિકે ॥

કમળદળના મધુ પાછળ ભ્રમર ભમતો રહે તેમ સંસારસુખ પાછળ માણસો ભમીને થાકે. નિરાશ થાય. મદ, મોહ, મત્સર વગેરે વિકારોથી પીડાય. અને રાત રાત સુધી કળી બીડાઈ જાય ત્યારે અંદર કેદ પણ થાય! હરિપાઠ કરે તેને આવી કોઈ ઉપાધિ નડે નહીં. એઓ નિરાંત તો અનુભવે જ પણ જન્મમૃત્યુના ફેરામાંથીયે મુક્ત થાય'. કારણ,

'જ્ઞાનદેવા મંત્ર હરિનામાચે શસ્ત્ર ।
યમે કુળ ગોત્ર વર્જીયેલેં ॥

સંસારમાં જ બધી ઉપાધિ છે એમ નહીં. યોગયાગના ક્રિયાકાંડનો આડંબર કરવાથી એ પણ મનને શાંતિ આપવાને બદલે ઉધામો કરાવે છે. સિદ્ધિઓની માયાજાળ સાધકને ફસાવે છે. કીર્તિ, પ્રસિદ્ધિની લાલસા એને લલચાવે છે. ક્રિયાકાંડમાં દંભ ક્યારે પેસે તે કહેવાય નહીં. અહંકાર ફૂંફાડા માર્યા જ કરે. નામસાધકને કશો પસારો કરવો પડતો નથી. અને કોઈ માયા પણ એમને નડતી નથી.

'યોગયાગ ક્રિયા ધર્માધર્મ માયા ।
તે ગેલે વિલયા હરિપાઠીં ॥
જ્ઞાનદેવા યજ્ઞ યાગ ક્રિયાકર્મ ।
હરિવીણ નેમ નાહીં દૂજા ॥'

'જ્ઞાનદેવને જે કાંઈ મળ્યું છે તે નામસાધનાથી મળ્યું છે. એટલે એઓ કહે છે કે નામ લેવું એ જ યજ્ઞ છે. એ જ મારો યોગ છે. બીજા કોઈ યજ્ઞયાગ કે ક્રિયાકર્મ મેં કર્યાં નથી.'

'એક તત્ત્વ નામ દૃઢ ધરી મના ।
હરિસી કરૂણા યેઈલ તુઝી ॥

"હે મારા મનવા હરિનામનું એક જ તત્ત્વ પકડી રાખ. હરિ દયા કરશે જ અને તને તારું સત્યરૂપ બતાવશે જ.

અંતે છેલ્લા ૨૭મા અભંગમાં એઓ ગાય છે,

'સર્વ સુખ ગોડી સાહી શાસ્ત્રો નિવડી ।
રિકામા અર્ધ ઘડી રાહોં નકો ॥'

છ શાસ્ત્રનું ચિંતનપઠન કાંઈ પણ કર એથી સુખ પામી શકાય. અડધી ઘડી પણ નવરા બેસી ના રહેવું.

'લટિકા વેવ્હાર સર્વ હા સંસાર
વાયા યેરઝાર હરિવીણ ।।'

સાંસારિક કામોમાં ફસાવવું એ પણ હરિનામ લીધા વિના વ્યર્થ છે. નામ–સાધના ન હોય તો એ બધું મિથ્યા જ છે.

'તીર્થવ્રત ભાવ ધરીરે કરુણા
શાંતિ તયા પાહુણા હરિ હરિ ।।
જ્ઞાનદેવા પ્રમાણ નિવૃત્તિ દેવી ધ્યાન
સમાધિ સંજીવન હરિપાઠ ।।

પ્રાણીમાત્ર પ્રત્યેની કરુણા એ જ તીર્થ એવો ભાવ મનમાં રાખવાથી મનમાં શાંતિ રહેશે. જ્ઞાનદેવને નિવૃત્તિદેવે કહ્યું છે કે હરિપાઠ એ સંજીવન સમાધિ જ છે. ગુરુનું એ વચન જ્ઞાનદેવ પ્રમાણ માને છે.

જનસામાન્યને સગુણ ભક્તિ રુચે તે સમજાય. એટલે એમાંથી જ અદ્વૈત તરફ લઈ જતા જ્ઞાનદેવની ભૂમિકા આ અભંગોમાં પણ સ્પષ્ટ થાય છે. તેમજ ગીતામાં દ્વૈતમાંથી અદ્વૈતની પરમોચ્ચ ભૂમિકા પર અર્જુનને લઈ જઈ અંતે કૃષ્ણ એને પાછાં દ્વૈત પર લઈ આવે છે! સંસાર મિથ્યા છે. આભાસ છે. બધું કહ્યા પછી જ્ઞાનદેવ એ આભાસ નીચે છુપાયેલું સત્ય હરિનામનો દીપક પ્રગટાવીને બતાવે છે અને અંતે જગત પ્રત્યે ઊદાસીન થવાને બદલે કરુણાથી એનું ભલું થાય એવાં કર્મ હરિનામ લેતાં લેતાં કરવા પ્રેરે છે. અને ભાવાર્થ દીપિકા રચવાનો પોતાનો અધિકાર જાણ્યેઅજાણ્યે સિદ્ધ કરે છે.

●

# ૯. અમૃતાનુભવ

જ્ઞાનેશ્વરી જેવી વિસ્તૃત, જ્ઞાનસભર અને સુંદર રચના પૂરી થયા પછી પણ એ વિશેના વિચારો, એ વાતાવરણનાં સુખદ સંસ્મરણો, એ નિરૂપણ વિશેના પ્રતિભાવ, વકતા અને શ્રોતાઓના પ્રેરણામૂર્તિ સમા નિવૃત્તિદેવના મનમાં લાંબા વખત સુધી રમતા રહે એ સ્વાભાવિક હતું. ભાઈબ્હેન પણ એ અંગે ઘણીવાર વાત કરતાં હશે.

પોતાનો આદેશ માનીને જ્ઞાનદેવે કલ્પનાથી પણ વધારે સરસ રચના કરી, સામાન્ય જનથી માંડી જ્ઞાની તત્ત્વજ્ઞો સુધી બધાંને સંતૃપ્ત કર્યાં એટલે નિવૃત્તિદેવ પ્રસન્ન હતા. નિવૃત્તિનાથ જ્ઞાનદેવના મોટાભાઈ પણ ખરા અને ગુરુ પણ ખરા એટલે આત્મીયતાથી મનમાં ને મનમાં જ્ઞાનેશ્વરીનું પુનરાવર્તન થયા કરતું હતું. ઘણીવાર જ્ઞાનદેવ મન મૂકીને કહેવા બેસે એટલે વિસ્તાર અને વિષયાંતર ના થાય એટલા માટે પોતે એને વાર્યો પણ હતો. એટલે એના મનમાં જે વાત રમતી હતી, જે શ્રોતાઓ સમજી શકે એમ ન હોવાથી એને કહેવા દીધી નહોતી તે એને મુખે સાંભળવાની તાલાવેલી ના લાગી હોય, એ રીતે એક સાંજે એ જ પ્રવરા નદીને તીરે એ ત્રણ ભાઈઓ અને મુક્તાબાઈ કાંઈક સુખસંવાદ કરતાં હતાં ત્યારે નિવૃત્તિનાથે કહ્યું, "ભાઈ જ્ઞાના, 'ભાવાર્થ દીપિકા' મારી કલ્પના કરતાં પણ સરસ થઈ. છતાં ચૌદમા અધ્યાયમાં અવ્યભિચારી ભક્તિના ઉપાસ્યનું વર્ણન થવું જોઈએ એવું નથી થયું! જોકે તું એ કરવા બેસત તો મારે જ ના પાડવી પડત! કારણ મૂળ શ્રીમદ્ ભગવદ્ગીતાના શ્લોક સાથે તું આગળ વધ્યો એ જ યોગ્ય હતું. 'વિશ્વને બાજુ પર રાખી એનાથી અલગ એવા પરમાત્માની કલ્પના કરી ના શકાય કારણ પરમાત્મા એટલે જ વિશ્વરૂપ અને વિશ્વરૂપ એ જ પરમાત્મા છે.' ત્યાં સુધી તેં ભાવાર્થ દીપિકામાં કહ્યું છે. દશ્યોની વિવિધતા ધારણ કરી સૃષ્ટિઓ ને સૃષ્ટિઓ સામે આવે, અસંખ્ય નાના મોટાં, સ્થિર અને ચર, ચેતન અને જડ આકાર, અનેક વર્ણ, ભિન્ન ભિન્ન ઉચ્ચારના અસંખ્ય શબ્દ આ બધી જ વિવિધતા પાછળ, ભિન્નતા પાછળ એક અભિન્ન, અભંગ એવું પૂર્ણ ચિન્મય તત્ત્વ છે. સતત પરિવર્તન એ ચૈતન્યનું સ્વભાવ લક્ષણ છે. છતાં સ્થિર, અચલ, અવિચલ બ્રહ્મ જ ચૈતન્યને નિર્માણ કરે છે. દશ્ય...એટલે જે દેખાય છે તે. દ્રષ્ટા એટલે એ દશ્યને જોનારો અને દર્શન એટલે જે છે તે આ ત્રણે રૂપ ભિન્ન દેખાય છતાં તે એક જ છે. આ

પ્રત્યય એટલે શાંભવી વિદ્યાનો અદ્વય વૈભવ છે. શિવશક્તિરૂપનું આ રહસ્ય છે. જ્ઞાન અને સાધના વડે આપણે એ અનુભવ્યું છે. એ દિવ્ય અનુભવને પણ તું શબ્દરૂપ આપ એવો મારો આદેશ છે.'

નિવૃત્તિનાથની આ આજ્ઞા માન્ય કરી જ્ઞાનદેવે અમૃતાનુભવની રચના કરી. હરિપાઠના અભંગ સત્સંગ, સંકીર્તન કરવાની ભાવનાથી સ્ફુર્યા છે. એટલે પ્રાસાદિક ગેયતા એ રચનામાં સાચવી છે. સામાન્ય જનને જીવનનું રહસ્ય સમજાવી 'સુખિયા' કરવા માટે જ્ઞાનેશ્વરી—ભાવાર્થદીપિકાનું સર્જન કર્યું. એટલે એમાં પણ ભાષાની સરળતા, સમજી શકાય એવાં દૃષ્ટાંતો, વિસ્તારપૂર્વક વિવેચન, કાન અને મનને તૃપ્ત કરે એવા શબ્દાલંકાર અને અર્થાલંકાર એવું ઘણું સાચવ્યું છે. પણ અમૃતાનુભવની વાત આ બે રચના કરતાં સાવ જુદી છે. એની રચના 'સ્વાન્તઃસુખાય' થઈ છે. એટલે એમાં વિસ્તાર કરવાનું કારણ નથી. સાદી ભાષાનો આગ્રહ નથી. અલંકારનો શોખ નથી. છતાં એની ભાષામાં જ્ઞાનનું ઊંડાણ છે. ગૌરવભર્યું સૌષ્ઠવ છે. એક રીતે જોતાં અમૃતાનુભવ એ જ્ઞાનદેવનું આધ્યાત્મિક આત્મચરિત્ર છે એમ કહી શકાય. જોકે લૌકિક ચરિત્રની એક પણ વાતનો અણસાર સરખો એમાં નથી. એ છે એમના તત્ત્વચિંતનનો એક આલેખ. નિવૃત્તિનાથે કરેલા ઉદ્‌બોધનથી એનો પ્રારંભ થાય છે. શૈવઅદ્વૈત કેવલ અદ્વૈત, વિશિષ્ટ અદ્વૈત. આ અદ્વૈત વિચારોના સંસ્કાર ગ્રહણ કરતાં કરતાં પૂર્ણ અદ્વૈત અને એના પછીનું ગૂઢ અદ્વૈત પામવા સુધીના અનુભવો આ ૮૦૦ ઓવીઓમાં કહેલા છે.

ગ્રંથારંભે નમન વગેરે કોઈ ઉપચાર કે પ્રાસ્તાવિક કર્યા વિના નિવૃત્તિનાથે આપેલા આદેશનો ઉલ્લેખ કરી પ્રતિપાદ્ય વિષયની સીધી શરૂઆત કરી છે. 'પરમતત્ત્વ અક્ષર છે. અનાખ્યેય—જેની કોઈ વ્યાખ્યા થઈ ન શકે એવું છે. આનંદરૂપ છે. એક, અનાદિ, અવિનાશી અને આનંદમય છે એવું ગુરુએ (નિવૃત્તિદેવે) કહ્યું છે. જગતમાં અનેક રૂપો, અનેક આકાર દેખાય છે. પુરુષ અને પ્રકૃતિ જગતને સર્જે છે એમ કહેવાય છતાં દ્વૈતની ઉપાધિ એને સ્પર્શતી નથી.'

આવડીચેનિ વેગે એક એકાતે ગિળતી અંગે
કી દ્વૈતાચેનિ પાંગે ઊગાળિતે આલાતી ॥ પ્ર. ૧–૩ ॥

"શિવ અને શકિત—કોનું અર્ધાંગ કોનામાં ભળી ગયું એ સમજાય એવું નથી. એ બે છે એમ લાગવા છતાં દ્વૈતની ઉપાધિથી એ પર છે. એ એકબીજા

સાથે એટલા ભળી ગયા છે કે જગતૂ જેવા જગતને જન્મ આપ્યા પછી પણ નિમિષમાત્ર અળગા થઈ વિરહવ્યથા સહન કરવા તૈયાર નથી. એક વિના બીજાનો કાંઈ અર્થ જ રહેતો નથી. એમ એ બે પરસ્પરજીવી અને છતાં એક જ છે. જગતને જન્મ આપવા છતાં જગતને પણ અળગું રાખી એ બે એકલાં જ રહે છે. જ્યારે શિવ સૂઈ જાય ત્યારે શકિત દાંપત્યભાવે જાગતી રહે છે. જગત એમનાથી નિર્માણ થયું છે. એમની આગળ એ નાનું છે. જગતમાં એ કેમ કરીને સમાય? પણ જગતના અણુપરમાણુમાં પણ એ છે.'' આ આખું કથન અટપટું છે. ગૂઢ છે. છતાં જ્ઞાનદેવે અતિશય સરળતાથી એ વિશદ કર્યું છે. આપમેળે એક એક દષ્ટાંત મોંમાંથી સરતું જતું હોય અને એ દિવ્ય અનુભવના શતદલ કમલની એક એક પાંખડી ખીલતી જાય! જ્ઞાનદેવ કહે છે, 'પૂજા માટે બે ફૂલ લાવ્યા. એની સુગંધ એટલે ફૂલ છે? કોઈ નાનું છોકરું પણ જાણે કે સુગંધ એટલે ફૂલ ના કહેવાય. છતાં એ ફૂલ ના હોય તો સુગંધ હોય? એવી પણ શકયતા નથી. એટલે ફૂલ અને સુગંધ બે જુદાં છે છતાં એમને કયાં જુદાં પાડી શકાય છે? તેમ જ આ શિવ અને શકિત, જુદાં છતાં જુદાં પાડી ના શકાય.

રાત્રે દીવા થાય. દરેક દીવાની જ્યોત જુદી હોય છતાં એ દીવાઓ જે તેજ પાથરે છે તે ઓછું જુદુ પાડી શકાય છે? તેજના ભાગ પાડી ના શકાય. તેમજ જ્યોતિથી તેજ છુટું પણ પાડી ના શકાય. જ્યોતિ વિનાનું તેજ અને તેજ વિનાની જ્યોતિ પણ અસંભવ છે.

એવી જ રીતે ગોળ અને ગળપણ, વાયુ અને ગતિ, કપૂર અને પરિમલ, સુવર્ણ અને કાંતિ ભિન્ન હોવા છતાં એક છે. એ એક બીજાથી છુટા પાડી શકાતા નથી. તેમજ શિવ અને શકિત ભિન્ન હોવા છતાં અભિન્ન છે.

'કાં પ્રભેચા ઉભલા। દીપ પ્રકાશ સંચલા।
તૈસા ચૈતન્યે ગિવસિલા। ચિદ્રૂપ સ્ફુરે ॥
ઈયે સ્ફૂર્તિ કડુની। નાહીં સ્ફૂર્તિ વાચોની।
તરી કાય દેખોની। દેખત અસે ॥
અસો હેં આત્મરાજે। આપણપૈં જેણે તેજેં।
આપણચિ દેખિજે। બહુયે પરિ ॥ (પ્ર. ૭–૧૭૦–૨૪૫–૨૮૦)

'દીપમાં પ્રકાશિત થવાની સ્વભાવગત ક્ષમતા હોય છે. તેમ અદ્વય તત્ત્વને બાધ ન આવે એવી રીતે પદાર્થરૂપે સ્ફુરવું એ શુદ્ધ ચૈતન્યનો સ્વભાવ છે. આત્મસ્ફૂર્તિની દૃષ્ટિએ જોતાં ભિન્નતા ઉદ્‌ભવતી નથી. દ્રષ્ટા અને દૃશ્ય બે જુદાં ભાસે તો પણ એ બે આત્મસ્ફૂર્તિમાંથી જ આવિષ્કાર પામેલાં હોવાથી સાચી રીતે એક જ છે. આત્મતત્ત્વ સ્વયંપ્રકાશિત છે. પોતાના પ્રકાશમાં એ પોતાને જ જુવે અને પોતે જ અનેક જાતનાં આકારરૂપ ધારણ કરે. દ્રષ્ટા પણ એ જ છે અને દૃશ્ય પણ એ પોતે જ હોય છે. એમાં દ્વૈત સંભવતું જ નથી.

આ વાત વધારે સ્પષ્ટ કરવા માટે જ્ઞાનદેવ બીજું દૃષ્ટાંત આપે છે. 'ધારો કે રાત અને દિવસ બંને કાંઈ કારણસર સૂર્ય પાસે ગયા. ત્યાં એટલે સૂર્યની સામે, એ બેમાંથી એકનું પણ અસ્તિત્વ રહે ખરું? એક છે સૂર્યનો પ્રભાવ અને એક છે સૂર્યનો અભાવ. સૂર્યની સામે જઈને એ બેમાંથી એક પણ રહે જ નહીં. રહે એકલો સૂર્ય. એવી રીતે જ 'સ્વરૂપ' આગળ શિવ અને શક્તિનું જુદું જુદું અસ્તિત્વ રહે જ નહીં.

એવા શિવ અને શક્તિ આગળ જીવ નમે એ સોનાનો અલંકાર સોના આગળ નમે એવી વાત છે. કારણ વંદન કરનારો પોતે જ વંદ્ય છે.

પોતાનું—આત્મસ્વરૂપનું—વિશાળપણું કેવું છે? મીઠું દરિયામાં ઓગળી જાય. એ આવ્યું હતું દરિયામાંથી જ. પાછું દરિયામાં ઓગળી જાય. ઓગળી ગયા પછી એ દરિયો જ થાય. દરિયા કરતાં જુદું અસ્તિત્વ એને રહે નહીં. ગુરુકૃપાથી પોતાની આ વિશાળતાનું જ્ઞાન થાય. પોતે વિશાળ, વિશ્વવ્યાપી બ્રહ્મ જ હોવાનો ખ્યાલ આવે.

ગુરુ અને શિષ્ય, જ્ઞાન અને અજ્ઞાન, એ બે વિરોધી ભાવ હોવા છતાં અંતે માત્ર અભાવથી નિર્માણ થતો આભાસ જ બેને છૂટા પાડે છે. એ આભાસ, એ અભાવ દૂર થાય એટલે એકલું શુદ્ધ રૂપ જ બાકી રહે. ગુરુ એટલે જ્ઞાનનું નિધાન. શિષ્ય એટલે જ્ઞાનનો અભાવ. શિષ્યનું અજ્ઞાન ગુરુ નષ્ટ કરે એટલે શિષ્ય પણ જ્ઞાની થાય. ગુરુ જ થાય. સૂર્યને અંધકાર કેવો હોય એ દેખાય એવી કોઈ શકયતા નથી. કારણ સૂર્યનો, તેજનો, અજવાળાનો અભાવ એટલે અંધકાર. આ સત્ય હોવા છતાં આભાસને કારણે આપણે સૂર્યને 'તમનો નાશ કરનારો' એવી રીતે સંબોધીએ છીએ. આભાસ દૂર

થાય અને સત્યરૂપ સમજાય, સર્વ વિકારરહિત બ્રહ્મમાં સમાઈ જવાય, એને જ કૈવલ્યાવસ્થા કહે છે.

"દ્રષ્ટા દશ્યાચિયા ગ્રાસીં । મધ્યે ઉલ્લેખ વિકાસી ।
યોગ ભૂમિકા એંસી । અંગીં વાજે ॥
યેથ દેખોનિ કાં ન દેખોનિ । ઐકય કા નાના હોઊનિ ।
પરિ હા યેણે વાંચૂનિ । દેખણે અસે ॥ (૨૨૩)

સાધક - શિષ્ય - જ્ઞાની થાય. કૈવલ્યાવસ્થામાં પોતાના સ્વરૂપમાં, બ્રહ્મમાં ભળી જાય. હું પોતે બ્રહ્મ છું. જડ, ચેતન, વ્યકત, અવ્યકત બધું અંતે એક બ્રહ્મ જ છે. બ્રહ્મ વિના કશાનું પણ અસ્તિત્વ અસંભવ છે, એ જાણ્યા પછી દ્રષ્ટા અને દશ્ય ભાવમાં પણ વિકારથી મુક્ત એવો એ જ્ઞાની સાક્ષીરૂપ બની રહે છે. આ કેવળજ્ઞાનથી આત્મી સાથેની એકરૂપતાનો અનુભવ કરી શકાય છે. એ જ સુખદ એવો 'અમૃતાનુભવ'. શબ્દમાં એનું વર્ણન કરવું અથવા તો એનું પૃથક્કરણ કરવું એ અશકય જેવી વાત છે. એ અનુભવ અને એ નિજાનંદ તો,

'જાણે તો ચિ નેણે । નેણે તો ચિ જાણે ।
આતાં હેં અસણેં । જિણેં જ્ઞાના જ્ઞાના ॥

'જાણવું ન જાણવું, હોવું ન હોવું, જ્ઞાન અજ્ઞાન, કોઈ ઉપાધિ એને નડતી નથી.' એવા એ સ્વરૂપનું વર્ણન 'સચ્ચિદાનંદ' આ શબ્દ વડે જ્ઞાતાઓ કરે છે. સત્, ચિત્ અને આનંદ આ ત્રણ પદ હોવા છતાં એ ત્રણે મળીને એક જ અર્થને વ્યકત કરે છે. અમૃતાનુભવના પાંચમા પ્રકરણમાં આ વાત સમજાવતાં જ્ઞાનદેવ એક પછી એક સરળ અને સુદર દષ્ટાંત આપે છે :

શુદ્ધ, તેજોમય અને ઊષ્ણ મળી એક સૂર્ય,
શુદ્ધ, પ્રકાશમય અને શીતલ એવો એક ચંદ્ર,
શ્વેત મૃદુ અને મધુર એવી સાકર
આરકત, ઘન અને ચમકદાર એવું રત્ન
મીઠી, સુગંધી અને મધુર એવી કેરી
કાળી, કઠણ અને સુલક્ષણવાળી ગંડકીની શિલા
શ્યામલ, સુગંધી અને મૃદુ એવો કપૂર'

આ ત્રિપુટીઓમાં ત્રણ ભિન્ન ગુણ હોવા છતાં ત્રણેના સંયોગથી એક વસ્તુનું નિર્માણ થાય, એ વસ્તુના ઉલ્લેખથી એ ગુણ સમુચ્ચયનો પણ આપમેળે જ

ખ્યાલ આવે તેમ શ્રુતિઓએ સત્-ચિત્ અને આનંદ આ ગુણ સમુચ્ચયના એકાત્મ સ્વરૂપનું વર્ણન કરી એ ગુણના અભાવથી નિર્મિત અસત્, દુઃખ અને જડના પડ નીચે સંસારી માણસોને ગુંગળામણ થાય છે એમ સમજાવીને એના નિરાકરણ માટે જ્ઞાન વડે એ પડ દૂર કરીને એની પાછળ જે નિત્ય અને સત્ય 'સ્વરૂપ' છે તેનો પરિચય કેમ કરી લેવાય એનું માર્ગદર્શન આપ્યું છે.

એ પરિચય થાય એટલે શું થાય ? આપણે અરીસા સામે જઈએ એટલે આપણું મોં એમાં દેખાય. આપણે દૂર ખસીએ પછી અરીસો હતો એવો રહે. સત્ય વસ્તુ તો એ છે કે અરીસો, એના પર કોઈ પ્રતિબિંબ પડે કે ન પડે એનાથી અલિપ્ત જ હોય છે. એના પર કશાની અસર થતી નથી કે કશું ચોંટી રહેતું નથી. તેમ સત્ સ્વરૂપનો પ્રત્યય આવે પછી ગુણત્રયી, નામ, ભાવ, અભાવ બધાંથી સાધક અલિપ્ત બને છે.

મૂળ સ્વરૂપનું સ્મરણ કરવા માટેનું સાધન, એટલે શબ્દનું મહત્ત્વ છે. પણ જે સ્વસંવેદ્ય છે, પોતે પોતાને જાણે છે, તેના વર્ણન કરે કોણ અને સાંભળે કોણ ? કારણ બધામાં એ સ્વયં સ્ફુરે છે. એટલે ત્યાં શબ્દનું પણ મહત્ત્વ રહેતું નથી. જેમ મહાદેવજી ચંદ્રને મસ્તક પર ધારણ કરે છે એમ કહેવું ઠીક છે. પણ ચંદ્ર જ ચંદ્રને ક્યાં અને શી રીતે ધારણ કરે ?

'એવં વસ્તુસી જાણેં જાતાં । જાણણેચિ વસ્તુ તત્વતા ।
મગ જાણણે આણિ જાણતા । કૈચા ઉરે ? ॥ ૫/૧૮
આપુલેની જાણપણે । આપણેયા તે જાણો નેણે ।
સહજે અવધેચિ આહે । તરી કવણ કવણાસી પાહે ॥
હે ન દેખણેચિ આહે । સ્વરૂપ નિદ્રા ॥ ૬/૮૭
જે પાહણેંચિ મ્હણોનિયા । પાહણેં નવ્હે આપણિયાં ।
તે ન પાહણેં આપસયા । હાચિ આહે ॥ ૭/૧૫૫.

"જે વસ્તુનું જ્ઞાન મેળવવાનું એ વસ્તુ જ જ્ઞાન હોય અને જ્ઞાન મેળવવા ઈચ્છનાર પોતે પણ જ્ઞાન જ હોય પછી જ્ઞેય, જ્ઞાતા અને જ્ઞાન ક્યાં રહે ? પોતે જ સર્વવ્યાપી હોવાનું જણાય પછી પોતે પોતાને ક્યાં શોધે ? હું મારું પ્રતિબિંબ જોઉં એ સત્ય નથી. પણ સ્વપ્ન છે. પોતાની સામે જોવા પણું રહે નહીં એ જ ખરું જોવાનું છે એજ જ્ઞાન છે."

કૈવલ્યાવસ્થા જ્ઞાનના અપાર, અથાંગ સાગર જેવી છે. ત્યાં અજ્ઞાનનું અસ્તિત્વ સંભવતું નથી. પ્રકાશનાં મહાદ્વાર ખૂલે પછી અંધારાનું નામનિશાન

રહેતું નથી. અનુભવ અને અનુભોક્તા એક થઈ જાય. પરિમલ પોતે જ ઘ્રાણેન્દ્રિય બની જાય. નેત્ર જ દર્પણ બની જાય. જ્યાં ચરાચરને વ્યાપીને 'હું' જ રહેતો હોઉં ત્યાં પ્રગટ થવાનું પણ રહેતું નથી. અને અલોપ થવાનું હોતું નથી. "'હું' નિત્ય છું, 'હું' સનાતન છું, અજર અમર છું, હું બ્રહ્મ છું." આ છે 'અમૃતાનુભવ'

'મ્હણૌનિ જ્ઞાનદેવ મ્હણે । અનુભવામૃતેં યેણેં
સણું ભોગિજે સણેં । વિશ્વાચેનિ ॥

એટલે જ્ઞાનદેવ અંતે કહે છે કે 'આ અનુભવામૃત વડે તું વિશ્વ સમસ્તને ઓઢી લઈ વિશ્વનો અનુભવ ભોગવજે.' આપણે બધાં પૂર્ણ અહંતાથી ઢંકાયેલાં છીએ. બધે આપણે બધાં જ છીએ. કોણ કોની સામે પ્રગટ થાય અને કોણ ક્યાં અલોપ થાય ?

'અમૃતાનુભવ' નું નિવેદન એ જ્ઞાનદેવનું આધ્યામિક આત્મનિવેદન છે, અથવા આધ્યાત્મિક આત્મચરિત્ર છે એમ જે શરૂઆતમાં કહ્યું તેનો આલેખ આ પ્રમાણે દેખાય છે—

(૧) આધ્યાત્મિક વિકાસની પ્રારંભિક અવસ્થા : નાથપંથી તત્ત્વજ્ઞાનની અસર નિવૃત્તિનાથ વિશેનો ભાવ અને નિવૃત્તિનાથનું ઉદ્બોધન.

(૨) નાથપંથીય તત્ત્વજ્ઞાન સાથે ભળે એવો કાશ્મિરી શૈવાદ્વૈત સિદ્ધાંત, તથા વસુગુપ્તના શિવસૂત્રનાં છત્રીસ તત્ત્વમાંના પ્રથમ બે તત્ત્વ શિવ અને શક્તિ એમનું વર્ણન. સાંખ્યવાદી પુરુષ પ્રકૃતિ વર્ણન કરતાં આ વર્ણન જુદું છે. એમાં શિવ ઉદાસીન, વિરક્ત નથી. અનુરક્ત છે. અને શક્તિનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી. મૂલત: એ શિવાંતર્ગત જ છે. 'દેવોદેવી' આ શબ્દ પણ શૈવાદ્વૈતીઓનો જ છે.

(૩) શિવશક્તિ વર્ણન પછી કેવલાદ્વૈત સુધી આવે છે ત્યાં શંકરાચાર્યના બ્રહ્મસૂત્રભાષ્યનો પ્રભાવ—જેનો એકરાર એઓ જ્ઞાનેશ્વરીમાં (ભાષ્યકારોને પૂછી પૂછી આગળ વધું છું) સ્પષ્ટ કરે છે, તે અહીં પણ દેખાય છે. કેવલાદ્વૈત સાથે દેવોદેવીની કલ્પના વિસંગત લાગે છે. અને એટલે જ અમૃતાનુભવ વૈચારિક ધર્મગ્રંથ નથી. પણ જ્ઞાનદેવની વિકસનશીલ અધ્યાત્મયાત્રાનું નિવેદન —આત્મનિવેદન છે એમ કહેવું યોગ્ય લાગે છે.

(૪) જ્ઞાનેશ્વરીના અંતમાં પૂર્ણાદ્વૈતનો જે સંકેત છે તેનો મુક્ત આવિષ્કાર અમૃતાનુભવમાં જોવા મળે છે. (મ્હણોનિ જગ આસિકી। વસ્તુ પ્રભા।। અથવા ફોણી ન હોનિ આયતા। સિદ્ધાંતચિ હા।।, મ્હણોનિ અજ્ઞાન નાહી। તેથેચિ ગેલેં જ્ઞાન હી।। વગેરે વિધાનો રામાનુજાચાર્યના શ્રીભાષ્ય સાથે મળતા આવે છે. જોકે રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈતવાદની 'ઈશ્વર, ચિત્ અને અચિત્ આ ત્રણ અંતિમ તત્ત્વો છે' એવી માન્યતા સાથે જ્ઞાનદેવ જરા પણ સહમત નથી. શંકરાચાર્યની માયા અને અવિદ્યા તેમજ રામાનુજાચાર્યના અચિત્ વિશેના મત સાથેનો પોતાનો વિરોધ વ્યક્ત કરી, તાત્ત્વિક પરંપરામાં પૂર્ણાદ્વૈત વિશે એમણે મૌલિક વિવેચન અમૃતાનુભવમાં કર્યું છે. યોગવાસિષ્ઠનો પ્રભાવ આ વિવેચન પર છે એવું ઘણી વાર લાગે છે. દા. તરીકે યોગવાસિષ્ઠના 'દેશાદેશાંતરમ્' વગેરે શ્લોકોમાં કરેલું પરમાત્માનું વર્ણન અને અમૃતાનુભવના ૭મા પ્રકરણમાંની ૧૯૨ ઓવી, યોગવાસિષ્ઠના 'ન દશ્યમસ્તિ ન દ્રષ્ટા પરમાત્મનિ કેવલે' સાથેનું અમૃતાનુભવ (૭-૨૪૪) 'તસે દશ્ય કિંવ દ્રષ્ટા। યા દોન્હી વ્યર્થચ। અવસ્થાનું સામ્ય, યોગવાસિષ્ઠ : 'સા જગદ્‌ભૂરિતિ પ્રૌઢા દૃશ્યા સાઽસ્તેવ ચિત્પ્રભા' અને અમૃતાનુભવ 'મ્હણૂન સૃષ્ટીચ અવઘી। બ્રહ્મ પ્રભા।। (૭:૨૮૯) યોગવાસિષ્ઠ "યદ્રૂપંજગતે રૂપં તત્તત્સ્ફુરણરૂપિણ:। અને અમૃતાનુભવ 'પાહૂં જાતાં મૂલત:। સ્ફૂર્તિ માત્ર તો।। એવાં કેટલાંક તત્ત્વ દષ્ટિનું સામ્ય દર્શાવે એવાં સ્થળો છે. જો કે પૂર્ણાદ્વૈત પ્રતિપાદન જ્યાં સ્પષ્ટ છે ત્યાં જ જ્ઞાનદેવે એ સ્વીકાર્યું છે.

(૫) આ આલેખનું પાંચમું અને છેલ્લું પગથિયું છે તેમાં જ્ઞાનદેવના પૂર્ણ વિકાસનું – એમના ગૂઢ અદ્વૈતનું વિવેચન એઓ કરે છે. ખરી રીતે પૂર્ણાદ્વૈતના તાત્ત્વિક ચિંતનનું જ એ ભાવાત્મક પાસું છે. અમૃતાનુભવના નવમા પ્રકરણમાં જીવનમુક્તદશા કથન છે. એમાં એ ગૂઢવાદ સારી પેઠે જણાય છે. આ દશા એટલે અકૃત્રિમ ભક્તિની અવસ્થા છે એમ એમણે કહ્યું છે. રૂઢ એવી નવવિધા ભક્તિ કરતાં આ અવસ્થા તદ્દન જુદી છે. જ્ઞાનેશ્વરીના ૧૮મા અધ્યાયની ૧૧૦૭મી ઓવીમાં એમણે ભક્તિ શબ્દ 'ઈશ્વરની સહજ સ્થિતિ' એવા અર્થમાં વાપર્યો છે. અને જ્ઞાનીઓ જેને આત્મજ્ઞાન કહે છે, શૈવ જેને શક્તિ કહે છે એ અર્થે ૧૧૨૭મી ઓવીમાં 'પરમભક્તિ' શબ્દ વાપર્યો છે. આ અવસ્થાનું વર્ણન જોતાં 'દ્વૈત સાપેક્ષ અદ્વૈત' શબ્દ કરતા પણ 'ગૂઢાદ્વૈત' કહેવું વધારે યોગ્ય લાગે. આ અવસ્થામાં ભોગ્ય--ભોક્તા, ક્રિયા--અક્રિયા, ભાષણ--મૌન, પ્રવૃત્તિ--નિવૃત્તિ, સ્મૃતિ-વિસ્મૃતિ, સ્વૈરતા--સમાધિ, સ્વેચ્છા--સંયમ, દેવ--ભક્ત, કર્મ--અકર્મ

બંધ–મોક્ષ–બધું જ એકાકાર થાય છે. પૂર્ણાદ્વૈત વિચારના વિવેચનમાં તત્ત્વજ્ઞાનની પરિભાષા, પૂર્વપક્ષ–ઉત્તરપક્ષની દલીલો (જે અમૃતાનુભવમાં છે) યોગ્ય લાગે છે. પણ ગૂઢાદ્વૈત સુધી પહોંચ્યા પછી કોઈ મત કે આગ્રહ રહેતો નથી. એ અવસ્થાના દરેક ઉદ્‌ગારમાં તદ્રૂપ થતી તલ્લીનતાના ધીરગંભીર સ્વર વિના બીજું કશું જ બાકી રહેતું નથી. અનંત અને અમાપ એવી તૃપ્તિનો પ્રસન્ન અનુભવ એ જ છે જ્ઞાનદેવે વર્ણન કરેલો અમૃતાનુભવ. એમનું પૂર્ણ વિકસિત આધ્યાત્મિક સ્વરૂપ.

# ૧૦. ચાંગદેવ પાસષ્ટી

'ચાંગદેવ પાસષ્ટી' એ જ્ઞાનદેવે મહાયોગી ચાંગદેવને પાંસઠ ઓવીઓમાં લખેલા પત્ર છે. એ એમની સહુથી નાની રચના છે. આ પત્રમાં અમૃતાનુભવનું સંક્ષિપ્ત રૂપ દેખાય એવું છે. એમાં કોઈ ક્રમવાર આલેખ નથી. પૂર્વપક્ષ કે ઉત્તરપક્ષની દલીલો નથી. કોઈ મનોમંથન નથી. પોતે મેળવેલા આત્મજ્ઞાનનું, 'તત્ત્વમસિ' આ મહાવાક્યનું રહસ્ય એમણે આ પત્રમાં ચાંગદેવને લખી જણાવ્યું છે. આમ જોતાં ઉંમરે જ્ઞાનદેવ ચાંગદેવથી ઘણા નાના છે, જ્ઞાનદેવની સ્વભાવગત ઋજુતા જ્ઞાન સાથે વધારે ને વધારે વધતી ગઈ છે. એઓ જ્યારે સામાન્ય જનને સંબોધીને વિવેચન કરે ત્યારે પણ શ્રોતાઓને ઊંચા માનીને વિવેકથી બોલે છે એ જ્ઞાનેશ્વરીમાં વારંવાર દેખાઈ આવે છે. અહીં તો ચાંગદેવ જેવા જ્યેષ્ઠ મહાયોગીને એ પત્ર લખે છે. ત્યારે કહેવાનું છે તે સ્પષ્ટ કહે છતાં પોતાની મર્યાદા સાચવે છે. અને સામા માણસનું સન્માન માત્ર સાચવે છે એટલું નહીં પણ વધારે છે.

'ચાંગદેવ–પાસષ્ટી'ની પાછળ એક આખ્યાયિકા છે. એનો અતિશયોક્તિ-વાળો અને અદ્ભુત ચમત્કારવાળો ભાગ બાજુ પર રાખી હકીકત પૂરતું જોતાં આ રચના વધારે સારી રીતે સમજી શકાય. તાપી અને પૂર્ણા નદીનો સંગમ થાય છે ત્યાં હાલના જળગામ જિલ્લામાં સુંદરપુર ગામમાં ચાંગદેવ નામના એક મોટા યોગી રહેતા હતા. તત્ત્વસાર અને નિર્ગુણભક્તિ નામના બે ગ્રંથ એમણે લખ્યા હતા, પાતંજલ યોગના એ અધિકારી પુરુષ ગણાતા એમને ઘણી સિદ્ધિઓ પણ પ્રાપ્ત થઈ હતી. પોતે દીર્ઘાયુષી હતા. કાયા કાંચન જેવી તેજસ્વી અને નિરામય હતી. મોટે ભાગે એઓ ધ્યાનસ્થ જ રહેતા. કોઈવાર જાગ્રત થાય ત્યારે લોકો દર્શન માટે દોડાદોડી કરતા. ત્યારે જગતમાં શું ચાલી રહ્યું છે એ વિશે યોગીને કાને પણ નાની મોટી વાતો જતી. 'જ્ઞાનેશ્વર નામનો એક બાળયોગી છે. એણે પૈઠણની વિદ્વત્ સભાને પાડાને મુખે વેદ બોલાવી નિરુત્તર કરી.' એવી વાત સાંભળી ત્યારે એમને બહુ નવાઈ લાગી. આટ આટલી સાધના કર્યા પછી પોતે જે કલ્પી પણ નથી શકતા તે આ આટલા છોકરાએ કર્યું હશે? મનમાં ને મનમાં ઊંધા ચત્તા વિચાર કરવાથી રહસ્ય પામવાને બદલે પ્રક્ષોભ જ થાય એ એમના જેવા જ્ઞાની પુરુષને સમજાય એમાં નવાઈ નહીં. એટલે પ્રત્યક્ષ જ્ઞાનદેવને જ એ અંગે પૂછવું એમ વિચારી એ પત્ર લખવા બેઠા.

પણ પ્રારંભે જ મૂંઝાઈ ગયા. જ્ઞાનદેવ એમના કરતા ઉંમરે ઘણા નાના તેથી એમને ચિરંજીવી કહીને સંબોધન કરી આશીર્વાદ આપવા એ રીતસર કહેવાય. પણ પત્રમાં જે શંકા પૂછવી હતી એ યોગમાં પોતાનાથી ચડિયાતા મહાયોગીને પૂછવી હતી. એટલે ખરી રીતે એમને વડીલ ગણી 'તીર્થરૂપ—મુરબ્બી' લખવું જોઈએ એ વિવેક હતો. શું લખવું? ચાંગદેવ નિર્ણય ના કરી શકયા. એટલે કાંઈક વિચાર કરી કશું જ લખ્યા વિના માત્ર કોરો કાગળ એમણે જ્ઞાનદેવ પર મોકલી આપ્યો.

જ્ઞાનદેવના પ્રશંસકોએ ચાંગદેવનો ઉપહાસ કર્યો "આટલાં વર્ષો સાધના કરી તો પણ કોરાં ને કોરા જ?" પણ નિવૃત્તિનાથ અને જ્ઞાનદેવે એવું મનમાં લાવ્યા વિના એ કોરા કાગળમાં ચાંગદેવના નિર્મળ નિરહંકારી મનનું પ્રતિબિંબ જોયું. અહંકાર હોત તો નાના છોકરાને સામે ચાલીને પૂછવા જવાની નિખાલસતા હોય? પત્ર લખતી વખતે કેમ મુંઝાયા હશે એ પણ એમણે મનોમન જાણી લીધું. અને નિવૃતિનાથે જ્ઞાનદેવને કહ્યું,

'જ્ઞાના, આ જ કોરા કાગળ પર એ મહાયોગીને 'તત્ત્વમસિ'નું રહસ્ય લખી જણાવજે.'

નિવૃત્તિદેવની આજ્ઞાનું પાલન કરી જ્ઞાનદેવે એ જ કાગળ પર પાંસઠ ઓવીઓ લખી યોગીરાજને સંતોષ થાય એવો ઉત્તર મોકલી આપ્યો. એ પાંસઠ ઓવીઓ એટલે 'ચાંગદેવ પાસષ્ટી.'

પત્રનો આરંભ કેવી રીતે કરવો એ સમજાયું નહીં એટલે ચાંગદેવે કોરો કાગળ મોકલ્યો. પણ જ્ઞાનદેવે સહજ સૌજન્યથી મુંઝવણ દૂર કરી. મરાઠી ભાષામાં પત્ર લખવાની એક ચોક્કસ રીત છે. માતાપિતાને તીર્થરૂપ, કાકા, મામા અને અન્ય વડીલોને તીર્થસ્વરૂપ એમ સંબોધી પોતાનો ઉલ્લેખ બાળક તરીકે કરી એમને 'કૃતાનેક સાષ્ટાંગ નમસ્કાર વિનંતી વિશેષ' લખી પછી પત્રમાં જે લખવું હોય એ લખાય. મિત્રો, સરખી ઉંમરના ભાઈભાંડુ વિ.ને 'પ્રિય' સંબોધન અને પછી સપ્રેમ નમસ્કાર લખાય. નાનાં હોય એમને 'ચિરંજીવ' સંબોધન અને પ્રેમપૂર્વક અનેક આશીર્વાદ વિશેષ' એમ લખાય જ્ઞાનદેવે પોતે લખેલા આ અનેરા પત્રનો પ્રારંભ પણ અનેરી રીતે કર્યો. એમણે લખ્યું,

'સ્વસ્તિ શ્રી વટેશુ । જો લપોનિ જગદાભાસુ
દાવી મગ ગ્રાસુ । પ્રગટલા કરીં ॥
પ્રગટે તંવ તંવ ના દિસે । લપે તંવ તંવ આભાસે ।

પ્રગટ ના લપલા અસે । ન લોપતા જો ॥
બહુ જંવ જંવ ના હોય । તંવ તંવ કાંહીંચ ના હોયે ।
કાંહીં ન હોની આહે । અવધાચિ જો ॥

'વટેશ' એટલે વટેશ્વર મહાદેવ. ચાંગદેવના ઇષ્ટદેવ. જેનો અહંકાર દૂર થયો તેને કોઈના વંદન કે આશીર્વાદ સ્પર્શે નહીં. જે હોય તે બ્રહ્માર્પણ જ થતું હોય. એટલે પત્રના આરંભમાં વંદન કર્યું ચાંગદેવને નહીં એમના ઇષ્ટદેવને. એ વંદન કરી ચાંગદેવ કેટલા મોટા યોગી અને સાધક છે એ વિશેનો પોતાનો ભાવ આપમેળે જ વ્યક્ત થાય એ જ્ઞાનદેવની સહજ વિવેકબુદ્ધિ!

અદ્વૈતવાદી જ્ઞાનદેવે જ્ઞાનેશ્વરીના મંગળાચરણમાં,
'ૐ નમોજી આદ્યા વેદ પ્રતિપાદ્યા ।
જય જય સ્વસંવેદ્યા । આત્મરૂપા ॥

એમ આદ્ય નિરાકારને વંદન કરી પછી ગણેશાકારે એ નિરાકારે આકાર કેવી રીતે ધારણ કર્યો છે એનું વર્ણન કરી ગણેશને વંદન કર્યું છે તે આપણે જોયું. પણ આ પત્ર લખતી વખતે એ પરિણત પ્રજ્ઞ છે, સ્વસ્થ છે. એટલે એમણે અત્યંત સહજ રીતે વટેશનો જયજયકાર કર્યો છે! 'નામરૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ હોયે' એ જ્ઞાન થયા પછી સર્વને જ વંદન હોય!

એઓ વટેશની સ્તુતિ કરે છે, 'આપ જ્યારે અપ્રગટ હો ત્યારે જગતનો ભાસ થાય છે અને આપનાં દર્શન થાય ત્યારે જગત અલોપ થાય છે. કારણ અંતે જગત એ આપની જ છાયા છે.' આ સ્તુતિમાં એમણે પોતાને જે કહેવું છે તે સંક્ષેપમાં સૂચિત કર્યું છે. જગતનો સાજ સજેલા બ્રહ્મને અજ્ઞાની હોવાને કારણે આપણે જાણતા નથી; ત્યાં સુધી જગત સત્ય ભાસે છે. પણ સાધના વડે ચિત્ત શુદ્ધ થયા પછી એના સ્વચ્છ દર્પણ પર આતમરામ પ્રગટે ત્યારે જગત મિથ્યા છે, આભાસ છે, સત્યની માત્ર છાયા છે એટલે આતમરામના દર્શન થાય ત્યારે એની એ છાયા અલોપ થાય છે એ આપમેળે ખબર પડી જાય. સાચી વાત તો એ છે કે પ્રભુ પોતે નિત્ય છે. અવિચલ, અવિનાશી અને સનાતન છે. એ પ્રગટતા પણ નથી અને અલોપ પણ થતા નથી. આપણું અજ્ઞાનનું પટલ દૂર થાય ત્યારે આપણને ઝાંખી થાય છે. જેમ સૂર્યોદય થયો અથવા સૂર્યાસ્ત થયો એમ માનવું એ આપણું અજ્ઞાન છે. સૂર્ય એની જગ્યાએ છે. પૃથ્વી ફરે છે, એ સત્ય છે. આ દિવસ છે એટલે સૂર્યોદય થયો અને રાત

પડી એટલે સૂર્યાસ્ત થયો એમ કહેવું એ આપણી અલ્પદષ્ટિ છે. તેવું જ બ્રહ્મ અને જગતનું છે.

પત્રના આરંભમાં વટેશનું સ્તવન કરતાં કરતાં જ્ઞાનદેવે 'બ્રહ્મ સત્ય જગાન્મિથ્યા.' આ સત્ય કહી દીધું. પછી 'એકમેવાદ્વિતીય' એવો પરમાત્મા એ વિવિધ રૂપે કેમ ભાસે છે એ દૂધ, દહીં, ઘી, સોનું અને અલંકાર વગેરે દષ્ટાંતો આપીને સ્પષ્ટ કર્યું છે અને એમાંથી 'બહુરૂપાત્મક જગત સાચું લાગે ત્યાં સુધી બ્રહ્મસાક્ષાત્કાર થતો નથી. એટલે સાક્ષાત્કાર માટે સાધના કરવી પડે' એ આગળનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે. કઈ સાધના સાચી? એ બાબતમાં પણ જ્ઞાનદેવ પૂર્ણ અનાગ્રહી છે. મનુષ્યના સ્વભાવને અનુરૂપ સાધનાનો પ્રકાર સદ્‌ગુરુ બતાવે છે એ યોગ્ય હોય છે. પ્રકાર ભલે ગમે તે હોય અંતે સર્વનું સાધ્ય એક જ છે. એટલે પ્રકારના વર્ણનમાં અથવા એ અંગેની ચર્ચામાં જ્ઞાનદેવે રસ લીધો નથી. ચિત્તશુદ્ધિ–સાધના એ કર્મ છે. એનાં બે અંગ છે. બાહ્ય સાધના અને અંતઃ સાધના. બાહ્ય સાધના એટલે કર્મકાંડ. સ્નાન, સંધ્યા, પૂજાપાઠ, જપજાપ્ય વગેરે બાહ્ય સાધન કહેવાય સ્નાનાદિથી દેહ શુદ્ધ થાય. નિત્યકર્મથી મન કેળવાય. અને એકાગ્ર થઈ ધ્યાન–ચિંતન કરે, એ જ અંતઃ સાધના. એનાથી ચિત્ત શુદ્ધ થાય સ્વચ્છ અરીસા પર સરસ પ્રતિબિંબ દેખાય. તેમ શુદ્ધ ચિત્ત પર પરમાત્માનું દર્શન થાય. વિકાર કે શંકાની મલિનતા હોય ત્યાં સુધી એ ના થાય. એ દર્શનની અનુભૂતિ એ જ સાક્ષાત્કાર. સાક્ષાત્કાર થયા પછી સર્વવ્યાપ્ત બ્રહ્મ વિના બીજું કશું જ દેખાતું નથી. સંભળાતું નથી. ઉચ્ચ નીચ, સારું નરસું, જડ ચેતન, સગુણ–નિર્ગુણ એવા કોઈ ભેદ રહેતા નથી. બધું એકાકાર થાય. એક બ્રહ્મ જ બધે હોય.

પત્રની પહેલી છત્રીસ ઓવીઓમાં જુદાં જુદા દષ્ટાંત આપી 'બ્રહ્મ સત્ય જગન્મિથ્યા' ની વાત કરી છે. ૨૯ થી ૩૬મી ઓવી સુધી પરમાત્માના શુદ્ધ સ્વરૂપનું વર્ણન કર્યું છે. જ્ઞાનેશ્વરી સામાન્ય લોકોને સમજાવવા 'કહેલી' છે. એટલે એમાં બધું બહુ સરળ, સહેલું કરી ખૂબ વિસ્તારથી રોજના વ્યવહારનાં દષ્ટાંતો આપી ભાષાની રોચકતા સાચવીને કહ્યું છે. અમૃતાનુભવમાં આત્મ-નિરીક્ષણની દૃષ્ટિ છે એમાં સાક્ષાત્કારની અનુભૂતિ મેળવવા જે સોપાન પરથી પોતે ગયા એ સોપાનનાં દર્શન છે. ત્યારે આ તો પત્ર છે. અને તે પણ જ્ઞાની, મહાયોગી પર લખેલો પત્ર છે. એ જ્ઞાનગોષ્ઠી છે. સમાનશીલ સાથેની 'ગોઠડી' છે. એટલે એમાં વિસ્તારનું પ્રયોજન નથી. પ્રયત્નપૂર્વક સહેલી ભાષા

વાપરવાનું કારણ નથી. એટલે અહીં દૃષ્ટાંતો આપ્યાં છે તે જ્ઞાનીજન સમજી શકે એવાં જ આપ્યાં છે. આત્મસ્વરૂપનું વર્ણન કરતાં એઓ લખે છે,

"વાદ્ય જાતેં વિણ ધ્વનિ । કાષ્ઠ જાતેં વિણ વન્હી ।
તૈસે વિશેષ ગ્રાસુનિ । સ્વયેંચિ અસે ॥૨૯॥

કોઈ પણ વાદ્યમાં ધ્વનિ તો હોય છે જ, વગાડ્યા વિના એ પ્રગટ થતો નથી. પણ જાણકારનો હાથ અડકતાની સાથે એ ધ્વનિ વિશેષ રૂપે બહાર પડે છે. દા. ત. તંબૂરાના તાર મેળવીને છેડવા પડે. તબલા તપાવી ગોઠવી એના પર ઠેકો આપવો પડે. એમ દરેક વાદ્યની માવજત જુદી. વગાડવાની રીત જુદી અને ધ્વનિ માધુર્ય પણ જુદું. દરેક કાષ્ઠમાં અગ્નિ છે એ સત્ય છે. છતાં લાકડા પર લાકડું ઘસ્યા વિના અથવા એના પર તણખો પાડ્યા વિના એ સળગતું નથી. લાકડામાં અગ્નિ છે એમ સમજી લાકડાને વળગીને બેસવાથી ઠંડીથી બચી શકાતું નથી. લાકડું સળગાવ્યા વિના એના પર તપેલા ચડાવવાથી રસોઈ થતી નથી. તેમજ આત્મા નામરૂપમાંથી વિશેષરૂપે પ્રગટ થતાં વિશેષને પણ પોતાનામાં સમાવીને સ્વસ્વરૂપે રહે છે. વિશેષરૂપ ગમે તે હોય તેથી આત્મસ્વરૂપમાં કશો જ ફેરફાર થતો નથી. કારણ એ તો સ્વયંસિદ્ધ છે. સ્વયંપ્રકાશિત છે.

એકત્રીસમી ઓવીમાં જ્ઞાનદેવે બહુ જ સરસ દૃષ્ટાંત આપ્યું છે.

"આપુલિયા બુબુળા । દૃષ્ટિ અસોનિ અખમ ડોળા ।
તૈસા આત્મજ્ઞાની દુબળા । જ્ઞાનરૂપ જો ॥

આંખની કીકીને દૃષ્ટિ છે. એના વડે બધાં જોઈ શકે છે. છતાં એ પોતે પોતાને ક્યાં જોઈ શકે છે ? એ જ રીતે આત્મજ્ઞાનીને અનુભૂતિ થાય તો પણ 'હું આત્મજ્ઞાની છું' એમ એ કહેતો નથી. કારણ જ્ઞાન જ એ કે 'હું'નું અસ્તિત્વ જ ના રહે. એટલે આત્મરૂપનું વર્ણન શબ્દ વિના મૌનથી જ થાય. કારણ બોલવાવાળો, બોલવાનો વિષય, અને સાંભળવાવાળો કોઈની હસ્તી જ ત્યાં રહેતી નથી.

"યા લાગીં મૌનેંચિ બોલિજે । કાંહીં નહોની સર્વ હોઈજે ।
નવ્હતા લાહિજે । કાંહીંચ નાહીં ॥૩૩॥

જ્ઞાનરૂપ આત્માના સ્વરૂપનું વર્ણન થઈ ના શકે. એટલે મૌન રહીને જ એ કહેવું પડે. ગોળની મીઠાશનું વર્ણન કેમ થાય ? ગોળ ખાય એને એના

સ્વાદનો અનુભવ થાય. અને આપવાવાળાએ 'આ મીઠો છે' એમ કહ્યું હશે તેનો અર્થ એને સમજાય. તેમ આત્મતત્ત્વને અનુભવીને જ જાણવું પડે. 'કાંહીં ન હોની સર્વ હોઈજે ।' આમ તો એ કશું જ નથી. પણ એ બધું જ છે. કારણ એનો એક આકાર બતાવી શકાય એમ નથી અને બધાં જ દશ્ય આકારોમાં એ છે. એ સ્વયંપ્રકાશિત છે. સાધન અને ઉપાસના વડે ચિત્ત શુદ્ધ થાય ત્યારે એનું બિંબ ચિત્ત અનુભવી શકે. શુદ્ધતા વિના અનુભૂતિની ક્ષમતા પ્રાપ્ત ના થાય.

આ ક્ષમતા મેળવ્યા પછી દશ્ય, દ્રષ્ટા અને દષ્ટિ એ ત્રણનો સંયોગ થાય ત્યારે જોવાની ક્રિયા પૂર્ણ થાય. આ વ્યવહારમાં જેનો રોજ અનુભવ થાય છે એ સત્ય છે. પણ આત્મરૂપદર્શન વ્યવહારથી પર છે. ત્યાં આ ત્રણે એકાકાર થાય તો દર્શન થાય. આ સિદ્ધાંત વિશે જ્ઞાનદેવે ૩૬મી ઓવીમાં લખ્યું છે,

"જ કોણાચેં નવ્હતં નિ અસણેં । જે કોણાચે નવ્હતા દિસણેં ।।
કોણાચેં નવ્હતા ભોગણેં । કેવળજી ।।૩૬।।

આત્મરૂપના અસ્તિત્વને કારણે જ ચરાચરનું અસ્તિત્વ છે. અર્થાત્ આપણાં જ્ઞાનેન્દ્રિય અને કર્મેદ્રિયોનું અસ્તિત્વ પણ આત્મરૂપને લીધે જ છે. એ સમજી શકાય તો પણ કહી શકાતું નથી. બતાવી શકાતું નથી. બુદ્ધિ, ચિત્ત કે અહંકારની કોઈ કક્ષામાં એ સમાતું નથી. છતાં એ બધાંનું મૂળ કારણ તો એ જ છે. સામાન્ય જનને આ બધું અટપટું લાગે. પણ મહાયોગી આ પરિભાષા બરાબર સમજે. એટલે જ્ઞાનદેવ કોઈ દષ્ટાંત આપી વિસ્તાર કરતા નથી અને આગળ વધે છે. બુદ્ધિ, મન અને ચિત્તને પણ વટાવીને સર્વાત્મક બ્રહ્મરૂપમાં, અનંત સનાતન, અદ્વય એવા બ્રહ્માર્ણવમાં વિલીન થઈ પોતે વિશ્વરૂપ થઈ કૈવલ્યાવસ્થાનો અમૃતાનુભવ યોગિરાજ ચાંગદેવ આપ લઈ લો. એમ કહી જ્ઞાનદેવ એક બીજાને મળવાની વાત પર આવે છે. આ વિવેચનનો સાર, પત્રલેખનનો મુખ્ય મુદ્દો એમાં આવે છે.

'સખયા તુઝેનિ ઉદ્દેશે । ભેટાવયા જીવ ઉલ્લાસે
કી સિદ્ધ ભેટી વિસકુસે । એ'સીયા બિહે ।। ૪૨।।'

'હે મિત્ર, હે સખા, તમને મળવામાં જીવને આનંદ જ થાય. પણ સાચું કહો તો તમે અને હું બંને શું એક જ નથી ? કોણ કોને મળે ? કેવી રીતે

મળે ? આપણે બે જણ અરીસા જેવા છીએ. સામ સામા આવીયે તો અંદર શું દેખાય ? તમે મારામાં અને હું તમારામાં ! પછી રહેશે શું ? જોશે કોણ ? કોણ કોને મળશે ? કોણ કોની સાથે વાત કરશે ? એટલે તમને મળવાની ઉત્કંઠા છે. તમને મળવાની કલ્પના પણ આનંદદાયક છે. છતાં આપણું સ્વયંભુ અનાદિ મિલન, આપણી આ સિદ્ધ ભેટ એ સ્થૂલ મિલનથી બગડી તો નહીં જાયને ? આ વિચારથી મન પાછીપાની કરે છે. મારા આ શબ્દ મારા મનનું દર્પણ જ છે. એમાં આપ મને જોશો અને એમાં જ આપને આપણાં પણ દર્શન થશે. પછી મળવાપણું રહ્યું જ ક્યાં ? પાણી માપવા મીઠાની પુતળી પાણીમાં ઊતરે તો એનું પાણી જ થઈ જાય. એવી આપણી બંનેની સ્થિતિ છે.

"લવણ પાણીયાચા થાવો । માજી રિગોનિ ગેલે પાહો ।
તવ તેચિ નાહીં મા કાય ધેવો । માપ જળા ॥૪૬॥
તૈસે તુજ આત્મયાતેં પાહી । દેખો ગેલિયા મીચિ પાહી ।
તેથ તું કૈસા કાંહીં । કલ્પાતયા જોગા ॥૪૭॥"

"આપનો અને મારો વાર્તાલાપ એટલે બોલ પોતે બોલેલું સાંભળે એના જેવું. સ્વાદ પોતાને ચાખે, દર્પણ પોતાનું રૂપ પોતાનામાં શોધે એવું થાય !"

એક મહાયોગી બીજા એવા જ યોગી સાથે પત્ર દ્વારા સુખસંવાદ કરે છે. એમાં એમણે જે કાંઈ લખ્યું છે તે મન મૂકીને નિ:સ્પૃહ ભાવે, નિ:શંક થઈને લખ્યું છે. મનમાં સંદેહ ન હોવાથી કોઈ દલીલ નથી. તેમજ પ્રત્યક્ષ પરિચયની કે નમસ્કાર ચમત્કાર જેવા ઉપચારની જરૂર એમને જણાતી નથી. અંતરના તાર ચાંગદેવે મોકલેલા કોરા કાગળથી એવા મળી ગયા છે કે યુગ-યુગાન્તરથી એકબીજાને જાણતા ના હોય એવો આત્મીય ભાવ મનમાં જાગ્યો હોય તેમ જ્ઞાનદેવ આગળ લખે છે,

'મિત્ર, તમારે વિશે મનમાં પ્રેમનો જે ઉભરો આવે છે તેને લઈને મારો અહં નિરંકુશ થાય છે. પણ આપને સ્વરૂપમાં વિલીન થયેલા જોઈને આ અહં પણ એમાં ભળ્યા વિના નહીં રહે. સ્વ સ્વરૂપમાં આપણું હું પણું ઓગળી જાય અને ત્યાં જ આપણું ચિરંતન મિલન થાય.'

અંતે પત્રનો સમારોપ કરતા જ્ઞાનદેવ લખે છે,

'ચાંગદેવ, શબ્દોમાં સમાય નહીં એવું હું તમને શબ્દોમાં જ લખી જણાવું છું કારણ સામાન્ય જનની જાગૃતિને પોતાનામાં સમાવી લે એવી ચિરંતન

જાગૃતાવસ્થામાં આ શબ્દમાળા પ્રગટ થઈ છે. આ કહ્યું એ મેં ક્યાં કહ્યું છે આપને નિમિત્તે ગુરુ નિવૃત્તિદેવે જે મને આપ્યું એ જ મેં આપને અને આપને નિમિત્તે જગતને પાછું આપું છું!

"ચાંગદેવા તુઝેનિ વ્યાજે । માઉલિયા નિવૃત્તિ રાજે ।
સ્વાનુભવ રસાળ ખાજે । દિધલેં લોભે ॥૬૧॥

ગુરુને જ્ઞાનદેવ 'માવડી' (માઉલી) કહે છે. નિવૃત્તિદેવ પ્રત્યેનો પ્રેમ અને આદર દરેક જગ્યાએ જ્ઞાનદેવ વ્યકત કરે છે. 'માઉલી' કહેવું એ જૂની મરાઠી ભાષામાં પ્રેમાદરની સીમા જેવું છે. ભકતો વિઠ્ઠલને વિઠાઈ માઉલી કહે છે. ગુરુને ગુરુમાઉલી કહે છે. ખુદ જ્ઞાનદેવનો ઉલ્લેખ 'જ્ઞાનેશ્વર માઉલી' એમ જ થાય છે. આવી આ ગુરુ માઉલીએ જે આપ્યું તે અંતરના અંતરથી, સાધનાના સત્ત્વ જેવી શબ્દમાલામાં નીસર્યું છે.

'તિયેંપરિ ઈયા । જો દર્પણ કરીલ ઓવીયાં ।
તો આત્મા એવદીયા । મિળેલ સુખાં ॥૬૩॥

જેટલી આત્મીયતાથી આ ઓવીઓ લખાઈ છે એટલા જ ભાવથી એ વાંચનારને એમાં સ્વસ્વરૂપના દર્શન થશે. અને અનંત આત્મસુખ એઓ પામશે.

ચાંગદેવ હઠયોગી હતા. એટલે પુરુષ અને પ્રકૃતિનું દ્વૈત અને પ્રત્યેક દેહમાં પૃથક્ આત્મા આ સાંખ્ય મતને એઓ વળગી રહ્યા હતા. અદ્વૈતની એક માત્રા ત્યાં ખૂટતી હતી. અંતિમ આત્મરૂપ અખંડ છે. એક અને અદ્વય છે. વેદ પણ આ અદ્વૈતનો જ નિષ્કર્ષ આપે છે અને સિદ્ધ પુરુષોની પોતાની અનુભૂતિ પણ 'અદ્વૈતં પરમાર્થતા' એમ જ કહે છે. દશ્ય, પ્રકૃતિ અને વ્યાવહારિક ભૌતિક કર્મ દરેકને કરવાં પડે. એમાંથી કોઈ છૂટતું નથી. જ્ઞાની પુરુષ અલિપ્ત ભાવે એ કર્મ કરીને, કર્મ કરતાં કરતાં સાધના કરી, કર્મને જ સાધના રૂપ બનાવીને, ચિત્તને શુદ્ધ કરી સત્યની ખોજ કરે છે અને અંતે દશ્ય અને દ્રષ્ટા એ બંનેનો સાક્ષી, જ્ઞાતા, અદ્વય આત્મા છે. એ જ અંતિમ સત્ય છે. એ જ બ્રહ્મ છે એમ જાણી એઓ કર્મ દ્વારા બ્રહ્મને પામે છે.

"ચાંગદેવા, તં કી હોઈ જે ॥૬૪॥

ચાંગદેવ, આ જ્ઞાન વડે તમે પણ એ પામશો અને બ્રહ્મરૂપ થશો,

"નિદે પરી તે નિદેપણે । જાગૃતિ ગિળોની જાગણે
કેલે તૈસે ગુંફણે । જ્ઞાનદેવો મ્હણે ॥૬૫॥

નિદ્રાને ઓળંગી જાય એવી મહાનિદ્રા અને જાગૃતિને પેલે પાર જઈ પહોંચેલી ચિરંતન જાગૃતિ એવી યોગસમાધિ જેવી અવસ્થામાં, જ્ઞાનદેવ કહે છે, આ શબ્દબંધ તમારે નિમિત્તે ગૂંથાઈ ગયા છે.

બે નિરહંકાર, જ્ઞાની યોગીઓ વચ્ચેની આ પ્રેમગોષ્ટીમાં જ્ઞાનદેવે મનના દ્વાર ખોલી નાંખ્યાં છે, એવી એ અપૂર્વ એવી 'સિદ્ધ ભેટીને' શબ્દોમાં પકડી રાખનારો એ પત્ર પત્રસાહિત્યમાં અપૂર્વ અને અદ્વિતીય છે !

# ૧૧. જ્ઞાનદેવના ગેય અભંગ

અધ્યાત્મવિદ્યાના, તત્વજ્ઞાનના, યોગ સાધનાના અનુભવોના મોટા મોટા ગ્રંથ જગતની મોટી મોટી વ્યક્તિઓએ લખ્યા છે. એ જાતનું સાહિત્ય અમર છે. સર્વકાલીન સર્વમાન્યતા એ સાહિત્યને મળી ચૂકી છે. એ માર્ગના સાધકોને સાધનાપથ પર એ ગ્રંથ દીપસ્તંભ જેવા ઉપયોગી નીવડે છે. માનવી સંસ્કૃતિની પ્રગતિમાં એવા સાહિત્યનું યોગદાન મહામૂલું છે એમાં શંકા નથી. છતાં એ પ્રકારનું સાહિત્ય તળસમાજને સ્પર્શી શકતું નથી એ પણ એટલું જ સાચું છે. અને સમાજના કોઈ એક સ્તર પર સારી કે માઠી અસર--પછી એ ઊંડી ભલે હોય – થાય એટલે એને લીધે આખા સમાજની સાંસ્કૃતિક ઉન્નતિ કે અધોગતિ થાય, એવું ભાગ્યે જ કહેવાય. સમાજમાં વસતા અનેક સ્તરના લોકો પર, એમના માનસ પર અને જીવન પર જે સંસ્કાર થાય, એ લોકો જે રીતે જીવવા માંગે તેમાંથી સાચી સંસ્કૃતિનું ઘડતર થાય. એવા ઘડતરમાં મંત્રદ્રષ્ટા ઋષિથી માંડી સાવ વ્યવહારુ વાતને કહેવત રૂપે જીવતમાં વણી લેતી ડોશીમા સુધી બધા જ અગત્યનો ભાગ ભજવે છે. છતાં સંતોનાં ભક્તિગીતો સદીઓથી લોકમાનસમાં ધર્મગ્રંથ જેવું સ્થાન મેળવી સંસ્કારનું મૂલગ્રાહી સિંચન કરે છે એ હકીકત છે.

સંતની વાણી સામાન્ય માનવી સમજી શકે છે કારણ સંતો લોકો વચ્ચે જીવે છે. સંસારી લોકોના સુખદુ:ખ એઓ જાણે છે. પોતે એ જંજાળ વચ્ચે પણ જળકમળ જેવા રહી લોકોને માર્ગદર્શન કરવાની ક્ષમતા એઓ કેળવે છે. સંતનું ચારિત્ર્ય લોકો પ્રત્યક્ષ જોઈ શકે છે. એમના સત્સંગનો પ્રત્યક્ષ લાભ લોકોને મળે છે. એટલે સ્વાભાવિક રીતે સંતો પ્રત્યે લોકોને આત્મીયતાની લાગણી હોય છે. એમની આપેલી શિખામણ પોથીમાંનાં રીંગણાં જેવી નથી લાગતી. એટલે સંતવાણી લોકજીવનમાં વણાઈ જાય છે. સામાન્ય માણસોએ જીવનની ફિલસૂફી વેદ ઉપનિષદમાંથી નહીં પણ તુલસી, સૂર, કબીર, નાનક, મીરાં, નરસિંહ, જ્ઞાનદેવ, તુકારામ, રામદાસ જેવા સંતોની વાણીમાંથી જ આત્મસાત કરી છે.

સંતોના શબ્દ માત્ર લોકજીભે જ રમે છે એવું નથી. સમાજ આખાના જીવન પર સંતવાણીનો પ્રભાવ આજે સદીઓથી રહ્યો છે.

જ્ઞાનદેવના ગેય અભંગો આજે પણ તળમહારાષ્ટ્રનાં ઝૂંપડાંઓમાં ભાવથી ગવાય છે. અક્ષરજ્ઞાન ન હોય એવાને પણ એ અભંગો મુખોદ્ગત હોય છે,

ગેય અભંગોમાં જ્ઞાનદેવની પ્રતિભાનું એક આગવું પાસું દેખાય છે. કેટલીક વાર પોતે નાના ગોવાળ બાળ થઈ બાળકૃષ્ણ સાથે ઊભાઊભા ઝગડતા ના હોય, તેમ એઓ ગાય છે,

"કાન્હો, તુઝી ઘોંગડી ચાંગલી રે ચાંગલી,
આમ્હાંસી કા દિલી વાંગુલી રે ?"

'કાનુડા, તું પણ ખરો છે! પોતાને માટે કેવો સારો સારો કામળો રાખ્યો, અને અમને ફાટલો તૂટલો આપ્યો...એમ !'

કેવો છે હરિએ ઓઢેલો કામળો ?

"સ્વગત સચ્ચિદાનંદે મિળુની । શુદ્ધ સત્ત્વગુણે વિણલી રે ।
ષડ્ગુણ ગોંડે રત્નજડિત તુજ । શ્યામસુંદરા શોભલી રે ।।

'આત્મરૂપ સચ્ચિદાનંદે પોતે સત્ત્વ ગુણ (ગુણ=ધાગો) લઈ એ વણી કાઢી છે. ષડ્ગુણના રત્નજડિત ઝળહળતા ફૂમતાં મૂકી એની શોભા વધારી છે. તારાં સુંદર રૂપમાં એ વધારો કરે એ તો જાણે બરાબર. પણ અમારી સામે તો જરા જો–'

"ષડ્વિકાર ષડવૈરી મિળુની । તાપત્રયાને વિણલી રે ।
નવહી ઠાયીં ફાટુનિ ગેલી । તી ત્વાં આમ્હાસિ દીધલી રે ।।"

'ષડ્રિપુ અને ષડ્વિકારના તાણાવાણા અને તાપત્રય જેવો વણકર! એટલે અડકે ત્યારથી પીડાનો પાર ના રહે. અધુરામાં પૂરું એક નહીં પણ નવ નવ જગ્યાએ ફાટેલો કામળો (કાયાને નવ દ્વાર હોય છે એ અર્થે) કાનુડા! તે અમને રંકને ઓઢાડયો ?'

નાનાં-મોટાં સૌને રુચે એવી આ નિર્દોષ ઝગડાની વાત. તે પાછી સાંભળવી ગમે એવા તાલ-સૂરમાં ગૂંથાઈને આવે, જીભે બહુ સહજ રીતે ચડે એવા શબ્દોમાં એ મઢેલી હોય એટલે સાંભળતાંની સાથે લોકોને એ ગમે. બધાં સાથે ગાવા મંડી જાય. અને એમ ઝીલાતાં ઝીલાતાં અભંગો ગામેગામ પહોંચી જાય. અને એમાંની જ્ઞાનની વાત આપમેળે હૈયામાં ઊતરી જાય. મન ભક્તિને રંગે રંગાઈ જાય.

જ્ઞાતિએ બહિષ્કૃત કરેલાં આ છોકરાંઓ. સમોવડિયાં સાથે રમવાનું ક્યાંથી મળે ? નાનકડી મુક્તાને પણ ભાઈઓ જ રમાડે. એની સાથે ફુંદરડી ફરતા જ્ઞાનદેવે ગાયું છે,

"ફુગડી ગે ફૂ બાઈ ફુગડી ગે ફૂ ।
નિજબ્રહ્મ તું ગે પરબ્રહ્મ તૂં ।
મનચિત્ત ધૂ ગે વિષયાવરી થૂ: ।
એક નામ માંડી દુજા ભાવ સાંડી ।
હરિ આલા રંગી સજ્જનાંચે સંગી ।
સકળ પાહે હરિ તોંચિ ધરિ ચિત્તી ।
જ્ઞાનદેવા ગોડી કેલી સંસારા ફુગડી ।"

"મન, ચિત્ત શુદ્ધ કરી, વિષયો ત્યજી, ભગવાનનું નામ દેતાં દેતાં દ્વૈતભાવ છોડી દેવો. સત્સંગમાં તો હરિ પોતે જ મગ્ન થાય છે. આપણું ચિત્ત શુદ્ધ થાય એટલે બધાં જ સજ્જન લાગે. એટલે પછી જ્યાં જુવો ત્યાં હરિ રમતો દેખાય—બેની મારી! આપણો સંસાર આખો આ ફુંદરડી ફરવામાં પૂરો થાય."

ઈશ્વરના સગુણ રૂપોમાં કૃષ્ણરૂપ ભક્તોને બહુ ગમે છે. નાનાં મોટાં, જ્ઞાની, અનાડી, બધાંને કૃષ્ણ પોતાનો લાગે. પોતાના જેવો લાગે એવું કૃષ્ણનું ચરિત્ર છે. એ નટખટ નંદનો બાળ ગોવાળ થઈ ગોધણ રાખે અને માખણ ચોરી ગોપીઓને સતાવે. સાથે સાથે રાસ રમાડી આનંદ પણ કરાવે. દુષ્ટોનો નાશ કરી સજ્જનોને એ આધાર આપે. બધાં પર એ અનહદ પ્રેમ કરનારો છે. અર્જુન જેવા અધિકારીને એ ગીતા સુણાવે અને થાકયાં પાકયાંને મુરલી-ધરની મોરલી ડોલાવી ડોલાવીને ઊભાં કરે. જ્ઞાનદેવ જેવા અદ્વૈતવાદી યોગીરાજથી પણ કાનુડાના પ્રેમમાં પડયા વિના રહેવાય નહીં. નિર્ગુણનું એ સગુણ રૂપ કેવું છે? જ્ઞાનદેવ વર્ણન કરે છે,

"તુઝિયે નિઢળી, કોટી ચંદ્ર પ્રકાશ
કમલ નયન હાસ્યવદન હાંસે
હાલ કાંરે કૃષ્ણા, ડોલ કાંરે
ઘડિયે ઘડિયે ગુજ, બોલ કાંરે?
ઊભા રાહોનિયા કૈસા હાલવિતો બાહો
બાપ રખુમાદેવી વરુ વિઠ્ઠલુ ના હો ।

મધુરા ભકિતમાં પરમાત્માને પ્રિયતમ કહે છે. જ્ઞાનદેવ રૂક્ષ્મિણીદેવીના વર વિઠ્ઠલને 'બાપા' કહે છે. છતાં એના બાળરૂપનાં વર્ણન લાડ લડાવીને કરે

છે. એ રૂપ સુંદર છે. પ્રસન્ન છે. તેજસ્વી છે. છતાં એનું તેજ કરોડો ચંદ્ર જેવું છે...અમાપ છે. છતાં એ સૂર્યના તેજ જેવું તીવ્ર કે તાપદાયક નથી. હાલતો ને ડોલતો એ દિવ્ય બાળુડો ગાલ પર ગાલ ટેકવી પોતાના નાજુકડા હોઠ કાન પાસે લાવી કાંઈક 'ગુજ' ઘડી ઘડીએ કર્યા કરે છે. ડગુમગુ થતો ઊભો રહી પોતાના હાથ ઊંચા કરી 'મને તેડી લો' એમ કહે છે!

કદાચ નવાઈ લાગે પણ બાળરૂપમાં પ્રેમની પરમાવધી જોતાં જ્ઞાનદેવે ગોપીભાવે વિરહગીત પણ ગાયાં છે.

"કૃષ્ણ વેધિલો વિરહિણી બોલે
ચંદ્રમા કરીતો ઉબારા વો માયે
ન લાવા ચંદનુ વો અંગી ન ઘાલા વિંજણ વારા
હરિવિણે શૂન્ય શેજારુ ગે માયે ॥

કૃષ્ણવિરહના તાપથી અંગેઅંગની થતી બળતરા ચંદનના લેપથી કે પંખાના પવનથી ના મટે! ચંદ્રમાની ચાંદની પણ શીતલતાને બદલે આગ ના વરસતી હોય એવી અસહ્ય થઈ પડે છે.

'ચંદનાચી ચોળી, માઝે સર્વ અંગ પોળી'

'ચંદનનો સ્પર્શ પણ ડામ દીધો હોય એવો લાગે એવી દશા થાય છે!' બીજા એક સુંદર ગીતમાં એઓ ગાય છે.

'ધનુ વાજે ધુણ ધુણા, વારા વાહે રુણ ઝુણા ।
ભવતારકુ હા કાન્હા, વેગી ભેટવા કા ॥'

આકાશ મેઘાચ્છાદિત થાય ત્યારે વિરહવેદના વધારે ને વધારે તીવ્ર થાય. એ હવા, એ વાતાવરણ, એ સમયે થતી મનની અવસ્થા, આ બધાંનું 'નાદચિત્ર' (આ શબ્દ પણ જ્ઞાનદેવનો જ) કેટલું સુંદર છે! ધનુ = ધન, મેહુલો, નાની રૂપાળી ઘંટડી જેવો 'ધુણધુણા' અવાજ કરે છે પવનના ઝાંઝર 'રુણઝુણા' બોલે છે. અને જીવને તાલાવેલી લાગી છે 'ભવતારકને' મળવાની! કેવું છે એ મિલન?

'ક્ષેમા લાગી જીવ ઉતાવીળ માઝા। મ્હણવોનિ સ્ફુરતાતી બાહો।
ક્ષેમ દેઊં ગેલે તંવ મીચિ મી એકલી। આસાવલા જીવ રાવો।'

ક્ષેમ એટલે આલિંગન. 'એને આલિંગન આપવા, એને મળીને એનામાં સમાઈ જવા મારો જીવ અધીરો થયો. 'આ આવ્યો...આવ્યો !' કહી હાથ પહોળા કરી ભેટવા જઉં ત્યાં...ત્યાં સામે પણ હું જ ! આશા ભર્યો જીવ પોતાની જાતને શોધતો એકલો ને અટુલો ભમતો જ રહયો !'

એનું રૂપ પણ કેવું ! ભલભલા ઘેલાં થાય એવું !

'પાંડુરંગ કાંતી, દિવ્ય તેજ ઝળકતી
રત્નકીળ ફાંકતી પ્રભા
અગણિત લાવણ્ય તેજ પુંજાળલેં
ન વર્ણવે તેથિચી શોભા ॥'

અગણિત રત્ન સાથે ઝળહળતા હોય એવી છે એની દિવ્યકાંતિ. એ રૂપની શોભાનું વર્ણન કેવી રીતે, કયા શબ્દમાં કરવું !'

એ રૂપરાશિના નાટક પણ કાંઈ ઓછાં નથી ! એવો નટખટ છે.

કાનડા વો વિઠ્ઠલુ કર્ણાટકુ
તેણે મજ લાવિયેલા વેડુ
ખોળ બુંથિ ઘેઉની ખુણાચિ પાલવી
આળવિલ્યા ને દિ સાદુ ॥

એવો નાટકી અને કુટિલ છે... મને વળી એનું જ ઘેલું લાગ્યું છે ! વિશ્વ આખાની પછેડી ઓઢી એ સંતાયો છે. એને શોધવા ફાંફાં માર્યા જ કરું છું. કયાંકથી ડોકિયું કરી મને સંકેત કરે અને હું દોડું ત્યાં તો દેખાય જ નહીં. કાકલુદી કરી બોલાવું છું તો હોંકારો સરખો ભણે નહીં. પગે લાગવા જઉં તો પગ જ કયાં ? અને છતાં આણુરેણુમાં એ સ્વયંભૂવિના કશું જ નથી એ હું જાણું છું ! અરે,

દર્પણી પાહતા રૂપ ન દિસે વો આપુલે
બાપ રખુમાદેવીવરે મજ એસે કેલે ।

'અરીસામાં જોવા જઉં તો મારા મુખડાને બદલે આખા અરીસામાં એ જ દેખાયા ! ત્યાં જ શું પણ મારી આંખલડીમાં જ એ ભરાઈને બેઠો છે. એટલે જ્યાં નજર જાય ત્યાં એ જ હોય. મંદિરમાં આરતી ઉતારવા ગઈ અને કેવી મારી ફજેતી થઈ ! મંદિરે તો પોતે વિરાજેલાં હોય જ. પણ સભામંડપમાં જ્યાં જોઉં ત્યાં ચતુર્ભુજ નરનારી દેખાય. કોની કોની આરતી ઉતારું ? શી રીતે ઉતારું ? ઓ મારી મા ! હું ... હું પોતે પણ જ્યાં 'ચતુર્ભુજ' છું !

અદ્વૈતનું આ સુંદર વર્ણન લોકોને ન રુચે તો નવાઈ ! કૃષ્ણના ઘનશ્યામ વર્ણ પર વૈષ્ણવો વારી જાય છે.

'સાવળીયે બુંથી સાવળીયા રૂપે
સાવળ્યા સ્વરૂપે વેધિયેલે ।
કાય કરું ગે માયે સાવળે ન સોડી
ઈન્દ્રિયા ઈન્દ્રીય જોડી એક તત્ત્વ ॥'

'હું તે શું કરું ? આ શામળાએ મારા તનમન છાવરી લીધા છે. એક ઘડી મને છોડતો નથી. અને મને મળતો પણ નથી !

'નિળીયેચ્યા નિશી । વિરહિણી પિશી ।

નીલ રંગની રાતે વિરહિણી ઘેલી, બાવરી થઈ જાય છે. એનું પોતાનું પોતાપણું પણ એના હાથમાં નથી રહેતું.

'હારપલી સત્તા મુરાલી વાસના
સાવળા નયના દિસતસે।
કાય કરુ માયે? સાવળા શ્રીકૃષ્ણ
નિવૃત્તિને પ્રશ્ન સાંગિતલા
બાપ રખુમાદેવીવરુ સાવળિયે તેજ
સેજ બાજ નિજ કૃષ્ણ સુખે ।'

એના પ્રેમમાં પડયા પછી બધું ખોવાનું જ હોય. આંખડી એના વિના કશું જુવે નહીં કોઈ વાસના મનમાં રહે નહીં. જગ્યા હોય તો રહે ને ! શામળા વિના કયાંય કશું નથી. નિવૃત્તિદેવે જ સમજાવેલું આ (જીવન રહસ્ય) છે.

"અનુપમ્ય તેજે ધવળલે બ્રહ્માંડ
વિશ્વરૂપી અખણ્ડ તદાકાર
રસીં રસ મુરે પ્રેમાચે સ્ફુંદન
એકરૂપી ધન હરિ માઝા ॥

'એના અનુપમ તેજથી આખું બ્રહ્માંડ ઝળકે છે. અખંડ વિશ્વ તદાકાર બની ગયું છે. નવે નવ રસ એ રસનિધિમાં સમાઈ ગયા છે. મારા હરિએ બધાંને જ આવરી લીધાં છે.'

નિજાનંદમાં મગ્ન થઈ જ્ઞાનદેવ આનંદનો ઉદ્‌ગાર કાઢે, એ આનંદ-સાગરની ભરતીમાં આજુબાજુના બધાં જ ભિજાય. બધાં જ એમની સાથે ગાય અને નાચે.

"હરિ આલારે હરિ આલારે।
સંત સંગે બ્રહ્માનંદુ આલારે॥

'હરિ યેથે રે હરિ તેથે રે। હરિવિણ ન દિસે રિતે રે।
હરિ પાહી રે, હરિ ધ્યાયી રે। હરિ વાચોનિ દુજે નાહીં રે॥'

'જ્યાં જોઉં ત્યાં હરિ જ દેખાય છે. એના વિનાની કોઈ જગ્યા જ નથી. એને જોવો, એનું ધ્યાન ધરવું એ વિના બીજું કશું છે જ નહીં!' એક સરખા મંજિરા વાગતા હોય અને એ તાલપર સહસ્રમુખે આ અભંગ ગવાતો હોય, હજારો ને લાખો માણસો ભાન ભૂલીને પંઢરપુરમાં ચંદ્રભાગા નદીને તીરે નાચી નાચીને પોતે જ જાણે જ્ઞાનદેવ હોય એવા ભાવથી ગાતા હોય, ત્યારે આજે પણ એ સાંભળનાર ડોલી ઊઠે!

'હરિ આદિ રે, હરિ અંતીં રે। હરિ વ્યાપકુ સર્વા ભૂતીં રે॥'

આ આવડું મોટું તત્ત્વજ્ઞાન, અદ્વૈતવાદનો સાર. ગાનારના મનમાં, આચરણમાં ઊતરી જાય, એ સાંભળનાર આત્મરૂપ સાથે એકાકાર થઈ જાય! જ્ઞાનદેવને જે કાંઈ કહેવું હતું તે સાંભળવા અઢારે વરણનાં, નાનાં ને મોટાં, ભણેલાં ને અભણ સ્ત્રીપુરુષ ગામેગામથી આવતાં. એમના મનમાં ઘોળાતી વાત જ્ઞાનદેવના મુખમાંથી બહાર આવતી હોય એવી આત્મીયતા જ્ઞાનદેવે નિર્માણ કરી હતી. બધાં જ એમની વાણી તન્મય થઈ સાંભળતા. 'જનમાં જનાર્દન' જોનારાં જ્ઞાનદેવ સમાજનું એ વિશાળ, પ્રેમાળ રૂપ જોઈ હરખાઈને ગાતા.

'ઈવલેસે રોપ, લાવિયેલે દ્વારીં। ત્યાચા વેલુ ગેલા ગગનાવરી॥
મોગરા ફુલલા, મોગરા ફુલલા। ફુલે વેચિતા અતિ બહરુ કળિયાસિ આલા।
મનાચિયે ગુંફીં ગુંફિયેલા શેલા। બાપ રખુમાદેવી વરુ વિઠ્ઠલીં અર્પીલા॥

"બારણા આગળ મોગરાનો નાનો સરખો છોડ મેં વાવ્યો. એનો વેલો વધી છેક ગગનને જઈ અડયો. અને ફૂલ તો કાંઈ ખીલ્યા છે! મનના તારમાં એ ફૂલડાં ગુંથી મેં શેલું બનાવ્યું અને બાપ રખુમાદેવીવર વિઠ્ઠલને ચરણે એ મહાવસ્ત્ર ધર્યું." મોગરાના ફૂલ જેવા શુદ્ધ, સુંદર, કોમલ, જ્ઞાનના પરિમળથી ભરપૂર અને સૌમ્ય એવા વિચારોની એ ફૂલવેલ જ્ઞાનદેવે વાવી. અમૃતમધુર વચનો

સિંચીને એને ઉછેરી. એ ખૂબ વિસ્તરી. ખૂબ ખીલી. મહારાષ્ટ્રની સીમાઓ પાર કરી જ્ઞાનદેવે સંત નામદેવ સાથે ભરતખંડની યાત્રા કરી. એ ગયા ત્યાં એમની સાથે એમના શબ્દ ગયા. એમના વિચાર ગયા. 'વેલુ ગગનાવરી ગેલા !'

જ્ઞાનદેવ પોતે અદ્વૈતવાદી છે એ એમની અન્ય કૃતિઓ પરથી સ્પષ્ટ રીતે જણાય છે. હરિપાઠના અભંગોમાં નામભક્તિને માર્ગે એઓ આખરે અદ્વૈત સિદ્ધાંત જ કહે છે. છતાં એ અભંગોમાં સગુણ ભક્તિનું માધ્યમ સ્વીકાર્યું છે. અને આ ગેય અભંગોમાં તો 'બાપ રખુમાદેવી વરુ વિઠ્ઠલુ'ને ઉદ્દેશી જે રીતે પ્રેમ વ્યક્ત કર્યો છે તે જોતાં આ રચનાઓ જ્ઞાનેશ્વરી કહેવાવાળા જ્ઞાનદેવની કે બીજા કોઈની આ શંકા ઘણા વિદ્વાનોના મનમાં આવે છે. એક નામના માણસો ઘણા હોય; ભાષા અને શૈલીનું અનુકરણ એ સાહિત્યમાં નવી વાત નથી મુકુંદરાજ – જ્ઞાનદેવ – અને કવિ નરેન્દ્રની રચનાઓમાં ઘણું સામ્ય છે. અભ્યાસીઓએ સો સો દાખલા આપી એ સિદ્ધ કર્યું છે. જ્ઞાનેશ્વરીમાં જ્ઞાનદેવ પોતે 'ભાષ્યકારાતે પુસત' 'ભાષ્યકારોને આધારે આગળ વધું છું' એમ કૃતજ્ઞ ભાવે કહે છે. તેમ બીજા કોઈ જ્ઞાનદેવે આ જ્ઞાનદેવને પગલે પગલે હૃદયપર્શી ભાષા, સુંદર દષ્ટાંતો વગેરેનું અનુકરણ કરી પોતાની અભંગવાણી નહીં સજાવી હોય ? અભ્યાસીઓનો એક વર્ગ એવું માને છે, ત્યારે બીજો એક વર્ગ માને છે કે સમદૃષ્ટિથી જોતાં જ્ઞાનદેવને જ્યાં ચરાચર વિશ્વમાં આત્મરૂપનું દર્શન થતું હતું ત્યાં એ વટેશ્વર મહાદેવને નમે છે જ્ઞાનેશ્વરીમાં સ્વસ્તિ શ્રી ગણેશુને નમે છે. અભિનવ વાગ્વિલાસિની શારદાને વંદન કરે છે. એટલે એઓ વિઠ્ઠલને ભજે તો એમાં ખાસ નવાઈ જેવું નથી. બીજું એમના દરેક અભંગમાં દ્વૈતમાંથી અંતે અદ્વૈત જ ખીલી ઊઠે છે. એટલે એ રીતે પણ એ રચના જ્ઞાનેશ્વરી રચયિતાની છે એમ માની શકાય એમ છે. ત્રીજી પણ એક વાત ધ્યાન ખેંચે એવી છે. જ્ઞાનદેવે વ્યક્તિગત આયુષ્યનો ઉલ્લેખ પોતાની કોઈ પણ કૃતિમાં કર્યો નથી. માત્ર નિવૃત્તિદેવ માટેનો આદરભાવ અને ગુરુ–શિષ્ય સંબંધનો ઉલ્લેખ વારંવાર કર્યો છે. (મોટાભાઈ તરીકે નહીં.) હકીકતમાં જ્ઞાનસાધનાનો અભ્યાસ બંને ભાઈઓએ પોતાના જ્ઞાની અને વિરક્ત પિતા પાસે કરેલો. વિશુદ્ધ ચારિત્ર્ય, અપાર સહનશક્તિ, ગાંભીર્ય અને ગૌરવ પોતાનાં સુશીલ માતાપિતાએ અસહ્ય દુ:ખમાં કેવી રીતે સાચવેલાં એ એ સંવેદનશીલ બાળકોએ પ્રત્યક્ષ જોયું હતું. માતાપિતાનો એ વારસો એમણે સાચવ્યો પણ હતો. અપરોક્ષ રીતે એ માતા પિતાનો ઉલ્લેખ અભંગને અંતે નહી કર્યો હોય ? વિઠ્ઠલપંત અને રુક્મિણીબાઈ એટલે 'બાપ રખુમાદેવીવરુ વિઠ્ઠલુ' તો ખરા જ ને ?

જે હોય તે. એ બાબતનો નિશ્ચિત નિર્ણય વિદ્વાનો હજુ કરી શકયા નથી. પણ સર્વસામાન્ય લોકોને એ અભંગ સદીઓથી ગમતા આવ્યા છે. સુખેદુ:ખે એ આધાર આપે એવા લાગ્યા છે. આજે પણ તળમહારાષ્ટ્રના લાખો માણસોને એ કંઠસ્થ છે. વિદ્વાનોને એ આકર્ષે છે. રસિકોને એ આનંદ આપે છે. એ સત્ય નિર્વિવાદ છે.

## ૧૨. જ્ઞાનદેવ-જીવનકાર્ય

જ્ઞાનદેવ, નિવૃત્તિનાથ, સોપાનદેવ અને મુક્તાબાઈનો જન્મ વિષમ પરિસ્થિતિમાં થયો હતો. એમનું જીવનકાર્ય જોતાં એ ઘટના પાછળ પણ વિધિ-સંકેત હશે એવું લાગે એવી રીતે એઓ જીવન જીવી ગયા. કડવી દવા અંતે હિતકારી નીવડે તેમ પરિસ્થિતિની વિષમતા, ભલે એ ભાઈબ્હેનોને એને લઈને વગર વાંકે ઘણું વેઠવું પડયું—છતાં અંતે સમાજને માટે એ ઇષ્ટ જ પુરવાર થઈ.

એમનો જન્મ થયો તે સમયની પરિસ્થિતિ જોતાં ધર્મનું સ્થાન બાહ્ય આચારના આડંબર પૂરતું જ રહ્યું હોય તેમ પ્રત્યક્ષ જીવન સાથે ધર્મને જાણે કાંઈ જ લાગતું વળગતું ના હોય તેમ લોકોનું વર્તન હતું. સાચો ધર્મ કયો? એ કેવો છે? સારી રીતે જીવવાનો કયો માર્ગ એ બતાવે છે? એવા પ્રશ્ન પૂછવાનો કે એ અંગે કશું જાણવાનો સામાન્ય જનને અધિકાર નહીં એટલે એ અજ્ઞાની અને ધર્મજ્ઞાનનો ઇજારો લઈ બેઠેલા 'પંડિતો' શબ્દજ્ઞાનના અને બાહ્ય આચારના આડંબરમાં ફસાયેલા, એટલે એઓ પણ સાચા ધર્મથી એટલા જ અજ્ઞાન હતા.

જ્ઞાનદેવ અને એમના ભાઈબ્હેન જો કોઈ સામાન્ય બ્રાહ્મણ કુળમાં જન્મ્યા હોત તો ચીલાચાલુ બ્રહ્મકર્મમાં એમની જિંદગી પણ પૂરી થઈ ગઈ હોત. પણ એઓ સંન્યાસી વિઠ્ઠલપંતને ઘેર જન્મ્યા એટલે બાળપણથી એક બાજુ જ્ઞાની પિતાના સંસ્કાર, સુશીલ માતાની સહિષ્ણુ વૃત્તિ અને બીજી બાજુ જગતે એ માતાપિતાની અને પાછળથી એ ભાઈબ્હેનની કરેલી અવહેલના, એમને આપેલાં દુ:ખ, ભદ્ર સમાજે આપેલો જાકારો એ સંજોગોએ એ બાળકોની કપરી કસોટી કરી.

સામાન્ય રીતે પોતાને અન્યાય થતો હોય, પોતાનું અને પોતાના પૂજ્ય માબાપનું અપમાન થતું હોય, પોતાના જ્ઞાનની, સદ્‌ગુણોની કદર ના થતી હોય, ઘર માંડી ઠરી ઠામ રહેવાનું પણ ના હોય, ત્યારે માણસના સ્વભાવમાં કડવાશ આવે. જગત્ પ્રત્યે તિરસ્કારની લાગણી થયા વિના ના રહે. જ્યારે તક મળે ત્યારે સમાજને ફિટકાર આપવાનું મન થાય. એ સાવ સ્વાભાવિક છે. પણ આ બાળકો કાંઈ જુદી જ માટીનાં હતાં. લેશ પણ કડવાશ વિના

છતાં પૂરા આત્મવિશ્વાસ સાથે, ગૌરવભરી રીતે એમણે પરિસ્થિતિનો સામનો કર્યો. સંજોગો સામે એઓ ટકી રહ્યાં અને અંતે એ જ સમાજમાં એઓ પરિવર્તન પણ લાવવા મથ્યાં. પોતાની આકરી તપસ્યા માત્ર 'સ્વાન્તઃ સુખાય' ના રાખી. પણ જેમ દીપમાં દિવેટ બળે ત્યારે આગ ફેલાવવાને બદલે કોઈને લેશ પણ દુભવ્યા વિના એ અંધારામાં પ્રકાશ પાથરતી રહે તેમ આ ભાઈ-બ્હેન પોતાની યાતનાઓના મૂળમાં સ્નેહનું સિંચન કરી સમાજને સાચો રસ્તો બતાવતાં રહ્યાં. પોતાની અદ્‌ભુત જિંદગીની પળેપળ એમણે સમાજના કલ્યાણ કાજે વિતાવી.

જન્મથી બહિષ્કૃત હતાં એટલે ભદ્ર સમાજમાં એ બાળકો માટે કોઈ સ્થાન હતું નહીં. એટલે નાનપણથી એઓ શ્રમજીવી ગરીબ લોકોમાં ભળી શક્યાં એ રંક અને નમાલી ગણાતી પ્રજાની શક્તિઓ અને એમની નબળાઈઓનો એમને ખ્યાલ આવ્યો. લોકવરણ વચ્ચે રહી લોકોની ભાષા એમણે આત્મસાત્ કરી. અને પિતાએ દેવવાણીમાં જે જ્ઞાન આપેલું તે એઓ લોકોને એમની ભાષામાં સમજાવી શક્યા. એટલું જ નહીં પણ એ જ્ઞાન મેળવવાથી જીવન નિર્ભય, નિઃસ્પૃહ અને સમૃદ્ધ થાય છે એ એમણે પોતાના પ્રત્યક્ષ દાખલા પરથી જગત્‌ને બતાવ્યું.

સમાજના ઘડતર માટે વર્ણવ્યવસ્થા ભલે હોય પણ વર્ણભેદ કે વર્ણદ્વેષ ના હોવો જોઈએ. એવી ભાવનાથી ભેદ અને દ્વેષ લોકમાનસમાંથી દૂર કરવા કોઈ સંઘર્ષ ખેડવાને બદલે એમણે સાવ જુદો જ માર્ગ અપનાવ્યો. ચરાચરમાં એક, અનંત અને અખંડ બ્રહ્મ જ વસે છે એવા અદ્વૈત સિદ્ધાંતને સમજી લઈ, સમજણપૂર્વક માને તેના મનમાં ભેદની ભાવના રહે જ નહીં. એ સિદ્ધાંત સનાતન છે. સત્ય છે. છતાં અજ્ઞાનને લીધે લોકો એ જાણતા નથી. એટલે અજ્ઞાન એ જ અનિષ્ટનું મૂળ છે. એ દૂર કરવું જોઈએ. પણ એ થઈ શકતું નથી. કારણ જ્ઞાનના ભંડારોને દેવવાણીના મસમોટાં તાળાં મારેલાં છે અને એની ચાવીઓ થોડાંક માણસોએ પોતાની જનોઈના તાંતણામાં બ્રહ્મગાંઠ મારી બાંધી રાખી છે એઓ નથી એ તાળાં ઉઘાડતા કે નથી ઉઘાડવા દેતા! આ પરિસ્થિતિ જોઈ જ્ઞાનદેવ અને નિવૃત્તિનાથે જ્ઞાનભંડારનું બીજું જ—અત્યાર સુધી અજ્ઞાત રહેલું મહાદ્વાર ખોલી નાંખ્યું. લોક ભાષામાં, લોકો સમજે, ગાય અને કંઠસ્થ કરે એવા અભંગ રચ્યા. ગીતા ધર્મ સમજાવવા 'ભાવાર્થ દીપિકા' જ્ઞાનેશ્વરીની રચના કરી. ગામેગામ પદયાત્રા કરી લોકોને જ્ઞાનદીપ ચેતાવી આપ્યો. પરિણામે સમાજ આખામાં ધર્મનો પ્રેમ જાગ્યો. નામદેવ દરજી, ગોરા

કુંભાર, નરહરિ સોની, ચોખા મેળા, એમ એક સંત પરંપરા શરૂ થઈ. વ્યવસાય ગમે એ હોય, જ્ઞાતિ જે હોય તે પણ ભક્તિનો અધિકાર બધાંને સરખો છે. ભગવાનના દ્વાર આગળ બધાં જ સરખાં એ લોકોને ગળે ઊતરતું ગયું. વાસણ કપડાં કરતી જનાબાઈ, અને સખુબાઈ પ્રેમાબાઈ જેવી બ્હેનો પણ ભક્તિ પ્રેમની એ મહાયાત્રામાં આવી મળી.

વિઠ્ઠલપંતનાં સંતાનો જ્યારે શુદ્ધિપત્ર માંગવા પૈઠણની વિદ્વત્ સભામાં ગયાં હતાં ત્યારે આ તેજસ્વી છોકરાંઓના ચારિત્ર્યથી, એમણે બતાવેલી આત્મ-જ્ઞાનની ઝાંખીથી પૈઠણના બ્રાહ્મણો અંજાઈ ગયા. છતાં સંન્યાસીના છોકરાંને માન્યતા આપી સ્વીકારવાની હિંમત રૂઢિચુસ્ત બ્રાહ્મણો બતાવી ના શક્યા. તેથી એ પંડિતોએ એમના પરનો બહિષ્કાર ઉઠાવ્યો પણ એમને જનોઈ આપવાનો ઈન્કાર કરી આજ્ઞા આપી કે તમારે ભગવદ્ચિંતનમાં આ અવતાર પૂરો કરવો, ગૃહસ્થાશ્રમ સ્વીકારવો નહીં. પોતાના વંશનો અંત પોતાના અસ્તિત્વ સાથે જ થાય એમ કરવું. ગમે એવા જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધને પણ આકરી લાગે એવી આ શરત ત્રણે ભાઈઓએ તો સ્વીકારી. પણ મુક્તા? સાતસો વર્ષ પહેલાંના એ સમાજમાં સ્ત્રી કુંવારી રહી શકે એ કલ્પના પણ કોઈને કરવી ગમે એમ નહોતું. ગૃહકૃત્ય વિના બીજું કશું કરવાનો તો ઠીક, વિચારવાનો સુદ્ધાં અધિ-કાર સ્ત્રીને હતો નહીં. તેમાં પાછું જ્ઞાન?......સ્ત્રી, શૂદ્ર અને ચાંડાળ માટે જ્ઞાનની વાત સાંભળવાનો ચોખ્ખો નિષેધ હતો! સ્ત્રી વિધવા થઈ બ્રહ્મચર્ય પાળે એ સમાજને માન્ય હતું. પણ એ પરણ્યા વિના કુંવારી રહે, બ્રહ્મવાદિની થાય એવું ભલે વેદકાળમાં થયું હોય પણ પોતાના જમાનામાં એવું કાંઈ થાય એ એમને ગમે એમ નહોતું. એવું થઈ શકે એમ માન્યામાં પણ ના આવતું. એટલે મુક્તાબાઈના ભવિષ્યનો પ્રશ્ન ઘણો જટિલ હતો.

પરિસ્થિતિ જોતાં એ ભાઈઓએ ખૂબ સ્વસ્થતાથી વિચાર કરી આ વિશે પોતે જ ઉકેલ શોધવો પડયો હશે એવું લાગે છે. કારણ એમને સલાહસૂચન આપે એવું કોઈ જ મળે એમ નહોતું. વડીલમાં ગણાય એવા એક માત્ર આચાર્ય ગૈનિનાથ હતા. પિતા હતા ત્યારથી નિવૃત્તિનાથ અને જ્ઞાનદેવ પિતા સાથે ગુરુ ગૈનિનાથ પાસે જતા. ગૈનિનાથે કૃપા કરી નિવૃત્તિનાથને ગુરુમંત્ર પણ આપેલો. નાથપંથમાં સ્ત્રીઓનો સાધના કરવાનો અધિકાર નકાર્યો નહોતો. એટલે બધી રીતે વિચાર કરી આ ભાઈઓએ અને મુક્તાબાઈએ નાથપંથનો સ્વીકાર કર્યો હશે એવું માની શકાય. આ નિર્ણય લેવામાં એમણે જે પરિપક્વતા બતાવી

છે તે જોઈને નવાઈ લાગે છે. મુક્તાબાઈને આ ભાઈઓએ ખૂબ પ્રેમથી અને લાડકોડથી ઉછેરી છે. અને એનું માન અને ગૌરવ પણ સાચવ્યું છે. બ્હેનને સ્વપ્નામાં પણ પોતાનાથી ઊતરતી કક્ષાની ગણી નથી. મુક્તાબાઈની પોતાની યોગ્યતા પણ ભાઈઓને શોભે એવી જ છે. નાનપણમાં જ્ઞાનદેવ રીસાયા ત્યારે 'તાટીના અભંગ' ગાઈ નાનકડી મુક્તાએ જ એમની રીસ ઉતારી હતી. ચાંગદેવ જેવા યોગીશ્વરે મુક્તાબાઈને ગુરુ માન્યાં છે! મુક્તાબાઈનો દાખલો સામે હતો ત્યારે બ્હેનોમાં આત્મવિશ્વાસ વધ્યો હોય એવું લાગે છે અને સમાજની દૃષ્ટિમાં પણ ફેર પડ્યો છે. સંત નામદેવનાં પત્ની તો સંતપદ પામ્યાં જ પણ એમને ત્યાં વાસણકપડાં ને કચરાપોતા કરતી જનાબાઈ પણ ભક્તિને રંગે રંગાઈ હતી. તે પણ સંતપદની પ્રતિષ્ઠા પામી ઘરના વૈતરાં કૂટતી વહુ સખુબાઈ અને એના જેવી ઘણી સામાન્ય ગણાતી સંસારી બ્હેનો ભક્તિમાર્ગે સંસાર તરી ગઈ. એટલું જ નહીં પણ કાન્હોપાત્રા જેવી રૂપજીવિની સુદ્ધાં ભક્તિમાર્ગને જોરે મોક્ષ પામી ગઈ અને લોકોએ એને પણ પૂજ્ય ગણી ભગવાનના મંદિરના પ્રાંગણમાં એની પ્રતિષ્ઠાપના કરી. સમાજમાં સ્ત્રી સન્માનની લાગણીનો મંગળ પ્રારંભ થયો. મહારાષ્ટ્રની સ્ત્રી સામાન્ય રીતે નિર્ભય હોય છે. સદીઓથી થોડુંક અક્ષર-જ્ઞાન એ પામતી આવી છે. ગોપા, બુરખો કે લાજ કાઢવાના રિવાજથી પણ એ મુક્ત રહી છે એની પાછળ આ જાગૃતિ અને સન્માનની લાગણીએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે એમાં શંકા નથી. મુક્તાબાઈ, ગોણાઈ, જનાબાઈ, કાન્હોપાત્રા, સખુ, પ્રેમાબાઈ, બહિણાબાઈ વગેરે બ્હેનોની 'અભંગવાણી'એ મરાઠી સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું એ લાભ પણ જેવોતેવો નથી.

જ્ઞાનદેવે બતાવેલો ભક્તિમાર્ગ હેમાદ્રિના ચતુર્વર્ગચિંતામણીએ બતાવેલા માર્ગ કરતા તદ્દન જુદો હતો. વ્રત, પૂજા, બાધા, આખડી વગેરેમાં જે લાચારી છે, જે 'અર્થાર્થીપણું' છે એવો સ્પર્શ પણ જ્ઞાનદેવની ભક્તિને થયેલો નથી. 'દુ:ખિયારા પ્રભુચરણ પકડે, રડે, કકળે, વ્રતપૂજા કરી બ્રાહ્મણોને ન્યાલ કરે એટલે એ સુખ પામશે, મોક્ષ પામશે.' એવી 'લેવડ દેવડ' જ્ઞાનદેવ પાસે નથી. દુ:ખ પડે ત્યારે પરિસ્થિતિનો સામનો કરવાને બદલે નિષ્ક્રીય રહી ભગવાનનું નામ દેવાનું શીખવાડે તે ભક્તિ પ્રમાદ અને લાચારી ઢાંકવા માટેનો અંચળો બને. એ સાચી ભક્તિ જ નથી. એવી ભક્તિની વાતો સમાજને નિર્માલ્ય બનાવે. સમાજની અકર્મણ્યતા વધારે. સાચી ભક્તિ જીવન સમગ્રને વ્યાપી રહે એવી હોય. એ સુખદુ:ખથી પર હોય. જ્ઞાનદેવે બતાવેલો ભક્તિમાર્ગ આનંદભર્યો છે. વિરક્તિની મસ્તીભર્યો છે. નિર્ભયતા અને નિ:સ્પૃહતા એમાં સહજ રીતે

સમાયેલી છે. 'દર્પણીં પાહતાં' જ્યાં પોતાના મુખડાને બદલે વિઠ્ઠલ દેખાય તેને માગવાપણું શાનું હોય ? માથે દુઃખના ઝાડ ઊગ્યાં છતાં કુમળી વયનાં એ બાળકોએ બાધાઆખડીનો વિચાર સરખો કર્યો નથી. પોતાને ઉગારવા માટે ભગવાનને કાલાવાલા કર્યા નથી. એમની એ સાત્ત્વિક ખુમારી બહુજનસમાજે સારી પેઠે ઝીલી અને પાછળથી આવેલાં પરચક્રો સામે મહારાષ્ટ્ર પર શાસન કરતા રાજાઓ ઝઝૂમ્યા તેમ મહારાષ્ટ્રની પ્રજા પણ ઝઝૂમી છે. 'પ્રજામાં આત્મ-સન્માન અને ખુમારી સંતોએ નિર્માણ કરી' આ સંતોનું ઋણ તત્કાલીન રાજાઓએ અને આજના ઈતિહાસકારોએ કબૂલ્યું છે.

હિંદુ સમાજમાં જ્ઞાતિના જેટલા વાડા છે એટલાં જ ભકિતના પણ પંથ છે. એમાં પરસ્પર દ્વેષની લાગણી અત્યંત તીવ્ર હોય છે. એ દ્વેષભાવથી સમાજ ઓછો ખંડિત નથી થયો. જ્ઞાનદેવ પોતે અદ્વૈતવાદી. પણ વિવાદ જગાવી પોતાનો પંથ કે વાડો સ્થાપી સમાજને વધારે છિન્નભિન્ન કરવાને બદલે મમતા રાખી એમણે ઈશ્વરના બધાં જ રૂપોને, જ્યારે જે સમય હોય તે ઓળખી વંદન કર્યા. 'વિઠ્ઠલ' મહારાષ્ટ્રના લોકવરણનું પ્રિય દૈવત. જ્ઞાનદેવે 'બાપ રખુમાદેવીવરુ વિઠ્ઠલુ'ને ચરણે પોતાની અભંગવાણી ધરી છે. અને એમાંથી જ અદ્વૈત પણ બતાવ્યું છે. જ્ઞાનેશ્વરીનું નિરૂપણ કરતી વખતે 'આદ્ય વેદપ્રતિપાદ્ય'નો સંકોચ ગણેશરૂપમાં કરી એને વંદન કર્યું છે. વાણીની દેવતા 'શારદા'ને એઓ નમ્યા છે. ચાંગદેવને પત્ર લખતી વખતે એમણે વગર સંકોચે 'વટેશ્વર મહાદેવજીને' સાષ્ટાંગ પ્રણામ કર્યા છે. કારણ બ્રહ્મ એક, અખંડ અને સર્વવ્યાપી છે એ જ્ઞાન થયા પછી 'એ અહીં છે અને ત્યાં નથી' એવું બને જ નહીં. નામદેવ જેવા શ્રેષ્ઠ ભક્ત અને સંત, જ્ઞાનદેવના પ્રિય સખા અને ઉત્તરાધિકારી જેવા પણ ખરા. છતાં નામદેવ પંઢરપુરની વિઠ્ઠલમૂર્તિ વિના કશું જ માને નહીં. જ્ઞાનદેવે એમને તે વખતના જાણીતા સંતપુરુષ વિસોબા ખેચર નામના હતા એમને ત્યાં મોકલ્યા. નામદેવ એમને મળવા ગયા ત્યારે ગામને સીમાડે શિવાલયના ગર્ભગૃહમાં વિસોબા આરામથી ઊંઘતા હતા. એમના પગ શિવલિંગ પર મૂકેલા જોઈ નામદેવ અકળાઈ ગયા. એમને ઊંઘમાંથી ઉઠાડી પગ બાજુ પર લેવા કહ્યું ત્યારે વિસોબાએ સામેથી નામદેવને વિનંતી કરી, 'ભગત, વૃદ્ધ થયો છું. હાલવા ચાલવાની શકિત નથી. જરા મારા પગ ખસેડી આપશો તો કૃપા થશે.'

નામદેવે વિસોબાના પગ તો ઉપાડયા પણ જ્યાં મૂકવા જાય ત્યાં શિવલિંગ જ દેખાય ! બ્રહ્મની સર્વવ્યાપકતા એઓ સમજી ગયા. મન વિશાળ

થયું. શિવ, વિષ્ણુ, વિઠ્ઠલ કે ગમે એ નામરૂપ હોય અંતે બ્રહ્મ તો એકનું એક જ છે એ સમજાવવા માટે જ્ઞાનદેવે એમને પંઢરપુરમાંથી બહાર કાઢયા. ઉત્તરાખંડમાં એ બે ફર્યા. 'ગમે તે નામ દઈ ભજન પૂજન કરો કે સારુમાઠું કર્મ કરો આખરે 'આત્મારામ જ' એ બધું સ્વીકારે છે. કર્મ અને કર્મી પણ અંતે એ પોતે જ છે. જનાર્દન તો જન સમસ્તમાં વસે છે' એવી શિખામણ આપી એમણે ભગવદ્‌ધર્મનો પ્રસાર કર્યો.

સાહિત્યના ક્ષેત્રમાં પણ જ્ઞાનદેવનું સ્થાન અનન્ય છે. એમની રચના સાહિત્યની દૃષ્ટિએ ઉત્તમ કક્ષાની છે જ. ઉપરાંત એમણે સાહિત્યને રાજદરબારના કારાગારમાંથી મુક્તિ અપાવી લોકાભિમુખ કર્યું એ એમનું પ્રદાન જેવુંતેવું નથી. છેક પુરાણકાળથી તે એમના કાળ સુધી ગ્રંથરચના, પછી એ કાવ્ય હોય, વ્યાકરણ હોય કે ધર્મશાસ્ત્ર હોય, એ રાજાની ઇચ્છાનુસાર થતી. 'રાજ્યાશ્રય વિના ગ્રંથનિર્માણ' આ કલ્પના પણ કોઈના મનમાં નહીં હોય. એ સંજોગોમાં રાજાનો મત, માન્યતા, ધર્મ, પંથ, એટલું જ નહીં પણ રાજાની તે સમયની મનઃસ્થિતિનો વિચાર કરી રાજાને રુચે એવું જ લખાય. જ્ઞાનદેવનો કે એમની કોઈ રચનાનો રાજા કે રાજસત્તા સાથે દૂરાન્વયથી પણ કોઈ જાતનો સંબંધ નથી. એમણે પ્રતિષ્ઠાના બધાં જ જૂના ખ્યાલ બાજુએ મૂકી સામે બેઠેલા સામાન્ય શ્રોતાઓને બિરદાવ્યા છે. મનાવ્યા છે. મોટા કર્યા છે, શ્રોતાઓના આશીર્વાદ માગ્યા છે. જનસમાજ પર એમણે પ્રેમનો કળશ ઢોળયો છે. છતાં સમાજની પણ એમણે લાચારી નથી કરી. રચના માટે વિષયની પસંદગી કરતી વખતે પણ શ્રોતાઓને રુચે એવા પૌરાણિક રસિક કથાનકને બદલે એમણે ધર્મતત્ત્વના સાર સમી ગીતા પસંદ કરી છે. સમાજને ન ગમે એવું સત્ય પણ એમણે વિના સંકોચે કહ્યું. સમાજને ન રુચે એવા નવા ચીલા એમણે પાડયા. અને સમાજને સમજાવી પટાવી એ રસ્તે એઓ દોરી પણ ગયા. રૂઢિચુસ્ત બ્રાહ્મણો પણ એમને આડે આવી ન શકયા.

જ્ઞાનદેવની કોઈ કૃતિમાં, આચરણમાં, કે બોલવામાં અભિનિવેશ નથી. પરિવર્તન નિશ્ચિત હોવા છતાં બળવાની વાત નથી. પોતા ના જન્મ અને અસ્તિત્વથી માંડી ડગલે ને પગલે ઉગ્ર વિરોધ હતો તિરસ્કાર હતો. અવહેલના હતી. સ્વજનની હૂંફ, ઘરબાર, સાધન સંપત્તિ કશું જ ગાંઠે હતું નહીં. આપણે જેને દુઃખ કહીએ તે બધું સહી, પચાવી પોતે જે ઉત્તમ મેળવ્યું તે એઓ જગતને આપતા ગયા. વિરોધને અવિરોધથી શાંત પાડી કઠોર શબ્દ સરખો વેર્યા વિના એમણે જીવનનો મોડ બદલી નાંખ્યો ! બદલામાં એમણે શું મેળવ્યું ?

'જ્ઞાનેશ્વરી' ને 'વાગ્યજ્ઞ' કહી રચના પૂર્ણ કરી અંતે વિશ્વાત્મક દેવની પ્રાર્થના કરી એમણે 'પસાય દાન' (યજ્ઞનું ફલ) માગ્યું છે, તેમાં એમની જીવન-દષ્ટિ કેવી હતી એ સરસ રીતે વ્યક્ત થયું છે. એઓ કહે છે,

"આતાં વિશ્વાત્મકેં દેવેં । યેણેં વાગ્યજ્ઞેં તોષાવે ।
તોષોનિ મજ દ્યાવેં । પસાય દાન હેં ।
જે ખળાંચી વ્યંકટી સાંડો । તથા સત્કર્મીં રતિ વાઢો
ભૂતાં પરસ્પરે પડો । મૈત્ર જીવાચે ॥
દુરિતાંચે તિમિર જાવો । વિશ્વ સ્વધર્મ સૂર્યેં પાહો
જો જે વાંછીલ તો તેં લાહો । પ્રાણિજાત ॥
વર્ષત સકળ મંગળી ! ઈશ્વરનિષ્ઠાંચી માંદિયાળી ।
અનવરત ભૂમંડળીં । ભેટતું ભૂતાં ॥
ચલાં કલ્પતરુંચે આરવ । ચેતના ચિંતામણીંચે ગાવ ।
બોલતે જે આર્ણવ । પિયૂખાંચે ॥
ચંદ્રમે જે અલાંછન । માર્તંડ જે તાપહીન ।
તે સર્વાંહી સદા સજ્જન । સોયરે હોતુ ॥
કિંબહુના સર્વ સુખીં । પૂર્ણ હોઊનિ તિન્હીં લોકીં ।
ભજિજો આદિ પુરુષી । અખંડિત ॥
તેથ મ્હણે શ્રી વિશ્વેશ્વરાવેં । હા હોઈલ દાન પસાવો ।
યેણેં વરેં જ્ઞાનદેવો । સુખિયા ઝાલા ॥ (૧૮--૯૪ થી ૧૦૨)"

આનો ભાવાર્થ :

'હવે વિશ્વાત્મક દેવ । તોષે આ વાગ્યજ્ઞથી ।
સંતુષ્ટ થઈ મને આપે । પસાય દાન જી ॥
દુષ્ટો વક્રદષ્ટિ ત્યાગી । સત્કર્મના થઈ અનુરાગી
ભૂતમાત્રમાં જાગે । મિત્રભાવ ॥
પાપનું તિમિર પામે અસ્ત । પ્રકાશે સ્વધર્મસૂર્યથી સમસ્ત ।
ઈચ્છિત પામે પ્રાણિજાત । વિશ્વ અખિલમાં ॥
આ મંગળ વરસાવતું સકળ । ઈશ્વરનિષ્ઠ સંત મંડળ ।
જગતમાં સર્વત્ર અને સર્વકાળ । મળે પ્રાણિમાત્રને ॥
જાણે કલ્પતરુનાં ઉપવન । ચૈતન્ય ચિંતામણિનાં ગામ ।
અનંત જાણજો સાગર । અમૃત રસના ॥

ચંદ્રમા કલંક વિનાના । કે માર્તંડ તાપહીન
એવા એ સજ્જન । સર્વના સ્વજન ॥
બધાં પામે પૂર્ણ સુખ । અહર્નિશ ભજતા ત્રણે લોક
આદિબ્રહ્મ । આદ્યરૂપ । અખંડિત ॥
યાચુ છું શ્રી વિશ્વેશ્વર । આપજો મને દાન આ વર ।
પામતાં જે જ્ઞાનેશ્વર । સુખ પામશે ॥'

ભૌતિક આયુષ્યમાં પડી શકે એવા બધાં જ દુ:ખ જેમને માથે પડયા તે જ્ઞાનદેવ પોતાને માટે કશું જ માગ્યા વિના સુખી થયા છે !

કહેવાનું હતું તે કહેવાઈ ગયું, પોતે પ્રગટાવેલો દીપ અખંડ રાખે એવી સંતપરંપરાનું નિર્માણ થયું. સમાજમાં સાચા ધર્મમાં શ્રદ્ધા નિર્માણ થઈ. જીવન-દૃષ્ટિ આખી બદલાઈ ગઈ. ગામે ગામ ફરી જ્ઞાનદેવ આ બધું જોઈને પંઢરપુર પાછાં ફર્યા. શકે ૧૨૧૮ નો એ કાર્તિક માસ હતો. એટલે એમની ઉંમર માંડ ૨૨ વર્ષની હતી. ત્યાં નિવૃત્તિનાથના ચરણ પાસે બેસી કહ્યું.

"જીવિત કાર્ય હતું તે પૂર્ણ થયું છે. હવે તો,
"પૈલ તો ગે કાઊ કોકતાહે । શકુન ગે માયે સાંગતાહે ॥"

" સામે પારથી કાગડો બોલે છે. મને સંદેશો કહે છે. હવે તેડું આવ્યું છે ! આપ મારા ગુરુ, વડીલ બધું જ ! મને અનુજ્ઞા આપશો."

આ સાંભળી ભાઈના મનને દુ:ખ તો થયું જ હશે. પણ એઓ માત્ર ભાઈ નહોતા. અને સામાન્ય પુરુષ પણ નહોતા. યોગીઓમાં શ્રેષ્ઠ એવા જ્ઞાનદેવના એઓ ગુરુ હતા ! વિચારપૂર્વક સ્વસ્થ મને એમણે જ્ઞાનદેવને રજા આપી.

પદયાત્રામાં સાથે આવેલા યાત્રિકોએ આ વાત જાણી. ચારે બાજુ વાત પ્રસરી. 'જ્ઞાનદેવ વદ તેરસને દિવસે સમાધિ લેશે !'

આ સાંભળી ગામે ગામથી ઘરબાર છોડી લોક પંઢરપુરને રસ્તે ચાલ્યા. હજારો વૈષ્ણવોનો આ મેળો જ્ઞાનદેવ સાથે પંઢરપુરથી આળંદી આવી પહોંચ્યો.

જ્યાં જન્મ થયો, જ્યાં માતાપિતાનો સ્નેહ પામ્યા, જ્યાં અક્ષરજ્ઞાન પામ્યા, જ્યાં સહનશક્તિના પાઠ મળયા, એ આળંદી ગામે એઓ પાછાં આવી પહોંચ્યા. કાર્તિક માસના વદ્ય પક્ષનો એક એક દિવસ પસાર થતો હતો.

ઈન્દ્રાયણી નદીને તીરે માનવ મહેરામણ ઊમટયો હતો. શોકસાગરને ભરતી આવી હતી. ધ્યાનસ્થ બેઠેલા જ્ઞાનદેવ અગિયારસને દિવસે ઊઠયા. સવારે વહેલા નદીએ જઈ સ્નાનાદિ પતાવી એઓ લોકો વચ્ચે જઈ સહુને મળ્યા. બધાંની વિદાય લીધી અને 'જય જય પાંડુરંગ હરિ'ની ધૂન શરૂ કરી. અગિયારસનો દિવસ અને રાત નિર્જળ ઉપવાસ કરી અખંડ નામધૂન ચાલુ રાખી. બારસને દિવસે હજારો લોકોએ સાથે બેસી પ્રસાદ લીધો. પારણું કર્યું. કોઈએ કોઈને જાત ના પૂછી, જમાત ના પૂછી. 'પ્રભુને દ્વારે ભેદ ના હોય, દ્વેષ ના હોય. ત્યાં સહુ કોઈ સરખા' જ્ઞાનદેવની આ શિખામણ જીવનમાં પ્રત્યક્ષ ઉતારવાના કોલ જાણે છેલ્લી ઘડીએ લોકોએ એમને આપ્યો !

કારતક વદ ત્રયોદશીનો દિવસ ઊગ્યો. આમ તો હરિનામનો ઘોષ અખંડ ચાલુ જ હતો. સિદ્ધેશ્વરના મંદિર પાસે પીપળાનું વન હતું. રુકિમણીબાઈ જ્યાં ફેરા ફરતા તે સુવર્ણ પીપળાની સામે મંદિરની ડાબી બાજુએ નામદેવના પુત્રોએ નિવૃત્તિનાથ અને ચાંગદેવની સૂચના પ્રમાણે સમાધિસ્થાન શાસ્ત્રોકત રીતિએ તૈયાર કર્યું. ભોંયરાની અંદરનું એ સ્થાન વાળી લીંપીને ચોખ્ખું કરી પવિત્ર ધૂપ અને સુગંધી દ્રવ્યોથી અંદરનું વાતાવરણ પ્રસન્ન ગંભીર થાય એવું કર્યું હતું. બિલિપત્ર અને તુલસીપત્ર તથા સુગંધી ફૂલ પાથરી ઉપર દર્ભાસન બિછાવ્યું હતું. બ્રાહ્મ મુહૂર્તે પ્રાતઃકર્મ પતાવી જ્ઞાનદેવ ત્યાં ચાલ્યા. ત્રણ ત્રણ દિવસથી કોઈએ ઊંઘવાનું નામ સરખું દીધું નહોતું. બધાં જ નામઘોષ કરતા સજળનેત્રે એમની પાછળ ચાલ્યા. એમની એક બાજુ નિવૃત્તિનાથ અને બીજી બાજુ ચાંગદેવ હતા. પાછળ સોપાન, મુકતાબાઈ, નામદેવ વગેરે સંતો હતાં અને એમની પાછળ હજારો સ્ત્રીપુરુષ ભરી આંખે એક અપૂર્વ દશ્ય જોઈ રહ્યા હતા. સમાધિસ્થાન પાસે આવ્યું. કરુણ મધુર નામઘોષ ગગનને ભરી દેતો હતો. જ્ઞાનદેવે સંતોને પ્રણામ કર્યા. સંતોએ આશીર્વાદ આપ્યા. મુકતાબાઈએ ચાંલ્લો કર્યો. નિવૃતિનાથે હાથ ઝાલ્યો અને બે ભાઈઓ ભોયરામાં ઊતર્યા. નિવૃત્તિનાથે એમને આસન પર બેસાડયા. સામે જ્ઞાનેશ્વરીની પોથી હતી. મુખ પર અપાર, પ્રસન્ન શાંતિ હતી ! એઓ આસન વાળી ધ્યાનસ્થ થયા. સમાધિ અવસ્થામાં પ્રવેશ્યા ત્યારે નિવૃત્તિનાથ બહાર આવ્યા અને પોતાને હાથે શિલા મૂકી સમાધિસ્થાનનું દ્વાર બંધ કર્યું. એક ભવ્ય જીવન ભવ્ય રીતે પૂર્ણ થયું !

ત્યાર પછી નિવૃત્તિનાથ, સોપાનદેવ, અને મુકતાબાઈ પદયાત્રાએ નીકળ્યાં. સોપાનદેવે ક-હા નદીને તીરે, પુરંધર પાસે સાસવડ ગામમાં સમાધિ

લીધી. (માગશર વદ ૧૩) દક્ષિણમાં, આંધ્ર પ્રદેશમાં એદલાબાદ પાસે મુક્તાબાઈની દહેરી છે. એના પર વીજળી પડી અને એ અલોપ થઈ એમ કહેવાય છે. (વૈશાખ વદ ૧૨ શકે ૧૨૧૯) એના ગયા પછી પોતાનું કર્તવ્ય કર્મ પૂર્ણ કરી નિવૃત્તિદેવે શકે ૧૨૧૯ના જ્યેષ્ઠ માસની વદ તેરસે ગુરુ ગૈનિનાથના સ્થાનક પાસે (નાશક પાસે ત્ર્યંબકેશ્વર છે ત્યાં) જઈ ત્યાં દેહ મૂકયો.

આ ચારે ભાઈબ્હેનના ચરિત્રના અને સમાધિનાં વર્ણનો વિસોબા ખેચર, નામદેવ, જનાબાઈ, ચોખામેળા આ એમની સાથે રહેલા સંતોએ સુંદર કાવ્યો રચીને કર્યાં છે.

## ૧૩. જીવનની ફળશ્રુતિ : આજના સંદર્ભમાં

જ્ઞાનદેવ અને એમના ભાઈઓ તથા બ્હેન મુક્તાબાઈનું જીવન ભવ્ય છે. અદ્ભુત છે. જે પ્રતિકૂલ સંજોગોમાં એઓ જન્મ્યાં અને જીવન જે રીતે વિતાવવું પડયું એ જોતાં એમણે કરેલી જ્ઞાનસાધના અપૂર્વ છે. એમણે મેળવેલું જ્ઞાન અગાધ છે. એમનું હૃદય ભક્તિભીનું છે. છતાં ભાવ અને બુદ્ધિનિષ્ઠ તર્ક-શુદ્ધતાની સમતુલા એમણે બરાબર સાચવી છે. શબ્દસૃષ્ટિના તો એ ઈશ્વર કહેવાયાં છે. અદ્વૈત સિદ્ધાંત જેવી મોટા પંડિતોને પણ અટપટી લાગે તેવી વાત એમણે સરળતાથી લોકોને સમજાવી. અદ્વયભક્તિ લોકજીવનમાં પ્રત્યક્ષ ઉતારી. સૈકાઓથી રૂઢ થયેલી અનિષ્ટ માન્યતાઓ દૂર કરી ક્રિયાકાંડના આડંબરનો પરદો લોકમાનસ પરથી હઠાવી સામાજિક, ધાર્મિક અને સાહિત્યના ક્ષેત્રમાં વિદ્રોહશૂન્ય એવી અભૂતપૂર્વ ક્રાન્તિ એમણે કરી છે.

એમણે જે કહ્યું એ સાતસો વર્ષ પહેલાં સમાજે સ્વીકાર્યું. વર્તનમાં ઊતાર્યું. એટલું જ નહીં પણ આજે, સાત સદીઓ પછી પણ લાખો લોકો એમણે ચીંધેલા માર્ગ પર ચાલતા રહ્યા છે. એ એમના જીવનની સાચી ફળશ્રુતિ છે.

જ્ઞાનદેવ ગયા. છતાં એમણે શરૂ કરેલી સંતપરંપરા મહારાષ્ટ્રમાં અખંડ ચાલતી રહી. ચોખા, બાંકા, રાકા, જેવા અતિશૂદ્ર, સાવતા માળી, ગોરા કુંભાર, જોગા તેલી, સેના નાઈ, તુકારામ જેવો કણિયો, નરહરિ સોની, એકનાથ, રામ-દાસ જેવા બ્રાહ્મણ, શેખ મહંમદ જેવા મુસલમાન આ પરંપરા સૈકાઓથી ચાલતી આવી છે, ગુલાબરાવ, સાને ગુરુજી, તુકડોજી, વિનોબાજી એવા આ માલિકાના મણકા તો આપણે આ જમાનામાં જોયા છે. એ ઉપરાંત હજારો અજ્ઞાત સજ્જનો પોતપોતાના ટિંબા જેવડા ગામમાં એ પરંપરા ચલાવે છે. દર વર્ષે જેઠ માસથી મરાઠવાડા, વિદર્ભ, મધ્ય, તથા દક્ષિણ મહારાષ્ટ્રનું ગામેગામ પંઢરપુરની 'વારીની' તૈયારીમાં મશગુલ હોય છે. 'વારી' એટલે પંઢરપુરની યાત્રા. ગાડીમાં કે વાહનમાં પંઢરપુર જવું એ 'વારી' ના કહેવાય. વારી એટલે હજારોની સંખ્યામાં વાજતે ગાજતે પગપાળા જવાનું. પ્રસ્થાન મૂકી બધા પ્રથમ દેહૂ કે આળંદી જાય. ત્યાંથી તુકારામ અને જ્ઞાનદેવની પાલખી લઈ,– પાલખીમાં એમનાં પદચિન્હ અને તુકારામના અભંગોની ગાથા અને જ્ઞાનેશ્વરીની પોથી

હોય છે—એ લઈ અષાઢ શુદ નોમ સુધી એઓ પંઢરપુરની સીમ પર વાખરી ગામે પહોંચે ત્યારે લાખ ઉપરની સંખ્યામાં 'વારકરી' ભેગા મળ્યા હોય.

દર વર્ષે વારીમાં જવાનો નિયમ લઈ તુલસીની માળા પહેરે એને 'વારકરી' કહે. પછી એની જાતજમાત ગમે તે હોય. વ્યવસાય ગમે તે હોય. ઉંમર નાની મોટી જે હોય તે. જેઠ માસમાં વારીએ જવા એઓ પ્રસ્થાન મૂકે ત્યારે ગામ આખું એમને નમે. વાજતે ગાજતે સીમ સુધી વળાવવા જાય. ત્યાં આગલા ગામના લોકો સામૈયું કરવા આવ્યા હોય. બધાં રાતવાસો ભેગા રહી હરિનામની ધૂન મચાવે અને વારી આગળ વધે. ત્યાં બીજા વારકરી મળે. જોતજોતામાં આ સમુદાય હજારોનો થઈ જાય! વારીમાં ના જાય તે વારીને વળાવે, સામૈયું કરે, જમાડે, એમ લાખો લોકો મનથી વારીમાં જોડાતાં હોય. ગામેગામના 'રાજમાર્ગ' વારી માટે કરીને વાળીઝૂડી ચોખ્ખા કરે. રસ્તે રસ્તે 'વારી' વિસામો કરે. જમે. બધું ખુલ્લા આકાશ નીચે જ થાય. ગામેગામના લોકો ભાવથી આ લોકયાત્રાની યથાશક્તિ સરભરા કરે. રાયરંક, ભણેલાં, અભણ, સ્ત્રી-પુરુષ, પતિત, પિતિયાં, અપંગ વારીમાં બધાં જ સમાય! માનવ સંબંધની આ જાળવણી જેવીતેવી ના કહેવાય! 'જ્ઞાતિ'વ્યવસ્થા' ભલે રહી. પણ ભગવાનને બારણે સહુ સરખા. ભેદનો ભાવ ત્યાં ના હોય.' એ આ 'વારી'નો મહામંત્ર છે.

વારીમાં પગપાળા જવાનું હોય. વારકરીને દેશનો, કાળનો યથાર્થ પરિચય થાય. તેમજ એમને લેવા–મૂકવા આવતા લોકો પણ કાચે તાંતણે બંધાઈ જાય. શ્રમ, સાદગી, અસંગ્રહ, આ તપ વિના ભગવાન મળતો નથી. આવા તપ વિના ભેદનો ભાવ મનમાંથી જતો નથી. એટલે વારકરી માત્ર એક જોડી કપડાં, એકાદ ધાબળો, જપની માળા ને એક રામપાત્ર લઈને નીકળી પડે. જે કાંઈ મળે તે સહુ સાથે બેસી પ્રસાદ ગણીને ખાય. સહુ સાથે ગાય. સંતપરંપરાએ કેટલું સરસ અને સમૃદ્ધ સાહિત્ય આપ્યું છે એ વારી ભેગા જઈએ તો ખબર પડે! અને કેવાં, કેટલાં લોકોને એ કંઠસ્થ છે, તાલસૂર સાચવીને આટલી મોટી સંખ્યામાં આ લોકો સદીઓથી આ ભજનો અને અભંગો ગાઈ શકે છે એ સિદ્ધિ પણ અપૂર્વ કહેવાય!

પંઢરપુરની 'વારી' એ તો આનંદયાત્રા છે. ઉત્સવ છે. એ વાતાવરણની અસર પણ કદાચ સમુદાય પર થતી હશે. પણ એ અસર ક્ષણિક નથી હોતી. દર વર્ષે વારીમાં જતા 'વારકરી'ને પોતાના ગામમાં અને ગામની પંચક્રોશીમાં

સહુ ઓળખે. અજાણ્યા ગામમાં કે શહેરમાં પણ એની કંઠી પરથી લોકો એને ઓળખે. તુળશીના પારાની એ કંઠી પહેરી એટલે એ ભાઈ કે બ્હેન જે કામ કે વ્યવસાય કરતા હોય, જ્યાં રહેતા હોય, ત્યાં અમુક નિયમનું પાલન કડક રીતે કરે જ. એ જાુઠું બોલશે નહીં. મદ્યમાંસને અડશે નહીં. અપશબ્દનો ઉચ્ચાર કરશે નહીં. પોતાનો આપેલો શબ્દ જીવ સાટે પાળશે. ખોટું તોળ કરશે નહીં, કોઈ વસ્તુના બે ભાવ કહેશે નહીં અને એ સાક્ષર હોય કે ચમાર, કુંભાર, કસાઈ, નાઈ, રૂપજીવિની કે કૂળવધુ—જે હોય એ—લોકો પણ એની 'કંઠી'ની આમન્યા રાખશે!

વારકરીના ઘરમાં—પછી એ ઘર હોય કે ખોરડું—એક ખૂણો અતિશય ચોખ્ખો હશે. પવિત્ર હશે. કલેશ-કંકાસથી પર હશે. જ્યાં ક્ષણ બે ક્ષણ પણ માથું ટેકવી પોતે પવિત્ર થવાનો સંકલ્પ કરતો હશે. એનાં કુટુંબી પણ એમ જ કરતાં હશે. એ ખૂણામાં નાનાં પાટલાં પર કોઈ દેવમૂર્તિ નહીં, પણ જ્ઞાનેશ્વરી ગીતા અને તુકારામના અભંગની ગાથા વિરાજતી હશે.

પંઢરપુરને રસ્તે જતી લોકગંગામાંથી જય શબ્દ ઉમટે છે—વિઠ્ઠલના નામનો નહીં! 'જ્ઞાનબા તુકારામ'ના નામનો! પંઢરપુરની સીમ પાસે વાખરી ગામમાં છેલ્લો મુકામ કરે ત્યારે બ્હેનો ગાય છે.

'પંઢરીના મંદિરમાં વિઠ્ઠલ અકળાણાં ।
ક્યાં ગયો ખેસ? ક્યાં છે મારાં જામા? ।
ઊઠો ઊઠો રખુમાઈ, લ્યોને ઓવારણાં ।
જાઉં છું હું સામે, આવ્યા છે જ્ઞાનરાણા ।'

જ્ઞાનદેવ બારણે આવ્યાં હોય અને વિઠ્ઠલ શું મંદિરમાં બેસી રહે? એ તો સામૈયું કરવા દોડી જાય! રૂકિમણીદેવીને પણ ઊઠીને આવવું પડે! એવું છે જ્ઞાનદેવે લોકમાનસ પર મેળવેલું અધિરાજ્ય! જ્ઞાનદેવ જીવ્યા માંડ બાવીસ વર્ષ. પણ એક અખંડ જીવનદીપ પ્રગટાવી ગયા.

●

# પરિશિષ્ટ ૧

## ઓવી અને અભંગ

મરાઠી ભાષામાં સંત અને પંડિત કવિઓએ કાવ્યરચના માટે જે છંદો અને વૃત્તોનો ઉપયોગ કર્યો છે તેને અંગે એક શ્લોક બહુ પ્રખ્યાત છે :

'ઓવી જ્ઞાનેશ્વરાચી । અભંગ તુકયાચા ।
આર્યા મોરોપંતાચી । સુશ્લોક વામનાચા ॥

આ શ્લોકમાં જે પ્રશસ્તિ છે તેમાં અતિશયોક્તિ નથી. ઓવી છંદની રચના જ્ઞાનદેવ જેટલી સરળતાથી અને ઉત્તમ રીતે કોઈએ કરી નથી.

સંસ્કૃત ભાષામાં રહેલું જ્ઞાન ગ્રહણ કરી જ્ઞાનદેવે કિલષ્ટપણું, લાંબા સમાસ વગેરે ઘણું ત્યજી દીધું તેમ કાવ્યરચના માટે અક્ષરગણવૃત્તના બંધન હતા તે પણ એમણે બાજુ પર મૂકી ઓવી અને અભંગ આ સાદા સરળ છંદ અજમાવ્યા. આ બંને છંદમાં અક્ષરસંખ્યાનું કોઈ બંધન નથી. તેમજ ગણનો નિશ્ચિત ક્રમ પણ નથી. તેથી વાણીના અસ્ખલિત પ્રવાહને જરા પણ નડે નહીં એવા આ છંદ સરળ નિરૂપણ માટે અનુકૂળ છે. અને તેથી જ જ્ઞાનદેવ પછીના સંતોએ તેમજ સ્ત્રીગીતો અને લોકગીતો રચનારાઓએ ઓવી છંદ અપનાવ્યો છે. સંસ્કૃતમાં એક અનુષ્ટુભ છંદ એવો ખરો, જેને ગણ અંગે કોઈ નિયમ નથી. છતાં આઠ અક્ષરનું બંધન તો અનુષ્ટુભને પણ છે જ. ઓવી અને અભંગ એ પ્રકારના સંખ્યા બંધનથી સદંતર મુક્ત એવા છંદ છે.

### (૧) ઓવી :—

હકીકતમાં અનુષ્ટુભ છંદમાંથી જ ઓવી શોધી કાઢી છે એમ કહી શકાય. ઓવીની રચના પદ્ય કરતાં ગદ્યને વધારે મળતી આવે છે. જોકે ગદ્ય પણ સુયોગ્ય અક્ષરબંધની મદદથી લયબદ્ધ રીતે લખી શકાય. એવી ડોલન શૈલી ગદ્યને કર્ણમધુર બનાવે છે. એવા ગદ્યનું પઠન અથવા કથન એની લયબદ્ધ ગતિને લીધે સાંભળવું ગમે છે.

ઓવીની રચના ગદ્યને મળતી આવે છે છતાં એ ગદ્ય તો નથી જ. પદ્યની માફક ઓવીના ચાર ચરણ હોય છે. એટલે લય અને સાથે સાથે કાંઈક

પ્રમાણબદ્ધતા પણ અનાયાસે સચવાય છે. પહેલાં ત્રણ ચરણને અંતે યમક હોય એટલે અનુપ્રાસ સાધી નાદમાધુર્ય લાવી શકાય છે. એટલા જ મર્યાદિત નિયમ હોવા છતાં આ છંદ કેટલો કળાત્મક અને કર્ણમધુર થઈ શકે છે એ જ્ઞાનેશ્વરીની ઓવીઓ જોઈ ખબર પડે. એટલે જ જ્ઞાનદેવની ઓવીને ઓવીઓમાં ઉત્તમ ગણી નવાજી છે.

છેક આજ સુધી સ્ત્રીગીતો માટે, પછી એ હાલરડાં હોય કે લગ્નગીતો કે ભાવગીત, મહારાષ્ટ્રની બ્હેનોએ ઓવી છંદ જ પસંદ કર્યો છે. શૃંગાર, કરુણ તથા વાત્સલ્ય રસની લ્હાણ કરતી વિપુલ કાવ્યરચના બ્હેનોએ ઓવી છંદમાં કરી છે. જ્ઞાનદેવ પછીના લગભગ બધાં જ સંતોએ ખાસ કરીને મોટાં આખ્યાનો ઓવીમાં અને ગીતરચના અભંગમાં કરી છે.

જ્ઞાનેશ્વરીની ઓવી સાડા ત્રણ ચરણની છે. સામાન્ય રીતે પહેલાં ત્રણ ચરણની અક્ષરસંખ્યા સમાન રાખી, અંતમાં યમક પણ સાધેલું છે. અને ચોથો ચરણ અડધો હોય છે. ઘણીવાર ચોથા ચરણના મધ્યનું અને પહેલાં ત્રણ ચરણના અંતનું યમક સધાતું હોય છે. છતાં દરેક ઓવીના દરેક ચરણમાં કેટલાં અક્ષર હોઈ શકે એ અંગે કોઈ નિયમ નથી. એ જ આ છંદની લાક્ષણિક વિશેષતા છે. જ્ઞાનદેવની રચના જોતાં એમને સંગીતની રુચિ અને એ અંગેનું જ્ઞાન પણ હશે એમ લાગે છે. જ્ઞાનેશ્વરીની નવે નવ હજાર ઓવીઓ શ્રાવ્ય અને નાદમધુર થાય એવો પ્રયત્ન એમણે કર્યો છે. અને મોટે ભાગે એ સફળ પણ થયો છે. જ્ઞાનદેવે ઓવીમાં માત્ર લય અને નાદ સાચવીને સંતોષ માન્યો નથી. પણ છંદની મુક્તતાનો લાભ લઈ જે રસનો પરિપોષ જ્યાં કરવો હોય ત્યાં એ દ્રુત અથવા વિલંબિત ગતિએ ગાઈ શકાય એ રીતે અક્ષરસંખ્યા ઓછી અથવા વધતી કરી છે. બને ત્યાં સુધી પ્રથમ ત્રણ ચરણ સરખાં અને ચોથો અડધો રાખ્યો છે. ઘણી જગ્યાએ આ પ્રમાણમાં ફેરફાર પણ કર્યા છે. છતાં જ્યારે જ્યારે આ પ્રમાણ બદલ્યું છે ત્યારે સભાન રીતે કોઈ બીજું પણ નિશ્ચિત પ્રમાણ રાખીને તાલ અને રસપરિપોષ બંને સાધ્યાં છે. ફેરફારમાં ખૂબ વિવિધતા છે. એકાદ લાંબો, બીજો ટૂંકો, એકાદમાં જોડઅક્ષર ભરેલાં તો ક્યાંક અર્ધચરણ બહુ નાનો કે અર્થ વિનાનો એવી કઢંગી રચના જ્ઞાનેશ્વરીમાં શોધ્યે મળશે નહીં. અક્ષર-સંખ્યા ફેરવી છે. પણ સપ્રમાણતા બધે જ જાળવી છે.

પ્રથમ ત્રણ ચરણ સરખા અને અંતનો ચરણ અડધો આ રીત એમણે સામાન્ય રીતે અપનાવી છે. કેટલીક જગ્યાએ એ રીત ફેરવીને પણ લયતાલ સાચવી રસપરિપોષ સાધ્યો છે.

દા. ત:　　　કલ્પના નિમે । પ્રવૃતિ શમે ।
　　　　　　આંત્રમન વિરમે । સાવિયાચી ॥ ૬ : ૨ : ૧૨

આ ઓવીના ચરણના અક્ષર ૫, ૫, ૭, ૪ એવાં છે. અને ૮, ૮, ૯, ૭ માત્રા. એટલે ૨૧ અક્ષર અને ૩૨ માત્રા એવું પ્રમાણ અને સરેરાશ એક ચરણમાં ૮ માત્રા આવે છે.

બીજી એક મિતાક્ષરી ઓવી જોવા જેવી છે. (જેમાં જાગૃત કુંડલિનીનું વર્ણન કરવા દ્રુત ગતિ અપનાવી છે)

"નાગિણીચે પિલેં । કુંકુમે નાહલેં ।
વળણ ઘેઉની ચાલે । સેજે જૈસે ॥ ૬. ૨૨૨

અહીં ૬, ૬, ૮, ૪ આ અક્ષર સંખ્યા, ૧૦, ૧૦, ૧૨, ૮ એવી માત્રામાં બંધાયેલાં શબ્દમાં યથાર્થ ઉપમા સાથે ગતિ અને લય સાધી કુંડલિનીનું ચિત્ર જાણે આંખ સમક્ષ ખડું કર્યું છે.

સાઠથી વધારે માત્રા હોય એવી ઓવીઓ પણ જ્ઞાનેશ્વરીમાં ઘણી છે.
તરી તોચી યોગુ કૈસા કેવી જાણોં (૧૯ માત્રા)
આમ્હી યેતુલે દિવસ યાચી માનુહી નેણોં (૨૫ માત્રા)
મ્હણોનિ મનાતેં જી મ્હણોં (૧૪ માત્રા)
　　　　અનાવર ॥ (૬ માત્રા) ૬.૪૮

આ ઓવીઓમાં બધી મળીને ૬૪ માત્રા અને ૪૦ અક્ષર છે. પ્રથમ છ એ છ શબ્દ બબે અક્ષરના છે. બીજા ચરણમાં ત્રણ અને બે અક્ષરની જોડી છે. એટલે પંકિત લાંબી હોવા છતાં લય સાધવાથી એ કઢંગી નથી લાગતી. તેમજ જે લંબાણથી કહેવું છે તે કંટાળાજનક પણ નથી લાગતું. લયબદ્ધતા સાધવાની આ યોજના વિચારપૂર્વક કરી હોય એમ બને. અથવા તો કથનના પ્રવાહમાં, અને સહજ ટેવથી આપમેળે સુબદ્ધ શબ્દરચના થઈ ગઈ હોય એ પણ બનવા જોગ છે.

લાંબી પંકિતઓમાં લય સાધવાનું ચાતુર્ય વધારે સ્પષ્ટતાથી દેખાય.

દા. ત. એરવ્હી તરી દોન્હી તેવ્હાચિ મિળતી । (૨૨ માત્રા)
　　પરિ કુંડલિની નાવેક દુશ્ચિત હોતી । (૨૨ માત્રા)
　　તે તયાતે મ્હણે પરૌતિ । (૧૫ માત્રા)
　　તુમ્હીચિ કાયસે યેથે ॥ (૧૩ માત્રા) ૬:૨૩૮

આ ઓવીમાં પહેલાં બે ચરણ લગભગ સરખાં છે. અને છેલ્લાં બે નાનાં—લગભગ સરખાં છે. અક્ષર સંખ્યા ૧૬:૧૪:૯:૮ છે. એમાં જોવાની ખૂબી એ છે, કે પહેલા અને ત્રીજા ચરણની માત્રાનો સરવાળો ૩૬ થાય. અને બીજા અને ચોથા ચરણની કુલ માત્રા ૩૫ થાય. પહેલા અને ત્રીજા ચરણના અક્ષરો ૨૨ છે. અને બીજા અને ચોથા ચરણના પણ ૨૨ જ છે. ઓવી જેવા અનિર્બંધ કહેવાતા છંદમાં પણ અક્ષરબંધની પ્રમાણબદ્ધ કળાકૃતિ કેવી સહજ રીતે નિર્માણ કરી શકાય છે! ગણવૃત્ત અને છંદના નિયમો વધારે પડતા કડક થઈ અભિવ્યક્તિને આડે ન આવે માટે એ બાજુએ મૂકી વાણીનો પ્રવાહ છૂટો કર્યો છે, પણ **સ્વૈર છોડયો નથી**. શબ્દનું સૌંદર્ય, પ્રમાણ અને લય છૂટે તો ગ્રંથ કે કાવ્યનું નિર્માણ ન થાય. માત્ર ઘોંઘાટ જ સર્જાય!

૭૭ માત્રાની આ એક લાંબી ઓવી જુઓ.

ઐસે કરિસિ મ્હણોનિ જરિ જાણે (૧૮ માત્રા)
તરિ હે ગોષ્ટી સાંગાવી કા મી મ્હણે (૨૧ માત્રા)
આતા એક વેળ વાંચવી જી પ્રાણે (૨૧ માત્રા)
યા સ્વરૂપ પ્રળયાપાસોની ॥ (૧૭ માત્રા) ૧૧ : ૩૦૨

આ ઓવીમાં બીજા અને ત્રીજા ચરણની માત્રા સરખી છે. અને પહેલા તથા છેલ્લા ચરણની માત્રામાં એક જ માત્રાનો ફેર છે. પહેલાં ત્રણે ચરણમાં ૧૨ અક્ષર છે. અને છેલ્લા ચરણના દસ છે. પ્રદીર્ઘ ઓવીમાં કલાત્મકતા કેવી સરસ સાચવી છે.

બારમા અધ્યાયની ૧૦૦ મી ઓવીમાં અક્ષરમાત્રા તો ઠીક પણ લઘુ-ગુરુક્રમ પણ સરખો છે.

"મ્હ॑ ણો॑ નિ॑ દી પ॑ પા લ॑ વે॑ ।
સ॑ વે॑ ચિ॑ તે જ॑ મા લ॑ વે॑ ॥

કોઈ ગીત જેવી ગાઈ શકાય એવી આ ઓવી જેવી ઓવીઓ પણ છે. પ્રારંભે કરેલું ગણેશ - શારદા સ્તવન, પસાયદાનની ઓવીઓ રાગદારી ઢંગથી ગવાય છે પણ ખરી.

નિરૂપણને અનુકૂલ એવો સ્વરનો ચડાવ-ઉતાર સચવાય એટલે કેટલીક ઓવીઓમાં ૧૪, ૧૫, ૧૬ એવા ક્રમથી એક એક માત્રા એક એક ચરણમાં વધારી

છે. તો કેટલીક જગ્યાએ પહેલાં બે ચરણની માત્રા સરખી અને છેલ્લાં બેની સરખી છે. તો કોઈ વાર પહેલા અને ત્રીજા ચરણમાં ત્રણ ને બે એવું પ્રમાણ રાખ્યું છે. બીજા અને ચોથા ચરણમાં પણ એ જ પ્રમાણ સાચવ્યું છે. એવા એવા શબ્દબંધ વડે ભાષાનું લાલિત્ય અને સૌંદર્ય એમણે વધાર્યું છે અને સાથે સાથે અર્થની અભિવ્યક્તિ સરળ રીતે થાય એ મુખ્યત્વે સાચવ્યું છે.

નાદ અને લય હોવાથી ઓવી તરત મોંએ ચડે એ એનો મોટો ગુણ છે. જ્ઞાનદેવે ઓવી જેવો એક રીતે બહુ સહેલો છંદ અપનાવી એને પ્રતિષ્ઠા આપી એટલે શ્રોતાઓ, પાઠકો અને એમના અનુગામીઓને પણ પોતાના પ્રતિભાવ વ્યક્ત કરવાનો એક સરળ માર્ગ ઉપલબ્ધ થયો. મરાઠી સાહિત્યની વિપુલતા અને સમૃદ્ધિ કેટલેક અંશે 'ઓવી' છંદને આભારી છે.

જ્ઞાનદેવે ગ્રંથરચના કે ગ્રંથનિરૂપણ કર્યું એ જ્ઞાનનું પ્રદર્શન કરવાના હેતુથી કર્યું નહોતું. જ્ઞાન અને આનંદ લૂંટાવવા બેઠેલા એ યોગીરાજે પોતાનો ગ્રંથ પ્રતિષ્ઠિત બનાવવા પ્રયાસ કરવાને બદલે પોતાની રચના લોકો સાંભળે, વાંચે એનું ચિંતન કરી એઓ સ્વતંત્ર રીતે વિચાર કરતા થાય, પોતાના વિચાર સારી રીતે વ્યક્ત કરી શકે એ દૃષ્ટિ રાખી એમણે જે રચના કરી તેનો સાદો-સીધો આકૃતિબંધ છે 'ઓવી'. ઓવીના નિર્માણ પાછળના હેતુને લીધે એ વધારે સુંદર લાગે. નાની છતાં ભવ્ય લાગે.

(૨) **અભંગ** :

અભંગમાં ગેયતા સારી પેઠે સચવાયેલી હોય છે. એના ખાસ કરીને ત્રણ પ્રકાર પ્રચલિત છે.

(ક) નાના અભંગના બે ચરણ હોય છે. દરેક ચરણમાં આઠ અક્ષર હોય છે. કોઈ વાર પ્રથમ ચરણમાં છ અક્ષર પણ હોય છે. બંને ચરણને અંતે યમક સાધેલું હોય છે.

દા.ત : ઘનુ વાજે ધ્રુણ ધ્રુણા । વારા વાહે રુણઝુણા । (આઠ અક્ષર)
અથવા પાંડુરંગ કાંતી । દિવ્ય તેજ ઝળકતી ।
આમાં પહેલા ચરણમાં ૬ અને બીજામાં આઠ અક્ષર છે.

(ખ) અભંગનો બીજો પ્રકાર એવો છે કે પ્રથમ ચરણના આઠ અક્ષર બીજાના સાત અને પ્રથમના અંત સાથે બીજા ચરણના ચોથા અક્ષરનું યમક સાધેલું હોય.

દા. ત. : પુઢે આતા કૈચા જન્મ । ઐસા શ્રમ વારેસા ॥

(ગ) ત્રીજા પ્રકારમાં આઠ અક્ષરના ચાર ચરણ અને પ્રથમ ત્રણ ચરણને અંતે યમક એમ ઓવી જેવી રચના થાય છે. જ્ઞાનદેવે હરિપાઠમાં છ છ અક્ષરના ચરણની રચના આ પ્રમાણે કરી છે.

દા. ત. દેવાચિયે દ્વારી । ઊભા ક્ષણ ભરી
તેણે મુક્તિ ચારી । સાધિયેલ્યા ॥

સ્ફુટ અને ગેય રચના માટે કવિઓ આજે પણ અભંગ રચના કરે છે.

પરિશિષ્ટ ૨

# જ્ઞાનદેવકાલીન મરાઠી ભાષા

ઐતિહાસિક કાળ ઉપરાંત ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ જ્ઞાનદેવનો કાળ એ 'યાદવ કાળ' કહેવાય છે. જ્ઞાનદેવના સમયમાં મરાઠી ભાષા જે પ્રદેશમાં બોલાતી હતી તે પ્રદેશ પર મોટે ભાગે યાદવ વંશના રાજાઓ રાજ્ય કરતા હતા. એ કાળમાં મરાઠી ભાષામાં સાહિત્ય નિર્મિતી સારા પ્રમાણમાં થઈ હતી.

દક્ષિણાપથ, અપરાન્ત, વગેરે નામોથી ઓળખાતા આ પ્રદેશની ઉત્તર સીમા નર્મદા નદી, પશ્ચિમ તરફ સાગર કાંઠો, આ નિશ્ચિત સીમાઓ હતી. દક્ષિણ તથા પશ્ચિમની સીમારેખાઓ અનિશ્ચિત હતી. કોઈવાર એ કાવેરી ને ગોદાવરી સુધી વિસ્તરતી તો કોઈવાર આસપાસના રાજાઓ બળવાન હોય ત્યારે ઘણી ભૂમિ એમના હાથતળે જતી. એમના અમલ દરમિયાન જે શિલાલેખ કે સાહિત્ય નિર્માણ થાય એમાં એમનાં નામ અને એમની ભાષાઓ જ ખાસ કરીને આવે.

એ સમયમાં રાજાજ્ઞાઓ પથ્થર પર કોતરાતી. એટલે પુરાતન શિલાલેખો પરથી જૂની ભાષાઓ, લિપિ વગેરેનો સારો એવો ખ્યાલ આવે છે. છાપવાની કળા ન હોવાથી હસ્તલિખિત પોથીઓ, શિલાલેખ અને તામ્રપત્રોના માધ્યમથી જ સાહિત્ય અને રાજકાજનો વ્યવહાર પણ ચાલતો.

મુસલમાની આક્રમણ પહેલાંનો આ કાળ છે. તેથી એ વખતની કોઈ પણ પ્રચલિત ભાષામાં ફારસી, અરબી વગેરે શબ્દ અથવા તત્સમ, તદ્ભવ શબ્દ પણ મળતા નથી. શુદ્ધ સંસ્કૃતનું વર્ચસ્વ સાહિત્ય પર છે. પણ વ્યવહારમાં જે ભાષાઓ બોલાતી એ ભાષાઓ પર સંસ્કૃતનો પ્રભાવ પ્રમાણમાં ઓછો છે. પશ્ચિમની કોઈ ભાષાની તો ગંધ પણ નથી. એટલે ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ આ કાળ મહત્ત્વનો છે. કારણ પ્રાદેશિક ભાષાનું મૂળ શુદ્ધ સ્વરૂપ આ કાળના સાહિત્ય, શિલાલેખ વગેરેમાં જોવા મળે છે.

જ્ઞાનદેવ અને મુકુંદરાજનું સાહિત્ય એ કાળનું પ્રતિષ્ઠિત અને સર્વમાન્ય સાહિત્ય છે એમ મનાય છે. જોકે જ્ઞાનેશ્વરી રચાઈ તે પહેલાં મહાનુભાવ સાહિત્ય (ગદ્ય અને પદ્ય) ખૂબ મોટા પ્રમાણમાં સર્જાયું હતું. છતાં એ સાંકેતિક લિપિમાં

હતું. અને સૈકાઓ પછી અભ્યાસકોએ એ લિપીનું સંશોધન કરી એ દેવનાગરી લિપીમાં ઉતાર્યું. એટલે ઉત્તરકાલીન ભાષાનો પ્રભાવ એના પર પડે એ સ્વાભાવિક છે. એટલે મરાઠી ભાષાનું શુદ્ધ રૂપ જોવું હોય તો અભ્યાસકો જ્ઞાનેશ્વરી અને વિવેકસિંધુ આ ગ્રંથ સંદર્ભ તરીકે સ્વીકારે છે. ખાસ કરીને રાજવાડે સંપાદિત જ્ઞાનેશ્વરીની સંહિતા મૂળ સાથે વધારામાં વધારે મળતી આવે છે એવી માન્યતા છે. એટલે એ સંહિતા અને પ્રાચીન શિલાલેખોને આધારે ભાષાશાસ્ત્રીઓએ તત્કાલીન ભાષાનું સ્વરૂપ જાણવાની કોશિશ કરી છે.

જ્ઞાનેશ્વરકાલીન (યાદવકાલીન) મરાઠીમાં સંસ્કૃતના ઋ અને ૠ એ બે સ્વર સિવાયના બધાં સ્વર છે. ઋ, ૠ ને બદલે રિ, રુ, રૂ, રી વપરાય છે.

અકારાન્ત આદ્ય શબ્દનો ઉચ્ચાર ઘણીવાર વિવૃત થાય છે. દા. ત. મહાસુખ ને બદલે માહાસુખ. અજુની ને બદલે આઝું'ઈ (આ રૂપ હજુ સાથે સામ્ય ધરાવે છે).

શબ્દ ઓકારાન્ત અથવા વોકારાન્ત કરવાની દ્રાવિડી ભાષાની રીત આ કાળમાં મરાઠીએ અપનાવી છે, 'ઓ' ને બદલે સંહિતામાં ઉઁ છે. દા. ત. દીઉઁ (દીપ–દીવા : આજનું પ્રચલિત મરાઠી રૂપ) ગુજરાતીમાં 'દીવો' આજે પણ પ્રચલિત છે.

યાદવકાલીન મરાઠીમાં મૂર્ધન્ય ળ લેખનમાં પ્રચલિત નહોતો. એકાદ બે સૈકા પછી તેલુગુ અને કન્નડ ભાષામાંથી એ મરાઠીમાં આવ્યો. છતાં ઉચ્ચારમાં મૂર્ધન્ય ળ વપરાતો હશે એવું પંઢરપુરના શિલાલેખ પરથી લાગે છે.

તાલવ્ય અને દંતતાલવ્ય ઉચ્ચારમાં ફેર હશે એવું જૂની હસ્તપ્રતોને આધારે માની શકાય. દા. ત. જોતિ, જ્યોતિ વિચાર–વિરચાર. આ ઉચ્ચાર ભેદ મૂળ મંગોલ ભાષાનો છે અને મરાઠી તથા ગુજરાતી ભાષાએ અપનાવ્યો એવું કેટલાંક અભ્યાસકોનું માનવું છે. દ્રાવિડી ભાષાનો આ પ્રભાવ હોઈ શકે એવો પણ મત છે. અને એ મત સિદ્ધ થઈ શકે એવા ઉદાહરણો પણ મળી આવે છે.

ક્ષ તથા ષ ને બદલે ખ આ કાળમાં વપરાયો છે. ક્ષમા–ખમા. સંતોષ–સંતોખ (ગુજરાતી સાથે આ રૂપો કેટલા મળતા આવે છે!)

વિભક્તિ પ્રત્યયમાં ખાસ કરીને તૃતિયા વિભક્તિ (આજે પ્રચલિત છે નેં, ઈં, શીં) જ્ઞાનેશ્વરીમાં 'એઁ' પ્રત્યય સારી પેઠે વપરાયો છે. દેવેં, ઈશ્વરેં,

મત્સ્યરૂપેં વિ. (ગુજરાતી ભાષા સાથેના સામ્યનો ખ્યાલ આ પ્રત્યય પરથી તરત જ આવે છે)

ષષ્ઠિના પ્રત્યય સાથે ને–નિ આ આગમ, આ આર્યોદ્ભવ ભાષાની વિશેષતા છે. જેમ કે 'તુઝેનિ નામેં' 'દેવાચેને દેણેં' વગેરે.

સપ્તમીના પ્રત્યયમાં 'આંત' હાલ પ્રચારમાં છે. જ્ઞાનેશ્વરીમાં 'માંજી' વધારે પ્રચલિત લાગે છે. ગુજરાતી 'માં', રાજસ્તાનીમાં 'મેં' હજુ પણ પ્રચલિત છે.

આજ્ઞાર્થના 'કરીજે' 'બોલિજે' 'અવધારિજો' એવાં રૂપ મરાઠીમાં આજે પ્રચલિત નથી. પણ ગુજરાતીમાં એ પ્રચલિત છે. (બોલજો, બોલજે, કરજો, કરજે)

યાદવકાલીન વિધ્યર્થના રૂપ સંસ્કૃત ઈય પ્રાકૃત ઈજ્જ પરથી 'પાવેજેતિ 'નિરીક્ષિજે' એવા થાય છે.

કર્મણિ પ્રયોગમાં મૂળ ય નો મરાઠીમાં જ થાય. તેમજ મૂળ કર્મણિ હોવા છતાં કર્તરિ જેવો અર્થ થાય. મરાઠી અને કન્નડ બંને ભાષામાં આ પ્રમાણે થાય છે. 'ચામુંડ રાયેં સુત્તાલેં કરવિયલેં.

યાદવકાળમાં મરાઠીનો સંબંધ આર્યોદ્ભવ ભાષાઓ ઉપરાંત કન્નડ અને તેલુગુ ભાષાઓ સાથે ખૂબ ઘનિષ્ટ થયો. અમોઘવર્ષ નામના કન્નડ કવિએ કુમારિલ ભટ્ટનું એક વચન ઉધૃત કર્યું છે તેમાં કુમારિલ ભટ્ટ તામિલ, તેલુગુ, કન્નડ સાથે ગુજરાતી અને મરાઠી ભાષાને ગણી 'પંચદ્રવિડ' એવો ઉલ્લેખ કર્યો છે. જોકે હકીકતમાં ગુજરાતી અને મરાઠી બંને આર્યોદ્ભવ ભાષા છે એ વિશે શંકાને કોઈ સ્થાન નથી. છતાં દ્રાવિડી ભાષાઓ સાથેનો સંપર્ક કેટલો નિકટનો હતો એ આ વિધાન પરથી સ્હેજે સમજી શકાય. એમાં પણ ખાસ કરીને મરાઠી ભાષાનું નિર્માણ થયું ત્યારે કન્નડ અને તેલુગુ સાથેની જ એક લોકભાષા એવું એનું સ્વરૂપ હતું. એટલી નિકટતા હોવાથી એ બે ભાષાનો સારો એવો પ્રભાવ મરાઠી પર પડયો હોય તો એમાં નવાઈ નથી. ખાસ કરીને વર્ણોચ્ચાર અને વ્યાકરણ વિશેષ એ બેમાં કન્નડ સાથે મરાઠીનું ઘણું જ સામ્ય છે. ટ્ ઠ્ ડ્ ઢ્ ણ્ અને ળનો મૂર્ધન્ય, કેટલાંક દંતતાલવ્ય ઉચ્ચાર, પષ્ઠી વિભક્તિનો ચા ચી ચેં આ પ્રત્યય, મ્હણોં, બોલોં, કરોં જેવા તુમન્ત રૂપો, અડાલુ (ભય),

ઉળીગ (સેવા), ઓગર (જમણ), ઓગરાળે (કડછી), ઉદાળ, કતકટા, માતુ, મેચ્છુ વગેરે શબ્દ આ કન્નડ ભાષાની મરાઠીને મળેલી દેન છે.

કુહા (કૂવો) ક્રાંતદર્શી, ખોખરેં (ખોખરું), ખાંડ (તલવાર), ગોતાંબીલ, ચાંચ, ઠિકરી, ચોખે (ચોખ્ખું), દેવઢે (દોઢું), નાગર (શિષ્ટ), બોહણી (બોણી), ભાણેં (ભાણું), ભીતર (અંદર), મા (ના), મેહુડે (મેહુલો), મુગ (મૌન), લાગતેં (લાગતું-વળગતું), વહિલેં (વહેલું), વાલમ (વહાલ વહાલું), વાળણેં (વાળવું), વોઈરણે (વહોરવું), એવા કેટલાંક શબ્દો ગુજરાતી ભાષામાં આજે પ્રચલિત છે. પણ મરાઠી ભાષામાં આજે એ વપરાતાં નથી.

પશ્ચિમ ભારતની આર્યોદ્ભવ ભાષામાં કેટલું સામ્ય છે તે એક વાકયના દાખલા પરથી ધ્યાનમાં આવશે. દા. ત. પ. હિંદી વાકય : મૈંને પોથી પઢી. ગુજરાતી : મેં પોથી વાંચી. મરાઠી: મીં પોથી વાચલી. સિંધી : મૂઁ પોથી પઢી ને પંજાબી : મૈં પોથી પઢી.

પૂર્વ વૈદિક ભાષાથી આજની પ્રચલિત ભાષા કેવી રીતે બદલાતી ગઈ એ આ દાખલા પરથી જોઈ શકાય. એક વાકય નમૂના તરીકે લઈએ.

શુદ્ધ કેમ બોલવું, શુદ્ધ કેમ લખવું એ વ્યાકરણ શીખવાથી સમજાય. આ વાકય **પૂર્વ વૈદિક ભાષામાં:** शव्ध्धं कय्दर्शं वल्हय्तव्यं श्व्ध्धं कय्दर्शं लय्रवद्तव्यम् य्दम् शय्क्षय्तेव संपद्यतय् ।

**સંસ્કૃત:** शुद्धं कीदृशं वल्हितव्यं शुद्धं कीदृशं लिखितव्यम् इदं व्याकरण शक्षितेन संपद्यते ।

**પ્રાકૃત:** સુદ્ધં કિહ વાલ્હિઅવ્વં સુદ્ધં લિહિઅવ્વં ઈયમ્ વ્યાકરણ સિખ્ખિએં સમજ્જઈ.

**અપભ્રંશ** : સુદ્ધ કિહ વલ્હિઅવ્વં સુદ્ધ કિહ લિહિઅવ્વં ઈઅં વ્યાકરણ સિખ્ખિએં સમજ્જઈ.

**મરાઠી :** શુદ્ધ કસે બોલાવેં શુદ્ધ કસેં લિહાવેં હેં વ્યાકરણ શિકલ્યાનેં સમજતેં.

બે થી અઢી હજાર વર્ષના ગાળામાં ભાષા કેવી રીતે બદલાય એ આ ઉદાહરણ પરથી સમજી શકાય. જ્ઞાનેશ્વરકાલીન મરાઠી ભાષા અપભ્રંશ અને પ્રચલિત ભાષા બે વચ્ચેના ગાળામાં બોલાતી ભાષા છે.

## પરિશિષ્ટ ૩

# જ્ઞાનેશ્વર અને નરેન્દ્ર

મહાનુભાવ સંપ્રદાયના કવિ નરેન્દ્રના 'રુકિમણી સ્વયંવર' કાવ્યમાં અને જ્ઞાનેશ્વરીમાં કેટલીક જગ્યાએ આશયનું સામ્ય છે. કેટલીક જગ્યાએ શબ્દ, ઉપમા, દષ્ટાંત વગેરેનું સામ્ય પણ વિલક્ષણ છે. 'રુકિમણી સ્વયંવર' મહાનુભાવપંથના ઉત્તમ ગણાતા 'સાત ગ્રંથો'માંનો એક ગ્રંથ છે. મહાનુભાવ સાહિત્યના અભ્યાસક ડૉ. કોલતે રુકિમણી સ્વયંવરનો લેખનકાલ શકે ૧૨૧૪ હોવો જોઈએ એમ કહે છે. જ્ઞાનેશ્વરી શકે ૧૨૧૨માં લખાઈ એ નિર્વિવાદ હકીકત છે.

જ્ઞાનેશ્વરી અને રુકિમણી સ્વયંવરમાં શબ્દસામ્ય,

રસવૃત્તિ–આ જ્ઞાનેશ્વરીમાં ઘણી જગ્યાએ આવેલો શબ્દ રુકિમણી સ્વયંવરમાં પણ છે

રસરંગ (જ્ઞા. ૧૩.૧૧૫૮) અને (રુ. સ્વ. ૩૧૯)
પ્રમેય બીજાચા મુડા (જ્ઞા. ૬–૪૮૯) પ્રકાશાચા મુડા (રુ. સ્વ. ૪૬૯)
**સિદ્ધિ રસાચે** વોતીવ । તે આનંદ ચિત્રીંચે **લેપ** (જ્ઞા. ૬–૨૫૫–૫૬)
જૈસે **સિદ્ધિરસાચે લેપ** (રુ. સ્વયં. ૮૬)

શબ્દ અને આશય લગભગ એનો એ જ હોય એવાં સામ્ય સ્થળો પણ મળી આવે છે. દા. ત.

હો કાં જે **શારદિયેચેનિ** વોલેં । ચંદ્રબિંબ **પાલ્હેલેં** (જ્ઞા. ૬–૨૫૮)
દાન મંદાકિનીએચેનિ **વોલેં** । **વિદ્યાંચે** નંદનવન **પાલ્હેલેં** (રુ. સ્વ. ૩)

તેમજ, કૈસે **ઉન્મેખ ચાંદિણે તાર** (જ્ઞા. ૬. ૧૩૪) **ઉન્મેખચં**દ્રાચ્**યા તુષારીં** (રુ. ૨૫) શબ્દમાં સ્હેજ ફેરફાર પણ આશય ઉપમા ઉપમાનનું સામ્ય :

ચાતકાચિયે કણવે । મેઘુ પાણિયાંસી ધાવે ।
તેથ ચરાચર આધવેં । નિવાલેં જેવીં ॥ (જ્ઞા. ૧૮. ૧૪૬૮)
જૈસે મેદાંચિયે જવળિકે । જરિ બાપેંચે નવ્હેતિ બોલિકે
તરિ ભૂગોળકાચી પવ્હે ઉદકેં । કવણ ભરિતે (રુ. સ્વ. ૩૯)

(ચાતક—કે બપૈયાં બોલ્યા ન હોત નો મેઘ જળવૃષ્ટિ કરત નહીં અને જગતને જળવૃષ્ટિનો લાભ થાત નહીં—આ બંનેનો ભાવાર્થ).

રુકિમણી સ્વયંવરમાં (૪૬—૪૭) મરાઠી ભાષાની સ્તુતિ કરે છે,

'જિયે ભાષેચિયે રસવૃત્તિ । સા ભાષાંચે કુપે કીજેતિ નિગુતિ
તે **મ-હાટી** કવણ જાણે નિરૂતી । જે **રસાંચે જીવન** ॥
તે **મ-હાટે બોલ રસિક** । વરિ દાવીન **દેશિયે ચેબીક**
મ્હણૌન સવ્યાખ્યાન શ્લોક । મિસે **વોવિયેચેનિ** ॥

જ્ઞાનેશ્વરીમાં મરાઠી ભાષાની પ્રશસ્તિ ઘણી જગ્યાએ કરી છે. તેમાં,

**દેશયેચેનિ નાગરપણે** । **શાંતુ શૃંગારાતે જિણે**
તરિ **ઓવિયા હોતી લેણે** । સાહિત્યાસી ॥ (જ્ઞા. ૧૦—૪૨)
માઝા **મ-હાઠાચી બોલુ** કૌતુકે । પરિ અમૃતાતેં હી પૈજાં જિંકે
ઐસી અક્ષરે **રસિકે** । મેળવીન (જ્ઞા. ૬—૧૪)

આવા સામ્ય સ્થળો ધ્યાન ખેંચે એવા છે. છતાં બંને રચનાઓ એક બીજાથી ભિન્ન છે. રચના પાછળના હેતુમાં, વિષય અને નિરૂપણમાં કશું જ સામ્ય નથી.

## પરિશિષ્ટ ૪

# જ્ઞાનદેવના 'નાગર – પદબંધ'

'પદબંધ' એટલે શબ્દની ગુંથણી Word Patterns. એક જ શબ્દની પુનરુક્તિ અથવા સમાનાર્થક બે શબ્દ વાપરીને અભિવ્યક્તમાં અનેરાં રંગ ભરવાનું કૌશલ્ય જ્ઞાનદેવ બતાવે છે એ જેટલું લાલિત્યપૂર્ણ છે એટલું જ વિશેષણો સાથે વિષયને સાંકળીને બનાવેલાં શબ્દોનું સૌંદર્ય મોહક છે. દા. ત. 'ચાતુર્ય શાહણેં' ઝાલેં, સુખાચેં સૌભાગ્ય, આનંદાચે અનુકાર, તૃપ્તિચેચી સંતોખે, સંધ્યારાગીંચે રંગ, ઉન્મનિયેચે લાવણ્ય, મનાચે મેહુડે, તુર્યેચે તારુણ્ય, આશેચિયા અંજુળી, પ્રભેસી પ્રભા મિળે, ગગન ગગના વરી લોળે, સુખાસિ સુખ જોડલે, તેજ તેજાસિ સાંપડલે, શૂન્યહિ બુડાલેં મહાશૂન્યીં । જ્ઞાનામૃતાચી જાન્હવી, વસંતે દુણાવે વન, ફુલાંચે ડોળે, વિશ્રામુ વિશ્રાંતી આલા, લાભુ જોડિલા લાભા, નાદચિત્રાંચી રૂપડી, સ્વપ્રકાશા કાંતી ચઢે, ભૂષણાતીતાસી ભૂષણ, વાચા પાંગુળલી, પ્રકાશજળાચી ઝરી, નિગર્વાચે ગૌરવ, રંગીં સુરંગતેચી આગળિક, ગુણાં સગુણપણાચે બિક, પિકલિયા સુખાચા પરિમળુ, – આ શબ્દબંધોને 'નાગર' એટલે 'સુડૌલ, સુબદ્ધ, શુદ્ધ' પદબંધ એવું સાર્થ વિશેષણ જ્ઞાનદેવે જ આપ્યું છે.

એવા શબ્દબંધથી ગુંથાયેલી ઓવી એક પછી એક એમના મુખમાંથી સરી પડે છે; વિષય ગમે તે હોય એમાં ક્લિષ્ટતા કે રુક્ષપણું જરા પણ રહેતું નથી. દા. ત. છઠ્ઠા અધ્યાયમાં યોગસાધના કરવા કેવું સ્થળ હોવું જોઈએ એનું વર્ણન એઓ કરે છે. એ ઓવીઓમાં આ પદબંધ કેવી ભાત પાડે છે એ જોવા જેવું છે.

'જેથ અમૃતાચેનિ પાડેં । મૂળાહી સકટ ગોડેં ।
જોડતી દાટ ઝાડે । સદા ફળતી ।।
પાઉલા પાઉલી ઉદકેં । વર્ષાકાળે વીણ અતિ ચોખેં ।
નિર્ઝરેં કાં વિશેખેં । સુલભે જેથ ।।
હા આતપુંહી અળુમાળુ । જાણિજે તરી શીતળુ ।
પવનુ અતિ નિશ્ચળુ । મંદ ઝુળકે ।।
બહુત કરુનીં નિ:શબ્દ । દાટ ન રિઘે શ્વાપદ ।
શુક હન ષટ્પદ । તેઉતેં નાહી ।।

પાણી લગે હંસે । દોની ચારી સારસે ।
કવણે એકેકાળે બૈસે । તરી કોકીળ હો કાં ।
નિરંતર નાહીં । તરિ આલી ગેલી કાંહીં ।
હોતું કાં મયૂરેહી આમ્હી ના ન મ્હણો ।। (૬–૧૭૩–૧૭૮)

વૉલ્ટર પેટર જેને strange beauty કહે છે એ ગૂઢ રમ્યતા આ વર્ણનમાં છે. મૂળથી અમૃત જેવા મધુર એવાં ફળથી લચી પડેલાં વૃક્ષ (પદબંધની સુંદર માલિકા કેવી ગુંથાઈ જાય છે.) ડગલે ને પગલે નિર્મળ શીતળ જળથી ખળખળ વહેતાં નિર્ઝરના વર્ણનમાં શબ્દ 'રૂપ રસ અને સ્પર્શ'નો અનુભવ કરાવે એવા છે. અળુમાળ – એટલે સૌમ્ય. શીતલ, સૌમ્ય – તડકો – પવનું અતિનિશ્ચળુ – મંદ, સુખદ પવન સભર ભરેલા જળાશયમાં નિઃશબ્દ તરી રહેલી બે પાંચ હંસ સારસની જોડી -- કો'ક વાર મધુર આલાપથી વનને ભરી દેતો કોકિળ (કોયલ) અને રૂપાળા મયૂરની અવરજવર – એક આખું ચિત્ર આંખ સમક્ષ ખડું થાય છે. પાંદડાં, નિર્ઝર, મંદ પવન, હંસ સારસના તરવાથી થતો અવાજ, કોયલનો સૂર અને મયૂરની કેકાના ધ્વનિ જાણે સાંભળતા ના હોય એવું લાગે. સૌમ્ય સૂર્ય કિરણ, સુખદ પવન, વૃક્ષની છાયા આ ઓવીઓ વાંચતાં વાંચતાં આપણને જાણે સ્પર્શી જાય છે.

પોતાના શબ્દનું વર્ણન જ્ઞાનદેવ પોતે જ કરે છે,
'મગ પિકલિયા સુખાચા પરિમળુ । કી નિવાલ્યા અમૃતાચા કલ્લોળું ।
તૈસા કોવળા આણિ રસાળુ । બોલુ બોલિલા ।।' (૮. ૫૭)

'પરિપકવ સુખની સુગંધ જેમાંથી પ્રસરે છે, શીતળ અમૃતની મધુરતા જેમાંથી નીતરે છે એવો કોમળ અને રસથી છલકાતો એક એક શબ્દ મોંમાંથી સરે છે.' શબ્દનું એનાથી યથાર્થ વર્ણન કોણ કરી શકે?

# સંદર્ભ ગ્રંથો


(૧) મરાઠી સાહિત્યાચા ઈતિહાસ — વિ. કા. રાજવાડે

(૨) મહારાષ્ટ્ર સારસ્વત — વિ. લ. ભાવે

(૩) જ્ઞાનેશ્વરી : સાખરે મહારાજ સંપાદિત આવૃત્તિ

(૪) અમૃતાનુભવ : દેવ સંપાદિત

(૫) ચાંગદેવ પાસષ્ટી : સ્વામી રાકાનંદ

(૬) જ્ઞાનેશ્વરાંચે અભંગ : વિનોબા ભાવે સંપાદિત

(૭) હરિપાઠાચે અભંગ :

(૮) વિવેકસિંધુ : મુકુંદરાજ - દેવ સંપાદિત

(૯) જ્ઞાનેશ્વરી સર્વસ્વ — ન. ચિ. કેળકર

(૧૦) જ્ઞાનેશ્વરીતીલ વિદગ્ધ રસવૃત્તિ : શ. શં. વાળિંબે

(૧૧) નામદેવ ગાથા

(૧૨) અમૃતાનુભવ અર્વાચીન રૂપ — વિંદા કરંદીકર

(૧૩) મરાઠી ભાષા—ઉદ્‌ગમ આણિ વિકાસ : કૃ. પાં. કુળકર્ણી

(૧૪) જ્ઞાનેશ્વર દર્શન : ૩ ખંડ. વિવિધ લેખ સંગ્રહ.